# શ્રી નવપદ પૂજા સંપુટ

(૨૨ પૂજાઓનો સંગ્રહ)

પંન્યાસ શ્રી પ્રશાંતવલ્લભવિજયજી ગણિવર્ય

# શ્રી નવપદ પૂજા સંપુટ

(૨૨ પૂજાઓનો સંગ્રહ)

આશીર્વાદ-પ્રેરણા :

સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ

શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

સંપાદક :

શ્રીચન્દ્રધર્મચક્રતપ પ્રભાવક પ.પૂ. આચાર્યદેવ

શ્રીમદ્ વિજય **જગવલ્લભસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્ય

**પંન્યાસ શ્રી પ્રશાંતવલ્લભવિજયજી** ગણિવર્ય

પુસ્તકનું નામ : **શ્રી નવપદ પૂજા સંપુટ** (૨૨ પૂજાઓનો સંગ્રહ)

અમીવૃષ્ટિ : વર્તમાન સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

માર્ગદર્શક : સંઘ-શાસન કૌશલ્યાધાર પ. પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **જયસુંદરસૂરીશ્વરજી મ.સા.**

સંપાદક : **પંન્યાસ શ્રી પ્રશાંતવલ્લભવિજયજી ગણિવર્ય**

પ્રકાશન : વીર સં. ૨૫૪૬, વિ.સં. ૨૦૭૬, ઈ.સ. ૨૦૨૦

પ્રકાશક : **દિવ્ય દર્શન ટ્રસ્ટ**, ૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા. જિ. અમદાવાદ-૩૮૨૨૨૫

આવૃત્તિ : પ્રથમ

નકલ : ૫૦૦

મૂલ્ય : ₹ ૨૫૦-૦૦

પ્રાપ્તિસ્થાન :
- દિવ્યદર્શન ટ્રસ્ટ - ધોળકા, ફોન : (02714) 225981
- સુરત : નાનુભાઈ બી. શાહ, મો. 98252 31609
- મુંબઈ : વિજયકુમાર કે. મેપાણી, મો. 98210 42330
- અમદાવાદ : મનીષભાઈ શાહ, મો. 98243 33506

**વિશેષ :** **ગૃહસ્થોએ જ્ઞાનખાતે મૂલ્ય ચૂકવીને પુસ્તકની માલિકી કરી શકાશે.**

મુદ્રક : જય જિનેન્દ્ર ગ્રાફીક્સ - નવરંગપુરા, અમદાવાદ-14.
જય જિનેન્દ્ર 98250 24204 • કુશ 99256 17992

## “ भावतोऽहं नमामि ”

સિદ્ધાંત મહોદધિ પ. પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મ.સા.**

વર્ધમાન તપોનિધિ પ. પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**

સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ પ. પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી મ.સા.**

પ્રશાંતમૂર્તિ સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

સહજાનંદી કર્મસાહિત્યનિષ્ણાત પ.પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **ધર્મજિત્સૂરીશ્વરજી મ.સા.**

સૂરિમંત્ર સમારાધક પૂ. પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **જયશેખરસૂરીશ્વરજી મ.સા.**

શ્રીચન્દ્રધર્મચક્રતપ પ્રભાવક ગુરુદેવ પ. પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **જગવલ્લભસૂરીશ્વરજી મ.સા.**

પ્રવચનપ્રભાવક પ.પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **મુક્તિવલ્લભસૂરીશ્વરજી મ.સા.**

॥ તિજયવિજયચક્કં સિદ્ધચક્કં નમામિ ॥
॥ પ્રથમ-ચરમતીર્થપતિ શ્રી આદિ-વીર જિનવરેન્દ્રેભ્યો નમઃ ॥
॥ અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામિને નમઃ ॥

# પ્રસ્તાવના

દર વર્ષે આસો-ચૈત્ર માસની શ્રી નવપદજીની શાશ્વતી ઓળીની ઊજવણીના અવસરે શ્રી નવપદ પૂજા ભણાવવાનો સુપ્રવાહ જૈન સંઘમાં સર્વવ્યાપકપણે પ્રચલનમાં છે.

પૂર્વના મહાપુરુષોએ નવપદનાં તાત્ત્વિક સ્વરૂપને નવપદ પૂજાનાં માધ્યમ દ્વારા સ-રસ સરળ કાવ્યાત્મક અલંકૃત કરીને ભવ્યાત્માઓ પર અવિસ્મરણીય ઉપકાર કર્યો છે.

નવપદ પૂજા રચનાકાર મહાત્માઓ પૈકી પૂ. પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજ અને પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત – આ બે નવપદ પૂજા અત્યંત પ્રચલિત અને લોકચાહના પ્રાપ્ત છે.

★ વિ.સં. ૧૮૩૮ વર્ષે રચના પામેલ શ્રી નવપદ પૂજાના રચયિતા છે પૂ. પં શ્રી પદ્મવિજયજી મહારાજ.

તેઓશ્રીએ દરેક પદની પૂજામાં દુહા બાદ બે-બે ઢાળમાં તે તે પદનું સ્વરૂપ, મહિમા આદિનું નિરૂપણ કરેલ છે. ઢાળના શાસ્ત્રીય રાગો સંગીતજ્ઞ અને શ્રવણ કરનારને પણ નવપદ પ્રત્યે વિશેષ પ્રીતિ ઉત્પન્ન કરવા સક્ષમ છે.

પૂજાની રચના 'પ્રતિષ્ઠા કલ્પ' આધારિત કરવામાં આવી છે.

★ પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા. રચિત નવપદ પૂજા એટલે...

● વિ.સં. ૧૪૨૮ વર્ષે પૂ. આ. ભ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા. રચિત પ્રાકૃતભાષાનિબદ્ધ સિરિ સિરિવાલ કહા (શ્રીપાળ કથા) અંતર્ગત નવપદ સ્વરૂપ અને મહિમાદર્શક પ્રાકૃત ગાથાઓ...

● પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે, પૂ. ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મ.સા. રચિત શ્રીપાળ રાજાના રાસના ઉત્તરાર્ધમાં રચેલ નવપદ વર્ણનની ઢાળો...

● પૂ. ઉપાધ્યાય દેવચન્દ્ર મહારાજે રચેલ નવપદ ઉલાળાની ઢાળ...

પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિજી રચિત ભુજંગપ્રયાતવૃત્તની ગાથાઓ...

આ સર્વનો સુંદર સમન્વય એટલે પ્રસ્તુત નવપદ પૂજા.

આનંદો... છેલ્લાં ૭૦-૮૦ વર્ષોમાં છપાયેલાં પુસ્તકોમાં પૂ. ઉપા. શ્રી યશોવિજયજી કૃત શ્રી નવપદ પૂજા અંતર્ગત પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત ભુજંગપ્રયાતવૃત્તની ગાથાઓમાં શ્રી અરિહંતપદ પૂજામાં ૪ ગાથા, તે સિવાયના શ્રી સિદ્ધપદ આદિમાં ૨-૨ ગાથાઓનો જ ઉલ્લેખ મળે છે. વાસ્તવમાં દરેકમાં ૪-૪ ગાથાઓ છે.

કોઈપણ કારણસર વર્ષોથી માત્ર ૨-૨ ગાથાઓનો જ પ્રવાહ ચાલ્યો આવે છે. શ્રી સંઘના પુણ્યોદયે, હમણાં જ ૧૨૦ વર્ષ પ્રાચીન પુસ્તક[૧] હાથમાં આવતા તેમાં વિસરાયેલી-છૂટી ગયેલી ૨૬ ગાથાઓ દૃષ્ટિપથ પર આવી... સાનંદ નિરીક્ષણ થયું.

---

૧. શ્રી વિજય નેમિસૂરિ જ્ઞાનશાળામાંથી પ્રાપ્ત થયેલ શ્રી जिनपूजा महोदधि ( खरतर तप गच्छादि ३७ पूजाका संग्रह) वि.सं. १९५८

આ અજ્ઞાત ગાથાઓ તથા દુહા પ્રાપ્ત થતાં જ પ્રસ્તુત તે તે પદની પૂજામાં તેનો સમાવેશ કરી લીધો છે. એકવાર અવગાહન કરશો તો આપને પણ જરૂર આહ્‌લાદ થશે.

★ મુનિશ્રી ઉત્તમવિજયજી કૃત પૂજા એટલે...

૪ મહાત્માઓની રચનાના સમન્વયયુક્ત ઉપા. શ્રી યશોવિજયજી કૃત નવપદ પૂજાની જેમ અહીં પણ ઉપા. યશોવિજયજી રચિત શ્રીપાળ રાસની નવપદની ઢાળો સાથે સ્વરચિત નવપદ ઢાળોનો સુંદર સમન્વય.

★ આચાર્ય શ્રી પદ્મસૂરિજી કૃત પૂજા એટલે...

નામાદિ નિક્ષેપ તથા આગમ અને નોઆગમથી નવપદોનું યથાર્થ સ્વરૂપનું વર્ણન.

★ ૧૦૦ વર્ષ પૂર્વે સુશ્રાવક મનસુખલાલ દ્વારા રચના પામેલ પૂજા એટલે આનંદઘનજી મહારાજની ઝાંખી કરાવતી કૃતિ.

આમ, દરેક પૂજામાં કાંઈને કાંઈ વિશેષતા, વિવિધતા અચુક જોવા મળે.

સર્વે મળીને ૨૨ નવપદ પૂજાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

**વિશેષ** : નવપદ પૂજાની જેમ પૂર્વાચાર્યો દ્વારા શ્રી વીશસ્થાનક પૂજાની પણ રચના કરવામાં આવી છે. વર્તમાનમાં નવપદ પૂજા ભણાવવાનો, કંઠસ્થ કરવાનો સુંદર પ્રવાહ જે રીતે ચાલી રહ્યો છે તેવો પ્રવાહ પરમ પવિત્ર મહામહિમાવંત વીશસ્થાનક પૂજા માટે જણાતો નથી.

માટે અહીં આ. શ્રી લક્ષ્મીસૂરિજી, પં. રૂપવિજયજી કૃત શ્રી વીશસ્થાનક પૂજા અંતર્ગત શ્રી અરિહંત પદ આદિ નવ પદોની પૂજાને યથાયોગ્ય ઉદ્ધૃત કરીને 'શ્રી નવપદ પૂજા' તરીકે ઉલ્લેખ કરી સમાવેશ કરેલ છે.

આ જ રીતે આચાર્ય શ્રી વિજયાનંદસૂરિજી (પૂ. આત્મારામજી મહારાજ) આદિ અનેક મહાત્માઓએ રચેલ વીશસ્થાનક પૂજામાંથી નવ પદ ઉદ્ધૃત કરી નવપદ પૂજા ભણાવવામાં આવે તો તે તે પૂજાઓથી શ્રીસંઘ લાભાન્વિત બની શકે.

(તૈયાર થઈ રહેલ 'શ્રી વીશસ્થાનક પૂજા સંપુટ' (૧૦ પૂજાઓનો સંગ્રહ) પુસ્તકમાંથી પૂજાઓ મળી શકશે.)

પ્રસ્તુત પુસ્તકમાં અચલગચ્છીય, ત્રિસ્તુતિક મહાત્મા કૃત પૂજાઓનો પણ આદરપૂર્વક સમાવેશ કરેલ છે.

અમે શોધખોળ કરીને જેની જેની જે જે પૂજાઓ ઉપલબ્ધ થઈ તે તમામનો સમાવેશ કર્યો છે. કદાચ અનાભોગ આદિવશાત્ ક્યાંક કોઈ અન્યથા પ્રરૂપણા વગેરે દોષ આવી ગયા હોય તો મિચ્છામિ દુક્કડમ્. વાચકો-પાઠકો તેને સુધારી લે તેવી પ્રાર્થના.

અહીં પ્રત્યેક પદના સદ્ભુત ગુણોનું વર્ણન હોવાથી શ્રી અરિહંત પદ આદિ તમામ પદની પૂજા જિનાલયે ચૈત્યવંદનમાં **સ્તવનરૂપે** તથા દેવસિઅ પ્રતિક્રમણમાં **સ્તવન, સજ્ઝાય** રૂપે બોલી શકાય છે.

શ્રમણ-શ્રમણી ભગવંતને વિહારમાં સ્વાધ્યાયાર્થે પણ ઉપયોગી બની શકે એ શુભાશયથી ઉપા. શ્રી યશોવિજયજી, પંડિત શ્રી પદ્મવિજયજી કૃત નવપદ પૂજા અલગ-અલગ પુસ્તિકા રૂપે પણ પ્રકાશિત કરવામાં આવી છે.

પૂ. ગચ્છાધિપતિશ્રીની 'હૃદયોર્મિ' તથા સંઘ-શાસન કૌશલ્યાધાર પૂજ્ય આ.ભ.શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મ.સા. ઉલ્લિખિત અંતરના ઉદ્ગાર સ્વરૂપ 'ચિત્ત પ્રસન્ને રે, પૂજન ફળ કહ્યું' દ્વારા આ પુસ્તકની આદેયતામાં વૃદ્ધિ થવા પામી છે.

એવં નવપદજીના આરાધકોને... ભાવુકવર્ગને વાંચન, પરિશીલન તથા કંઠસ્થ કરવા, પૂજા ભણાવવા પ્રેરકબળ અવશ્ય પુરું પાડશે એવી આસ્થા સહિત...

પૂજાના માધ્યમ દ્વારા નવપદજીનાં સ્વરૂપ, મહિમાને ગ્રથિત કરનાર સર્વે મહાપુરુષોને વંદના સહ...

આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર-કોબા, શ્રી વિજય નેમિસૂરિ જ્ઞાનશાળા, તથા ગીતાર્થ ગંગાનો નવપદપૂજા સાહિત્ય પ્રાપ્તિમાં આત્મીય સહયોગ સાંપડ્યો છે.

પૂજ્ય ગચ્છાધિપતિ આ. ભ. શ્રી **વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની** ભાવના અનુસાર તૈયાર થયેલ પ્રસ્તુત **'શ્રી નવપદ પૂજા સંપુટ'** પુસ્તકના સદુપયોગ દ્વારા ચતુર્વિધ સંઘ નવપદમય બની નવપદ ઉપાસક શ્રીપાળ-મયણાની જેમ શીઘ્ર આત્મકલ્યાણ સાધે એ જ મંગલ કામના.

॥ પુણ્યાહં ॥

વિ.સં. ૨૦૭૬, વૈશાખ સુદ-૬ — **- પંન્યાસ પ્રશાંતવલ્લભવિજય**

૩૮ મી દીક્ષા તિથિ,
શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે.મૂ. સંઘ
વાસણા, અમદાવાદ

• • •

શ્રમણ-શ્રમણી ભગવંતને વિહારમાં સ્વાધ્યાયાર્થે ઉપયોગી બની શકે
એ શુભ આશયથી મહોપાધ્યાય શ્રી **યશોવિજયજી** કૃત

# શ્રી નવપદ પૂજા

(વિસરાયેલી ૨૬ ગાથાઓના ઉમેરા સહિત)
અલગ પુસ્તિકારૂપે પ્રકાશિત કરવામાં આવી..
એ પુસ્તિકા પ્રકાશનના શુભ અવસરે
પ્રાતઃ સ્મરણીય સુવિશાલ ગચ્છાધિપતિ
પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય
**જયઘોષસૂરીશ્વરજી મહારાજાના**
શુભ આશીર્વાદ સ્વરૂપ હૃદયોર્મિ




ફા.વ.૭
ઓપેરા

પરમારાધ્યપાદ સુવિશાલ ગચ્છાધિપતિ શ્રી તરફથી
પન્યાસ શ્રી પ્રશાંતવલ્લભ વિજયજી યોગ
અનુવંદના સુખશાતા.
નવપદ પૂજા પુસ્તિકા મળી... ખૂબ સારી છે.
તમારી મહેનતને ધન્યવાદ... અનેકોને ભણવામાં
સરળતા રહે... મેં આખી વાંચી લીધી...
ખૂબ આનંદ આવ્યો... આજે કાલે બધા
સાધુ-સાધ્વીને ૨૦૦ જેટલી લઘુ પુસ્તિકાઓ ભણવા
માટે મોકલી છે. તમે પણ ભણજો... ભાવના
કરવા માટે ભણવાની જરૂર છે.
તમે પ્રસ્તાવનામાં લખ્યું કે શરૂઆતના
બે પદ દેરાસરમાં સ્તવન તરીકે બોલવાના
અને ૭ પદ સજ્ઝાય તરીકે... એ અંગે
જણાવવાનું કે ૯ પદ તરીકે બધા પદો સ્તવન
તરીકે ગાઈ શકાય છે દેરાસરમાં પણ...
ઉપમિતિની સ્તવના ના થાય...
અમે દર ઓળીમાં ૯ પદો દેરાસરમાં
સ્તવન તરીકે બોલીએ છીએ. ૧ વાર ૨૦
સ્થાનકના પદો પણ બોલ્યા હતા...
- સ્તવન વર્ણની અનેક ભૂલ પ્રમાદો છે. શિષ્યસંપાદન
દ્વારા
વગેરે [ભાષા પ્રભાવનાના કાર્યમાં શ્રીયુ [illegible]
આવતના લોકના [illegible] એ જ ભૂલ [illegible].
સર્વેને અનુવંદના સુખશાતા. દ. પ્રેમસુંદરની
[illegible] જણાવશો. વંદના

પરમારાધ્યપાદ સુવિશાલગચ્છાધિપતિશ્રી તરફથી

પંન્યાસ શ્રી પ્રશાંતવલ્લભવિજયજી જોગ

અનુવંદના સુખશાતા.

નવપદ પૂજા પુસ્તિકા મળી... ખૂબ સારી છે.

તમારી મહેનતને ધન્યવાદ... અનેકોને ગોખવામાં સરળતા રહે... મેં આખી વાંચી લીધી... ખૂબ આનંદ આવ્યો... ગઈ કાલે બધા સાધુ-સાધ્વીને ૧૦૦થી વધુ પુસ્તિકાઓ ગોખવા માટે મોકલી છે. તમે પણ ગોખજો... ભાવના કરવા માટે ગોખવાની જરૂર છે.

તમે પ્રસ્તાવનામાં લખ્યું કે શરૂઆતના બે પદ દેરાસરમાં સ્તવન તરીકે બોલવાના અને ૩ પદ સજ્ઝાય તરીકે... એ અંગે જણાવવાનું કે પદ તરીકે બધા પદો સ્તવન તરીકે ગાઈ શકાય છે દેરાસરમાં પણ.... વ્યક્તિની સ્તવના ના થાય...

અમે દર ઓળીમાં ૯ પદો દેરાસરમાં સ્તવન તરીકે બોલીએ છીએ. ૧ વાર ૨૦ સ્થાનકનાં પદો પણ બોલ્યા હતા...

- નૂતન વર્ષની એનક શુભકામનાઓ છે. શિષ્ય સંપાદન વગેરે દ્વારા શાસન પ્રભાવનાના માધ્યમે શીઘ્ર શાશ્વત આનંદના ભોક્તા બનો એજ શુભ આશિષ.

સર્વેને અનુવંદના સુખશાતા... જાણવા જેવું જણાવશો.

વિ.સં. ૨૦૭૫, આસો વદ ૦)) **દ. પ્રેમસુંદરની વંદના**

ઓપેરા સંઘ, અમદાવાદ

# ચિત્ત પ્રસન્ને રે... પૂજન ફળ કહ્યું...

પૂ. શ્રુતપારગામી શ્રી ઉમાસ્વાતિ ગુરુભગવંતે કહ્યું કે -

અભ્યર્ચનાદર્હતાં મનઃ પ્રસાદઃ ।

"શ્રી અરિહંત ભગવંતોની પૂજા કરવાથી ચિત્ત પ્રસન્ન થાય છે. તેનાથી સમાધિ અને તેનાથી મોક્ષની ભેટ મળે છે. તેથી પરમાત્માનું પૂજન ન્યાયયુક્ત છે."

બીજી બાજુ પૂ. હેમચન્દ્રસૂ. મ. કહે છે કે, હે વીતરાગ ! તમારી પૂજા કરતાં પણ વધુ મહત્ત્વનું તમારી આજ્ઞાનું પાલન છે.

હવે સવાલ એ છે કે શું પ્રભુજીની પૂજા એ ભગવદાજ્ઞાપાલનમાં સમાવિષ્ટ નથી ? જો સમાવિષ્ટ જ હોય તો પૂજાનું મહત્ત્વ બિલકુલ ન આંકતા આજ્ઞાપાલનનું જ કેમ મહત્ત્વ આંક્યું ? કોઈ તો પછી એમ પણ કહેશે કે સામાયિક કરતાં પણ... પ્રતિક્રમણ કરતાં પણ... સુપાત્રદાન કરતાં પણ... ગુરુપૂજા (આહારદાનાદિ સ્વરૂપ) કરતાં પણ... આજ્ઞાપાલન જ મહત્ત્વનું છે.

જે લોકોને મૂર્તિપૂજા વગેરે માન્ય નથી તેઓ અવળો અર્થ પકડી લે તો અર્થનો અનર્થ થાય. પણ સદ્બુદ્ધિ મળી હોય તો સમજી શકશે કે જિનાજ્ઞાનુસારી ન હોય એવી પૂજા, સુપાત્રદાન (ચડસા ચડસી, પ્રસિદ્ધિ વગેરેથી)નું ભલે મહત્ત્વ ન હોય પણ જિનાજ્ઞાના પાલનરૂપે જે પૂજા વગેરે થતી હોય તે જિનાજ્ઞાગર્ભિત પૂજાનું મહત્ત્વ જરા પણ ઘટતું નથી.

આકાલમિયમાજ્ઞા તે હેયોપાદેયગોચરા ।<br>
આશ્રવઃ સર્વથા હેયઃ ઉપાદેયશ્ચ સંવરઃ ॥

આ રીતે પૂ. કલિકાલસર્વજ્ઞજીએ ખૂબ ટૂંકાણમાં ભગવદાજ્ઞાનું સ્વરૂપ દર્શાવી દીધું છે. ગૃહસ્થ માનવ આખો દિવસ આશ્રવોમાં ડૂબેલો રહેતો હોય તો તે આશ્રવત્યાગગર્ભિત જિનપૂજા, સામાયિક, સુપાત્રદાન વગેરે કરે ત્યારે તે તે ધર્મક્રિયાથી તેને ચિત્ત પ્રસન્નતા - સમાધિ - મોક્ષની પ્રાપ્તિ વગેરે દુર્લભ નથી.

આપણા પૂજ્ય પુરુષોએ આ રીતે ગૃહસ્થો રંગે ચંગે ઊછળતા શુભ ભાવે પરમાત્માની પૂજામાં જોડાય... યાવત્ મોક્ષ પર્યન્ત તમામ શુભ ફળો ઉપલબ્ધ કરી શકે તે માટે પંચ કલ્યાણક પૂજા, વીશસ્થાનક પૂજા, ૬૪ પ્રકારી પૂજા, નવાણું પ્રકારી પૂજા, નવપદ પૂજા વગેરે અનેકાનેક પૂજા સાહિત્યનું વિરાટ નિર્માણ કેવું સરસ કર્યું છે - તે આ ગ્રન્થરત્નનું અવગાહન કરતાં સાનંદ સમજાઈ જશે કે એક માત્ર નવપદ પૂજાનું પણ સાહિત્ય નાનું-સૂનું નથી.

પૂર્વે તો સ્તોત્રપૂજા રૂપે સંસ્કૃત - પ્રાકૃતમાં ભક્તામર વગેરે અનેકાનેક હજારો સ્તોત્રો ભક્તહૃદયી મહાપુરુષો રચી ગયા છે. કાળ બદલાતાં હિન્દી - ગુજરાતી ભાષાનું ચલણ વધતાં અને સંસ્કૃત-પ્રાકૃતનો અભ્યાસ ગૃહસ્થોમાં નહીંવત્ બનતો જોઈને આપણા ગૌરવવંતા પૂજ્ય મહર્ષિઓએ દીર્ઘદષ્ટિથી ગુજરાતી - હિન્દીમાં અનેક સ્તવનો - છંદો વગેરેની પણ રચનાઓ ઘડી કાઢી. તેમાં મોખરે હોય તો પૂજાઓ છે.

દેરાસરોમાં કે અન્યત્ર શુભ સ્થાને શાસ્ત્રીય કે દેશી સંગીતમાં ઉલટભેટ ગવાતી આ પૂજાઓ દ્વારા ભગવદાજ્ઞાસ્વરૂપ આરાધનામાં જૈનોએ તો ખાસ જોડાવું જ જોઈએ. ફરી એ પૂજાયુગનું પુનરુત્થાન થાય તે માટે સ્વ. પૂ.ગ.પ.આચાર્યદેવશ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી પંન્યાસજી શ્રી પ્રશાન્તવલ્લભવિજયજીએ આ નવપદ પૂજા-સંપુટનું સુઘડ સંપાદન કરીને જિનાજ્ઞાનું બહુમાન કર્યું છે તે જોઈને ખરેખર તેમને જેટલા ધન્યવાદ આપીએ તે ઓછા છે.

જિનાજ્ઞાપ્રેમી જૈનો આ ગ્રન્થસંપુટનો લાભ ઉઠાવી અવાર-નવાર આ ગ્રન્થમાં પ્રસ્તુત થયેલ પૂજાઓનો ભક્તિસંગીત સાથે અમૃતાસ્વાદ લઈને ચિત્તનિર્મલતા-સમાધિ-મુક્તિપદને શીઘ્ર વરે એ જ શુભકામના.

- આ. જયસુંદરસૂરિ

• • •

# શ્રુતભક્તિના લાભાર્થી

પંન્યાસ શ્રી પ્રશાંતવલ્લભવિજયજી ગણિવર્ય સંપાદિત

## શ્રી નવપદ પૂજા સંપુટ

(૨૨ પૂજાઓનો સંગ્રહ)

**॥ જ્ઞાનનિધિમાંથી પુસ્તક પ્રકાશનના લાભાર્થી ॥**

॥ અક્ષયપદદાયક શ્રી અજિતનાથાય નમઃ ॥

નડીઆદ નગરે વિ.સં. ૨૦૭૫ના ચાતુર્માસ દરમ્યાન **પૂ.પંન્યાસપ્રવર શ્રી પ્રશાંતવલ્લભવિજયજી ગણિવર્ય, પૂ.મુનિરાજ શ્રી વીરવલ્લભવિજયજી** મ.સા. એવં પૂ.આ.ભ. **શ્રી સિદ્ધિસૂરીશ્વરજી (બાપજી મ.સા.)**ના સમુદાયવર્તી **પૂ.સાધ્વી કમલપ્રભાશ્રીજી** મ.સા., **પૂ.સાધ્વી રાજીમતીશ્રીજી** મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં **શ્રાવણ વદ-૮, તા. ૨૪-૮-૨૦૧૯ના શુભદિને નૂતન ઉપાશ્રયની જમીન સંપાદન** માટે વિધિપૂર્વક જાજમ બિછાવવામાં આવી... ચતુર્વિધ સંઘના વિશિષ્ટ ભાવોલ્લાસ સાથે થયેલ માતબર ફંડની અનુમોદના નિમિત્તે...

**શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નડીઆદ**

(દેવચકલા, નડીઆદ - ગુજરાત Pin : 387001)

॥ શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથાય નમઃ ॥

**શ્રી સેટેલાઈટ શ્વે. મૂ. જૈન સંઘ - અમદાવાદ**

(સોમેશ્વર કોમ્પલેક્ષ વિભાગ-૧, ૧૩૨ ફૂટ રીંગ રોડ, સેટેલાઈટ)

આપે કરેલી શ્રુતભક્તિની અમો હાર્દિક અનુમોદના કરીએ છીએ.

**લિ. દિવ્યદર્શન ટ્રસ્ટ**

# પ્રકાશકીય

પ્રાચીન, અર્વાચીન તપાગચ્છીય તથા અન્યગચ્છીય મહાત્માઓ રચિત ૨૨ નવપદ પૂજાઓનું એકત્રીકરણ કરીને સુંદર સંગ્રહ **'શ્રી નવપદ પૂજા સંપુટ'** પુસ્તકમાં કરવામાં આવ્યો છે.

પૂજ્ય પંન્યાસજી **શ્રી પ્રશાંતવલ્લભવિજયજી મ.સા.** સંપાદિત પ્રસ્તુત પુસ્તકનું પ્રકાશન કરતા દિવ્યદર્શન ટ્રસ્ટ અત્યંત આનંદની લાગણી અનુભવે છે.

- કુમારપાળ વિ. શાહ

# અનુક્રમણિકા
## INDEX


૧) શ્રી નવપદ પૂજા ૧
પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજ

૨) શ્રી નવપદ પૂજા ૧૫
ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ

૩) શ્રી નવપદ પૂજા (લઘુ) ૩૬
આ. શ્રી જ્ઞાનવિમલસૂરિજી મહારાજ

૪) શ્રી નવપદ પૂજા ૪૯
મુનિ શ્રી ઉત્તમવિજયજી મહારાજ

૫) શ્રી નવપદ પૂજા ૬૮
આ. શ્રી વિજયાનંદસૂરિજી મહારાજ (આ. શ્રી આત્મારામજી)

૬) શ્રી નવપદ પૂજા ૮૪
આ. શ્રી માણિક્યસિંહસૂરિજી મહારાજ

૭) શ્રી નવપદ પૂજા (લઘુ) ૧૦૧
આ. શ્રી માણિક્યસિંહસૂરિજી મહારાજ

૮) શ્રી નવપદ પૂજા ૧૧૨
પંન્યાસ શ્રી ગંભીરવિજયજી મહારાજ

૯) શ્રી નવપદ પૂજા ૧૩૦
આ. શ્રી લબ્ધિસૂરિજી મહારાજ

૧૦) શ્રી નવપદ પૂજા ૧૪૮
આ. શ્રી બુદ્ધિસાગરસૂરિજી મહારાજ

૧૧) શ્રી નવપદ પૂજા (લઘુ) ૧૬૯
આ. શ્રી બુદ્ધિસાગરસૂરિજી મહારાજ

૧૨) શ્રી નવપદ પૂજા ૧૭૭
આ. શ્રી પદ્મસૂરિજી મહારાજ

૧૩) શ્રી નવપદ પૂજા ૧૯૮
આ. શ્રી અમૃતસૂરિજી મહારાજ

૧૪) શ્રી નવપદ પૂજા ૨૧૦
ગણિ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

૧૫) શ્રી નવપદ પૂજા ૨૨૬
મુનિ શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ

૧૬) શ્રી નવપદ પૂજા ૨૪૨
સુશ્રાવક મનસુખલાલ હરિલાલ

૧૭) શ્રી નવપદ પૂજા ૨૬૫
સુશ્રાવક સુરચંદભાઈ સ્વરૂપચંદ શાહ

૧૮) શ્રી નવપદ પૂજા ૨૮૨
આ. શ્રી લક્ષ્મીસૂરિજી મહારાજ
(શ્રી વીશસ્થાનક પૂજામાંથી ઉદ્ધૃત નવ પદ પૂજા)

૧૯) શ્રી નવપદ પૂજા ૨૯૪
પંડિત શ્રી રૂપવિજયજી મહારાજ
( શ્રી વીશસ્થાનક પૂજામાંથી ઉદ્ધૃત નવ પદ પૂજા)

૨૦) શ્રી નવપદ પૂજા ૩૦૮
આ. શ્રી ગુણસાગરસૂરિજી મહારાજ (અચલગચ્છીય)

૨૧) શ્રી નવપદ પૂજા ૩૨૪
પં. જ્ઞાનસારવિજયજી મહારાજ (પ્રાયઃ ખરતરગચ્છીય)

૨૨) શ્રી નવપદ પૂજા ૩૩૫
આ. શ્રી રાજેન્દ્રસૂરિજી મહારાજ (ત્રિસ્તુતિક)

• શ્રી નવપદ ચૈત્યવંદન-પૂજાની વિધિ ૩૫૪

# શ્રી અરિહંત પદ આદિ પદનાં પેજ નંબર

| શ્રી નવપદ પૂજા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. અરિહંતપદ | ૧ | ૧૫ | ૩૬ | ૪૯ | ૬૮ | ૮૪ | ૧૦૧ | ૧૧૨ | ૧૩૦ | ૧૪૮ | ૧૬૯ | ૧૭૭ | ૧૯૮ | ૨૧૦ | ૨૨૬ | ૨૪૨ | ૨૬૫ | ૨૮૨ | ૨૯૪ | ૩૦૮ | ૩૨૪ | ૩૩૫ |
| ૨. સિદ્ધપદ | ૩ | ૧૭ | ૩૭ | ૫૨ | ૭૦ | ૮૬ | ૧૦૩ | ૧૧૪ | ૧૩૩ | ૧૫૦ | ૧૭૦ | ૧૮૦ | ૨૦૦ | ૨૧૨ | ૨૨૮ | ૨૪૪ | ૨૬૭ | ૨૮૪ | ૨૯૬ | ૩૧૦ | ૩૨૫ | ૩૩૭ |
| ૩. આચાર્યપદ | ૫ | ૧૯ | ૩૯ | ૫૪ | ૭૨ | ૮૮ | ૧૦૪ | ૧૧૬ | ૧૩૫ | ૧૫૨ | ૧૭૧ | ૧૮૨ | ૨૦૧ | ૨૧૪ | ૨૩૦ | ૨૪૬ | ૨૬૮ | ૨૮૫ | ૨૯૭ | ૩૧૨ | ૩૨૬ | ૩૩૯ |
| ૪. ઉપાધ્યાયપદ | ૬ | ૨૧ | ૪૦ | ૫૫ | ૭૩ | ૮૯ | ૧૦૫ | ૧૧૮ | ૧૩૭ | ૧૫૫ | ૧૭૨ | ૧૮૪ | ૨૦૨ | ૨૧૫ | ૨૩૧ | ૨૪૯ | ૨૬૯ | ૨૮૬ | ૨૯૯ | ૩૧૪ | ૩૨૭ | ૩૪૧ |
| ૫. સાધુપદ | ૭ | ૨૩ | ૪૧ | ૫૭ | ૭૫ | ૯૧ | ૧૦૬ | ૧૧૯ | ૧૩૮ | ૧૫૭ | ૧૭૨ | ૧૮૬ | ૨૦૩ | ૨૧૬ | ૨૩૨ | ૨૫૧ | ૨૭૧ | ૨૮૭ | ૩૦૦ | ૩૧૫ | ૩૨૮ | ૩૪૩ |
| ૬. સ.દર્શનપદ | ૯ | ૨૫ | ૪૨ | ૫૯ | ૭૬ | ૯૩ | ૧૦૭ | ૧૨૧ | ૧૪૦ | ૧૫૯ | ૧૭૩ | ૧૮૮ | ૨૦૪ | ૨૧૮ | ૨૩૪ | ૨૫૩ | ૨૭૨ | ૨૮૮ | ૩૦૨ | ૩૧૭ | ૩૩૦ | ૩૪૫ |
| ૭. જ્ઞાનપદ | ૧૦ | ૨૭ | ૪૩ | ૬૧ | ૭૮ | ૯૫ | ૧૦૮ | ૧૨૩ | ૧૪૨ | ૧૬૧ | ૧૭૪ | ૧૯૦ | ૨૦૫ | ૨૧૯ | ૨૩૬ | ૨૫૫ | ૨૭૩ | ૨૮૯ | ૩૦૩ | ૩૧૮ | ૩૩૧ | ૩૪૭ |
| ૮. ચારિત્રપદ | ૧૧ | ૨૯ | ૪૫ | ૬૩ | ૮૦ | ૯૬ | ૧૦૯ | ૧૨૪ | ૧૪૩ | ૧૬૩ | ૧૭૪ | ૧૯૧ | ૨૦૬ | ૨૨૦ | ૨૩૭ | ૨૫૮ | ૨૭૫ | ૨૯૧ | ૩૦૪ | ૩૨૦ | ૩૩૨ | ૩૪૮ |
| ૯. તપપદ | ૧૩ | ૩૧ | ૪૬ | ૬૪ | ૮૧ | ૯૮ | ૧૧૦ | ૧૨૬ | ૧૪૫ | ૧૬૫ | ૧૭૫ | ૧૯૪ | ૨૦૭ | ૨૨૧ | ૨૩૮ | ૨૬૨ | ૨૭૬ | ૨૯૨ | ૩૦૬ | ૩૨૧ | ૩૩૩ | ૩૫૦ |

## ૧

પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજ વિરચિત

# શ્રી નવપદ પૂજા

### ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

**॥ દુહા ॥**

શ્રુતદાયક શ્રુતદેવતા, વંદુ જિન ચોવીશ;
ગુણ સિદ્ધચક્રના ગાવતાં, જગમાં હોય જગીશ ॥૧॥

અરિહંત સિદ્ધ સૂરિ નમું, પાઠક મુનિ ગુણધામ;
દંસણ નાણ ચરણ વળી, તપ ગુણમાંહે ઉદ્દામ ॥૨॥

ઈમ નવપદ ભક્તિ કરી, આરાધો નિત્યમેવ;
જેહથી ભવદુઃખ ઉપશમે, પામે શિવ સ્વયમેવ ॥૩॥

તે નવપદ કાંઈ વરણવું, ધરતો ભાવ ઉલ્લાસ;
ગુણી ગુણગણ ગાતાં થકાં, લહીએ જ્ઞાનપ્રકાશ ॥૪॥

પ્રતિષ્ઠા કલ્પે કહી, નવપદ પૂજા સાર;
તેણે નવપદ પૂજા ભણું, કરતો ભક્તિ ઉદાર ॥૫॥

**॥ ઢાળ ॥** રાગ : ભૈરવ ॥

**પ્રથમ પદ જિનપતિ,** ગાઈએ ગુણતતિ,
પાઈએ વિપુલ ફળ સહજ આપ;

નામ ગોત્ર જ સુણ્યાં, કર્મ મહા નિર્જર્યાં,
જાય ભવ સંતતિ બદ્ધ પાપ. પ્રથમ૦ ॥૧॥

એક વર રૂપમાં, વરણ પંચે હોયે,
એક તુજ વર્ણ તે જગ ન માયો;
એક તિમ શ્લોકમાં, વરણ બત્રીશ હોયે,
એક તુજ વર્ણ કિણહી ન ગવાયો. પ્રથમ૦ ॥૨॥

વાચ ગુણ અતિશયા, પાડિહેરા સયા,
બાહ્ય પણ એ ગુણ કુણે ન ગવાયા;
કેવલનાણ તહ કેવળ દંસણ,
પમુહ અભ્યંતરા જિનપ પાયા;
તેહ મુહ પદ્મથી કેમ કહાયા. પ્રથમ૦ ॥૩॥

**॥ દુહો ॥**

જિન ગુણ અનંત અનંત છે, વાચક્રમ મિત દીહ;
બુદ્ધિ રહિત શક્તિ વિકલ, કેમ કહું એકણ જીહ ॥૧॥

**॥ ઢાળ ॥** રાગ : દેશાખ ॥

**ભાવ ધરી ભવિ પૂજીએ,** તિગ અડ પણ ભેય;
તિમ સત્તર ભેદે કરી, પૂજો ગત ખેય. ભાવ૦ ॥૧॥

ઈગવીશ અડસય ભેદથી, જિન ભાવ સંભારી;
પૂજો પરિગલ ભાવશું, પ્રભુ આણાકારી. ભાવ૦ ॥૨॥

પૂજા કરતાં પૂજ્યની, પૂજ્ય પોતે થાવે;
તુજ પદપદ્મ સેવક તિણે, અક્ષય પદ પાવે. ભાવ૦ ॥૩॥

**॥ શ્રી અરિહંતપદ અંત્ય કાવ્યં ॥** (ઇંદ્રવજ્રાવૃત્તમ્)

જિઅંતરંગારિજણે સુનાણે, સુપાડિહેરાઈસયપ્પહાણે;
સંદેહસંદોહરયં હરંતે, ઝાએહ નિચ્ચંપિ જિણેઽરિહંતે ॥

**(નીચેનું કાવ્ય તથા પાઠ પ્રત્યેક પૂજા દીઠ કહેવો. ત્યાર પછી તે તે પૂજાનો મંત્ર ભણવો)**

**॥ કાવ્યં ॥** (દ્રુતવિલંબિતવૃત્તમ્)

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જંતુમહોદયકારણં;
જિનવરં બહુમાનજલૌઘતઃ, શુચિમનાઃ સ્નપયામિ વિશુદ્ધયે ॥

સ્નાત્ર કરતાં જગદ્ગુરુ શરીરે, સકલ દેવે વિમળ કળશ નીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા ॥૧॥

હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે;
જિહાં લગે સુરગિરિ જંબૂદીવો, અમ તણા નાથ દેવાધિદેવો ॥૨॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે અર્હતે જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

**॥ દુહો ॥**

સિદ્ધ સ્વરૂપી જે થયા, કર્મમેલ સવિ ધોય;
જેહ થશે ને થાય છે, સિદ્ધ નમો સહુ કોય ॥૧॥

**॥ ઢાળ ॥**

॥ પારિ રે જાતિનું ફૂલ સરગથી - એ દેશી ॥

નમો સિદ્ધાણં હવે પદ બીજે, જે નિજ સંપદ વરિયા,
જ્ઞાન દર્શન અનંત ખજાનો, અવ્યાબાધ સુખ દરિયા કે;

**સિદ્ધ બુદ્ધકે સ્વામી** નિજ રામી કે,
હાંરે વાલા પ્રણમો નિજ ગુણ કામી રે,
ગુણકામી ગુણકામી ગુણવંતા, જે વચનાતીત હુઆ રે ॥ એ આંકણી ॥૧॥

ક્ષાયિક સમકિત ને અક્ષયસ્થિતિ, જેહ અરૂપી નામ;
અવગાહન અગુરુલઘુ જેહની, વીર્ય અનંતનું ધામ કે. સિદ્ધ૦ ॥૨॥

ઈમ અડકર્મ અભાવે અડ ગુણ, વળી ઈગતીસ કહેવાય;
વળી વિશેષે અનંત અનંત ગુણ, નાણ નયણ નિરખાય,
નિત્ય નિત્ય વંદના થાય કે. સિદ્ધ૦ ॥૩॥

॥ દુહો ॥

જિહાં નિજ એક અવગાહના, તિહાં નમું સિદ્ધ અનંત;
ફરસિત દેશ પ્રદેશને, અસંખ્યગુણા ભગવંત ॥૧॥

॥ ઢાળ ॥ રાગ : ફાગ ॥

**સિદ્ધ ભજો ભગવંત, પ્રાણી ! પૂર્ણાનંદી,** સિદ્ધ૦
લોકાલોક લહે એક સમયે, સિદ્ધિવધૂ વર કંત. પ્રાણી૦
અજ અવિનાશી અક્ષય અજરામર, સ્વદ્રવ્યાદિક વંત. પ્રાણી૦ ॥૧॥

વર્ણ ન ગંધ ન રસ નહીં, ફરસ ન, દીર્ઘ હ્રસ્વ ન હુંત. પ્રાણી૦
નહીં સૂક્ષ્મ બાદર ગતવેદી, ત્રસ થાવર ન કહંત. પ્રાણી૦ ॥૨॥

અકોહી અમાની, અમાયી, અલોભી, ગુણ અનંત ભદંત. પ્રાણી૦
પદ્મવિજય નિત સિદ્ધસ્વામીને, લળી લળી પ્રણમંત. પ્રાણી૦ ॥૩॥

॥ શ્રી સિદ્ધપદ અંત્ય કાવ્યં ॥

દુટ્ઠટ્ઠકમ્માવરણપ્પમુક્કે, અણંતનાણાઈ-સિરીચઉક્કે;
સમગ્ગ-લોગગ્ગપયપ્પસિદ્ધે, ઝાએહ નિચ્ચંપિ મણંમિ સિદ્ધે ॥

● વિમલકેવલભાસનભાસ્કરં... ● સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે...

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સિદ્ધાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

॥ દુહો ॥

પડિમા વહે વળી તપ કરે, ભાવના ભાવે બાર;
નમીએ તે આચાર્યને, જે પાળે પંચાચાર ॥૧॥

॥ ઢાળ ॥

॥ સંભવ જિનવર વિનતિ - એ દેશી. ॥

**આચારજ ત્રીજે પદે,** નમીએ જે ગચ્છ ધોરી રે;
ઇંદ્રિય તુરંગમ વશ કરે, જે લહી જ્ઞાનની દોરી રે. આચારજ૦ ॥૧॥

શુદ્ધ પ્રરૂપક ગુણ થકી, જે જિનવર સમ ભાખ્યા રે,
છત્રીશ છત્રીશી ગુણે, શોભિત સમયમાં દાખ્યા રે. આચારજ૦ ॥૨॥

ઉત્કૃષ્ટા ત્રીજે ભવે, પામે અવિચલ ઠાણ રે;
ભાવાચારજ વંદના, કરીએ થઈ સાવધાન રે. આચારજ૦ ॥૩॥

॥ દુહો ॥

નવવિધ બ્રહ્મ ગુપ્તિ ધરે, વર્જે પાપ નિયાણ;
વિહાર કરે નવકલ્પ નવ, સૂરિ તત્ત્વના જાણ ॥૧॥

॥ ઢાળ ॥

॥ રાગ : વિહાગડો. મુજ ઘર આવજો રે નાથ - એ દેશી ॥

સત્તાવીશ ગુણ સાધુના, શોભિત જાસ શરીર;
નવકોટી શુદ્ધ આહાર લે, ઈમ ગુણ છત્રીશે ધીર.
**ભવિજન ! ભાવશું નમો આજ,** જિમ પામો અક્ષયરાજ. ભવિ૦ ॥૧॥

જે પ્રગટ કરવા અતિ નિપુણ, વર લબ્ધિ અઠ્ઠાવીશ;
અડવિધ પ્રભાવકપણું ધરે, એ સૂરિગુણ છત્રીશ. ભવિ૦ ॥૨॥

તજે ચૌદ અંતર ગ્રંથિને, પરિષહ જીતે બાવીશ;
કહે પદ્મ આચારજ નમો, બહુ સૂરિ ગુણ છત્રીશ. ભવિ૦ ॥૩॥

॥ શ્રી આચાર્યપદ અંત્ય કાવ્યં ॥

ન તં સુહં દેઈ પિયા ન માયા, જં દિંતિ જીવાણિહ સૂરિપાયા;
તમ્હા હુ તે ચેવ સયા મહેહ, જં મુક્ખસુક્ખાઈ લહું લહેહ ॥

● વિમલકેવલભાસનભાસ્કરં... ● સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે...

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સૂરયે જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

॥ દુહો ॥

ચોથે પદ પાઠક નમું, સકળ સંઘ આધાર;
ભણે ભણાવે સાધુને, સમતા રસ ભંડાર ॥૧॥

**॥ ઢાળ ॥** રાગ : વસંત ॥
॥ તું તો જિન ભજ, વિલંબ ન કર હો, હોરી કે ખેલૈયા - એ દેશી ॥

તું તો પાઠક પદ મન ધર હો, **રંગીલે જીઉરા;** તું તો પાઠક પદ મન ધર.
રાય રંક જસુ નિકટે આવે, પણ જસ નહિ નિજ પર હો. રંગીલે૦ ॥૧॥
સારણાદિક ગચ્છમાંહે કરતાં, પણ રમતા નિજ ઘર હો. રંગીલે૦ ॥૨॥
દ્વાદશાંગ સજ્ઝાય કરણકું, જે નિશદિન તત્પર હો. રંગીલે૦ ॥૩॥
એ ઉવજ્ઝાય નિર્યામક પામી, તું તો ભવસાયર સુખે તર હો. રંગીલે૦ ॥૪॥
જે પરવાદિ મતંગજ કેરો, ન ધરે હરિ પરે ડર હો. રંગીલે૦ ॥૫॥
ઉત્તમ ગુરુ પદ પદ્મ સેવનસે, પકડે શિવવધૂ કર હો. રંગીલે૦ ॥૬॥

॥ દુહો ॥

આચારજ નૃપ આગલે, જે યુવરાજ સમાન;
નિદ્રા વિકથા નવિ કરે, સર્વ સમય સાવધાન ॥૧॥

**॥ ઢાળ ॥**

॥ જિન વચને વૈરાગીયો હો ધન્ના - એ દેશી ॥

**નમો ઉવજ્ઝાયાણં જપો હો મિત્તા, જેહના ગુણ પચવીશ રે**

**એકાગર ચિત્તા; એ પદ ધ્યાવો ને.**

**એ પદ ધ્યાવો ધ્યાનમાં હો મિત્તા, મૂકી રાગ ને રીસ રે. એકા૦ ॥૧॥**

**અંગ અગ્યાર પૂરવધરા હો મિત્તા, પરિષહ સહે બાવીશ;**
**ત્રણ ગુપ્તિ ગુપ્તા રહે હો મિત્તા, ભાવે ભાવના પચવીશ રે. એકા૦ ॥૨॥**

**અંગ ઉપાંગ સોહામણાં હો મિત્તા, ધરતા જેહ ગુણીશ;**
**ગણતાં મુખ પદ પદ્મથી હો મિત્તા, નંદિ અનુયોગ જગીશ રે. એકા૦ ॥૩॥**

**॥ શ્રી ઉપાધ્યાયપદ અંત્ય કાવ્યં ॥**

**સુત્તત્થસંવેગમયસ્સુએણં, સન્નીરખીરામયવિસ્સુએણં;**
**પીણંતિ જે તે ઉવઝાયરાએ, ઝાએહ નિચ્ચંપિ કયપ્પસાએ ॥**

**● વિમલકેવલભાસનભાસ્કરં... ● સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે...**

**॥ મંત્ર ॥**

**ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય**
**શ્રીમતે ઉપાધ્યાયાય જલાદિકં યજામહે સ્વાહા ॥**

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

**॥ દુહો ॥**

**હવે પંચમ પદે મુનિવરા, જે નિર્મમ નિઃસંગ;**
**દિન દિન કંચનની પરે, દીસે ચઢતે રંગ ॥૧॥**

**॥ ઢાળ ॥** (રાગ : વસંત)

॥ મો મન ભવન વિલાસ સાંઈયાં, મો મન૦ - એ દેશી ॥

**મુનિવર પરમ દયાલ ભવિયાં ! મુનિ૦**
**તુમે પ્રણમોને ભાવ વિશાલ, ભવિયાં ! મુનિવર પરમ દયાલ.**

કુખીસંબલ મુનિવર ભાખ્યા; આહારદોષ ટાળે બિયાલ; ભ૦ મુનિ૦
બાહ્ય અભ્યંતર પરિગ્રહ છાંડી, જિણે છાંડી સવિ જંજાલ. ભ૦ મુનિ૦ ॥૧॥

જિણે એ ઋષિનું શરણ કર્યું તિણે, પાણી પહેલી બાંધી પાળ; ભ૦ મુનિ૦
જ્ઞાન ધ્યાન કિરિયા સાધંતા, કાઢે પૂર્વના કાળ. ભ૦ મુનિ૦ ॥૨॥

સંયમ સત્તર પ્રકારે આરાધે, છ જીવના પ્રતિપાલ; ભ૦ મુનિ૦
ઈમ મુનિ ગુણ ગાવે તે પહેરે, સિદ્ધિવધૂ વરમાલ. ભ૦ મુનિ૦ ॥૩॥

॥ દુહો ॥

પાંચે ઈંદ્રિય વશ કરે, પાળે પંચાચાર;
પંચ સમિતિ સમિતા રહે, વંદું તે અણગાર ॥૧॥

॥ ઢાળ ॥

॥ ગિરિરાજકું સદા મોરી વંદના રે - એ દેશી ॥

**મુનિરાજકું સદા મોરી વંદના રે,**
ભોગ વમ્યા તે મનથી ન ઈચ્છે, નાગ જ્યું હોય અગંધના રે, મુનિ૦
પરિષહ ઉપસર્ગે સ્થિર રહેવે, મેરુ પરે નિઃકંપના રે. મુનિ૦ ॥૧॥

ઈચ્છા મિચ્છા આવસિયા નિસિહિયા, તહકાર ને વળી છંદના રે, મુનિ૦
પૃચ્છા પ્રતિપૃચ્છા ઉપસંપદા, સામાચારી નિમંતના રે. મુનિ૦ ॥૨॥

એ દશવિધ સમાચારી પાલે, કહે પદ્મ લેઉં તસ ભામણા રે. મુનિ૦
એ ઋષિરાજ વંદનથી હોવે, ભવભવ પાપ નિકંદના રે. મુનિ૦ ॥૩॥

॥ શ્રી સાધુપદ અંત્ય કાવ્યં ॥

ખંતે અ દંતે અ સુગુત્તિગુત્તે, મુત્તે પસંતે ગુણજોગજુત્તે;
ગયપ્પમાએ હયમોહમાએ, ઝાએહ નિચ્ચં મુણિરાયપાએ ॥

● વિમલકેવલભાસનભાસ્કરં... ● સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે...

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સાધવે જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા ॥

### ॥ દુહો ॥

સમકિત વિણ નવ પૂરવી, અજ્ઞાની કહેવાય;
સમકિત વિણ સંસારમાં, અરહો પરહો અથડાય ॥૧॥

॥ **ઢાળ** ॥ રાગ : સારંગ ॥

**પ્રભુ ! નિર્મલ દર્શન કીજીએ.**
આતમજ્ઞાનકો અનુભવ દર્શન, સરસ સુધારસ પીજીએ. પ્રભુ૦ ॥૧॥

જસ અનુભાવ અનંત પરિયટ્ટા, ભવ સંસાર સહુ છીજીએ, પ્રભુ૦
ભિન્ન મુહૂર્ત દર્શન ફરસનતેં, અર્ધ પરિયટ્ટે સીઝીએ. પ્રભુ૦ ॥૨॥

જેહથી હોવે દેવગુરુ ફુનિ, ધર્મ રંગ અટ્ઠિમિંજીએ; પ્રભુ૦
ઈસ્યો ઉત્તમ દર્શન પામી, પદ્મ કહે શિવ લીજીએ. પ્રભુ૦ ॥૩॥

### ॥ દુહો ॥

સમકિતી અડ પવયણ ધણી, પણ જ્ઞાની કહેવાય;
અર્ધ પુદ્ગલ પરાવર્ત્તમાં, સકલ કર્મમલ જાય ॥૧॥

### ॥ ઢાળ ॥

॥ ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા - એ દેશી ॥

**સમ્યગ્દર્શન પદ તુમે પ્રણમો,** જે નિજ ધુર ગુણ હોય રે;
ચારિત્ર વિણ લહે શાશ્વત પદવી, સમકિત વિણ નહિ કોય રે. સ૦ ॥૧॥

સદ્દહણા ચઉ લક્ષણ દૂષણ, ભૂષણ પંચ વિચારો રે;
જયણા ભાવના ઠાણ આગારા, ષટ્ ષટ્ તાસ પ્રકારો રે. સ૦ ॥૨॥

શુદ્ધિ લિંગ ત્રણ આઠ પ્રભાવક, દશવિધ વિનય ઉદારો રે;
ઈમ સડસઠ્ઠ ભેદે અલંકરિયો, સમકિત શુદ્ધ આચારો રે. સ૦ ॥૩॥

કેવળી નિરખિત સૂક્ષ્મ અરૂપી, તે જેહને ચિત્ત વસિયો રે;
જિન ઉત્તમ પદ પદ્મની સેવા, કરવામાં ઘણું રસિયો રે. સ૦ ॥૪॥

॥ શ્રી દર્શનપદ અંત્ય કાવ્યં ॥

જં દવ્વછક્કાઈ-સુસદ્દહાણં, તં દંસણં સવ્વગુણપ્પહાણં;
કુગ્ગાહવાહી ઉ વયંતિ જેણ, જહા વિસુદ્ધેણ રસાયણેણ ॥

● વિમલકેવલભાસનભાસ્કરં... ● સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે...

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સમ્યગ્‌દર્શનાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

॥ દુહો ॥

નાણ સ્વભાવ જે જીવનો, સ્વપર પ્રકાશક તેહ;
તેહ નાણ દીપક સમું, પ્રણમો ધર્મ સનેહ ॥૧॥

॥ ઢાળ ॥

॥ જિમ મધુકર મન માલતી રે - એ દેશી ॥

**નાણ પદારાધન કરો રે**, જેમ લહો નિર્મળ નાણ રે; ભવિક જન;
શ્રદ્ધા પણ થિર તો રહે રે, જો નવતત્ત્વ વિજ્ઞાણ રે. **ભવિકજન,**
નાણ પદારાધન કરો રે ॥૧॥

અજ્ઞાની કરશે કિશ્યું રે, શું લહેશે પુણ્ય પાપ રે; ભવિક૦
પુણ્ય પાપ નાણી લહે રે, કરે નિજ નિર્મળ આપ રે. ભવિક૦ નાણ૦ ॥૨॥

પ્રથમ જ્ઞાન પછી દયા રે, દશવૈકાલિક વાણ રે; ભવિક૦
ભેદ એકાવન તેહના રે, સમજો ચતુર સુજાણ રે. ભવિક૦ નાણ૦ ॥૩॥

॥ દુહો ॥

બહુ ક્રોડો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ;
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કર્મ ખપાવે તેહ ॥૧॥

॥ ઢાળ ॥

॥ હો મતવાલે સાજના - એ દેશી ॥

**નાણ નમો પદ સાતમે,** જેહથી જાણે દ્રવ્ય ભાવ; મેરે લાલ.
જાણે જ્ઞાન ક્રિયા વળી, તિમ ચેતન ને જડ ભાવ, મેરે લાલ. નાણ૦ ॥૧॥

નરક સરગ જાણે વળી, જાણે વળી મોક્ષ સંસાર; મેરે લાલ.
હેય જ્ઞેય ઉપાદેય લહે, લહે નિશ્ચય ને વ્યવહાર, મેરે લાલ. નાણ૦ ॥૨॥

નામ ઠવણ દ્રવ્ય ભાવ જે, વળી સગનય ને સપ્તભંગ; મેરે લાલ.
જિન મુખ પદ્મ દ્રહ થકી, લહો જ્ઞાન પ્રવાહ સુગંગ, મેરે લાલ. નાણ૦ ॥૩॥

॥ શ્રી જ્ઞાનપદ અંત્ય કાવ્યં ॥

નાણં પહાણં નયચક્કસિદ્ધં, તત્તાવબોહિક્કમયં પસિદ્ધં;
ધરેહ ચિત્તાવસહે ફુરંતં, માણિક્કદીવુવ્વ તમો હરંતં ॥

● વિમલકેવલભાસનભાસ્કરં... ● સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે...

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સમ્યગ્‌જ્ઞાનાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

॥ દુહો ॥

ચારિત્ર ધર્મ નમો હવે, જે કરે કર્મ નિરોધ;
ચારિત્ર ધર્મ જસ મન વસ્યો, સફલો તસ અવબોધ ॥૧॥

॥ ઢાળ ॥

॥ ટૂંક અને ટોડા વચે રે, મેંદી કેરો છોડ, મેંદી રંગ લાગ્યો - એ દેશી ॥

ચારિત્રપદ નમો આઠમે રે, જેહથી ભવ ભય જાય; **સંયમ રંગ લાગ્યો.**
સત્તર ભેદ છે જેહના રે, સિત્તેર ભેદ પણ થાય. સંયમ૦ ॥૧॥

સમિતિ ગુપ્તિ મહાવ્રત વળી રે, દશ ખંત્યાદિક ધર્મ; સંયમ૦
નાણ કારય વિરતિ ય છે રે, અનુપમ સમતા શર્મ. સંયમ૦ ॥૨॥
બાર કષાય ક્ષય ઉપશમે રે, સર્વવિરતિ ગુણઠાણ; સંયમ૦
સંયમ ઠાણ અસંખ્ય છે રે, પ્રણમો ભવિક સુજાણ. સંયમ૦ ॥૩॥

**॥ દુહો ॥**

હરિકેશી મુનિરાજિયો, ઊપન્યો કુલ ચંડાલ;
પણ નિત્ય સુર સેવા કરે, ચારિત્ર ગુણ અસરાલ ॥૧॥

**॥ ઢાળ ॥**

॥ સાહિબ કબ મિલે, સસનેહી પ્યારો હો સા. - એ દેશી ॥

**સંયમ કબ મિલે, સસનેહી પ્યારા હો.** સંયમ કબ મિલે.
યું સમકિત ગુણઠાણગ વારા, આતમસે કરત વિચારા હો. સંયમ૦ ॥૧॥
દોષ બેંતાલીશ શુદ્ધ આહારા, નવકલ્પી ઉગ્ર વિહારા હો. સંયમ૦ ॥૨॥
સહસ તેવીશ દોષ રહિત નિહારા, આવશ્યક દોય વારા હો. સંયમ૦ ॥૩॥
પરિસહ સહનાદિક પરકારા, એ સબ હે વ્યવહારા હો. સંયમ૦ ॥૪॥
નિશ્ચય નિજ ગુણ ઠરણ ઉદારા, લહત ઉત્તમ ભવપારા હો. સંયમ૦ ॥૫॥
મોહાદિક પરભાવસેં ન્યારા, દુગ નય સંયુત સારા હો. સંયમ૦ ॥૬॥
પદ્મ કહે ઈમ સુણી ઉજમાલા, લહે શિવવધૂ વર હારા હો. સંયમ૦ ॥૭॥

**॥ શ્રી ચારિત્રપદ અંત્ય કાવ્યં ॥**

સુસંવરં મોહનિરોહસારં, પંચપ્પયારં વિગયાઈયારં;
મુલોત્તરાણેગગુણં પવિત્તં, પાલેહ નિચ્ચંપિ હુ સચ્ચરિત્તં ॥

● વિમલકેવલભાસનભાસ્કરં... ● સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે...

**॥ મંત્ર ॥**

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે ચારિત્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

### ॥ દુહો ॥

દૃઢપ્રહારી હત્યા કરી, કીધાં કર્મ અઘોર;
તો પણ તપના પ્રભાવથી, કાઢ્યાં કર્મ કઠોર ॥૧॥

### ॥ ઢાળ ॥

॥ પુરુષોત્તમ સમતા છે તાહરા ઘટમાં - એ દેશી ॥

**તપ કરીએ સમતા રાખી ઘટમાં.**
તપ કરવાલ કરાલ લે કરમાં, લડીએ કર્મ અરિભટમાં. તપ૦ ॥૧॥
ખાવત પીવત મોક્ષ જે માને, તે સિરદાર બહુ જટમાં. તપ૦ ॥૨॥
એક અચરિજ પ્રતિશ્રોતે તરતા, આવે ભવસાયર તટમાં. તપ૦ ॥૩॥
કાલ અનાદિકો કર્મ સંગતિથે, જીઉ પડીયો જ્યું ખટપટમાં. તપ૦ ॥૪॥
તાસ વિયોગકરણ એ કરણં, જેણે નવિ ભમીએ ભવતટમાં. તપ૦ ॥૫॥
હોયે પુરાણા તે કર્મ નિર્જરે, એ સમ નહિ સાધન ઘટમાં. તપ૦ ॥૬॥
ધ્યાનતપે સવિ કર્મ જલાઈ, શિવવધૂ વરીએ ઝટપટમાં. તપ૦ ॥૭॥

### ॥ દુહો ॥

વિઘ્ન ટળે તપ ગુણ થકી, તપથી જાય વિકાર;
પ્રશંસ્યો તપ ગુણ થકી, વીરે ધન્નો અણગાર ॥૧॥

### ॥ ઢાળ ॥

॥ સચ્ચા સાંઈ હો ડંકા જોર બજાયા હો - એ દેશી ॥

**તપસ્યા કરતાં હો ડંકા જોર બજાયા હો** ॥ એ આંકણી ॥
ઉજમણાં તપ કેરાં કરતાં, શાસનસોહ ચઢાયા હો;
વીર્ય ઉલ્લાસ વધે તેણે કારણ, કર્મ નિર્જરા પાયા.તપ૦ ॥૧॥
અડસિદ્ધિ અણિમા લઘિમાદિક, તિમ લદ્ધિ અડવીશા હો;
વિષ્ણુકુમારાદિક પરે જગમાં, પામત જયંત જગીશા. તપ૦ ॥૨॥

ગૌતમ અષ્ટાપદ ગિરિ ચઢિયા, તાપસ આહાર કરાયા હો;
જે તપ કર્મ નિકાચિત તપવે, ક્ષમાસહિત મુનિરાયા. તપ૦ ॥૩॥

સાડા બાર વર્ષ જિન ઉત્તમ, વીરજી ભૂમિ ન ઠાયા હો;
ઘોર તપે કેવળ લહ્યા તેહના, પદ્મવિજય નમે પાયા. તપ૦ ॥૪॥

**॥ શ્રી તપપદ અંત્ય કાવ્યં ॥**

બજ્ઝં તહાબ્ભિંતરભેઅમેઅં કયાઈદુબ્ભેઅકુકમ્મભેઅં;
દુક્ખક્ખયત્થં કયપાવનાસં, તવં તવેહાગમિઅં નિરાસં ॥

● વિમલકેવલભાસનભાસ્કરં... ● સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે...

**॥ મંત્ર ॥**

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સમ્યક્ તપસે જલાદિકં યજામહે સ્વાહા ॥

**॥ કલશ ॥** રાગ : ધન્યાશ્રી ॥

આજ મારે ત્રિભુવન સાહેબ તુઠો, અનુભવ અમૃત વુઠો;
ગુણી અનુયાયી ચેતના કરતાં, કિશુંઅ કરે મોહ રુઠો.
**ભવિ પ્રાણી હો, આજ મારે ત્રિભુવન સાહેબ તુઠો** ॥૧॥

એ નવપદનું ધ્યાન ધરંતા, નવ નિધિ ઋદ્ધિ ઘરે આવે;
નવ નિયાણાનો ત્યાગ કરીને, નવ ક્ષાયિક પદ પાવે. ભ૦ આ૦ ॥૨॥

વિજયસિંહસૂરિ શિષ્ય અનુપમ, ગીતારથ ગુણ રાગી;
સત્યવિજય તસ શિષ્ય વિબુધવર, કપૂરવિજય વડભાગી. ભ૦ આ૦ ॥૩॥

તાસ શિષ્ય શ્રી ખિમાવિજયવર, જિનવિજય પંન્યાસ;
શ્રી ગુરુ ઉત્તમવિજય સુશિષ્યે, શાસ્ત્રાભ્યાસ વિલાસ. ભ૦ આ૦ ॥૪॥

ગજ વહ્નિ મંદ ચંદ્ર(૧૮૩૮)સંવત્સર, મહા વદિ બીજ ગુરુવારો;
રહી ચોમાસું લીંબડી નગરે, ઉદ્યમ એહ ઉદારો. ભ૦ આ૦ ॥૫॥

તપગચ્છ વિજયધર્મસૂરિ રાજ્યે, શાંતિજિણંદ પસાયો;
શ્રી ગુરુ ઉત્તમ ક્રમ કજ અલિ સમ, પદ્મવિજય ગુણ ગાયો. ભ૦ આ૦ ॥૬॥

**॥ ઇતિ વિ.સં. ૧૮૩૮, મહા વદિ-૨, લીંબડીનગરે**
**પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજ વિરચિત શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

● ● ●

## ૨

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત

(વિસરાયેલી ૨૬ ગાથાઓના ઉમેરા સહિત)

# શ્રી નવપદ પૂજા

## ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

॥ દુહો ॥

**પરમ મંત્ર પ્રણમી કરી, તાસ ધરી ઉર ધ્યાન;**
**અરિહંતપદ પૂજા કરો, નિજ નિજ શક્તિ પ્રમાણ ॥૧॥**

॥ આદ્ય કાવ્યં ॥ ઉપજાતિવૃત્તમ્ ॥

**ઉપ્પન્નસન્નાણ-મહોમયાણં, સપ્પાડિહેરાસણ-સંઠિયાણં;**
**સદ્દેસણાણંદિયસજ્જણાણં, નમો નમો હોઉ સયા જિણાણં ॥**

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

**નમોઽનંતસંત પ્રમોદ પ્રદાન-પ્રધાનાય ભવ્યાત્મને ભાસ્વતાય;**
**થયા જેહનાં ધ્યાનથી સૌખ્યભાજા, સદા સિદ્ધચક્રાય શ્રીપાલરાજા ॥૧॥**

**કર્યા કર્મ દુર્મર્મ ચકચૂર જેણે, ભલાં ભવ્ય નવપદ ધ્યાનેન તેણે;**
**કરી પૂજના ભવ્ય ભાવે ત્રિકાલે, સદા વાસિયો આતમા તેણે કાલે ॥૨॥**

**જિકે તીર્થંકર કર્મ ઉદયે કરીને, દીએ દેશના ભવ્યને હિત ધરીને;**
**સદા આઠ મહા પાડિહારે સમેતા, સુરેશે નરેશે સ્તવ્યા બ્રહ્મપુત્તા ॥૩॥**

**કર્યા ઘાતિયાં કર્મ ચારે અલગ્ગા, ભવોપગ્રાહી ચાર જે છે વિલગ્ગા;**
**જગત્ પંચકલ્યાણકે સૌખ્ય પામે, નમો તેહ તીર્થંકરા મોક્ષ કામે ॥૪॥**

॥ **ઢાળ** ॥ ઉલાળાની દેશી ॥

તીર્થપતિ અરિહા નમું, ધર્મ ધુરંધર ધીરોજી;
દેશના અમૃત વરસતા, નિજ વીરજ વડ વીરોજી ॥૧॥

॥ **ઉલાળો** ॥ **ત્રોટક**

વર અખય નિર્મલ જ્ઞાન ભાસન, સર્વ ભાવ પ્રકાશતા,
નિજ શુદ્ધ શ્રદ્ધા આત્મભાવે, ચરણથિરતા વાસતા;
જિનનામ કર્મ પ્રભાવ અતિશય, પ્રાતિહારજ શોભતા,
જગજંતુ કરુણાવંત ભગવંત, ભવિક જનને થોભતા ॥૨॥

॥ **પૂજા-ઢાળ** ॥
॥ શ્રીપાલના રાસની દેશી ॥

ત્રીજે ભવે વરસ્થાનક તપ કરી, જેણે બાંધ્યું જિનનામ,
ચોસઠ ઇંદ્રે પૂજિત જે જિન, કીજે તાસ પ્રણામ રે;
ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો, જિમ ચિરકાલે નંદો રે. **ભવિકા.**
ઉપશમ રસનો કંદો રે, ભવિકા. રત્નત્રયીનો વૃંદો રે, ભવિકા.
સેવે સુરનર ઈંદો રે, **ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો ॥૧॥**

જેહને હોય કલ્યાણક દિવસે, નરકે પણ અજવાળું;
સકલ અધિક ગુણ અતિશયધારી, તે જિન નમી અઘ ટાળું રે. ભવિકા૦ ॥૨॥

જે તિહું નાણ સમગ્ગ ઉપ્પન્ના, ભોગકરમ ક્ષીણ જાણી;
લેઈ દીક્ષા શિક્ષા દીયે જનને, તે નમીએ જિન નાણી રે. ભવિકા૦ ॥૩॥

મહાગોપ મહામાહણ કહીએ, નિર્યામક સત્થવાહ;
ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમીએ ઉત્સાહ રે. ભવિકા૦ ॥૪॥

આઠ પ્રાતિહારજ જસ છાજે, પાંત્રીસ ગુણયુત વાણી;
જે પ્રતિબોધ કરે જગ જનને, તે જિન નમીએ પ્રાણી રે. ભવિકા૦ ॥૫॥

॥ **ઢાળ** ॥

**અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;**
**ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે ॥૧॥**

**વીર જિનેશ્વર ઉપદિશે,** સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે **વીર૦** ॥૨॥

**॥ શ્રી અરિહંતપદ અંત્ય કાવ્યં ॥** ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

જિયંતરંગારિજણે સુનાણે, સુપ્પાડિહેરાઈસય-પ્પહાણે;
સંદેહસંદોહરયં હરંતે, ઝાએહ નિચ્ચંપિ જિણેઽરિહંતે ॥૧॥

**(નીચેનું કાવ્ય તથા પાઠ પ્રત્યેક પૂજા દીઠ કહેવો.
ત્યાર પછી તે તે પૂજાનો મંત્ર ભણવો)**

**॥ કાવ્યં ॥** દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જંતુમહોદયકારણં;
જિનવરં બહુમાનજલૌઘતઃ, શુચિમનાઃ સ્નપયામિ વિશુદ્ધયે ॥

સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે, સકલ દેવે વિમળ કળશ નીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા ॥૧॥

હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે;
જિહાં લગે સુરગિરિ જંબૂદીવો, અમ તણા નાથ દેવાધિદેવો ॥૨॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે
અર્હતે જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

**॥ દુહો ॥**

દુજી પૂજા સિદ્ધકી, કીજે દિલ ખુશિયાલ;
અશુભકર્મ દૂરે ટલે, ફળે મનોરથમાલ ॥૧॥

**॥ આદ્ય કાવ્યં ॥** ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

સિદ્ધાણમાણંદ-રમાલયાણં, નમો નમોઽણંત-ચઉક્કયાણં;
સમગ્ગકમ્મક્ખય-કારયાણં, જમ્મં-જરા-દુક્ખનિવારયાણં ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

નિજાનાદિ કર્માષ્ટકે ક્ષય કરીને, જરા જન્મ મરણાદિ દૂરે હરીને;
સ્થિતા સર્વ લોકાગ્રભાગે વિશુદ્ધા, ચિદાનંદરૂપા સ્વરૂપે પ્રસિદ્ધા ॥૧॥

નિજાનંદબોધાદિ યુક્ત પ્રદેશા, નિરાબાધનાનિર્વૃતા જે અલેશા;
નિરાકાર સાકાર ભાવે મહંતા, ભજો તે પ્રમોદે સદા સિદ્ધસંતા ॥૨॥

કરી આઠ કર્મ ક્ષયે પાર પામ્યા, જરાજન્મ મરણાદિ ભય જેણે વામ્યા;
નિરાવરણ જે આત્મરૂપે પ્રસિદ્ધા, થયા પાર પામી સદા સિદ્ધ બુદ્ધા ॥૩॥

ત્રિભાગોન દેહાવગાહાત્મદેશા, રહ્યા જ્ઞાનમય જાત વર્ણાદિ લેશા;
સદાનંદ સૌખ્યાશ્રિતા જ્યોતિરૂપા, અનાબાધ અપુનર્ભવાદિ સ્વરૂપા ॥૪॥

**॥ ઢાળ ॥** ઉલાળાની દેશી ॥

સકલ કરમમલ ક્ષય કરી, પૂરણ શુદ્ધ સ્વરૂપોજી;
અવ્યાબાધ પ્રભુતામયી, આતમ સંપત્તિ ભૂપોજી ॥૧॥

**॥ ઉલાળો ॥** ત્રોટક ॥

જેહ ભૂપ આતમ સહજ સંપત્તિ, શક્તિ વ્યક્તિપણે કરી,
સ્વદ્રવ્યક્ષેત્ર સ્વકાલભાવે, ગુણ અનંતા આદરી;
સુસ્વભાવ ગુણપર્યાય પરિણતિ, સિદ્ધિસાધન પરભણી,
મુનિરાજ માનસહંસ સમવડ, નમો સિદ્ધ મહાગુણી ॥૨॥

**॥ પૂજા ઢાળ ॥**

॥ શ્રીપાળના રાસની દેશી ॥

સમય પએસંતર અણફરસી, ચરમ તિભાગ વિશેષ;
અવગાહન લહી જે શિવ પહોતા, સિદ્ધ નમો તે અશેષ રે.
**ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો** ॥૧॥

પૂર્વપ્રયોગ ને ગતિપરિણામે, બંધનછેદ અસંગ;
સમય એક ઊર્ધ્વગતિ જેહની, તે સિદ્ધ પ્રણમો રંગ રે. ભવિકા૦ ॥૨॥

નિર્મળ સિદ્ધશિલાની ઉપરે, જોયણ એક લોગંત;
સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધ પ્રણમો સંત રે. ભવિકા૦ ॥૩॥

જાણે પણ ન શકે કહી પુરગુણ, પ્રાકૃત તેમ જાણ જાસ;
ઉપમા વિણ નાણી ભવમાંહે, તે સિદ્ધ દીયો ઉલ્લાસ રે. ભવિકા૦ ॥૪॥

જ્યોતિશું જ્યોતિ મળી જસ અનુપમ, વિરમી સકલ ઉપાધિ;
આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિ રે. ભવિકા૦ ॥૫॥

॥ ઢાળ ॥

**રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ નાણી રે;**
**તે ધ્યાતા નિજ આતમા, હોયે સિદ્ધ ગુણ ખાણી રે. વીર૦**

**॥ શ્રી સિદ્ધપદ અંત્ય કાવ્યં ॥**

દુટ્ઠટ્ઠ-કમ્માવરણ-પ્પમુક્કે, અનંતનાણાઈ-સિરિચઉક્કે;
સમગ્ગલોગગ્ગ-પયપ્પસિદ્ધે, ઝાએહ નિચ્ચંપિ મણંમિ સિદ્ધે ॥

• વિમલકેવલભાસનભાસ્કરં... • સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે...

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સિદ્ધાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

॥ દુહો ॥

હિવ આચારિજ પદ તણી, પૂજા કરો વિશેષ;
મોહતિમિર દૂરે હરે, સૂજે ભાવ અશેષ ॥૧॥

**॥ આદ્ય કાવ્યં ॥** ઇંદ્રવજાવૃત્તમ્ ॥

સૂરીણદૂરીકયકુગ્ગહાણં, નમો નમો સૂરસમપ્પભાણં;
સદ્દેસણાદાણ-સમાયરાણં, અખંડ-છત્તીસગુણાયરાણં ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

નમું સૂરિરાજા, સદા તત્ત્વતાજા, જિનેન્દ્રાગમે પ્રૌઢ સામ્રાજ્યભાજા;
ષડવર્ગ વર્ગિત ગુણે શોભમાના, પંચાચારને પાલવે સાવધાના ॥૧॥

જિકે પંચ આચાર પાળે સુભાવે, અનિત્યાદિ સદ્ભાવના નિત્ય ભાવે;
જિનેન્દ્રાગમે જ્ઞાનદાને સુરત્તા, બહુભવ્યમેં જે રહે અપ્રમત્તા ॥૨॥

છત્તીસેગુણે દીપ્પમાના ગણેશા, સદા શાસનાધારભૂતા સુલેશા;
બહુ ભવ્યલોકા સુમાર્ગે નયંતા, હુજો સૂરિમુખ્યા સદા તેજવંતા ॥૩॥

ભવિ પ્રાણીને દેશના દેશ કાલે, સદા અપ્રમત્તા યથાસૂત્ર આલે;
જિકે શાસનાધાર દિગ્દંતિકલ્પા, જગે તે ચિરંજીવજો શુદ્ધ જલ્પા ॥૪॥

**॥ ઢાળ ॥** ઉલાળાની દેશી ॥

આચારિજ મુનિપતિ ગણિ, ગુણ છત્રીશી ધામોજી;
ચિદાનંદ રસ સ્વાદતા, પરભાવે નિઃકામોજી ॥૧॥

**॥ ઉલાળો ॥** ત્રોટક ॥

નિઃકામ નિર્મળ શુદ્ધ ચિદ્ઘન, સાધ્ય નિજ નિરધારથી;
નિજ જ્ઞાન દર્શન ચરણ વીરજ, સાધના વ્યાપારથી;
ભવિજીવ-બોધક તત્ત્વશોધક, સયલ ગુણ સંપત્તિધરા,
સંવર સમાધિ ગતઉપાધિ, દુવિધ તપગુણ આગરા ॥૨॥

**॥ પૂજા ઢાળ ॥**
॥ શ્રીપાલના રાસની દેશી ॥

પંચ આચાર જે સુધા પાળે, મારગ ભાખે સાચો;
તે આચારિજ નમીએ તેહશું, પ્રેમ કરીને જાચો રે.
**ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો** ॥૧॥

વર છત્રીશ ગુણે કરી સોહે, યુગપ્રધાન જન મોહે,
જગ બોહે ન રહે ખિણ કોહે, સૂરિ નમું તે જોહે રે. ભવિકા૦ ॥૨॥

નિત અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહિ વિકથા ન કષાય;
જેહને તે આચારિજ નમીએ, અકલુષ અમલ અમાય રે. ભવિકા૦ ॥૩॥

જે દીયે સારણ વારણ ચોયણ, પડિચોયણ વળી જનને;
પટધારી ગચ્છથંભ આચારિજ, તે માન્યા મુનિ મનને રે. ભવિકા૦ ॥૪॥

અત્થમિયે જિન સૂરજ કેવળ-ચંદે જે જગદીવો;
ભુવન-પદારથ-પ્રગટન-પટુ તે, આચારજ ચિરંજીવો રે. ભવિકા૦ ॥૫॥

॥ ઢાળ ॥

**ધ્યાતા આચારિજ ભલા, મહામંત્ર શુભધ્યાની રે;**
**પંચ પ્રસ્થાને આતમા, આચારિજ હોય પ્રાણી રે. વીર૦**

**॥ શ્રી આચાર્યપદ અંત્ય કાવ્યં ॥**

ન તં સુહં દેઈ પિયા ન માયા, જં દિંતિ જીવાણિહ સૂરિપાયા;
તમ્હા હુ તે ચેવ સયા મહેહ, જં મુક્ખસુક્ખાઈં લહું લહેહ ॥

● વિમલકેવલભાસનભાસ્કરં... ● સ્નાત્ર કરતાં જગદ્ગુરુ શરીરે...

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સૂરયે જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

**॥ દુહો ॥**

ગુણ અનેક જગ જેહના, સુંદર શોભિત ગાત્ર;
ઉવજ્ઝાયા પદ અરચિયે, અનુભવરસનો પાત્ર ॥૧॥

**॥ આદ્ય કાવ્યં ॥** ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

સુત્તત્થવિત્થારણ-તપ્પરાણં, નમો નમો વાયગ-કુંજરાણં;
ગણસ્સ સંધારણ-સાયરાણં, સવ્વપ્પણા વજ્જિયમચ્છરાણં ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

મહાસૂત્ર સિદ્ધાંત શુદ્ધે કરીને, પઢાવે સુશિષ્યા અનુગ્રહ ધરીને;
કરે પૂજના લોક મધ્યે ત્વદીયા, સ્ફુરંતીદશી જાસ શક્તિ સ્વકીયા ॥૧॥

ગણસાર શુદ્ધે સુહર્ષે કરંતા, મુનિવર્ગ મધ્યે પ્રમાદો હરંતા;
પચીશેગુણે યુક્તદેહા સુધુર્યા, સદા વંદીએ તે ઉપાધ્યાય પૂર્યા ॥૨॥

નહીં સૂરિ પણ સૂરિગણને સહાયા, નમું વાચકા ત્યક્ત મદમોહમાયા;
વળી દ્વાદશાંગાદિ સૂત્રાર્થ દાને, જિકે સાવધાના નિરૂદ્ધાભિમાને ॥૩॥

ધરે પંચને વર્ગ વર્ગિત ગુણૌઘા, પ્રવાદિ દ્વીપોચ્છેદને તુલ્યસિંઘા;
ગુણી ગચ્છસંધારણે સ્તંભભૂતા, ઉપાધ્યાય તે વંદિયે ચિત્પ્રભુતા ॥૪॥

॥ **ઢાળ** ॥ ઉલાળાની દેશી ॥

ખંતિજુઆ મુત્તિજુઆ, અજ્જવ મદ્દવ જુત્તાજી;
સચ્ચં સોયં અકિંચણા તવ સંજમ ગુણ રત્તાજી ॥૧॥

॥ **ઉલાળો** ॥ ત્રોટક ॥

જે રમ્યા બ્રહ્મ સુગુત્તિગુત્તા, સમિતિસમિતા શ્રુતધરા,
સ્યાદ્વાદવાદે તત્ત્વવાદક, આત્મપર-વિભંજનકરા;
ભવભીરુ સાધન ધીર શાસન-વહન ધોરી મુનિવરા,
સિદ્ધાંત વાયણ દાન સમરથ, નમો પાઠક પદધરા ॥૨॥

॥ **પૂજા ઢાળ** ॥
॥ શ્રીપાલના રાસની દેશી ॥

દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે, પારગ ધારગ તાસ;
સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, નમો ઉવજ્ઝાય ઉલ્લાસ રે.
**ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો** ॥૧॥

અર્થ સૂત્રને દાન વિભાગે, આચારિજ ઉવજ્ઝાય;
ભવ ત્રીજે જે લહે શિવસંપદ, નમીએ તે સુપસાય રે. ભવિકા૦ ॥૨॥

મૂરખ શિષ્ય નિપાઈ જે પ્રભુ, પહાણને પલ્લવ આણે;
તે ઉવજ્ઝાય સકલ જન પૂજિત, સૂત્ર અર્થ સવિ જાણે રે. ભવિકા૦ ॥૩॥

રાજકુમર સરિખા ગણચિંતક, આચારિજ પદ યોગ;
જે ઉવજ્ઝાય સદા તે નમતાં, નાવે ભવભય શોગ રે. ભવિકા૦ ॥૪॥

બાવનાચંદન રસ સમ વયણે, અહિત તાપ સવિ ટાળે;
તે ઉવજ્ઝાય નમીજે જે વળી, જિનશાસન અજુવાળે રે. ભવિકા૦ ॥૫॥

॥ ઢાળ ॥

**તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે;**
**ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે. વીર૦**

॥ શ્રી ઉપાધ્યાયપદ અંત્ય કાવ્યં ॥

સુત્તત્થસંવેગમયસ્સુએણં, સંનીરખીરામય-વિસ્સુએણં;
પીણંતિ જે તે ઉવઝાયરાએ, ઝાએહ નિચ્ચંપિ કયપ્પસાએ ॥

● વિમલકેવલભાસનભાસ્કરં... ● સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે...

॥ મંત્ર ॥

ॐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે ઉપાધ્યાયાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ પંચમ શ્રી મુનિપદ પૂજા ॥

॥ દુહો ॥

મોક્ષ મારગ સાધન ભણી, સાવધાન થયા જેહ;
તે મુનિવર પદ વંદતા, નિર્મળ થાયે દેહ ॥૧॥

॥ આદ્ય કાવ્યં ॥ ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

સાહૂણ સંસાહિઅ-સંજમાણં, નમો નમો સુદ્ધદયાદમાણં;
તિગુત્તિગુત્તાણ સમાહિયાણં, મુણીણમાણંદપયટ્ઠિયાણં ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

જિકે દર્શન જ્ઞાન ચારિત્ર રત્ને, કરી મોક્ષ સાધે પ્રધાન પ્રયત્ને;
સુમત્તિ-ગુપત્તિ ધરે સાવધાના, શુભાચાર પાળે હરે મોહ-માના ॥૧॥

વિવર્જે વિકથા પ્રમાદાદિદોષા, જિતેન્દ્રિયપણે જે મહાજ્ઞાન કોશા;
શુભધ્યાન ધ્યાવે ગણૌઘે સમિદ્ધા, નમો તે સદા સર્વ સાધુ પ્રસિદ્ધા ।।૨।।

કરે સેવના સૂરિ વાયગ ગણિની, કરું વર્ણના તેહની શી મુણિની;
સમેતા સદા પંચ સમિતિ ત્રિગુપ્તા, ત્રિગુપ્તે નહીં કામભોગેષુ લિપ્તા ।।૩।।

વળી બાહ્ય અભ્યંતર ગ્રંથિ ટાળી, હોયે મુક્તિને યોગ્ય ચારિત્ર પાળી;
શુભાષ્ટાંગ યોગે રમે ચિત્ત વાળી, નમું સાધુને તેહ નિજ પાપ ટાળી ।।૪।।

**।। ઢાળ ।।** ઉલાળાની દેશી ।।

સકલ વિષય વિષ વારીને, નિઃકામી નિઃસંગીજી;
ભવ દવ તાપ શમાવતા, આતમ સાધન રંગીજી ।।૧।।

**।। ઉલાળો ।।** ત્રોટક ।।

જે રમ્યા શુદ્ધ સ્વરૂપ રમણે, દેહ નિર્મમ નિર્મદા,
કાઉસ્સગ્ગ મુદ્રા ધીર આસન, ધ્યાન અભ્યાસી સદા;
તપ તેજ દીપે કર્મ ઝીપે, નૈવ છીપે પર ભણી,
મુનિરાજ કરુણાસિંધુ ત્રિભુવન બંધુ પ્રણમું હિત ભણી ।।૨।।

**।। પૂજા ઢાળ ।।**
।। શ્રીપાલના રાસની દેશી ।।

જિમ તરુફૂલે ભમરો બેસે, પીડા તસ ન ઉપાવે;
લેઈ રસ આતમ સંતોષે, તેમ મુનિ ગોચરી જાવે રે.
**ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો ।।૧।।**

પંચ ઈંદ્રિય ને કષાય નિરુંધે, ષટ્કાયક પ્રતિપાલ;
સંયમ સત્તર પ્રકારે આરાધે, વંદું તેહ દયાલ રે. ભવિકા૦ ।।૨।।

અઢાર સહસ્સ શીલાંગના ધોરી, અચળ આચાર ચરિત્ર;
મુનિ મહંત જયણાયુત વંદી, કીજે જન્મ પવિત્ર રે. ભવિકા૦ ।।૩।।

નવવિધ બ્રહ્મગુપ્તિ જે પાળે, બારસવિહ તપ શૂરા;
એહવા મુનિ નમીએ જો પ્રગટે, પૂરવ પુણ્ય અંકુરા રે. ભવિકા૦ ।।૪।।

સોનાની પરે પરીક્ષા દીસે, દિન દિન ચઢતે વાને;
સંજમ ખપ કરતા મુનિ નમીએ, દેશ કાળ અનુમાને રે. ભવિકા૦ ॥૫॥

॥ ઢાળ ॥

**અપ્રમત્ત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે;**
**સાધુ સુધા તે આતમા, શું મૂંડે શું લોચે રે. વીર૰**

॥ શ્રી મુનિપદ અંત્ય કાવ્યં ॥

ખંતે ય દંતે ય સુગુત્તિગુત્તે, મુત્તે પસંતે ગુણજોગજુત્તે;
ગયપ્પમાએ હયમોહમાએ, ઝાએહ નિચ્ચં મુણિરાયપાએ ॥

• વિમલકેવલભાસનભાસ્કરં... • સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે...

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સાધવે જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્‌દર્શનપદ પૂજા ॥

॥ દુહો ॥

જિનવર ભાષિત શુદ્ધનય, તત્ત્વતણી પરતીત;
તે સમ્યક્ દરસન સદા, આદરીએ શુભરીત ॥૧॥

॥ આદ્ય કાવ્યં ॥ ઇંદ્રવજાવૃત્તમ્ ॥

જિણુત્તતત્તે રુઈલક્ખણસ્સ, નમો નમો નિમ્મલદંસણસ્સ;
મિચ્છત્તનાસાઈ-સમુગ્ગમસ્સ, મૂલસ્સ સદ્ધમ્મમહાદુમસ્સ ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

અનંતાનુબંધી ક્ષયાદિપ્રકારે, મહામોહ મિથ્યાત્વને જેહ વારે;
ઇગદ્વયાદિ ભેદે કરી વર્ણવીજે, સડસઠિ ભેદે વળી જે થુણીજે ॥૧॥

જિનેન્દ્રોક્તતત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપો, ગુણા સર્વ મધ્યે પ્રવર્ત્તે અનૂપો;
વિના જેણ નાણં ચરિત્રં ન શુદ્ધં, સુહં દંસણં તં નમામો વિશુદ્ધં ॥૨॥

વિપર્યાસ હો વાસનારૂપ મિથ્યા, ટળે જે અનાદિ અછે જે કુપથ્યા;
જિનોક્તે હોયે સહજથી શ્રદ્ધાનં, કહીએ દર્શનં તેહ પરમં નિધાનં ॥૩॥

વિના જેહથી જ્ઞાનમજ્ઞાનરૂપં, ચરિત્રં વિચિત્રં ભવારણ્યકૂપં;
પ્રકૃતિ સાતને ઉપશમે ક્ષય તે હોવે, તિહાં આપ રૂપે સદા આપ જોવે ॥૪॥

**॥ ઢાળ ॥** ઉલાળાની દેશી ॥

સમ્યગ્દર્શન ગુણ નમો, તત્ત્વ પ્રતીત સ્વરૂપોજી;
જસુ નિરધાર સ્વભાવ છે, ચેતન ગુણ જે અરૂપોજી ॥૧॥

**॥ ઉલાળો ॥** ત્રોટક ॥

જે અનુપ શ્રદ્ધા ધર્મ પ્રગટે, સયલ પર ઈહા ટળે,
નિજ શુદ્ધ સત્તા પ્રગટ અનુભવ-કરણ રુચિતા ઉચ્છળે;
બહુમાન પરિણતિ વસ્તુતત્ત્વે, અહવ તસુ કારણપણે,
નિજ સાધ્ય દૃષ્ટે સર્વ કરણી, તત્ત્વતા સંપત્તિ ગણે ॥૨॥

**॥ પૂજા ઢાળ ॥**

॥ શ્રીપાલના રાસની દેશી ॥

શુદ્ધ દેવ ગુરુ ધર્મ પરીક્ષા, સદ્દહણા પરિણામ;
જેહ પામીજે તેહ નમીજે, સમ્યગ્દર્શન નામ રે.
**ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો** ॥૧॥

મલ ઉપશમ ક્ષય-ઉપશમ ક્ષયથી, જે હોય ત્રિવિધ અભંગ;
સમ્યગ્ દર્શન તેહ નમીજે, નિજ ધર્મે દૃઢ રંગ રે. ભવિકા૦ ॥૨॥

પંચ વાર ઉપશમિય લહીજે, ક્ષય-ઉપશમિય અસંખ;
એક વાર ક્ષાયિક તે સમકિત; દર્શન નમીએ અસંખ રે. ભવિકા૦ ॥૩॥

જે વિણ નાણ પ્રમાણ ન હોવે, ચારિત્રતરુ નવિ ફળીઓ;
સુખ નિર્વાણ ન જે વિણ લહીએ, સમકિત દર્શન બળીઓ રે. ભવિકા૦ ॥૪॥

સડસઠ બોલે જે અલંકરીયું, જ્ઞાન ચારિત્રનું મૂલ;
સમકિત દર્શન તે નિત પ્રણમું, શિવપંથનું અનુકૂલ રે. ભવિકા૦ ॥૫॥

॥ ઢાળ ॥

**શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે;**
**દર્શન તેહિ જ આતમા, શું હોય નામ ધરાવે રે. વીર૦**

**॥ શ્રી સમ્યગ્દર્શન પદ અંત્ય કાવ્યં ॥**

જં દવ્વછક્કાઈ-સુસદ્દહાણં, તં દંસણં સવ્વગુણ-પ્પહાણં;
કુગ્ગાહવાહી ઉ વયંતિ જેણ, જહા વિસુદ્ધેણ રસાયણેણ ॥

● વિમલકેવલભાસનભાસ્કરં... ● સ્નાત્ર કરતાં જગદ્ગુરુ શરીરે...

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે સમ્યગ્દર્શનાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ સપ્તમ શ્રી સમ્યગ્જ્ઞાનપદ પૂજા ॥

॥ દુહો ॥

સપ્તમપદ શ્રી જ્ઞાનનો, સિદ્ધચક્ર તપમાંહે;
આરાધી જે શુભમને, દિન દિન અધિક ઉત્સાહે ॥૧॥

**॥ આદ્ય કાવ્યં ॥** ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

અન્નાણસંમોહતમોહરસ્સ નમો નમો નાણદિવાયરસ્સ;
પંચપ્પયારસ્સુવગારગસ્સ, સત્તાણ સવ્વત્થપયાસગસ્સ ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

હુવે જેહથી સર્વ અજ્ઞાન રોધો; જિનાધીશ્વર પ્રોક્ત અર્થાવબોધો;
મતિ આદિ પંચ પ્રકાર પ્રસિદ્ધો; જગદ્ભાસને સર્વ દેવાવિરુદ્ધો ॥૧॥

યદીય પ્રભાવે સુભક્ષં-અભક્ષં, સુપેયં-અપેયં સુકૃત્યં-અકૃત્યં;
જિણે જાણીએ લોક મધ્યે સુનાણં, સદા તે વિશુદ્ધં તદેવ પ્રમાણં ॥૨॥

હોયે જેહથી જ્ઞાન શુદ્ધ પ્રબોધે, યથાવર્ણ નાસે વિચિત્રાવબોધે;
તેણે જાણીએ વસ્તુ ષડ્દ્રવ્યભાવા, ન હુવે વિતત્થા નિજેચ્છા સ્વભાવા ॥૩॥

હોયે પંચ મત્યાદિ સુજ્ઞાન ભેદે, ગુરૂપાસ્તિથી યોગ્યતા તેહ વેદે;
વળી જ્ઞેય હેય ઉપાદેય રૂપે, લહે ચિત્તમાં જેમ ધ્વાંત પ્રદીપે ॥૪॥

**॥ ઢાળ ॥** ઉલાળાની દેશી ॥

ભવ્ય ! નમો ગુણ જ્ઞાનને, સ્વપર પ્રકાશક ભાવેજી;
પરજાય ધર્મ અનંતતા, ભેદાભેદ સ્વભાવેજી ॥૧॥

**॥ ઉલાળો ॥** ત્રોટક ॥

જે મુખ્ય પરિણતિ સકલ જ્ઞાયક, બોધ ભાવ વિલચ્છના,
મતિ આદિ પંચ પ્રકાર નિર્મલ, સિદ્ધિ સાધન લચ્છના;
સ્યાદ્વાદ સંગી તત્ત્વરંગી, પ્રથમ ભેદાભેદતા,
સવિકલ્પ ને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા ॥૨॥

**॥ પૂજા ઢાળ ॥**

॥ શ્રીપાલના રાસની દેશી ॥

ભક્ષ-અભક્ષ ન જે વિણ લહીએ, પેય-અપેય-વિચાર,
કૃત્ય અકૃત્ય ન જે વિણ લહીએ, જ્ઞાન તે સકલ આધાર રે.
**ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો** ॥૧॥

પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું;
જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો, જ્ઞાનીએ શિવસુખ ચાખ્યું રે. ભવિકા૦ ॥૨॥

સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહીએ;
તેહ જ્ઞાન નિત નિત વંદીજે, તે વિણ કહો કેમ રહીએ રે. ભવિકા૦ ॥૩॥

પંચ જ્ઞાનમાંહી જેહ સદાગમ, સ્વપર પ્રકાશક જેહ;
દીપક પરે ત્રિભુવન ઉપકારી, વળી જેમ રવિ શશી મેહ રે. ભવિકા૦ ॥૪॥

લોક ઊર્ધ્વ અધો તિર્યગ્ જ્યોતિષ, વૈમાનિક ને સિદ્ધ;
લોકાલોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાન મુજ શુદ્ધ રે. ભવિકા૦ ।।૫।।

**।। ઢાળ ।।**

**જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે;**
**તો હુએ એહિ જ આતમા, જ્ઞાન અબોધતા જાય રે. વીર૦**

**।। શ્રી સમ્યગ્જ્ઞાન પદ અંત્ય કાવ્યં ।।**

નાણં પહાણં નયચક્કસિદ્ધં, તત્તાવબોહિક્કમયં પસિદ્ધં;
ધરેહ ચિત્તાવસહે ફુરંતં, માણિક્કદીવ્વુવ્વ તમો હરંતં ।।

• વિમલકેવલભાસનભાસ્કરં... • સ્નાત્ર કરતાં જગદ્ગુરુ શરીરે...

**।। મંત્ર ।।**

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સમ્યગ્જ્ઞાનાય જલાદિકં યજામહે સ્વાહા ।।

## ।। અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ।।

**।। દુહો ।।**

અષ્ટમ પદ ચારિત્રને, પૂજો ધરી ઉમેદ;
પૂજત અનુભવ રસ મિલે, પાતક હોય ઉચ્છેદ ।।૧।।

**।। આદ્ય કાવ્યં ।।** ઈંદ્રવજ્રાવૃત્તમ્ ।।

આરાહિઆઽખંડિઅસક્કિયસ્સ, નમો નમો સંજમવીરિયસ્સ;
સબ્ભાવણા(સજ્જાવણા)-સંગવિવડ્ઢિઅસ્સ, નિવ્વાણદાણાઈ-સમુજ્જયસ્સ ।।

।। ભુજંગપ્રયાતવૃત્તમ્ ।।

ફલે જેહ સંપૂર્ણથી તત્તકાલં ગુણાણંપિ સર્વાત્મભાવે વિશાલં;
જિણે આદર્યો જે પ્રયત્ને કરીને, દીયો લોકને જે અનુગ્રહ ધરીને ।।૧।।

હુવે જેહથી રંક લોકોપિ પૂજ્યો, ગુણશ્રેણિથી દીપતો જેમ સૂર્જો;
સ્વકીયે સુભેદે કરી જે વિચિત્રં, જયો તે સદા લોકમધ્યે ચરિત્રં ॥૨॥

વળી જ્ઞાન ફળ ચરણ ધરીએ સુરંગે, નિરાશંસતા દ્વારરોધ પ્રસંગે;
ભવાંભોધિ સંતારણે યાનતુલ્યં, ધરું તેહ ચારિત્ર અપ્રાપ્ત મૂલ્યં ॥૩॥

હોયે જાસ મહિમા થકી રંક રાજા, વળી દ્વાદશાંગી ભણી હોય તાજા;
વળી પાપરૂપોપિ નિઃપાપ થાય, થઈ સિદ્ધ તે કર્મને પાર જાય ॥૪॥

॥ **ઢાળ** ॥ ઉલાળાની દેશી ॥

ચારિત્ર ગુણ વળી વળી નમો, તત્ત્વરમણ જસુ મૂલોજી;
પરરમણીયપણું ટળે, સકલ સિદ્ધ અનુકૂલોજી ॥૧॥

॥ **ઉલાળો** ॥ ત્રોટક ॥

પ્રતિકૂળ આસ્રવ ત્યાગ સંયમ, તત્ત્વથિરતા દમમઈ,
શુચિ પરમ ખંતિ મુત્તિ દશપદ, પંચ સંવર ઉપચઈ;
સામાયિકાદિક ભેદ ધર્મે, યથાખ્યાતે પૂર્ણતા;
અકષાય અકલુષ અમલ ઉજ્જવલ, કામકશ્મલ-ચૂર્ણતા ॥૨॥

॥ **પૂજા ઢાળ** ॥
॥ શ્રીપાલના રાસની દેશી ॥

દેશવિરતિ ને સર્વવિરતિ જે, ગૃહી યતિને અભિરામ;
તે ચારિત્ર જગત જયવંતું, કીજે તાસ પ્રણામ રે.
**ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો** ॥૧॥

તૃણપરે જે ષટ્ખંડ સુખ છંડી, ચક્રવર્તી પણ વરિયો;
તે ચારિત્ર અક્ષયસુખ કારણ, તે મેં મનમાંહે ધરિયો રે. ભવિકા૦ ॥૨॥

હુઆ રાંક પણ જેહ આદરી, પૂજિત ઈંદ્ર નરિંદે;
અશરણ-શરણ ચરણ તે વંદું, પૂર્યું જ્ઞાન આનંદે રે. ભવિકા૦ ॥૩॥

બાર માસ પર્યાયે જેહને, અનુત્તર સુખ અતિક્રમીએ;
શુક્લ શુક્લ અભિજાત્ય તે ઉપરે, તે ચારિત્ર નમીએ રે. ભવિકા૦ ॥૪॥

ચય તે આઠ કરમનો સંચય, રિક્ત કરે જે તેહ;
ચારિત્ર નામ નિરૂત્તે ભાખ્યું, તે વંદું ગુણગેહ રે. ભવિકા૦ ॥૫॥

**॥ ઢાળ ॥**

**જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે;**
**લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે. વીર૦**

**॥ શ્રી ચારિત્રપદ અંત્ય કાવ્યં ॥**

સુસંવરં મોહનિરોહસારં, પંચપ્પયારં વિગયાઈયારં;
મૂલોત્તરાણેગગુણં પવિત્તં, પાલેહ નિચ્ચંપિ હુ સચ્ચરિત્તં ॥

• વિમલકેવલભાસનભાસ્કરં... • સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે...

**॥ મંત્ર ॥**

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે ચારિત્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

**॥ દુહો ॥**

કર્મકાષ્ઠ પ્રતિ જાલવા, પરતિખ અગનિ સમાન;
તપપદ પૂજો ભવિ સદા, નિર્મલ ધરીએ ધ્યાન ॥૧॥

**॥ આદ્ય કાવ્યં ॥** ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

કમ્મદ્દુમુમ્મૂલણકુંજરસ્સ, નમો નમો તિવ્વતવોભરસ્સ;
અણેગલદ્ધીણ નિબંધણસ્સ, સજ્ઝાયઠાણસ્સ પસાહણસ્સ ॥

॥ માલિનીવૃત્તમ્ ॥

ઈઅ નવપયસિદ્ધં, લદ્ધિવિજ્જાસમિદ્ધં,
પયડિય-સરવગ્ગં, હ્રીઁતિરેહાસમગ્ગં;
દિસિવઈ-સુરસારં, ખોણિપીઢાવયારં,
તિજયવિજયચક્કં સિદ્ધચક્કં નમામિ ॥૧॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

વિધે જે કર્યો આતમા ઉજવાળે, ઘણા કાળનો કર્મરાશિ પ્રજાળે;
અનેકા સુલદ્ધિ લહે યત્પ્રભાવે, ક્ષમાયુક્ત એ સાધુ મહાનંદ પાવે ॥૧॥

વળી બાહ્ય અબ્ભિંતરે ભેદ ભિન્નં, જિનેન્દ્રાગમે વર્ણવ્યું જે અછિન્નં;
અનાશંસભાવે તિલોકે સુનંદ્યં, નમું તે પ્રમોદે તપઃપદમનિદ્યં ॥૨॥

ઈતિ જિનવરવન્દ્યં ભક્તિતો યે સ્તુવન્તિ, પરમપદનિધાનં માનસે સંસ્મરન્તિ;
પરભવ ઈહ વા શ્રીપાલવન્માનવાનાં, પ્રભવતિ કિલ તેષાં ચારુકલ્યાણલક્ષ્મીઃ ॥૩॥

ત્રિકાલિકપણે કર્મ કષાય ટાળે, નિકાચિતપણે બાંધિયાં તેહ બાળે;
કહ્યું તેહ તપ બાહ્ય અંતર દુભેદે, ક્ષમાયુક્ત નિર્હેતુ દુર્ધ્યાન છેદે ॥૪॥

હોયે જાસ મહિમા થકી લબ્ધિ સિદ્ધિ, અવાંછકપણે કર્મ આવરણ શુદ્ધિ;
તપો તેહ તપ જે મહાનંદ હેતે, હોયે સિદ્ધિ સીમંતિની જિમ સંકેતે ॥૫॥

ઈસ્યા નવપદ ધ્યાનને જેહ ધ્યાવે, સદાનંદ ચિદ્રૂપતા તેહ પાવે;
વળી **જ્ઞાનવિમલાદિ** ગુણરત્નધામા, નમું તે સદા સિદ્ધચક્ર પ્રધાના ॥૬॥

॥ માલિનીવૃત્તમ્ ॥

ઈમ નવપદ ધ્યાવે, પર્મ આનંદ પાવે,
નવ ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે;
જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે,
સવિ દુરિત સમાવે, વિશ્વ જયકાર પાવે ॥૧॥

**॥ ઢાળ ॥** ઉલાળાની દેશી ॥

ઈચ્છારોધન તપ નમો, બાહ્ય અભ્યંતર ભેદેજી;
આતમસત્તા એકતા, પર પરિણતિ ઉચ્છેદેજી ॥૧॥

**॥ ઉલાળો ॥** ત્રોટક ॥

ઉચ્છેદ કર્મ અનાદિ સંતતિ, જેહ સિદ્ધપણું વરે,
યોગસંગ નિદ્રાહાર ટાળી, ભાવ અક્રિયતા કરે;

અંતરમુહૂરત તત્ત્વ સાધે, સર્વ સંવરતા કરી,
નિજ આત્મસત્તા પ્રગટ ભાવે, કરો તપ ગુણ આદરી ॥૨॥

**॥ ઢાળ ॥** ઉલાળાની દેશી ॥

ઈમ નવપદ ગુણ મંડલં, ચઉનિક્ષેપ પ્રમાણેજી;
સાત નયે જે આદરે, સમ્યગ્જ્ઞાને જાણેજી ॥૩॥

**॥ ઉલાળો ॥** ત્રોટક ॥

નિર્ધાર સેતી ગુણી ગુણનો, કરે જે બહુમાન એ,
તસુ કરણ ઈહા તત્ત્વ રમણે, થાય નિર્મળ ધ્યાન એ;
ઈમ શુદ્ધ સત્તા ભળ્યો ચેતન, સકળ સિદ્ધિ અનુસરે,
અક્ષય અનંત મહંત ચિદ્ઘન, પરમ આનંદતા વરે ॥૪॥

**॥ કળશ ॥**

ઈય સયલ સુખકર ગુણ પુરંદર, સિદ્ધચક્ર પદાવલી,
સવિ લદ્ધિ વિજ્જા સિદ્ધિમંદર, ભવિક પૂજો મનરૂલી;
ઉવજ્ઝાયવર શ્રી રાજસાગર, જ્ઞાનધર્મ સુરાજતા,
ગુરુ દીપચંદ સુચરણ સેવક **દેવચન્દ્ર** સુશોભતા ॥

**॥ પૂજા ઢાળ ॥**
॥ શ્રીપાલના રાસની દેશી ॥

જાણંતા ત્રિહું જ્ઞાને સંયુત, તે ભવ મુક્તિ જિણંદ;
જેહ આદરે કર્મ ખપેવા, તે તપ શિવતરુ કંદ રે.
**ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો** ॥૧॥

કર્મ નિકાચિત પણ ક્ષય જાયે, ક્ષમા સહિત જે કરંતાં;
તે તપ નમીએ જેહ દીપાવે, જિનશાસન ઉજમંતાં રે. ભવિકા૦ ॥૨॥

આમોસહિ પમુહા બહુ લદ્ધિ, હોવે જાસ પ્રભાવે;
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ પ્રગટે, નમીએ તે તપ ભાવે રે. ભવિકા૦ ॥૩॥

ફળ શિવસુખ મહોટું સુર નરવર, સંપત્તિ જેહનું ફૂલ;
તે તપ સુરતરુ સરિખો વંદું, શમ મકરંદ અમૂલ રે. ભવિકા૦ ॥૪॥

સર્વ મંગળમાં પહેલું મંગળ, વરણવીયું જે ગ્રંથે;
તે તપપદ ત્રિહું કાળ નમીજે, વર સહાય શિવપંથે રે. ભવિકા૦ ॥૫॥

ઈમ નવપદ થુણતો તિહાં લીનો, હુઓ તન્મય શ્રીપાળ;
**સુજસ** વિલાસ ચોથે ખંડે, એહ અગ્યારમી ઢાળ રે. ભવિકા૦ ॥૬॥

॥ ઢાળ ॥

**ઈચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;**
**તપ જે એહિ જ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે. વીર૦**

આગમ નોઆગમ તણો, ભાવ તે જાણો સાચો રે;
આતમભાવે થિર હોજો, પરભાવે મત રાચો રે. વીર૦

અષ્ટ સકલ સમૃદ્ધિની ઘટમાંહે ઋદ્ધિ દાખી રે;
તિમ નવપદ ઋદ્ધિ જાણજો, આતમરામ છે સાખી રે. વીર૦

યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે;
એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે. વીર૦

ઢાળ બારમી એહવી, ચોથે ખંડે પૂરી રે;
વાણી **વાચક જસ** તણી, કોઈ નયે ન અધૂરી રે. વીર૦

॥ શ્રી તપપદ અંત્ય કાવ્યં ॥

બજ્ઝં તહાબ્ભિંતરભેયમેઅં, કયાઈદુબ્ભેઅ-કુકમ્મભેઅં;
દુક્ખક્ખયત્થં કયપાવનાસં, તવં તવેહાગમિ[1]અં નિરાસં ॥

● વિમલકેવલભાસનભાસ્કરં... ● સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે...

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સમ્યક્‌તપસે જલાદિકં યજામહે સ્વાહા ॥

---

૧. આશંસા વિના આગમિક-આગમ કથિત આ તપને તપો.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા. કૃત

## નવપદજીની આરતિ

**જય જય જગજન વંછિતપૂરણ,** સુરતરુ અભિરામી ॥સુર.॥
આતમરૂપ વિમલકર તારક અનુભવ પરિણામી. જય. ॥૧॥

જય જય જગસારા, ભવિજન આધારા ॥ભવિ.॥
આરતિ પાર ઉતારા, સિદ્ધચક્ર સુખકારા. જય. ॥૨॥

જગનાયક જગગુરુ જિણચંદા, ભજ શ્રી ભગવંતા ॥ભજ.॥
આતમરામ રમા સુખ ભોગી, સિદ્ધા જગવંતા. જય. ॥૩॥

પંચાચાર દીએ આચારજ, યુગવર ગુણધારી ॥યુગ.॥
ધારક વાચક સૂત્ર અરથના, પાઠક ભવતારી. જય. ॥૪॥


શમદમ રૂપ સકલ ગુણધારક, મોટા મુનિરાયા ॥મોટા.॥
દરિસણ નાણ સદા જયકારક, સંજમ તપ ભાયા. જય. ॥૫॥

નવપદ સાર પરમગુરુ ભાખે, સિદ્ધચક્ર સુખકારી ॥સિદ્ધ.॥
ઈહ ભવ પરભવ રિદ્ધિ સિદ્ધિદાયક, ભવસાયર વારી. જય. ॥૬॥

કર જોડી સેવક **જસ** ગાવે, મનવંછિત પાવે ॥મન.॥
શ્રી જિનચંદ ચરણ પરિપૂજક, શિવકમલા પાવે. જય. ॥૭॥

**॥ ઇતિ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત**
**શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

● ● ●



3

આચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિજી મહારાજ વિરચિત

# શ્રી નવપદ પૂજા (લઘુ)

## ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

॥ દુહો ॥

પરમ મંત્ર પ્રણમી કરી, તાસ ધરી ઉર ધ્યાન;
અરિહંતપદ પૂજા કરો, નિજ નિજ શક્તિ પ્રમાણ ॥૧॥

॥ છંદ ॥

ઉપ્પન્નસન્નાણ-મહોમયાણં સપ્પાડિહેરાસણ-સંઠિઆણં;
સદેસણાણંદિયસજ્જણાણં નમો નમો હોઉ સયા જિણાણં ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

નમોઽનંતસંત પ્રમોદ પ્રદાન-પ્રધાનાય ભવ્યાત્મને ભાસ્વતાય;
થયા જેહનાં ધ્યાનથી સૌખ્યભાજા, સદા સિદ્ધચક્રાય શ્રીપાલરાજા ॥૧॥

કર્યા કર્મ દુર્મર્મ ચકચૂર જેણે, ભલાં ભવ્ય નવપદ ધ્યાનેન તેણે;
કરી પૂજના ભવ્ય ભાવે ત્રિકાળે, સદા વાસિયો આતમા તેણે કાલે ॥૨॥

જિકે તીર્થંકર કર્મ ઉદયે કરીને, દિયે દેશના ભવ્યને હિત ધરીને;
સદા આઠ મહાપાડિહારે સમેતા, સુરેશે નરેશે સ્તવ્યા બ્રહ્મપુત્તા ॥૩॥

કર્યા ઘાતિયાં કર્મ ચારે અલગ્ગા, ભવોપગ્રાહી ચાર છે જે વિલગ્ગા;
જગત્ પંચકલ્યાણકે સૌખ્ય પામે, નમો તેહ તીર્થંકરા મોક્ષ કામે ॥૪॥

॥ ઢાળ ॥

ત્રીજે ભવ વિધિસેં કરી, વીશ સ્થાનક તપ કરીને રે;
ગોત્ર તીર્થકર બાંધિયું, સમકિત શુદ્ધ મન ધરીને રે;
**અરિહંત પદ નિત વંદિયે,** કરમ કઠિન જિમ છંડિયે ॥ આંકણી ॥૧॥

જનમ કલ્યાણકને દિને, નારકી સુખિયા થાવે રે;
મતિ શ્રુત અવધિ વિરાજતા, જસુ ઉપમા કોઈ નાવે રે. અરિહંત૦ ॥૨॥

દીક્ષા લીધી શુભ મને, મનઃપર્યવ આદરિયું રે;
તપ કરી કર્મ ખપાઈને, તતખિણ કેવલ વરિયું રે. અરિહંત૦ ॥૩॥

ચઉતીસ અતિશય શોભતા, વાણી ગુણ પેંતીસો રે;
અઠદસ દોષ રહિત થઈ, પૂરે સંઘ જગીસો રે. અરિહંત૦ ॥૪॥

તન મન વયણ લગાઈને, અરિહંતપદ આરાધે રે;
તે નર નિશ્ચયથી સહી, અરિહંત પદવી સાધે રે. અરિહંત૦ ॥૫॥

॥ **શ્લોક** ॥ અનુષ્ટુપ્ ॥

અથાષ્ટદલ-મધ્યાબ્જ-કર્ણિકાયાં જિનેશ્વરાન્;
આવિર્ભૂતોલ્લસદ્બોધા-નાદતઃ સ્થાપયામ્યહમ્ ॥૧॥

નિઃશેષદોષેન્ધન-ધૂમકેતૂ-નપાર સંસારસમુદ્રસેતુન્;
યજે સમસ્તાતિશયૈકહેતુન્ શ્રીમજ્જિનાનમ્બુજ-કર્ણિકાયામ્ ॥૨॥

(સંસારદાવા૦)

॥ **મંત્ર** ॥ ૐ હ્રીં અર્હદ્ભ્યો નમઃ ॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

॥ **દુહો** ॥

દુજી પૂજા સિદ્ધિની, કીજે દિલ ખુશિયાલ;
અશુભ કર્મ દૂરે ટળે, ફલે મનોરથમાલ ॥૧॥

॥ છંદ ॥

સિદ્ધાણમાણંદ-રમાલયાણં, નમો નમોऽણંત-ચઉક્કયાણં ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

કરી આઠ કર્મ ક્ષયે પાર પામ્યા, જરા જન્મ મરણાદિ ભય જેણે વામ્યા;
નિરાવરણ જે આત્મરૂપે પ્રસિદ્ધા, થયા પાર પામી સદા સિદ્ધ બુદ્ધા ॥૧॥

ત્રિભાગોન દેહાવગાહાત્મદેશા, રહ્યા જ્ઞાનમય જાતવર્ણાદિ લેશા;
સદાનંદ સૌખ્યાશ્રિતા જ્યોતિરૂપા, અનાબાધ અપુનર્ભવાદિ સ્વરૂપા ॥૨॥

॥ ઢાળ ॥

સકલ કર્મનો ક્ષય કરી, સિદ્ધ અવસ્થા પાઈ રે,
ગુણ ઈગતીસ વિરાજતા, ઉપમા જસ નહીં કાંઈ રે,
**મન શુદ્ધ સિદ્ધપદ વંદિયે ॥૧॥** એ આંકણી ॥

જન્મ મરણ દુઃખ નિર્ગમ્યા, શુદ્ધાતમ ચિદરૂપી રે;
અનંત ચતુષ્ટય ધારતા, અવ્યાબાધ અરૂપી રે. મન૦ ॥૨॥

જાસ ધ્યાન જોગીસરુ, કરે અજપા જાપે રે;
ભવ ભવ સંચ્યાં જીવડે, કઠિન કરમ તે કાપે રે. મન૦ ॥૩॥

ધ્યાન ધરંતાં સિદ્ધનું, પૂજંતા મન રાગે રે;
અવિચલ પદવી પાઈએ, કહ્યું જિનવર વડભાગે રે. મન૦ ॥૪॥

॥ **શ્લોક** ॥ અનુષ્ટુપ્ ॥

તસ્ય પૂર્વદલે સિદ્ધાન્, સમ્યક્ત્વાદિ-ગુણાત્મકાન્;
નિઃશ્રેયસં પદં પ્રાપ્તાન્, નિદધે ભક્તિનિર્ભરઃ ॥૧॥

॥ ઉપજાતિ ॥

તત્પૂર્વપત્રે પરિતઃ પ્રણષ્ટ-દુષ્ટાષ્ટ-કર્માનધિગમ્ય શુદ્ધિમ્;
પ્રાપ્તાન્નરાન્ સિદ્ધિમનંતબોધાન્, સિદ્ધાન્ યજે શાન્તિકરાન્ નરાણામ્ ॥૨॥

(સંસારદાવા૦)

॥ **મંત્ર** ॥ ૐ હ્રીં સિદ્ધેભ્યો નમઃ ॥

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

**॥ દુહો ॥**

હિવ આચારિજ પદ તણી, પૂજા કરો વિશેષ;
મોહતિમિર દૂરે હરે, સુઝે ભાવ અશેષ ॥૧॥

**॥ છંદ ॥**

સૂરીણદૂરીકય-કુગ્ગહાણં, નમો નમો સૂરિ સમપ્પભાણં ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

નમું સૂરિરાજા સદા તત્ત્વતાજા, જિનેન્દ્રાગમે પ્રૌઢ સામ્રાજ્યભાજા,
ષડવર્ગ વર્ગિત ગુણે શોભમાના, પંચાચારને પાલવે સાવધાના ॥૧॥
ભવિ પ્રાણીને દેશના દેશકાલે, સદા અપ્રમત્તા યથાસૂત્ર આલે,
જિકે શાસનાધાર દિગ્દંતિકલ્પા, જગે તે ચિરંજીવજો શુદ્ધજલ્પા ॥૨॥

**॥ ઢાળ ॥**

ગુણ છત્તીસે દીપતા, પાળે પાંચ આચારો રે;
જિન મારગ સાચો કહે, યુગપ્રધાન જયકારો રે,
**આચારિજ પદ વંદિયે ॥૧॥** એ આંકણી ॥

સારણ વારણ ચોયણા, પડિચોયણ ચઉ શિક્ષા રે;
ભવ્યજીવ સમજાવવા, દેવાને તે દીક્ષા રે. આચારિજ૦ ॥૨॥

જિનવર સૂરજ આથમ્યા, પ્રત્યક્ષ દીપક જેહા રે;
સકલ ભાવ પરગટ કરે, જ્ઞાનમયી જસુ દેહા રે. આચારિજ૦ ॥૩॥

વિધિશું પૂજા સાચવે, ધ્યાવે નિજ હિત જાણી રે;
પાવે લઘુત્તર કાલમાં, આચારિજ પદ પ્રાણી રે. આચારિજ૦ ॥૪॥

**॥ શ્લોક ॥** અનુષ્ટુપ્ ॥

સ્થાપયામિ તતઃ સૂરીન્, દક્ષિણેऽસ્મિન્ દલેऽમલે;
ચરતઃ પંચધાચારં, ષટ્ત્રિંશદ્ સદ્ગુણૈર્યુતાન્ ॥૧॥

॥ ઉપજાતિ ॥

સૂરીન્ સદાચારવિચારસારા-નાચારયન્તઃ સ્વપરાન્ યથેષ્ટમ્;
ઉગ્રોપસર્ગૈક-નિવારણાર્થ-મભ્યર્ચયામ્યક્ષત-ગન્ધ-ધૂપૈઃ ॥૨॥ (સંસારદાવા૦)

**॥ મંત્ર ॥ ૐ હ્રીં સૂરિભ્યો નમઃ ॥**

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

**॥ દુહો ॥**

ગુણ અનેક જગ જેહના, સુંદર શોભિત ગાત્ર;
ઉવજ્ઝાયા પદ અરચિયે, અનુભવરસનો પાત્ર ॥૧॥

**॥ છંદ ॥**

સુત્તત્થવિત્થારણ-તપ્પરાણં, નમો નમો વાયગ-કુંજરાણં ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

નહીં સૂરિ પણ સૂરિગણને સહાયા, નમું વાચક ત્યક્ત મદમોહ માયા;
વળી દ્વાદશાંગાદિ સૂત્રાર્થ દાને, જિકે સાવધાના નિરુદ્ધાભિમાને ॥૧॥

ધરે પંચને વર્ગ વર્ગિત ગુણૌઘાઃ પ્રવાદિ દ્વિપોચ્છેદને તુલ્યસિંઘા;
ગુણી ગચ્છસંધારણે સ્તંભભૂતા, ઉપાધ્યાય તે વંદિયે ચિત્પ્રભૂતા ॥૨॥

**॥ ઢાળ ॥**

દ્વાદશાંગી વાણી વદે, સૂત્ર અરથ વિસ્તાર રે;
પંચવરગ ગુણ જેહના, સુમતિ ગુપતિ નિત ધારે રે,
**શ્રી ઉવજ્ઝાયા વંદિએ ॥૧॥** એ આંકણી ॥

દાયક આગમ ભાવના, ભેદભાવ યુત સારી રે;
મુરખકું પંડિત કરે, જગતજંતુ હિતકારી રે. શ્રી૦ ॥૨॥

શીતલચંદ કિરણ સમી, વાણી જેહની કહીએ રે;
તે ઉવજ્ઝાયા પૂજતાં, અવિચલ સુખડાં લહીએ રે. શ્રી૦ ॥૩॥

॥ **શ્લોક** ॥ અનુષ્ટુપ્ ॥

દ્વાદશાંગ-શ્રુતાધારાન્, શાસ્ત્રાધ્યાપન-તત્પરાન્;
નિવેશયામ્યુપાધ્યાયાન્, પવિત્રે પશ્ચિમે દલે ॥૧॥

॥ ઉપજાતિ ॥

શ્રી ધર્મશાસ્ત્રાણ્યનિશં પ્રશાન્ત્યૈ, પઠન્તિ યેઽન્યાનપિ પાઠયન્તિ;
અધ્યાપકાંસ્તાનપરાબ્જ-પત્રે, સ્થિતાન્ પવિત્રાન્ પરિપૂજયામિ ॥૨॥

॥ **મંત્ર** ॥ ૐ હ્રીં ઉપાધ્યાયેભ્યો નમઃ ॥

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

॥ **દુહો** ॥

મોક્ષમારગ સાધન ભણી, સાવધાન થાય જેહ;
તે મુનિવર પદ વંદતા, નિર્મળ થાયે દેહ ॥૧॥

॥ **છંદ** ॥

સાહૂણ સંસાહિઅ-સંજમાણં, નમો નમો સુદ્ધદયાદમાણં ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

કરે સેવના સૂરિ-વાયગ-ગણિની, કરું વર્ણના તેહની શી મુણિની ;
સમેતા સદા પંચ સમતિ ત્રિગુપ્તા, ત્રિગુપ્તે નહીં કામભોગેષુ લિપ્તા ॥૧॥

વળી બાહ્ય અભ્યંતરે ગ્રંથિ ટાળી, હુયે મુક્તિને યોગ્ય ચારિત્ર પાળી;
શુભાષ્ટાંગ યોગે રમે ચિત્ત વાળી, નમું સાધુને તેહ નિજ પાપ ટાળી ॥૨॥

॥ **ઢાળ** ॥

સકલ વિષય વિષ વારીને, આતમધ્યાને રાતા રે;
ઉપશમરસમાં ઝીલતા, નિજ ગુણ જ્ઞાને માતા રે,
**હિત ધરી મુનિ પદ વંદિયે ॥૧॥** એ આંકણી ॥

રત્નત્રયી આરાધતા, ષટ્કાયા પ્રતિપાલે રે;
પંચેન્દ્રી જીપે સદા, જિનમારગ અજુવાલે રે. હિત૦ ॥૨॥

ગુણ સત્તાવીશ અલંકર્યા રે, પંચ મહાવ્રતધારી રે;
દ્વાદશવિધ તપ આદરે, ચિદાનંદ સુખકારી રે. હિત૦ ॥૩॥

નવવિધ બ્રહ્મચરિજ ધરે, કરમ મહાભટ જીત્યા રે;
એહવા મુનિ ધ્યાવે સદા, તે નર જગત વિદિતા રે. હિત૦ ॥૪॥

॥ **શ્લોક** ॥ અનુષ્ટુપ્ ॥

વ્યાખ્યાદિકર્મ-કુર્વાણાન્, શુભધ્યાનૈકમાનસાન્;
ઉદક્પત્ર-ગતાન્નિત્યં, સાધૂનર્ચામિ સુવ્રતાન્ ॥૧॥

॥ ઉપજાતિ ॥

વૈરાગ્યમંતર્વચસિ પ્રસિદ્ધં, સત્યં તપો દ્વાદશધા શરીરે;
યેષામુદક્ પત્રગતાન્ પવિત્રાન્, સાધૂન્ સદા તાન્ પરિપૂજયામિ ॥૨॥

(ભાવાવનામ૦)

॥ **મંત્ર** ॥ ૐ હ્રીઁ સર્વસાધુભ્યો નમઃ ॥

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા ॥

॥ **દુહો** ॥

જિનવર ભાષિત શુદ્ધનય તત્ત્વતણી પરતીત;
તે સમ્યગ્ દર્શન સદા, આદરીએ શુભ રીત ॥૧॥

॥ **છંદ** ॥

જિણુત્તતત્તે રુઈલક્ખણસ્સ, નમો નમો નિમ્મલદંસણસ્સ ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

વિપરિયાસ હો વાસનારૂપ મિથ્યા, ટળે જે અનાદિ અછે જેમ કુપથ્યા;
જિનોકતે હુવે સહજથી શ્રદધાનં, કહીએ દર્શનં તેહ પરમં નિધાનં ॥૧॥

વિના જેહથી જ્ઞાનમજ્ઞાન રૂપં, ચરિત્રં વિચિત્રં ભવારણ્યકૂપં,
પ્રકૃતિ સાત ઉપશમ ક્ષયે તેહ હોવે, તિહાં આપ રૂપે સદા આપ જોવે ॥૪॥

॥ ઢાળ ॥

સુગુરુ સુદેવ સુધર્મની, સદ્દહણા ચિત્ત ધરીએ રે;
સાત પ્રકૃતિનો ક્ષય કરી, ક્ષાયિક સમકિત વરીએ રે,
**દરિસણ પદ નિત વંદિયે ॥૧॥** એ આંકણી ॥

ઈણ વિણ જ્ઞાન નિષ્ફળ કહ્યું, ચરિત્ર નિષ્ફલ જાયે રે;
શિવસુખ એ વિણ ના મીલે, બહુ સંસારી થાયે રે. દરિસણ૦ ॥૨॥

સતસઠિ ભેદે શોભતું, અજરામર ફળ દાતા રે;
જે નર પૂજે ભાવશું, તે પામે સુખશાતા રે. દરિસણ૦ ॥૩॥

॥ **શ્લોક** ॥ અનુષ્ટુપ્ ॥

જિનેન્દ્રોક્તમતશ્રદ્ધા-લક્ષણં દર્શનં યજે;
મિથ્યાત્વમથનં શુદ્ધં, ન્યસ્તમીશાનસદ્દલે ॥૧॥
卐અવિરતિ-વિરતિભ્યાં, જાતખેદસ્ય જન્તો-
ર્ભવતિ યદિ વિનષ્ટં મોક્ષમાર્ગપ્રદાયિ;
ભવતુ વિમલરૂપં દર્શનં તન્નિરસ્તા-
ખિલકુમતવિષાદં દેહિનાં બોધિભાજામ્ ॥૨॥ (સકલકુશલ૦)

॥ **મંત્ર** ॥ ૐ હ્રીં સમ્યગ્દર્શનાય નમઃ ॥

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

॥ **દુહો** ॥

સપ્તમ પદ શ્રી જ્ઞાનનું, સિદ્ધચક્ર તપમાંહિ;
આરાધી જે શુભ મને, દિન દિન અધિક ઉચ્છાંહિ ॥૧॥

॥ **છંદ** ॥

અન્નાણ-સંમોહ-તમોહરસ્સ, નમો નમો નાણદિવાયરસ્સ ॥

卐 પ્રક્ષેપ ગાથા.

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

હુવે જેહથી જ્ઞાન શુદ્ધ પ્રબોધે, યથાવર્ણ નાશે વિચિત્રાવબોધે,
તિણે જાણીએ વસ્તુ ષડ્દ્રવ્ય ભાવા, ન હુવે વિતત્થા નિજેચ્છા સ્વભાવા ॥૧॥

હુવે પંચ મત્યાદિ સુજ્ઞાન ભેદે, ગુરૂપાસ્તિથી યોગ્યતા તેહ વેદે,
વળી જ્ઞેય હેય ઉપાદેય રૂપે, લહે ચિત્તમાં જેમ ધ્વાંત પ્રદીપે ॥૨॥

**॥ ઢાળ ॥**

ભક્ષ-અભક્ષ વિચારણા, પેય-અપેય નિર્ધારો રે;
કૃત્ય-અકૃત્યને જાણીએ, જ્ઞાન મહા જયકારો રે,
**જ્ઞાન નિરંતર વંદિયે ॥૧॥** એ આંકણી ॥

જ્ઞાન વિના જયણા નહિ, જયણા વિણ નહિ ધર્મો રે;
ધર્મ વિના શિવસુખ નહિ, તે વિણ ન મીટે ભર્મો રે. જ્ઞાન૦ ॥૨॥

પાંચ પ્રકાર છે જેહના, ભેદ એકાવન તાસો રે;
જાણીને પૂજે સદા, તે લહે કેવલ ખાસો રે. જ્ઞાન૦ ॥૩॥

**॥ શ્લોક ॥** અનુષ્ટુપ્ ॥

અશેષદ્રવ્યપર્યાય-રૂપમેવાવભાસકમ્;
જ્ઞાનમાગ્નેય-પત્રસ્થં, પૂજયામિ હિતાવહમ્ ॥૧॥

॥ મંદાક્રાંતા ॥

卐કૃત્યાકૃત્યે, ભવશિવપદે, પાપપુણ્યે યદીય-
પ્રાપ્ત્યા જીવાઃ, સુષમવિષમા વિન્દતે સર્વથૈવ;
તત્પંચાંગં, પ્રકૃતિનિચયૈ-રપ્યસંખ્યૈર્વિભિન્નં,
જ્ઞાનં ભૂયાત્ પરમતિમિર-વ્રાતવિધ્વંસનાય ॥૨॥ (બોધાગાધં૦)

**॥ મંત્ર ॥** ૐ હ્રીં સમ્યગ્જ્ઞાનાય નમઃ ॥

卐 પ્રક્ષેપ ગાથા.

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

### ॥ દુહો ॥

અષ્ટમ પદ ચારિત્રનું, પૂજો ધરી ઉમેદ;
પૂજત અનુભવ રસ મિલે, પાતક હોય ઉચ્છેદ ॥૧॥

### ॥ છંદ ॥

આરાહિઆઽખંડિયસક્કિયસ્સ, નમો નમો સંયમવીરિયસ્સ ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

વળી જ્ઞાનફળ ચરણ ધરીએ સુરંગે, નિરાશંસતા દ્વારરોધે પ્રસંગે;
ભવાંભોધિ સંતારણે યાનતુલ્યં, ધરું તેહ ચારિત્ર અપ્રાપ્ત મૂલ્યં ॥૧॥

હુવે જાસ મહિમા થકી રંક રાજા, વળી દ્વાદશાંગી ભણી હોય તાજા;
વળી પાપરૂપોપિ નિઃપાપ થાયે, થઈ સિદ્ધ તે કર્મને પાર જાયે ॥૨॥

### ॥ ઢાળ ॥

સર્વવિરતિ ને દેશવિરતિથી અણગાર સાગારી રે;
જયવંતો થાવો સદા, તે ચારિત્ર ગુણધારી રે,
**ચારિત્ર પદ નિત વંદિયે ॥૧॥** એ આંકણી ॥

ષટખંડ સુખ તજી આદરે, સંયમ શિવસુખ દાયી રે;
સત્તર ભેદે જિન કહ્યો, તે આદરીએ ભાઈ રે. ચારિત્ર૦ ॥૨॥

તત્ત્વરમણ તસ મૂલ છે, સકલ આશ્રવનો ત્યાગી રે;
વિધિસેંતી પૂજન કરે, ભાવ ધરી વડભાગી રે. ચારિત્ર૦ ॥૩॥

### ॥ શ્લોક ॥ અનુષ્ટુપ્ ॥

સામાયિકાદિભિર્ભેદૈ-શ્ચારિત્રં ચારુ પંચધા;
સંસ્થાપયામિ પૂજાર્થં, પત્રે હિ નૈઋતે ક્રમાત્ ॥૧॥

卐 ગુણપરિચયં, કીર્તિ શુભ્રાં, પ્રતાપમખંડિતં,
દિશતિ યદિહામુત્ર સ્વર્ગં, શિવં ચ સુદુર્લભમ્;
તદમલમલંકુર્યાચ્ચિત્તં, સત્તાં ચરણં સદા,
જિનપરિવૃઢૈ-રપ્યાચીર્ણં, જગત્સ્થિતિ હેતવે ॥૨॥ (હરિણી)

॥ મંત્ર ॥ ૐ હ્રીં સમ્યગ્ ચારિત્રાય નમઃ ॥

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

### ॥ દુહો ॥

કર્મકાષ્ઠ પ્રતિ જાલવા, પરતખ અગ્નિ સમાન;
તે તપપદ પૂજો સદા, નિર્મલ ધરીએ ધ્યાન ॥૧॥

### ॥ છંદ ॥

કમ્મદુમુમ્મૂલણકુંજરસ્સ, નમો નમો તિવ્વ-તવોભરસ્સ ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

ત્રિકાલિકપણે કર્મ કષાય ટાળે, નિકાચિતપણે બાંધિયાં તેહ બાળે;
કહ્યું તેહ પાપ બાહ્ય અંતર દુભેદે, ક્ષમાયુક્ત નિર્હેતુ ધ્યાન છેદે ॥૧॥

હુવે જાસ મહિમા થકી લબ્ધિ સિદ્ધિ, અવાંછકપણે કર્મ આવરણ શુદ્ધિ;
તપો તેહ તપ જે મહાનંદ હેતે, હોયે સિદ્ધિ સીમંતિની નિજ સંકેત ॥૨॥

### ॥ ઢાળ ॥

નિજ ઈચ્છા અવરોધીએ, તેહિ જ તપ જિન ભાખ્યું રે,
બાહ્ય અભ્યંતર ભેદથી, દ્વાદશ ભેદે દાખ્યું રે,
**અનુપમ તપ નિત વંદિયે ॥૧॥** એ આંકણી ॥

તદભવ મોક્ષગામીપણું, જાણે પણ જિનરાયા રે;
તપ કીધાં અતિ આકરાં, કુત્સિત કર્મ ખપાયા રે. અનુપમ૦ ॥૨॥

---

卐 પ્રક્ષેપ ગાથા.

કરમ નિકાચિત ક્ષય હુવે, તે તપને પરભાવે રે;
લબ્ધિ અટ્ઠાવીસ ઊપજે, અષ્ટ મહાસિદ્ધિ પાવે રે. અનુપમ૦ ॥૩॥

એહવું તપ પદ ધ્યાવતાં, પૂજંતાં ચિત્ત ચાહે રે;
અક્ષય ગતિ નિર્મળ લહે, સહુ યોગીંદ સરાહે રે. અનુપમ૦ ॥૩॥

॥ **શ્લોક** ॥ અનુષ્ટુપ્ ॥

દ્વિધા દ્વાદશધા ભિન્નં, પૂતે પત્રે તપઃસ્વયં;
નિધાપયામિ ભક્ત્યાઽત્ર, વાયવ્યાં દિશિ શર્મદમ્ ॥૧॥

卐વિઘ્નૌઘઘાતિ સુનિકાચિતકર્મપાતિ, જાતિસ્મૃતિ-પ્રભૃતિદં હૃતમન્મથાર્તિ;
ચેતો વિશુદ્ધિકર-મસ્તસમસ્તરોષં, પોષં દદાતુ ચરણસ્ય તપોઽસ્તદોષમ્ ॥૨॥
(ભક્તામર૨૦)

॥ **મંત્ર** ॥ ૐ હ્રીં સમ્યક્તપસે નમઃ ॥

॥ **કળશ** ॥

ઈમ નવપદ ધ્યાવે, પર્મ આનંદ પાવે,
નવ ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે;
**જ્ઞાનવિમલ** ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે,
સર્વ દુરતિ શમાવે, વિશ્વ જયકાર પાવે ॥૧॥

અરિહંત સિદ્ધ આચાર્ય ઉવજ્ઝાય, સાધુ દંસણ નાણ એ,
ચારિત્ર તપ નવપદ થકી, ઈહાં સિદ્ધચક્ર પ્રમાણ એ;
શ્રીપાલરાજા સુખતાજા, લહ્યા સિદ્ધચક્ર ધ્યાનસે,
ભવિજન ભજો જિન લાભ જાણી, હિયે આણી ભાવસે ॥૨॥

ઈઅ નવપય-સિદ્ધં, લદ્ધિ-વિજ્જા-સમિદ્ધં,
પયડિય-સરવગ્ગં, હ્રીં તિરેહાસમગ્ગં;
દિસિવઈ સુરસારં, ખોણિ-પીઢાવયારં,
તિજય-વિજયચક્કં, સિદ્ધચક્કં નમામિ ॥૩॥

---

卐 પ્રક્ષેપ ગાથા.

॥ સ્ત્રગ્ધરા ॥

નિઃસ્વેદત્વાદિ-દિવ્યાતિશયમયતનૂન્ શ્રી જિનેન્દ્રાન્ સુસિદ્ધાન્,
સમ્યક્ત્વાદિ પ્રકૃષ્ટાષ્ટક ગુણભૃત્સદાચારસારાંશ્ચ સૂરીન્;
શાસ્ત્રાણિ પ્રાણિરક્ષા પ્રવચનરચના સુંદરાણ્યાદિશંત,
સ્તત્સિદ્ધ્યૈ પાઠકાન્ શ્રી યતિપતિ-સહિતાનર્ચયામ્યર્ઘ્ય-દાનૈઃ ॥૧॥

ઈત્થમષ્ટદલં પદ્મં પૂરયેદર્હદાદિભિઃ;
સ્વાહાન્તૈઃ પ્રણવાદ્યૈશ્ચ, પદૈર્વિઘ્ન-નિવૃત્તયે ॥

॥ મંત્ર ॥

॥ ૐ હ્રીં પંચપરમેષ્ઠિભ્યઃ સમ્યગ્જ્ઞાનાદિ-ચતુરન્વિતેભ્યો નમઃ ॥

**॥ ઇતિ આ.શ્રી જ્ઞાનવિમલસૂરિજી મહારાજ વિરચિત**

**શ્રી નવપદ પૂજા (લઘુ) સમાપ્ત ॥**

• • •

## ઉપાસ્ય... ઉપાસક... ઉપાસના પદ...

આ નવપદજી એટલે ધ્યાનનું શ્રેષ્ઠ આલંબન...
આ નવપદજી એટલે શુભ ચિંતનનો મધુર રસથાળ...
આ નવપદજી એટલે નમસ્કારની મોસમ...
આ નવપદજી એટલે અંતરમાં અજવાળાં પાથરતું પ્રકાશ પર્વ...
આ નવપદજી એટલે પૂજા-અર્ચનાનાં ઉત્કૃષ્ટ પાત્ર...
આ નવપદજી એટલે વિશ્વનાં સર્વ શુભતત્ત્વોનું વિરાટ સંગ્રહાલય...
આ નવપદજી એટલે ભવ્ય ગુણચૈત્ય...

૪

મુનિવર શ્રી ઉત્તમવિજયજી વિરચિત

# શ્રી નવપદ પૂજા

॥ દુહો ॥

શ્રી ગોડી પાસજી નિત નમું, સમરું શ્રી ગુરુ દેવ;
શ્રી જિનવાણી ચિત્ત ધરી, કહેશું નવપદ સેવ ॥૧॥

ચેતનમય નવપદ સદા, શુદ્ધાતમ ગુણ પોષ;
નવપદ મઈ આતમ થયો, તવ હોઈ ભવનો મોક્ષ ॥૨॥

શિવપદ પ્રાપ્તિ હેતુ છે, આતમ નિર્મલ ભાવ;
એહી જ નિરમલ કારણે, નવપદ મુખ્ય જમાવ ॥૩॥

શ્રી સિદ્ધચક્રની સેવના, કરતાં સમકિત શુદ્ધ;
બોધિ બીજ પામે ભવિક, અભિનવ ગુણનો બુદ્ધ ॥૪॥

યદ્યપિ શક્તિ ન તેહવી, તદપિ ભક્તિ ને યોગ;
આતમ ગુણની પુષ્ટતા, કરવા ઉમટ્યો જોગ ॥૫॥

ગુણસાધક આતમ થયો, સાધન નવપદ ધ્યાન;
સાધક સાધન એકતા, પ્રકટે કેવલ નાણ ॥૬॥

## ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

॥ ગાથા ॥

જિયંતરંગારિજણે સુનાણે, સુપાડિહેરાઈસય-પ્પહાણે;
સંદેહસંદોહરયં હરંતે, ઝાએહ નિચ્ચંપિ જિણેડરિહંતે ॥

॥ **પૂજા-ઢાળ** ॥

॥ શ્રીપાલના રાસની દેશી ॥

ત્રીજે ભવે વરસ્થાનક તપ કરી, જેણે બાંધ્યું જિનનામ,
ચોસઠ ઇંદ્રે પૂજિત જે જિન, કીજે તાસ પ્રણામ રે;
**ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો**, જિમ ચિરકાલે નંદો રે. **ભવિકા.**
ઉપશમ રસનો કંદો રે, ભવિકા. રત્નત્રયીનો વૃંદો રે, ભવિકા.
સેવે સુરનર ઈંદો રે, **ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો** ॥૧॥

જેહને હોય કલ્યાણક દિવસે, નરકે પણ અજવાળું;
સકલ અધિક ગુણ અતિશયધારી, તે જિન નમી અઘ ટાળું રે. ભવિકા૦ ॥૨॥

જે તિહું નાણ સમગ્ગ ઉપ્પન્ના, ભોગકરમ ક્ષીણ જાણી;
લેઈ દીક્ષા શિક્ષા દીયે જનને, તે નમીએ જિન નાણી રે. ભવિકા૦ ॥૩॥

મહાગોપ મહામાહણ કહીએ, નિર્યામક સત્થવાહ;
ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમીએ ઉત્સાહ રે. ભવિકા૦ ॥૪॥

આઠ પ્રાતિહારજ જસ છાજે, પાંત્રીસ ગુણયુત વાણી;
જે પ્રતિબોધ કરે જગજનને, તે જિન નમીએ પ્રાણી રે. ભવિકા૦ ॥૫॥

॥ **ઢાળ** ॥

**અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;**
**ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે ॥૧॥**

**વીર જિનેશ્વર ઉપદિશે**, સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે **વીર૦** ॥૨॥

॥ **દુહા** ॥

અરિહંત દેવ અનંત ગુણ, દોષ ગયા વળી દૂર;
ત્રિભુવનની પ્રભુતા થકી, આતમ આનંદ પૂર ॥૧॥

નમો નમો અરિહંતને, દેશના અમૃત ધાર;
ભવ તાપાદિક ભેદવા, સવિજનના હિતકાર ॥૨॥

**॥ ઢાળ ॥**

॥ રંગીલે આતમા - એ દેશી ॥

પહેલે પદ અરિહંતને રે, પૂજો ભવિ ગુણવંત.

**સુગુણ જન સેવિયે રે.**

તીર્થકરણ તીર્થંકરા રે, ત્રિપદી કહે ભગવંત. સુ૦ ॥૧॥

બાર તે ગુણ અરિહંતના રે, તેહમાં પહિલો અશોક. સુ૦
બારગુણો જિન દેહથી રે, ઊંચો જઈ અશોક. સુ૦ ॥૨॥

પાંચ વરણ શુદ્ધ ફૂલની રે, વૃષ્ટિ જાનુ પ્રમાણ. સુ૦
પાંત્રીશ વાણી ગુણે કરી રે, દેશના યોજન માન. સુ૦ ॥૩॥

ચામર ઢાલે પુરંદરા રે, ચોવીસ જોડાં સાર. સુ૦
રત્નજડિત સિંહાસને રે, બેઠા શોભે અપાર. સુ૦ ॥૪॥

ભામંડલ કરે દેવતા રે, જિનતનુ કાંતિને લેહ. સુ૦
બાર ગુણો રવિ તેજથી રે, દીપે અધિક સનેહ. સુ૦ ॥૫॥

ગયણાંગણમાં ગડગડ રે, દેવ દુંદુભિ વાજીંત્ર. સુ૦
ચંદ્ર કિરણ સમ ઉજળાં રે, શિર ઉપર ત્રણ છત્ર. સુ૦ ॥૬॥

અપાયાપગમ અતિશય રે, જ્ઞાનાતિશય ઉદાર રે. સુ૦
પૂજા અતિશય છે ભલો રે, વચનાતિશય સફાર. સુ૦ ॥૭॥

ઈત્યાદિક ગુણે દીપતા રે, તારે જનને જિનેશ. સુ૦
શ્રી ગુરુ સુમતિવિજયતણો રે, ઉત્તમ નમે નિશદિસ. સુ૦ ॥૮॥

**॥ દુહો ॥**

એ બાર ગુણે કરી બાહ્યથી, શોભે શ્રી જિનરાજ;
જ્ઞાનાદિક અંતર ગુણે, પૂજો શ્રી મહારાજ ॥

**॥ મંત્ર ॥**

**ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં યજામહે સ્વાહા ॥**

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

### ॥ ગાથા ॥

દુટ્ઠટ્ઠ-કમ્માવરણ-પ્પમુક્કે, અણંતનાણાઈ-સિરીચઉક્કે;
સમગ્ગલોગગ્ગ-પયપ્પસિદ્ધે, ઝાએહ નિચ્ચંપિ મણંમિ સિદ્ધે ॥

### ॥ પૂજા ઢાળ ॥

॥ શ્રીપાલના રાસની દેશી ॥

સમય પએસંતર અણફરસી, ચરમ તિભાગ વિશેષ;
અવગાહન લહી જે શિવ પહોતા, સિદ્ધ નમો તે અશેષ રે.
**ભવિકા ! સિદ્ધચક પદ વંદો ॥૬॥**

પૂર્વપ્રયોગ ને ગતિપરિણામે, બંધનછેદ અસંગ;
સમય એક ઊર્ધ્વગતિ જેહની, તે સિદ્ધ પ્રણમો રંગ રે. ભવિકા૦ ॥૭॥

નિર્મળ સિદ્ધશિલાની ઉપરે, જોયણ એક લોગંત;
સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધ પ્રણમો સંત રે. ભવિકા૦ ॥૮॥

જાણે પણ ન શકે કહી પુરગુણ, પ્રાકૃત તેમ જાણ જાસ;
ઉપમા વિણ નાણી ભવમાંહે, તે સિદ્ધ દીયો ઉલ્લાસ રે. ભવિકા૦ ॥૯॥

જ્યોતિશું જ્યોતિ મળી જસ અનુપમ, વિરમી સકલ ઉપાધિ;
આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિ રે. ભવિકા૦ ॥૧૦॥

### ॥ ઢાળ ॥

**રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ નાણી રે;**
**તે ધ્યાતા નિજ આતમા, હોયે સિદ્ધ ગુણ ખાણી રે. વીર૦**

### ॥ દુહો ॥

કર્મ નિકંદી મૂલથી, લોકાગ્રે જઈ સિદ્ધ;
અનંત ચતુષ્ટમયી વિભો, પ્રગટી આતમ રિદ્ધ ॥

॥ ઢાળ ॥

॥ નંદ સલૂણા નંદના રે લોલ - એ દેશી ॥

**નમો સિદ્ધાણં બીજે પદે રે લોલ,** સિદ્ધને આઠ ગુણ સંપજે રે લોલ;
આતમ શુદ્ધ સ્વભાવથી રે લોલ, પ્રગટ્યા નિજગુણ ભાવથી રે લોલ.
નમો૦ ॥૧॥

કેવલજ્ઞાન અનંત છે રે લોલ, દર્શન કેવલ અનંત છે રે લોલ;
વેદની કર્મ ક્ષય નીપનો રે લોલ, અવ્યાબાધ ગુણ ઉપનો રે લોલ.
નમો૦ ॥૨॥

મોહ મહામલ્લ ઘાતથી રે લોલ, ક્ષાયિક પ્રગટ્યો ભાવથી રે લોલ;
અક્ષય સ્થિતિ સિદ્ધ જાણીઈ રે લોલ, આયુકર્મ ક્ષય માનીઈ રે લોલ.
નમો૦ ॥૩॥

અરૂપી અવર્ણી અગંધતા રે લોલ, અરસી અફાસી સિદ્ધતા રે લોલ;
અગુરુલઘુ ગુણ સાતમો રે લોલ, ગોત્ર ક્ષયે એ આઠમો રે લોલ.
નમો૦ ॥૪॥

વીર્ય અનંત જે ભણ્યું રે લોલ; મેં ઈમ ગુરુમુખથી સુણ્યું રે લોલ;
સિદ્ધના આઠ ગુણ ભાવિઈ રે લોલ; ઉત્તમ નિજગુણ ફાવિઈ રે લોલ.
નમો૦ ॥૫॥

॥ દુહો ॥

આપ સરૂપી આતમા, એહિ જ સિદ્ધ ભગવાન;
આતમ શક્તિથી મુજ દિઓ, આતમગુણનું દાન ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સિદ્ધાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ તૃતીય શ્રી સૂરિપદ પૂજા ॥

### ॥ ગાથા ॥

ન તં સુહં દેઈ પિયા ન માયા, જં દિંતિ જીવાણિહ સૂરિપાયા;
તમ્હા હુ તે ચેવ સયા મહેહ, જં મુક્ખસુક્ખાઈ લહું લહેહ ॥

### ॥ પૂજા ઢાળ ॥

॥ શ્રીપાલના રાસની દેશી ॥

પંચ આચાર જે સુધા પાળે, મારગ ભાખે સાચો;
તે આચારિજ નમીએ તેહશું, પ્રેમ કરીને જાચો રે.
**ભવિકા ! સિદ્ધચક પદ વંદો ॥૧૧॥**

વર છત્રીશ ગુણે કરી સોહે, યુગપ્રધાન જન મોહે,
જગ બોહે ન રહે ખિણ કોહે, સૂરિ નમું તે જોહે રે. ભવિકા૦ ॥૧૨॥

નિત અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહિ વિકથા ન કષાય;
જેહને તે આચારિજ નમીએ, અકલુષ અમલ અમાય રે. ભવિકા૦ ॥૧૩॥

જે દીયે સારણ વારણ ચોયણ, પડિચોયણ વળી જનને;
પટધારી ગચ્છથંભ આચારિજ, તે માન્યા મુનિ મનને રે. ભવિકા૦ ॥૧૪॥

અત્થમિયે જિન સૂરજ કેવળ-ચંદે જે જગદીવો;
ભુવન-પદારથ-પ્રગટન-પટુ તે, આચારજ ચિરંજીવો રે. ભવિકા૦ ॥૧૫॥

### ॥ ઢાળ ॥

**ધ્યાતા આચારિજ ભલા, મહામંત્ર શુભધ્યાની રે;**
**પંચ પ્રસ્થાને આતમા, આચારિજ હોય પ્રાણી રે. વીર૦**

### ॥ દુહો ॥

ધીરા ગચ્છ ધુરંધરા, વહેતા વૃષભ સમાન;
વંદો પટધારી સદા, દેતા સમકિત દાન ॥

॥ ઢાળ ॥

॥ રાગ : કોઈ લ્યો પરવત ધુંધલો રે લોલ ॥

**આચારિજ ત્રીજે પદે રે લાલ,** અપ્રમત્ત ગુણઠાણ રે. **ભવિક જન**
પૂજો પાપ નિકંદવા રે લાલ, ભાખે જિનવર વાણી રે. ભ૦ આ૦ ॥૧॥

પંચ ઈંદ્રિને સંવરે લાલ, પંચ વિષય કરે ત્યાગ રે. ભ૦
નવવિધ બ્રહ્મ ધરે ખરા રે લાલ, નવવાડિ મહાભાગ રે. ભ૦ આ૦ ॥૨॥

ચાર કષાયને ગાળતા રે લાલ, પાળે શુદ્ધ આચાર રે. ભ૦
પંચ મહાવ્રત મંદરા રે લાલ, નિરવહેતા નિરાધાર રે. ભ૦ આ૦ ॥૩॥

પંચ સમિતિ ત્રિણ ગુપ્તિકા રે લાલ, ધારે ગુણ મણિ માળ રે. ભ૦
છત્રીશ છત્રીશી શોભતા રે લાલ, જગ જનના રખવાળ રે. ભ૦ આ૦ ॥૪॥

પ્રતિરૂપાદિક ગુણાવલી રે લાલ, શોભે સદા સંતુષ્ટ રે. ભ૦
જૈન શાસન સુયશા કરા રે લાલ, દીપે દેહ ગુણ પુષ્ટ રે. ભ૦ આ૦ ॥૫॥

યુગપ્રધાન ગુણ ધારકા રે લાલ, વંદો લબ્ધિ ભંડાર રે. ભ૦
શ્રી સુમતિવિજય ગુરુ નામથી રે લાલ, ઉત્તમ ને હિતકાર રે. ભ૦ આ૦ ॥૬॥

॥ દુહો ॥

રાજા સમ તીર્થંકરા, અમાત્ય સમ આચાર્ય;
અનુપમ ઉત્તમ ગણધરા, તે નિત પૂજો આર્ય ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સૂરિવરાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

॥ ગાથા ॥

સુત્તત્થસંવેગમયસ્સુએણં, સંનીરખીરામયવિસ્સુએણં;
પીણંતિ જે તે ઉવઝાયરાએ, ઝાએહ નિચ્ચંપિ કયપ્પસાએ ॥

**॥ પૂજા ઢાળ ॥**

॥ શ્રીપાલના રાસની દેશી ॥

દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે, પારગ ધારગ તાસ;
સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, નમો ઉવજ્ઝાય ઉલ્લાસ રે.
**ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો** ॥૧૬॥

અર્થ સૂત્રને દાન વિભાગે, આચારિજ ઉવજ્ઝાય;
ભવ ત્રીજે જે લહે શિવસંપદ, નમીએ તે સુપસાય રે. ભવિકા૦ ॥૧૭॥

મૂરખ શિષ્ય નિપાઈ જે પ્રભુ, પહાણને પલ્લવ આણે;
તે ઉવજ્ઝાય સકલ જન પૂજિત, સૂત્ર અર્થ સવિ જાણે રે. ભવિકા૦ ॥૧૮॥

રાજકુમર સરિખા ગણચિંતક, આચારિજ પદ યોગ;
જે ઉવજ્ઝાય સદા તે નમતાં, નાવે ભવભય શોગ રે. ભવિકા૦ ॥૧૯॥

બાવનાચંદન રસ સમ વયણે, અહિત તાપ સવિ ટાળે;
તે ઉવજ્ઝાય નમીજે જે વળી, જિનશાસન અજુવાળે રે. ભવિકા૦ ॥૨૦॥

**॥ ઢાળ ॥**

**તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે;**
**ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે. વીર૦**

**॥ દુહો ॥**

ચોથે પદ ઉવજ્ઝાયને, નમો નમો ત્રિણ કાલ;
ગણચિંતક ગુણગણમઈ, જ્ઞાની પરમ દયાલ ॥

**॥ ઢાળ ॥**

॥ અષ્ટાપદગિરિ યાત્રા કરણકું - એ દેશી ॥

શ્રુતધર વંદો હો લાલ, **સૂત્રધર વાચક વંદો;**

સૂત્રતણા જે રસિયા સાચા, અવિચલ આગમ વાચા;
જ્ઞાનાવધારણ કારણ જાચા, મુનિમારગે નહિ કાચા. સૂત્ર૦ ॥૧॥

પણવીસ ગુણમય સદયમહોદય, નિરમલ મન વચ કાયા;
નમો રે નમો ભવિ તે ઉવજ્ઝાયા, નહિ જેહને મન માયા. સૂત્ર૦ ॥૨॥

અંગ અગ્યારને સુધા ભણતા, ચૌદ પૂરવને ગણતા;
એ પચવીશ પાઠક ગુણ જાણો, ઈમ ચિરકાલે માણો. સૂત્ર૦ ॥૩॥

પૂનિમચંદ પરિ સૌમ્ય સદાઈ, ક્રોધ ન આવે કદાઈ;
શિષ્ય મુનિને શિક્ષાદાઈ, શુભવાણી શુભવાઈ. સૂત્ર૦ ॥૪॥

એહવા પાઠક પૂજી નિસદિન, પાપપંકને પખાલો;
વાચક સુજસ ગુણે કરી માહલો, શ્રી સુમતિવિજય ગુરુ વાહલો. સૂત્ર૦ ॥૫॥

**॥ દુહો ॥**

નીલવર્ણ સોહે સહી, જેહવા નિરમલ રત્ન;
યુવરાજા સમ સોહતા, પૂજો પાઠક યત્ન ॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે ઉપાધ્યાયવરાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ પંચમ શ્રી મુનિપદ પૂજા ॥

**॥ ગાથા ॥**

ખંતે અ દંતે અ સુગુત્તિગુત્તે, મુત્તે પસંતે ગુણજોગજુત્તે;
ગયપ્પમાએ હયમોહમાએ, ઝાએહ નિચ્ચં મુણિરાયપાએ ॥

**॥ પૂજા ઢાળ ॥**

॥ શ્રીપાલના રાસની દેશી ॥

જિમ તરુફૂલે ભમરો બેસે, પીડા તસ ન ઉપાવે;
લેઈ રસ આતમ સંતોષે, તેમ મુનિ ગોચરી જાવે રે.
**ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો** ॥૨૧॥

પંચ ઇંદ્રિય ને કષાય નિરુંધે, ષટ્કાયક પ્રતિપાલ;
સંયમ સત્તર પ્રકારે આરાધે, વંદુ તેહ દયાલ રે. ભવિકા૦ ॥૨૨॥

અઢાર સહસ્સ શીલાંગના ધોરી, અચળ આચાર ચરિત્ર;
મુનિ મહંત જયણાયુત વંદી, કીજે જન્મ પવિત્ર રે. ભવિકા૦ ॥૨૩॥

નવવિધ બ્રહ્મગુપ્તિ જે પાળે, બારસવિહ તપ શૂરા;
એહવા મુનિ નમીએ જો પ્રગટે, પૂરવ પુણ્ય અંકુરા રે. ભવિકા૦ ॥૨૪॥

સોનાની પરે પરીક્ષા દીસે, દિન દિન ચઢતે વાને;
સંજમ ખપ કરતા મુનિ નમીએ, દેશ કાળ અનુમાને રે. ભવિકા૦ ॥૨૫॥

॥ ઢાળ ॥

**અપ્રમત્ત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે;**
**સાધુ સુધા તે આતમા, શું મૂંડે શું લોચે રે. વીર૦**

॥ દુહો ॥

પંચમ પદે જે લોકમાં, સાધુ શિરોમણિ સાર;
જિનશાસનના ધારકા, તે વંદો અણગાર ॥

॥ ઢાળ ॥

॥ તું અલબેલો નંદનો રે લાલ - એ દેશી ॥

સત્તાવીશ ગુણ સાધુના રે લાલ, ભાવો નિરમલ ચિત્ત મુનિરાયા.
ષટ્કાયને પાળે પ્રાણથી રે લાલ, પંચઈન્દ્રિ વશીકૃત્ય મુનિરાયા.
**ભવિયણ વંદો ભાવશ્યું રે લાલ,** જિન મુક્તિના દાતાર મુનિરાયા. ભ૦ ॥૧॥

પંચ મહાવ્રત ધારગા રે લાલ, વારકા રાઈભોજન મુનિરાયા;
જીતે ક્રોધ ક્ષમા ધરે રે લાલ, મેલું નહીં જસ મન્ન મુનિરાયા. ભ૦ ॥૨॥

પડિલેહણા બે ટંકના રે લાલ, સાચવે ચોખે ચિત્ત મુનિરાયા;
કરણની સિત્તરિ સાચવે રે લાલ, સંયમ માને વિત્ત મુનિરાયા. ભ૦ ॥૩॥

ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણથી રે લાલ, દોષને છંડે સદાઈ મુનિરાયા;
વચન સાવદ્ય બોલે નહિ રે લાલ, કાયા ન અવિધિ લગાઈ મુનિરાયા. ભ૦ ॥૪॥

લોભનો થોભ સદા કરે રે લાલ, તાઢિ તાપ સહે મનશુદ્ધ મુનિરાયા;
ઉવસગ્ગા મરણાંતકારે રે લાલ, ખમે અપ્રતિબદ્ધ મુનિરાયા. ભ૦ ॥૫॥

એ મુનિ ગુણના સેવકા રે લાલ, કરે કરમ ચકચૂર મુનિરાયા;
સાધુ સુજસ ગુણ બોલતા રે લાલ, ઉપજે ઉત્તમનૂર મુનિરાયા. ભ૦ ॥૬॥

॥ દુહો ॥

મુનિપદ વિણ નવિ મોક્ષ છે, મોક્ષ તે આતમ સુખ;
તે કારણ મુનિપદ વહું, પૂજો ભવિ ગતદુઃખ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સાધવે જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા ॥

॥ ગાથા ॥

જં દવ્વછક્કાઈ-સુસદ્દહાણં, તં દંસણં સવ્વગુણ-પ્પહાણં;
કુગ્ગાહવાહી ઉ વયંતિ જેણ, જહા વિસુદ્ધેણ રસાયણેણ ॥

॥ પૂજા ઢાળ ॥

॥ શ્રીપાલના રાસની દેશી ॥

શુદ્ધ દેવ ગુરુ ધર્મ પરીક્ષા, સદહણા પરિણામ;
જેહ પામીજે તેહ નમીજે, સમ્યગ્દર્શન નામ રે.
**ભવિકા ! સિદ્ધચક પદ વંદો** ॥૨૬॥

મલ ઉપશમ ક્ષય-ઉપશમ ક્ષયથી, જે હોય ત્રિવિધ અભંગ;
સમ્યગ્દર્શન તેહ નમીજે, નિજ ધર્મે દૃઢ રંગ રે. ભવિકા૦ ॥૨૭॥

પંચ વાર ઉપશમિય લહીજે, ક્ષય-ઉપશમિય અસંખ;
એક વાર ક્ષાયિક તે સમકિત; દર્શન નમીએ અસંખ રે. ભવિકા૦ ॥૨૮॥

જે વિણ નાણ પ્રમાણ ન હોવે, ચારિત્રતરુ નવિ ફળીઓ;
સુખ નિર્વાણ ન જે વિણ લહીએ, સમકિત દર્શન બળીઓ રે. ભવિકા૦ ॥૨૯॥

સડસઠ બોલે જે અલંકરીયું, જ્ઞાન ચારિત્રનું મૂલ;
સમકિત દર્શન તે નિત પ્રણમું, શિવપંથનું અનુકૂલ રે. ભવિકા૦ ॥૭॥

॥ ઢાળ ॥

**શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે;**
**દર્શન તેહિ જ આતમા, શું હોય નામ ધરાવે રે. વીર૦**

॥ દુહા ॥

છટ્ઠે પદ દર્શન કહિયું, આતમ દર્શન જેહ;
દર્શન મલના ક્ષયથકી, દર્શન રૂપ અછેહ ॥૧॥
સર્વ પદારથ પામીઆ, દર્શન વિણ ઈણિ જીવ;
અબ દર્શનમય આતમા, એહીજ ભવજલ દીવ ॥૨॥

॥ ઢાળ ॥

॥ ધન ધન જિનવાણી - એ દેશી ॥

દર્શન ભવિજન ગુણને વંદો, વંદી પાપ નિકંદો રે;
**સમકિત ગુણ ખાણી.**
દર્શન આતમ નિર્મલ ચંદો, દર્શન શિવતરુ કંદો રે. સ૦ ॥૧॥

દુવિધભેદ કહ્યા જિનરાજે, સહજ અધિગમ છાજે રે. સ૦
પંચભેદ વલિ સમકિત કહિઈ, અચેતન ગુણને ગ્રહિઈ રે. સ૦ ॥૨॥

ઉપશમ ક્ષયોપશમિક છેદક, ક્ષાયિક દર્શન એક રે. સ૦
વેદક સાસ્વાદન પ્રતિભેદે, દર્શન ગુણ નવિ છેદે રે. સ૦ ॥૩॥

શમ સંવેગે ત્રીજો નિરવેદ, અનુકંપા અસ્તિકાય ભેદ રે. સ૦
સદ્દહણાદિક સડસઠિ ભાવો, શુદ્ધસ્વરૂપ જમાવો રે. સ૦ ॥૪॥

ભેદ અસંખ્ય હોઈ પરિણામી, તરતમ યોગને પામી રે. સ૦
એહિજ દર્શન મુજને હોજો, ઉત્તમ શિવપદ દેજો રે. સ૦ ॥૫॥

॥ દુહો ॥

ગ્રંથિ ભેદથી પામિઉં, અપૂર્વ કરણ પરિણામ;
તે સમકિત એ આતમા, પૂજો ચેતન રામ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સમ્યગ્દર્શનાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

॥ ગાથા ॥

નાણં પહાણં નયચક્કસિદ્ધં, તત્તાવબોહિક્કમયં પસિદ્ધં;
ધરેહ ચિત્તાવસહે ફુરંતં, માણિક્કદીવુવ્વ તમો હરંતં ॥

॥ પૂજા ઢાળ ॥

॥ શ્રીપાલના રાસની દેશી ॥

ભક્ષ-અભક્ષ ન જે વિણ લહીએ, પેય-અપેય-વિચાર,
કૃત્ય-અકૃત્ય ન જે વિણ લહીએ, જ્ઞાન તે સકલ આધાર રે.
**ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો** ॥૩૧॥

પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું;
જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો, જ્ઞાનીએ શિવસુખ ચાખ્યું રે. ભવિકા૦ ॥૩૨॥

સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહીએ;
તેહ જ્ઞાન નિત નિત વંદીજે, તે વિણ કહો કેમ રહીએ રે. ભવિકા૦ ॥૩૩॥

પંચ જ્ઞાનમાંહી જેહ સદાગમ, સ્વપર પ્રકાશક જેહ;
દીપક પરે ત્રિભુવન ઉપકારી, વળી જેમ રવિ શશી મેહ રે. ભવિકા૦ ॥૩૪॥

લોક ઊર્ધ્વ અધો તિર્યગ્ જ્યોતિષ, વૈમાનિક ને સિદ્ધ;
લોકાલોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાન મુજ શુદ્ધ રે. ભવિકા૦ ॥૩૫॥

॥ ઢાળ ॥

**જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે;**
**તો હુએ એહિ જ આતમા, જ્ઞાન અબોધતા જાય રે. વીર૦**

॥ દુહો ॥

જ્ઞાનદીપ જગમાં વડો, મિટે મિથ્યાત અંધાર;
આતમજ્ઞાન તે નિત્ય નમો, દંસણ ચરણ આધાર ॥

॥ ઢાળ ॥

॥ શાંતિ પ્યારે, સુનો વિનતિ આ મેરી - એ દેશી ॥

જ્ઞાન તે ભવિજન પ્યારો, **ગુણીજન જ્ઞાન તે મુનિજન પ્યારો.**

ચેતનમય ગુણધારો, ગુણીજન જ્ઞાન તે ભવિજન પ્યારો.
પુગ્ગલઅપ્પા જે કરે ન્યારો, હંસને પય પરે ધારો. ગુણી૦ ॥૧॥

પંચપ્રકારે નાણ પ્રકાસ્યો, આતમવીર્યે વાસ્યો. ગુણી૦ ॥૨॥
મતિ શ્રુત અવધિજ્ઞાન પ્રમાણો, મનપર્યવ મન આણો. ગુણી૦ ॥૩॥

કેવલજ્ઞાન તે પંચમ ધારો; શિવરમણી ઉર હારો. ગુણી૦ ॥૪॥
મતિશ્રુતજ્ઞાન પરોક્ષ તે હોવે, અક્ષ સમીપ તે જોવે. ગુણી૦ ॥૫॥

અવધિ મનપર્યવ ને કેવલ, પ્રત્યક્ષ ભાવે નિરમલ. ગુણી૦ ॥૬॥
જ્ઞાનની ભક્તિ કરો ભવિ પ્રાણી, પૂજો જિનવર વાણી. ગુણી૦ ॥૭॥

સુજસમહોદય ગુણને વધારો, શ્રી સુમતિવિજય ગુરુ ધારો. ગુણી૦ ॥૮॥
સેવક ઉત્તમ ઈણિ પરે બોલે, નહિ કોઈ જ્ઞાનને તોલે. ગુણી૦ ॥૯॥

॥ દુહો ॥

રવિ તે એકણ ખેત્રમેં, પરકાશે દ્રવ્યમાન;
જ્ઞાન ઉદય ત્રિણ લોકમેં, પૂજો જ્ઞાન નિધાન ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સમ્યગ્જ્ઞાનાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

### ॥ ગાથા ॥

સુસંવરં મોહનિરોહસારં, પંચપ્પયારં વિગયાઈયારં;
મૂલોત્તરાણેગગુણં પવિત્તં, પાલેહ નિચ્ચંપિ હુ સચ્ચરિત્તં ॥

### ॥ પૂજા ઢાળ ॥

॥ શ્રીપાલના રાસની દેશી ॥

દેશવિરતિ ને સર્વવિરતિ જે, ગૃહી યતિને અભિરામ;
તે ચારિત્ર જગત જયવંતું, કીજે તાસ પ્રણામ રે.
**ભવિકા ! સિદ્ધચક પદ વંદો** ॥૩૬॥

તૃણપરે જે ષટ્ખંડ સુખ છંડી, ચક્રવર્તી પણ વરિયો;
તે ચારિત્ર અક્ષયસુખ કારણ, તે મેં મનમાંહે ધરિયો રે. ભવિકા૦ ॥૩૭॥

હુઆ રાંક પણ જેહ આદરી, પૂજિત ઈંદ્ર નરિંદે;
અશરણ-શરણ ચરણ તે વંદું, પૂર્યું જ્ઞાન આનંદે રે. ભવિકા૦ ॥૩૮॥

બાર માસ પર્યાયે જેહને, અનુત્તર સુખ અતિક્રમિયે;
શુક્લ શુક્લ અભિજાત્ય તે ઉપરે, તે ચારિત્ર નમિયે રે. ભવિકા૦ ॥૩૯॥

ચય તે આઠ કરમનો સંચય, રિક્ત કરે જે તેહ;
ચારિત્ર નામ નિરુત્તે ભાખ્યું, તે વંદું ગુણગેહ રે. ભવિકા૦ ॥૪૦॥

### ॥ ઢાળ ॥

**જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે;**
**લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે. વીર૦**

### ॥ દુહા ॥

સત્તર ભેદ સંયમ નમો, સંયમ આતમ રૂપ;
આશ્રવરોધ સંવર ભજી, મ પડો ભવ ભયકૂપ ॥૧॥
સંસારી દુઃખથી રહિત, રહેતા આતમ શુદ્ધ;
ઈંદ્રાદિક સુખથી અધિક, આત્મરમણ નિરાબાધ ॥૨॥

॥ **ઢાળ** ॥ રાગ : ગોડી ॥

॥ શ્રી શ્રેયાંસજિન અંતરયામી - એ દેશી ॥

**ચારિત્ર વંદો સંત સનેહા,** મુનિ સાથે મુજ નેહા રે,
સત્તર ભેદે સંયમ મન ધારો, જિમ આવે ભવઆરો રે. ચારિત્ર૦ ॥૧॥

આશ્રવ પંચનો ત્યાગ વખાણો, સંવર દિલમાં આણો રે,
પંચ ઈંદ્રિયની ચપલતા ટાલો, મુકો ડાકડમાલો રે. ચારિત્ર૦ ॥૨॥

ચાર કષાયનો ફંદ તે કાઢો, મુકો માયાનો રાઢો રે,
દંડત્રિકનો કરો નિવેડો, પામો ચરણનો મેઢો રે. ચારિત્ર૦ ॥૩॥

ચક્રવર્તી પણિ ષટખંડ છંડિ, સંયમસ્યું રઢ મંડિ રે,
ભવથિતિપાકે તિમ ભવિ પામી, હોઈ તે ચારિત્ર નામી રે. ચારિત્ર૦ ॥૪॥

ચારિત્ર ગુણલીલા નહિ હીણા, વંદો પ્રાણી પ્રવીણા રે,
શ્રી ગુરુ સુમતિવિજયનો સેવક, ઉત્તમગુણરસ પીના રે. ચારિત્ર૦ ॥૫॥

॥ **દુહો** ॥

ભવ વાસી દાસી પરે, દૂર કર્યા સવિ દોષ;
પૂજો ચેતન ગુણ ચરણ, આતમ નિરમલ પોષ ॥

॥ **મંત્ર** ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સમ્યક્ચારિત્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

॥ **ગાથા** ॥

બજ્ઝં તહાબ્ભિંતરભેયમેઅં, કયાઈદુબ્ભેઅ-કુકમ્મભેઅં;
દુક્ખક્ખયત્થં કયપાવનાસં, તવં તવેહાગમિયં નિરાસં ॥

**॥ પૂજા ઢાળ ॥**

॥ શ્રીપાલના રાસની દેશી ॥

જાણંતા ત્રિહું જ્ઞાને સંયુત, તે ભવ મુક્તિ જિણંદ;
જેહ આદરે કર્મ ખપેવા, તે તપ શિવતરુ કંદ રે.
**ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો** ॥૪૧॥

કર્મ નિકાચિત પણ ક્ષય જાયે, ક્ષમા સહિત જે કરંતાં;
તે તપ નમીએ જેહ દીપાવે, જિનશાસન ઉજમંતાં રે. ભવિકા૦ ॥૪૨॥

આમોસહિ પમુહા બહુ લદ્ધિ, હોવે જાસ પ્રભાવે;
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ પ્રગટે, નમીએ તે તપ ભાવે રે. ભવિકા૦ ॥૪૩॥

ફળ શિવસુખ મહોટું સુર નરવર, સંપત્તિ જેહનું ફૂલ;
તે તપ સુરતરુ સરિખો વંદુ, શમ મકરંદ અમૂલ રે. ભવિકા૦ ॥૪૪॥

સર્વ મંગળમાં પહેલું મંગળ, વરણવીયું જે ગ્રંથે;
તે તપપદ ત્રિહું કાળ નમીજે, વર સહાય શિવપંથે રે. ભવિકા૦ ॥૪૫॥

**॥ ઢાળ ॥**

**ઈચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;**
**તપ જે એહિ જ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે. વીર૦ ॥૧॥**

**॥ દુહો ॥**

વસ્તુ અસાધ્ય સાધેં સહિ, વિઘન વિડારણ હેત;
તે તપ વંદો ભવિ જના, ચેતન ગુણ સંકેત ॥

**॥ ઢાળ ॥** રાગ : વઢંસ ॥

॥ નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર - એ દેશી ॥

બારસ ભેદે તપ પ્રકાશ્યો, શ્રી જિન આણા શુદ્ધ રે,
ખટ અંતર ખટ બાહિર કરીને, થાઈ ચેતનબુદ્ધ રે;
**વંદો રે વંદો તપગુણ ભાવે,** જિમ ફિરી ભવમાં નાવે રે. વંદો૦ ॥૧॥

અણસણ ઊનોદરતા જાણો, વૃત્તિસંક્ષેપ પ્રમાણો રે;
રસત્યાગો વલી કાયકિલેસો, છટ્ઠો સંલીનતા આણો રે. વંદો૦ ॥૨॥

અભ્યંતર પ્રાયશ્ચિત્તને વારો, વિનય અધિક ગુણધારો રે;
વેયાવચ્ચ ગુરુદેવની કરતો, સજ્ઝાય શુદ્ધ મનધરતો રે. વંદો૦ ॥૩॥

ધ્યાન તે ત્રિકરણયોગ સમારિ, કાઉસગ્ગ તનુથિરકારી રે;
એ અભ્યંતર તપને સેવો, પામો મુગતિનો મેવો રે. વંદો૦ ॥૪॥

કર્મ વિદારણ કારણ વંદો, જિમ ચિરકાલે નંદો રે;
શ્રી ગુરુ સુમતિવિજયનો સેવક, ઉત્તમ આનંદ કંદો રે. વંદો૦ ॥૫॥

॥ દુહો ॥

તીર્થંકર પણ સેવિયું, ઘાતિ કરમ ક્ષય હેત;
પૂજો લબ્ધિનિધાનગુણ, શિવસુખ પ્રાપ્તિ સંકેત ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સમ્યક્તપસે જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ કળશ ॥

॥ ગાથા ॥

એયાઈ જે કેવિ નવપ્પયાઈ આરાહયંતિઠ્ઠફલપ્પયાઈ;
લહંતિ તે સુક્ખપરંપરાણં, સિરિં સિરીપાલનરેસરુવ્વ ॥

॥ ઢાળ ॥

ઈમ નવપદ થુણતો તિહાં લીનો, હુઓ તન્મય શ્રીપાળ;
**સુજસ** વિલાસ ચોથે ખંડે, એહ અગ્યારમી ઢાળ રે. ભવિકા૦ ॥૬॥

॥ ઢાળ ॥

આગમ નોઆગમ તણો, ભાવ તે જાણો સાચો રે;
આતમભાવે થિર હોજો, પરભાવે મત રાચો રે. વીર૦

અષ્ટ સકલ સમૃદ્ધિની ઘટમાંહે ઋદ્ધિ દાખી રે;
તિમ નવપદ ઋદ્ધિ જાણજો, આતમરામ છે સાખી રે. વીર૦

યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે;
એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે. વીર૦

ઢાળ બારમી એહવી, ચોથે ખંડે પૂરી રે;
વાણી **વાચક જસ** તણી, કોઈ નયે ન અધૂરી રે. વીર૦

॥ રાગ : ધન્યાશ્રી ॥

પૂજો પૂજો રે ભવિ નવપદ ગુણને પૂજો (એ ટેક)
એ નવપદનું ધ્યાન કરંતા, કર્મઅરિને ઝુઝો રે. ભ૦ ॥૧॥

નવપદ પૂજાથી સુખ હોઈ, દુઃખ દોહગ સવિ જાઈ;
સાતે ઈતિ શમે સવિ એહથી, ઘરઘર મંગલ થાઈ રે ભ૦ ॥૨॥

જયજયકાર હોઈ સવિ જગમેં, નામથી નવનિધિ પાવે;
પુત્રાદિક પરિવાર વધે સવિ, શુદ્ધ જે નવપદ ગાવે. ભ૦ ॥૩॥

શ્રી જિનશાસન સુરતરુ છાયા, પામીને સુખકર રહિઈ;
અનુભવ શાંતિસુધારસ ઝીલી, નિજશક્તિ થિર થઈ રે. ભ૦ ॥૪॥

શ્રી વિજયધર્મસૂરીશ્વર રાજ્યે, શ્રી નવપદ ગુણ ગાયા;
શ્રદ્ધાવંત જે ભક્તિ ઉલ્લાસી, શ્રાવકને સુખ દાયા રે. ભ૦ ॥૫॥

સંવત ગજ વિધુ ત્રીસમે (૧૮૩૦) વરસે, સુદિ શ્રાવણ સુખકારી;
શ્રી ગીરૂઆ પાસ પસાયે રચના, કીધી ભવિજન પ્યારી રે. ભ૦ ॥૬॥

ગુરુ શ્રી સુજસવિજય વરવાચક, શ્રી ગુણવિજય વડસીસ;
શ્રી ગુરુ સુમતિવિજય વરસેવક ઉત્તમવિજય જગીસ રે. ભ૦ ॥૭॥

**॥ ઈતિ વિ.સં. ૧૮૩૦, શ્રાવણ સુદ પક્ષે**
**મુનિવર શ્રી ઉત્તમવિજયજી વિરચિત શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

• • •

## ૫

આચાર્યશ્રી વિજયાનંદસૂરિજી(આ.શ્રી આત્મારામજી) મહારાજ વિરચિત

# શ્રી નવપદ પૂજા

### ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

॥ દુહા ॥

શ્રી શંખેશ્વર પાસજી, પૂરો વાંછિત આશ;
સિદ્ધચક્ર પૂજા સ્યું, જિમ તૂટે ભવ પાસ ॥૧॥

ઉપકારી જિનરાજકી, પૂજા પ્રથમ વિધાન;
જો ભવિ સાધે રંગશુ, અજર અમરકી ખાન ॥૨॥

ઉત્પન્ન જ્ઞાન સતરૂપ હૈ, પ્રાતિહારજ સોહંત;
સિંહાસન બેઠે વિભુ, દે ઉપદેશ મહંત ॥૩॥

॥ ઢાળ ॥ રાગ : ખમાચ ॥

**જિન પૂજન આનંદ ખાની... (ટેક)**

સંત અનંત પ્રમોદ અનંગ, સતચિત આનંદ દાની... જિન૦ ॥૧॥
તીર્થંકર શુભ નામ કર્મકે, ઉદય કહે જિન વાની... જિન૦ ॥૨॥

ઘાતી કર્મકા નાશ કરીને, અષ્ટાદશ મલ હાનિ... જિન૦ ॥૩॥
કરે અઘાતી જીર્ણ વસનસેં, તીર્થેશ્વર પદ છાની... જિન૦ ॥૪॥

ઐસે અર્હન્ દેવ સુહંકર, ભય ભંજન નિર્વાની... જિન૦ ॥૫॥
આતમ આનંદ પૂરણ સ્વામી, નમો દેવ મન માની... જિન૦ ॥૬॥

॥ દુહા ॥

શાસનપતિ અરિહા નમો, ધર્મ ધુરંધર વીર;
દેશના અમૃતવર્ષિણી, નિજ વીરજ વડવીર ॥૧॥

નિર્મળ જ્ઞાન અક્ષયનિધિ, શુદ્ધ રમણ નિજ રૂપ;
થિરતા ચરણ સુહંકરું, પૂજો અર્હન્ ભૂપ ॥૨॥

॥ ઢાળ ॥

॥ ત્રિતાલ - લાવણી. રાગ : મહબૂબ જાની મેરા યહ... ॥

**શ્રી અર્હન્ સ્વામી મેરા,** છિન નાહીં ભૂલાના રે;
તુમ પૂજો ભવિ મન રંગે, ભવભવ હિ મિટાના. શ્રી૦ ॥૧॥

ભવ ત્રીજે વર તપ કરકે, સેવી નિદાના રે;
જિનનામકર્મ શુભ બાંધી, હુએ ત્રિભુવન રાના. શ્રી૦ ॥૨॥

જિનકે કલ્યાણ દિવસે, નરકે સુહાના રે;
ઉદ્યોત હુએ ત્રિભુવનમેં, અતિશય ગુણ ગાના. શ્રી૦ ॥૩॥

પ્રભુ તીન જ્ઞાન લઈ ઉપને, જગમેં સુભાના રે;
લઈ દીક્ષા ભવિજન તારે, હુએ કેવલજ્ઞાના. શ્રી૦ ॥૪॥

મહાગોપ સત્થ નિર્યામક, વલી મહામહાના રે;
યહ ઉપમા જિનકો છાજે, તે ત્રિભુવન ભાના. શ્રી૦ ॥૫॥

પ્રાતિહારજ અડ જસ શોભે, ગુણ પૈંતીસ વાના રે;
પ્રભુ ચૌતીસ અતિશય ધારી, મહાનંદ ભરાના. શ્રી૦ ॥૬॥

ભવિ અર્હન્ પદકો પૂજો, નિજરૂપ સમાના રે;
જિન આતમ ધ્યાને ધ્યાવે, તદરૂપ મિલાના. શ્રી૦ ॥૭॥

॥ કાવ્યં ॥ (દ્રુતવિલંબિતવૃત્તમ્)

અખિલવસ્તુ-વિકાસનભાસ્કરં, મદનમોહ-તમસ્સુવિનાશકમ્;
નવપદાવલિનામ સુભક્તિતઃ, શુચિમનઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે અર્હતે જલં ચદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

### ॥ દુહા ॥

અલખ નિરંજન અચર વિભુ, અક્ષય અમર અમાર;
મહાનંદ પદવી વરી, અવ્યય અજર ઉદાર ॥૧॥

અનંત ચતુષ્ટય રૂપ લે, ધારી અચલ અનંગ;
ચિદાનંદ ઈશ્વર પ્રભુ, અટલ મહોદય ચંગ ॥૨॥

અષ્ટકર્મકો ક્ષય કરી, ફીર નહિ જગ અવતાર;
સિદ્ધ બુદ્ધ સતરૂપ હી, શિવરમણી ભરતાર ॥૩॥

**॥ ઢાળ ॥** લાવણી ત્રિતાલ. ચાલ-મરાઠી ॥
॥ રાગ : નિજ સ્વરૂપ જાને વિનુ યે તન... ॥

**સિદ્ધ સ્વરૂપ જાને વિનુ ચેતન,** મિટે નહીં જગકા ફેરા;
સહુ કુમત વિહંડી છાંડ દે, મમતા રંડીકા ડેરા. સિદ્ધ૦ ॥૧॥

ત્રિભાગોનહીન ચરમ દેહસે, જ્ઞાનમય આતમ કેરા;
નિરાવરણ હી જ્યોતિ નિરાબાધ, અવગાહન વિભુ તેરા. સિદ્ધ૦ ॥૨॥

સકલ કર્મમલ દૂર કરીને, પૂરણ અડગુણ લે સંગી;
નિજગુણ પર્યાયે બોલતે, જિનમતમેં હી સતભંગી. સિદ્ધ૦ ॥૩॥

સ્વ દ્રવ્ય હી ખેતર કાળ, સ્વભાવે સ્વપર સત્તા ગિન જ્ઞાની;
નિજગુણ હી અનંતે શક્તિ, વ્યક્તિ કર મન માની. સિદ્ધ૦ ॥૪॥

એક અનેક આદિ અનાદિ, અંતરહિત જિનવર વાની;
નિજ આતમરૂપે અજ અમલ, અખંડિત સુખ ખાની. સિદ્ધ૦ ॥૫॥

### ॥ દુહો ॥

પ્રદેશાંતર ફરસે નહિ, એક સમય ગતિ જાસ;
સદાનંદમય આતમા, પાવે શિવપુર વાસ ॥

॥ ઢાળ ॥

॥ રાગ : સિંધ ભૈરવી, કહરવા ગજલ. મુખ ખોલ જરા... ॥

ટુક ખોજ જરા મન લાય ખરા, **સિદ્ધ ઓર નહિ, તું ઓર નહિ (ટેક)**

અતિ પૂજ ખરા, સિદ્ધચક્ર ધરા, નિજ કારણ માન અભંગ વરા,
જબ પૂજા કરે, સબ પાપ ઝરે. સિદ્ધ૦ ॥૧॥

ઉપાદાન તુંહી સિદ્ધરૂપ વુહી, હે નિમિત્ત ખરો સિદ્ધચક્ર મુહી;
જબ ધ્યાતા ધ્યેય અરુ ધ્યાન મિલે. સિદ્ધ૦ ॥૨॥

બંધન છેદ અસંગ લહી, ગતિ કારણ પૂર્વ પ્રયોગ કહી;
જબ ગતિ પરિણામકા રાગ ગહે. સિદ્ધ૦ ॥૩॥

એક સમય ગતિ ઊર્ધ્વ કરી, થિર રૂપ ભયે સબ વિઘ્ન જરી;
જબ જ્યોતિસે જ્યોતિ મિલે સુધરી. સિદ્ધ૦ ॥૪॥

નિર્મળ સિદ્ધશિલાથી સહી, એક જોયણ લોકનો અંત કહી;
જબ સાદિ અનંત સ્વરૂપ ગહે. સિદ્ધ૦ ॥૫॥

સુખકી ઉપમા જગમેં નહિ, તિણ કેવલજ્ઞાની શકે ન કહી;
જબ સહજ સમાધિકે રંગ પગે. સિદ્ધ૦ ॥૬॥

રૂપાતીત સ્વભાવ ધરે, શુદ્ધ કેવલજ્ઞાન હી દર્શ વરે;
જબ આતમરામ આનંદ ભરે. સિદ્ધ૦ ॥૭॥

**॥ કાવ્યં ॥** (દ્રુતવિલંબિતવૃત્તમ્)

અખિલવસ્તુ-વિકાસનભાસ્કરં, મદનમોહ-તમસ્સુવિનાશકમ્;
નવપદાવલિનામ સુભક્તિતઃ, શુચિમનઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સિદ્ધાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

### ॥ દુહો ॥

તીજે પદ સૂરિ નમો, રવિ જેમ તેજ પ્રકાશ;
કલહ કદાગ્રહ છોરિકે, કરે કુમતિકા નાશ ॥

### ॥ ઢાળ ॥

॥ કલિંગડા-જિનવર વચનં શ્રુતિ અમૃતં... ॥

**સૂરિજન અર્ચન સુરતરુ કંદ, સૂરિજન...(ટેક)**

તત્ત્વબોધ જિન આગમ ધારી, નિવારી ભવ ભય ફંદ
ષડવર્ગે વર્ગિત ગુણ શોભે, પંચાચાર ધરે નિરધંદ. સૂરિ૦ ॥૧॥

સૂત્રાનુસારી દીએ દેશના, ભવિ ચકોર શશિ કરત આનંદ;
ચિદાનંદ રસ સ્વાદ મગનતા, પરભાવે ન ખચે મુનિ ચંદ. સૂરિ૦ ॥૨॥

નિષ્કામી નિર્મલ શુદ્ધ ચિદ્‌ઘન, દર્શન જ્ઞાન ચરણ શિવ કંદ;
સાધે સાધ્ય ભવિકજન બોહે, ગુણ સંપત્ત નિર્મળ જિમ ચંદ. સૂરિ૦ ॥૩॥

સહજ સમાધિ સંવર ધારી, ગત ઉપાધિ શક્તિ અમંદ;
બાહ્ય અભ્યંતર તપ ગુણ ભારી, જારી મોહ કર્મકો કંદ. સૂરિ૦ ॥૪॥

ષટ્ પંચાશત સંપત સોહે, ખોહે નહિ સુર રમણી વૃંદ;
જિનશાસન આધાર સુહંકર, આતમ નિર્મળ સદા હી આનંદ. સૂરિ૦ ॥૫॥

### ॥ દુહો ॥

મહામંત્રકે ધ્યાનસે, આચાર્ય પદ લીન;
પંચપ્રસ્થાને આતમા, અદ્‌ભુત નિજગુણ પીન ॥

### ॥ ઢાળ ॥

॥ કાફી-દીપચંદી. રાગ : કોયલ ટહુકી રહી મધુવનમેં... ॥

**સૂરિપદ પૂજન કરો મન તનસે,** પાપ કલંક નસે એક છીનમેં,

પાંચ આચાર જે સુધા પાળે, ભીંજ ગએ સંજમ ઈક રંગમેં;
સત્યોપદેશ કરે ભવિજનકો, આચારજ માને મોરે મનમેં. સૂરિ૦ ॥૧॥

વર છત્રીશ ગુણે કરી શોભે, યુગપ્રધાન શોભે મુનિજનમેં;
જગ બોહે ન રહે ખિણ કોહે, કર્મ અરિકો હણે ઈક રનમેં. સૂરિ૦ ॥૨॥

સદા અપ્રમત્ત ધર્મ ઉપદેશે, વિકથા કષાય નહિ નિજ મનમેં;
અમલ અકલુષ અમાય અદ્વેષી, રાગ રહિત જિમ વર્ષત ઘનમેં. સૂરિ૦ ॥૩॥

સારણ વારણ નોદન કરતા, પ્રતિનોદન દેતા મુનિજનમેં;
પટધારી ગચ્છ થંભ આચારજ, જે માન્યા સત ભવિજન મનમેં. સૂરિ૦ ॥૪॥

અત્થમિએ જિન સૂરજ કેવલ, ચંદ ગએ દીપક સમ તમમેં;
ભુવન પદારથ પ્રકટન પટુ જે, આતમરામ આનંદ ભવનમેં. સૂરિ૦ ॥૫॥

**॥ કાવ્યં ॥** (દ્રુતવિલંબિતવૃત્તમ્)

અખિલવસ્તુ-વિકાસનભાસ્કરં, મદનમોહ-તમસ્સુવિનાશકમ્;
નવપદાવલિનામ સુભક્તિતઃ, શુચિમનઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સૂરયે જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

**॥ દુહો ॥**

સૂત્ર અર્થ વિસ્તારણે, તત્પર શ્રી ઉવઝાય;
નહિ સૂરિ પિણ સૂરિ સમ, ગણકો અતિ હિ સહાય ॥

**॥ ઢાળ ॥** રાગ : ખમાચ ॥

**પાઠક પદ જિનચેન,** દૈન સમરસ ભીનો રે **(ટેક)**

મોહ મમતા માયા સબ ભંગ, સૂત્ર અર્થ દીએ દ્વાદશ અંગ,
મદન વિહડન ધર્મ રંગ, મદ સબ તજ દીનો રે. પાઠક૦ ॥૧॥

પંચ વર્ગ વર્ગિત ગુણ ચંગ, વાદિદ્વીપ છેદન બલી સિંઘ;
ગુણિ ગચ્છ ધારણ થંભ સંગ, સુર અસુર પૂજીનો રે. પાઠક૦ ॥૨॥

દશવિધ જતિ ધર્મ ધરી અંગ, ધરણ કરણ ઉપદેશક રંગ;
ધરી બ્રહ્મ નવગુપ્તિ સંગ, જિન વચ રસ પીનો રે. પાઠક૦ ॥૩॥

સ્યાદ્વાદસે તત્ત્વ તરંગ, નિજગુણ લે પરગુણ સબ ભંગ;
કરે જિણંદ શાસન ઉત્તંગ, નરભવ ફલ લીનો રે. પાઠક૦ ॥૪॥

વાચન દાન કરણ અતિ રંગ, ષોડશ ઉપમા યોગ અભંગ;
દૂર કરે સબ કર્મ સંગ, આતમપદ લીનો રે. પાઠક૦ ॥૫॥

॥ દુહો ॥

નિકટ હોઈ પઢિયે સદા, જિનવર વચન અભંગ;
સદાનંદ પાઠક પદે, લાગ્યો અવિહડ રંગ ॥

॥ ઢાળ ॥ રાગ : બિહાગ ॥

**જિનંદ મત પાઠક પૂજ સુજ્ઞાની...(ટેક)**

દ્વાદશ અંગ સિઝાય કરે જે, પારગ ધારક ધામી;
સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, પાઠક નમું સિરનામી. જિનંદ૦ ॥૧॥

અર્થ સૂત્રકે દાન વિભાગે, આચાર્ય ઉવઝાય;
ભવ તીજે લહે શિવપદ સંપત, નમિયે તે હર્ષાય. જિનંદ૦ ॥૨॥

મૂર્ખ શિષ્ય કરે શુદ્ધ જ્ઞાની, ધ્યાની ચિદઘન સંગી;
ઉપલકો પલ્લવ સદગુની કરતા, મોહ મિથ્યાત્વ વિરંગી. જિનંદ૦ ॥૩॥

રાજકુમર સરિસા ગણચિંતક, આચારજ પદ જોગી;
બાવના ચંદન રસ સમ વચને, નિજ આતમ સુખ ભોગી. જિનંદ૦ ॥૪॥

જિનશાસનકો પ્રકટ કરે જગ, સ્વાધ્યાય તપ પરવીના;
આતમરામ આનંદકે ધ્યાતા, કદેઈ નહિ મન દીના. જિનંદ૦ ॥૫॥

॥ કાવ્યં ॥ (દ્રુતવિલંબિતવૃત્તમ્)

અખિલવસ્તુ-વિકાસનભાસ્કરં, મદનમોહ-તમસ્સુવિનાશકમ્;
નવપદાવલિનામ સુભક્તિતઃ, શુચિમનઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે ઉપાધ્યાયાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

॥ દુહો ॥

સાધુ સંજમ ધારતા, દયા તણા ભંડાર;
ઈન્દ્રિય દમ યુત સંજમી, નમો નમો હિતકાર ॥

॥ ઢાળ ॥

॥ રાગ : ઝિંદ કાફી. તાલ-દીપચંદી ॥

**મુનિજન અર્ચન શુદ્ધ મન કર રે,** કર રે, કર રે, કર રે, કર રે. મુનિ૦

સૂરિજન વાચકની નિત્ય સેવા, સમિતિ ગુપ્તિ શુદ્ધ ધર રે;
કામભોગ જલ દૂર તજીને, ઊર્ધ્વ કમલ જિમ તર રે (૪) મુનિ૦ ॥૧॥

બાહ્ય અભ્યંતર ગ્રંથિ નિવારી, મુક્તિ પંથ પગ ધર રે;
અંગ અષ્ટ ચિત્ત જોગ સમાધિ, પાપ પંક સબ ઝર રે (૪) મુનિ૦ ॥૨॥

સકલ વિષય વિષ દૂર નિવારી, ભવ દવ તાપ સુ-હર રે;
શુદ્ધ સ્વરૂપ રમણતા રંગી, નિર્મમ નિર્મદ વર રે (૪) મુનિ૦ ॥૩॥

કાઉસગ્ગ મુદ્રા ધીર ધ્યાનમેં, આસન સહજ સુથિર રે;
તપ તેજે દીપે દયા દરિયો, ત્રિભુવન બંધુ સુ-ગિર રે (૪) મુનિ૦ ॥૪॥

ઐસો મુનિપદ પૂજ સુહંકર, આતમ આનંદ ભર રે;
શત્રુ મિત્ર જન્મ મરણકો, જગત મોક્ષ ઈક કર રે (૪) મુનિ૦ ॥૫॥

॥ દુહો ॥

ક્ષમા મુક્તિ ઋજુ નમ્રતા, સત્ય અકિંચન શર્મ;
તપ સંજમ લઘુ રમણતા, બ્રહ્મચર્ય મુનિ ધર્મ ॥

**॥ ઢાળ ॥**

॥ દેશ-ઠુમરી. આઈ ઈંદ્ર નાર, કર કર શૃંગાર ॥

**ચિદઘન આનંદ મુનિરાજ વંદ,** સબ કટત ફંદ ભવિ પૂજ રંગ.
મનમેં ઉમંગ સમતા રસ ભીના. ચિદ૦ **(ટેક)**

જિમ તરુ ફૂલે ચૈત ભૃંગ, આતમ સંતોષે અધિક રંગ;
વિન પીડ લે મકરંદ ચંગ, હો કે આનંદ ગોચર ઠર લીના. ચિદ૦ ॥૧॥

કષાય ટાર પણ ઈંદ્રી રોધ, ષટકાય પાર મુનિ શુદ્ધ બોધ;
સંજમ સતરે મન શુદ્ધ સોધ, મચે રણેમેં જોધ, મનમેં નહિ દીના. ચિદ૦ ॥૨॥

અઢારે સહસ્ર શીલાંગ ધાર, જયણા યુત અચલ આચાર પાર;
નવવિધ ગુપ્તિસે બ્રહ્મકાર, આતમ ઉજાર ભવવન દવ દીના. ચિદ૦ ॥૩॥

જે દ્વાદશ વિધ તપ કરત ચંગ, દિન દિન શુદ્ધ સંયમ ચઢત રંગ;
સોનાકી પરે ધરે પરિખ ચંગ, ચિત્તમેં અભંગ સંજમ રસ લીના. ચિદ૦ ॥૪॥

દેશકાલ અનુમાન નંદ, સંયમ પાલે મુનિરાજ ચંદ;
મિટે હર્ષ શોક પરમાદ ધંદ, આતમ આનંદ અનુભવ રસ પીના. ચિદ૦ ॥૫॥

**॥ કાવ્યં ॥** (દ્રુતવિલંબિતવૃત્તમ્)

અખિલવસ્તુ-વિકાસનભાસ્કરં, મદનમોહ-તમસ્સુવિનાશકમ્;
નવપદાવલિનામ સુભક્તિતઃ, શુચિમનઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સાધવે જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શન પદ પૂજા ॥

**॥ દુહો ॥**

જિનવર ભાષિત તત્ત્વમેં, રુચિ લક્ષણ ચિત્તધાર;
સમ્યગ્દર્શન પ્રણમિયે, ભવદુઃખ ભંજનહાર ॥

॥ ઢાળ ॥

॥ માઢ : થારી ગઈ રે અનાદિ નિંદ ॥

**મિટ ગઈ રે અનાદિ પીર, ચિદાનંદ જાગો તો સહી. (ટેક)**

વિપરીત કદાગ્રહ મિથ્યારૂપ જે, ત્યાગો તો સહી;
જિનવર ભાષિત તત્ત્વરૂચિ, ઢિગ લાગો તો સહી. મિટ૦ ॥૧॥

દર્શન વિના જ્ઞાન નહિ ભવિને, માનો તો સહી;
વિના જ્ઞાનકે ચરણ ન હોવે, જાનો તો સહી. મિટ૦ ॥૨॥

નિશ્ચય કરણ રૂપ જસ નિર્મલ, શક્તિ તો સહી;
અનુભવ કરત રૂપ સબ છંડી, વ્યક્તિ તો સહી. મિટ૦ ॥૩॥

સત્તા શુદ્ધ નિજ ધર્મ પ્રગટ કર, છાનો તો સહી;
કરણરુચિ ઉછલે બહુમાને, ઠાનો તો સહી. મિટ૦ ॥૪॥

સાધ્ય દષ્ટ સર્વકરણી કારણ, ધારો તો સહી;
તત્ત્વજ્ઞાન નિજ સંપત માની, કારો તો સહી. મિટ૦ ॥૫॥

આતમરામ આનંદ રસ લીનો, પ્યારો તો સહી;
જિનવર ભાષિત સત્ય માનકર, સારો તો સહી. મિટ૦ ॥૬॥

॥ દુહો ॥

દેવ ધર્મ ગુરુ તત્ત્વકી, સદહણા પરિણામ;
સાતોં મલકે મિટ ગએ, સમ્યગ્દર્શન નામ ॥

॥ ઢાળ ॥

॥ પરજ. રાગ : નિશદિન જોઉં વાટડી ॥

**સમ્યગ્દર્શન પૂજ લે, જિમ મિટે મન ઝોલા. (ટેક)**

મલ ઉપશય ખય ઉપશમે, ખયસે દગ ખોલા,
ત્રિવિધ ભંગ સમ દર્શને, જિનવર ઈમ બોલા. સમ્યગ્૦ ॥૧॥

જિનધર્મે દઢ સંગસે, અનુભવ રસ ઘોલા;
નિજ પરસત્તા જ્ઞાનસે, જિમ કૃમિરંગ ચોલા. સમ્યગ્૦ ॥૨॥

પાંચ વાર ઉપશમ લહે, ક્ષય ઉપશમ ડોલા;
સંખ્યાતીત સો જાનીએ, ક્ષય ઈંદુ અમોલા. સમ્યગ્૦ ॥૩॥

જિસ વિન જ્ઞાન અજ્ઞાન હૈ, વૃત્તિ તરુ નવિ મોલા;
સુખ નિર્વાણ ન ભવિ લહે, સમકિત વિન ભોલા. સમ્યગ્૦ ॥૪॥

સડસઠ બોલે અલંકર્યો, જ્ઞાન ચરણ અંદોલા;
ભવવન મિથ્યા દહનકો, દાવાનલ તોલા. સમ્યગ્૦ ॥૫॥

સબ કરણીકા મૂલ હૈ, શિવપંથ અમોલા;
દર્શન તેહી જ આતમા, આતમ રંગ રોલા. સમ્યગ્૦ ॥૬॥

॥ કાવ્યં ॥ (દ્રુતવિલંબિતવૃત્તમ્)

અખિલવસ્તુ-વિકાસનભાસ્કરં, મદનમોહ-તમસ્સુવિનાશકમ્ ।
નવપદાવલિનામ સુભક્તિતઃ, શુચિમનઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સમ્યગ્દર્શનાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

॥ દુહો ॥

મિથ્યા મોહ કુપંથ હી, અજ્ઞ તિમિર કરે દૂર;
નિજ પર સત્તા સહુ લહે, જ્ઞાન હી નિર્મલ સૂર ॥

॥ ઢાળ ॥

॥ રાગ : ભૈરવી. લગી લગન કહો... ॥

**જ્ઞાન સુહંકર ચિદઘન સંગી,** સપ્તભંગી મત સાર રે,
શુદ્ધ જ્ઞાન મિથ્યાત્વ મિટેસે, જ્ઞાનવરણ વિડારે રે,
ષડ્દ્રવ્ય નાના બોધ સ્વરૂપે, નિજ ઈચ્છા સબ વારે રે. જ્ઞાન૦ ॥૧॥

ગુરુ સેવાસે યોગ્યતા પ્રગટે, હોય ઉપાદેય કારે રે;
જ્ઞેય અનંત સ્વરૂપે ભાસે, દીપ તિમિર જિમ ટારે રે. જ્ઞાન૦ ॥૨॥

નિત્યાનિત્ય નાશ અવિનાશી, ભેદાભેદ અભંગી રે;
એક અનેક હી રૂપ અરૂપી, સ્યાદ્વાદ નય સંગી રે. જ્ઞાન૦ ॥૩॥

અર્પિતાનર્પિત મુખ્ય ગૌણતા, સાધન સિદ્ધ વિરંગી રે;
વાચ્યાવાચ્ય સઅંશ નિરંશી, આનંદઘન દુઃખ રંગી રે. જ્ઞાન૦ ॥૪॥

વિભાવ સ્વભાવી શુદ્ધ સ્વભાવી, વીતરાગ જડ સંગી રે;
સંશય સર્વ હી દૂર નિવારે, આતમ સમરસ ચંગી રે. જ્ઞાન૦ ॥૫॥

॥ દુહો ॥

સૂત્ર સંયુત્ત સુચીવત્, કચવર પિંડ મઝાર;
વિનસે નહિ તિમ શ્રુતયુત, પામે ભવકો પાર ॥

॥ ઢાળ ॥

॥ રાગ : કંકણ ખોલ દેઓ મહારાજ... ॥

**સબમેં જ્ઞાનવંત વડ વીર, કાટે સકલ કર્મ જંજીર (ટેક)**

ભક્ષાભક્ષ ન જે વિન જાને, ગમ્યાગમ્ય નહિ પિછાને,
કાર્યાકાર્ય ન જાને કીર. સબમેં૦ ॥૧॥

પ્રથમે જ્ઞાન હી દયા પિછાને, અજ્ઞાની નર સો નહીં જાને;
ઐસે કહે સિદ્ધાંતે વીર. સબમેં૦ ॥૨॥

શ્રદ્ધા સકલ ક્રિયાકા મૂલ, તિસકા મૂલ હી જ્ઞાન અમૂલ;
સચ્ચા જ્ઞાન ધરો મન ધીર. સબમેં૦ ॥૩॥

પાંચો જ્ઞાનમેં શ્રુત પ્રધાન, સ્વપર પ્રકાશે તિમિર મિટાન;
જગમેં અતિ ઉપગારી હીર. સબમેં૦ ॥૪॥

લોકાલોક પ્રકાશન હારા, ત્રિભુવન સિદ્ધિરાજ સુખ ભારા;
સત્ચિદ આતમરામ ગંભીર. સબમેં૦ ॥૫॥

॥ કાવ્યં ॥ (દ્રુતવિલંબિતવૃત્તમ્)

અખિલવસ્તુ-વિકાસનભાસ્કરં, મદનમોહ-તમસ્સુવિનાશકમ્;
નવપદાવલિનામ સુભક્તિતઃ, શુચિમનઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સમ્યક્જ્ઞાનાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

### ॥ દુહો ॥

સકલ જન્મ પૂરણ કરે, નહીં વિરાધે લેશ;
આરાધક ચારિત્રકો, એ જિનવર ઉપદેશ ॥

### ॥ ઢાળ ॥ ॥ વસંત - હોરી ॥

**બંદે કછુ કર લે કમાઈ રે,** જાતે નરભવ સકલ કરાઈ,
બંદે કછુ કર લે કમાઈ.
જ્ઞાન તના ફલ ચરણ સુરંગા, નિરાશંસતા થાઈ;
આશ્રવ રોધ ભવાંબુધિ તરીએ, યાનપાત્ર સુખદાઈ. બંદે૦ ॥૧॥

ધારો ચરણ નહિ મીલે મોલે, રંક રાજ્ય પદ દાઈ;
બારહ અંગ પઢે જસ મહિમા, ક્યોં કર વરની જાઈ. બંદે૦ ॥૨॥

તત્ત્વરમણ જસ મૂલ સુહંકર, પર રમણા મિટ જાઈ;
સકલ સિદ્ધિ અનુકૂલ હુએ જબ, શમ દમ સંયમ પાઈ. બંદે૦ ॥૩॥

સામાયિક આદિ પંચ ભેદ હૈ, દશવિધ ધર્મ સુહાઈ;
સંવર સમિતિ ગુપ્તિ આદિ લે, એ જસ નામ પરજાઈ. બંદે૦ ॥૪॥

અકષાય અતિ ઉજ્જ્વલ નિર્મળ, મદન કદન ચિત્ત લાઈ;
આતમરામ આનંદકે દાતા, ચારિત્ર પદ મન ભાઈ. બંદે૦ ॥૫॥

### ॥ દુહો ॥

દેશ સર્વવિરતિ ભલી, ગૃહી યતિ અભિરામ;
તે ચારિત્ર સદા જયો, કીજે તાસ પ્રણામ ॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : ખમાચ. ઠુમરી ત્રિતાલ. બ્રહ્મજ્ઞાન નવિ જાના રે... ॥

**ચારિત્ર મુજ મન માના રે,** ભવિકા ચારિત્ર મુજ મન માના **(ટેક)**
તૃણ પરે જે સબ સુખ છંડી, ષટખંડ કેરા રાના રે;
ચક્રવર્તી સંયમ-સિરી વરિયા, ચારિત્ર અખય સુખ દાના રે. ચારિત્ર૦ ॥૧॥

રંક હુઆ ચારિત્ર આદરે, ઈંદ નરિંદ પૂજાના રે;
અશરણ શરણ ચારિત્ર હી વંદું, સતચિદ આનંદ ભરાના રે. ચારિત્ર૦ ॥૨॥

બારા માસ સંયમ પર્યાયે, અનુત્તર સુખ હી ક્રમાના રે;
શુક્લ શુક્લ અભિજાત્ય તે ઉપર, સો ચારિત્ર મહાના રે. ચારિત્ર૦ ॥૩॥

ચય તે અષ્ટ કર્મકા સંચય, રિક્ત કરે સબ થાના રે;
ચારિત્ર નામ નિર્યુક્તિએ ભાષ્યો, તે વંદુ ગુણ ઠાના રે. ચારિત્ર૦ ॥૪॥

ચારિત્ર સોઈ આતમા માનો, નિજ સ્વભાવ રમાના રે;
મોહ વને નહીં ભ્રમણ કરત હૈ, તબ તું આતમરાના રે. ચારિત્ર૦ ॥૫॥

**॥ કાવ્યં ॥** (દ્રુતવિલંબિતવૃત્તમ્)

**અખિલવસ્તુ-વિકાસનભાસ્કરં, મદનમોહ-તમસ્સુવિનાશકમ્;**
**નવપદાવલિનામ સુભક્તિતઃ, શુચિમનઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥**

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે ચારિત્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ નવમ શ્રી સમ્યક્તપ પદ પૂજા ॥

**॥ દુહો ॥**

કર્મદ્રુમ ઉન્મૂલને, વર કુંજર અતિ રંગ;
તપ સમૂહ જયવંત હી, નમો નમો મન ચંગ ॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : રામકલી. તેરો દરસ ભલે પાયો... ॥

શ્રી તપ મુજ મન ભાયો, **આનંદકર શ્રી તપ મુજ ભાયો (ટેક)**
ઈચ્છા રહિત કષાય નિવારી, દુર્ધ્યાન સબ હી મિટાયો;
બાહ્ય અભ્યંતર ભેદ સુહંકર, નિર્હેતુક ચિત્ત ઠાયો. આનંદકર૦ ॥૧॥

સર્વ કર્મકા મૂલ ઉખારી, શિવરમણી ચિત્ત લાયો;
અનાદિ સંતતિ કર્મ ઉછેદી, મહાનંદ પદ પાયો. આનંદકર૦ ॥૨॥

યોગ સંયોગ આહાર નિવારી, અક્રિયતા પદ આયો;
અંતરમુહૂરત સર્વ સંવરી, નિજ સત્તા પ્રકટાયો. આનંદકર૦ ॥૩॥

કર્મ નિકાચિત છિનકમેં જારે, ક્ષમા સહિત સુખદાયો;
તિસ ભવ મુક્તિ જાને જિનંદજી, આદર્યો તપ નિરમાયો. આનંદકર૦ ॥૪॥

આમોસહિ આદિ સબ લબ્ધિ, હોવે જાસ પસાયો;
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ પ્રગટે, સો તપ જિનમત ગાયો. આનંદકર૦ ॥૫॥

શિવસુખ ફલ સુર નરવર સંપદ, પુષ્પ સમાન સુભાયો;
સો તપ સુરતરુ સમ નિત્ય વંદુ, મનવાંછિત ફલદાયો. આનંદકર૦ ॥૬॥

સર્વ મંગલમેં પહલો મંગલ, જિનવર તંત્ર સુ-ગાયો;
સો તપપદ ત્રિહુકાલમેં નમીએ, આતમરામ સહાયો. આનંદકર૦ ॥૭॥

**॥ દુહો ॥**

ઈચ્છારોધન સંવરી, પરિણતિ સમતા જોગ;
તપ હૈ સોહી જ આતમા, વરતે નિજગુણ ભોગ ॥

**॥ ઢાળ ॥** રાગ : સૌરઠ... ॥

**જિનજીને દીની માને એક જરી,** એક ભુજંગ પંચ વિષ નાગન;
સૂંઘત તુરત મરી, જિનજીને૦ **(ટેક)**

સમતા સંવર પરગુણ ચારી, સમરસ રંગ ભરી;
અચલ સમાધિ તપપદ રમતા, મમતા મૂર જરી. જિનજીને૦ ॥૧॥

યોગ અસંખ હી જિનવર ભાષિત, નવપદ મુખ્ય કરી;
કર અવલંબન ભવિ મન શુદ્ધે, કર્મ જંજીર જરી. જિનજીને૦ ॥૨॥

આગમ નોઆગમ કરી ભેદે, આતમ રમણ કરી;
સપ્તનય સતભંગી અનઘ વર, ઘટમેં હી ઋદ્ધિ ધરી. જિનજીને૦ ॥૩॥

એ નવપદ શુદ્ધ અર્ચન કરકે, નિજ ઘટમેં હિ ધરી;
ચિદાનંદઘન સહજ વિલાસી, ભવવન દાહ કરી. જિનજીને૦ ॥૪॥

સિરિપાલ સિદ્ધચક્ર આરાધી, તન મન રોગ હરી;
નવ ભવાંતર શિવકમલા લે, આતમાનંદ ભરી. જિનજીને૦ ॥૫॥

॥ કાવ્યં ॥ (દ્રુતવિલંબિતવૃત્તમ્)

અખિલવસ્તુ-વિકાસનભાસ્કરં, મદનમોહ-તમસ્સુવિનાશકમ્;
નવપદાવલિનામ સુભક્તિતઃ, શુચિમનઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે સમ્યક્તપસે જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ કળશ ॥

॥ રાગ : ભવિ નંદો જિનંદ જસ વરણીને ॥

**ભવિ વંદો જિનંદમત કરણીને (ટેક)**

ઈમ નવપદ મંડલ ગુણ વરણી, ચાર ન્યાસ દુઃખ હરણીને. ભવિ૦ ॥૧॥
સમ્યક્ સાત નયે સબ જાણી, આદરી કુમતિ વિહરણીને. ભવિ૦ ॥૨॥

શ્રી તપગચ્છ નભોમણિ વર મુનિપતિ, વિજયસિંહ સૂરિ ચરણીને. ભવિ૦ ॥૩॥
સત્ય-કપૂર-ક્ષમા-જિન-ઉત્તમ, પદ્મરૂપ અઘ ટરણીને. ભવિ૦ ॥૪॥

કીર્તિ વિજય કસ્તુર સુગંધી, મણિ તિમિર જગ હરણીને. ભવિ૦ ॥૫॥
શ્રી ગુરુ બુદ્ધિ વિજય મહારાજા, વિજયાનંદ જિન સરણીને. ભવિ૦ ॥૬॥

જીરા ગામ તિહાં સંઘ જયંકર, સુખસંપત ઉદય કરણીને. ભવિ૦ ॥૭॥
તિનકે કથનસે રચના કીની, સુગમ રીત અઘ હરણીને. ભવિ૦ ॥૮॥

વસુ યુગ અંક ઈંદુ(૧૯૪૮) શુભવર્ષે, પટ્ટી નગર સુખ ધરણીને. ભવિ૦ ॥૯॥
રહી ચૌમાસા યેહ ગુણ ગાયા, આતમ શિવવધૂ પરણીને. ભવિ૦ ॥૧૦॥

**॥ ઇતિ વિ.સં. ૧૯૪૮ વર્ષે પટ્ટીનગરે આ.શ્રી વિજયાનંદસૂરિજી (આ.શ્રી આત્મારામજી) મહારાજ વિરચિત શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

• • •

## ૬

આચાર્ય શ્રી માણિક્યસિંહસૂરિજી વિરચિત

# શ્રી નવપદ પૂજા

॥ દુહા ॥

સકલ કુશલ કમલા લતા, સિંચન મેઘ સમાન;
પ્રણમી શંખેશ્વર પ્રભુ, ધરી ગૌતમ ગુરુ ધ્યાન ॥૧॥

વચન સુધારસ વરસતી, સમરી સરસ્વતી માય;
સિદ્ધચક્ર ગુણ સંસ્તવું, ભક્તિ ભાવ ચિત્ત લાય ॥૨॥

અર્હન્ સિદ્ધ સૂરિ નમું, વાચક મુનિ ગુણવંત;
દર્શન જ્ઞાન ચરણ તથા, તપ ગુણ માંહી મહંત ॥૩॥

એ નવપદ આરાધતાં, પાતક દૂર પલાય;
અલિય વિઘન સવિ ઉપશમે, સુર નર શિવસુખ થાય ॥૪॥

તરવા આ ભવ-તોયધિ, વરવા મંગલ માલ;
રંગે નવપદની રચું, પૂજા રાગ રસાલ ॥૫॥

## ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

॥ દુહા ॥

પ્રથમ પદે અર્હન્ પ્રભુ, ભદ્રંકર ભગવંત;
પ્રિય દર્શન તીરથપતિ, પૂજો પરમ પ્રસંત ॥૧॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : સિંધ કાફી. હોરી ॥

કર રે કર રે કર રે કર રે, **શ્રી અર્હન પદ અર્ચન કર રે** ॥ એ આંકણી ॥

જગ ચિંતામણી જગધણી જગગુરુ, જગ બાંધવ જિનવર રે;
જગરક્ષણ જગભાવ વિચક્ષણ, પારગ પરમેશ્વર રે. શ્રી૦ ॥૧॥

એક સહસ અષ્ટોત્તર ઉત્તમ, ભૂ[૧]ઘન લક્ષણ ભ[૨]ર રે;
અચિંત્યશક્તિ અદ્‌ભુત અતિશય, અગણિત અભ્યંતર રે. શ્રી૦ ॥૨॥

મહાગોપ નિર્યામક માહણ, સાર્થવાહ સુખકર રે;
વિષમ વિપુલ ભવ વ્યાધિ વિદારણ, [૩]અગદંકાર અપર રે. શ્રી૦ ॥૩॥

સિદ્ધ સનાતન શુદ્ધ સ્વયંભૂ, સદાશિવ શંકર રે;
પંચમ દેવ પુરાણ પુરુષ પ્રભુ, નત સુર નર કિન્નર રે. શ્રી૦ ॥૪॥

પરમાતમ પાવન પરમેષ્ઠી, સૂરિ માણક શ્રીધર રે;
ધર્મચક્રી અર્હન પદ ધ્યાતાં, નાશે કર્મ નિ[૪]કર રે. શ્રી૦ ॥૫॥

**॥ દુહો ॥**

રાગ દ્વેષ હાસ્યાદિ ષટ, અ[૫]જ અવિરતિ અજ્ઞાન;
નિદ્રા મિચ્છ વિઘન નહીં, ભજીએ તે ભગવાન ॥૧॥

**॥ ઢાળ ॥** રાગ : ભૈરવી ॥

॥ લગની તુમશું મુજ લાગી - એ દેશી ॥

**અરિહંત અતિ ઉપગારી,** નિત નિત નમીએ નરનારી રે;
અરિહંત અતિ ઉપગારી ॥ એ આંકણી ॥

દેવ દયાકર મારગ દર્શક, મહિમા નિલય મુણીંદા;
[૬]જંભારિ પૂજ્ય જિણંદા, બોધિ દાયક બલિહારી. અરિહંત૦ ॥૧॥

ત્રિગડે બેઠા ત્રિભુવન ત્રાતા, નિર્મલ તીરથ નેતા;
શુભ પ્રાતિહાર્ય સમેતા, જગદાનંદન જયકારી રે. અરિહંત૦ ॥૨॥

---

૧. શરીર, ૨. સમૂહ, ૩. વૈદ્ય, ૪. સમૂહ, ૫. કામ, ૬. ઇંદ્ર.

ચોત્રીશ અતિશય ધર ચતુરાનન, નિરુપમ કેવલનાણી;
વર પાંત્રીશ ગુણયુત વાણી, વરસે યોજન વિસ્તારી રે. અરિહંત૦ ॥૩॥

પિંડસ્થાદિક ધ્યાન પ્રકારે, ધ્યેય રૂપ પ્રભુ ધ્યાવે;
પરમાતમ પદ તે પાવે, નિજ કર્મ કલંક નિવારી રે. અરિહંત૦ ॥૪॥

આતમરામી અંતરજામી, વિશ્વંભર વિશરામી;
સાચો જિન માણક સ્વામી, સેવો ત્રણ જોગ સમારી રે. અરિહંત૦ ॥૫॥

**॥ કાવ્યં ॥** (ઉપજાતિ વૃત્તં)

કલ્યાણમાલા કમલા વદાન્યં, નરેન્દ્ર નાગેન્દ્ર સુરેન્દ્ર માન્યં;
સંસારદાવાનલ નીરચક્રં, નમામિ નિત્યં વર સિદ્ધચક્રં ॥૧॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય જલં ચદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

**॥ દુહો ॥**

સાધિતાર્થ શુદ્ધાતમા, સહાજાનંદ સંમિદ્ધ[1];
સિદ્ધ અનંત નમો સદા, પંદર ભેદ પ્રસિદ્ધ ॥૧॥

**॥ ઢાળ ॥**

॥ નિર્જર વર ન્હાવરાવે, મેરુગિરિ શૃંગે મલી રે - એ દેશી ॥

**સિદ્ધ ભજો ગુણ ભરિયા, ભવોદધિને કાંઠે રહ્યા રે** ॥ એ આંકણી ॥

કરમ ભરમ ચકચૂર કરીને, હાંરે વિમલાતમ સંપદ વરિયા. ॥ભ૦॥
આધિ વ્યાધિ ઉપાધિથી અલગા, હાંરે દિવ્યાનંદ રસના દરિયા.
॥ભ૦॥ સિદ્ધ૦ ॥૧॥

---

૧. અત્યંત દીપ્ત,

[2]તુર્યક્રિયા બલ તુંબાદિ [3]જ્ઞાતે, હાંરે કર્મ બંધન છેદન કરિયા. ॥ભ૦॥
પૂર્વપ્રયોગ ને ગતિ પરિણામે, હાંરે શુભ સિદ્ધિ ગતિ સંચરિયા. ॥ભ૦॥
સિદ્ધ૦ ॥૨॥

સમશ્રેણી કરી એક સમયમાં, હાંરે જે લોક શિખર જઈ ઠરિયા. ॥ભ૦॥
શુદ્ધ અનંત જ્ઞાન દર્શન [4]સેવધિ, હાંરે અવ્યાબાધ સુખ અનુસરિયા. ॥ભ૦॥
સિદ્ધ૦ ॥૩॥

ખાયક સમકિત અક્ષયસ્થિતિ, હાંરે એ તો અરૂપીપણું આદરિયા. ॥ભ૦॥
અગુરુ-લઘુને વીર્ય અનંતું, હાંરે એ અડ ગુણ અંગીકરિયા. ॥ભ૦॥
સિદ્ધ૦ ॥૪॥

જિનવરને પણ માન્યપણે જે, હાંરે સૂરિ માણક શિર શેખરિયા. ॥ભ૦॥
ધ્યેય રૂપે જેણે ધ્યાનમાં ધરિયા, હાંરે તે સંસાર સાગર તરિયા. ॥ભ૦॥
સિદ્ધ૦ ॥૫॥

**॥ દુહો ॥**

વર્ણાદિક નહીં વિંશતિ, વેદાં[5]કર વિનાશ;
અરુહ અસંગી અ[6]નંગી એ, વંદો સદ્ગુણ વાસ ॥૧॥

**॥ ઢાળ ॥** રાગ : દેશ ॥

॥ વિમલા નવ કરશો ઉચાટ કે વહેલા આવશું રે - એ દેશી ॥

**ભવિજન સિદ્ધ નિરંજન નમિયે, નિર્મલ ભાવથી રે** ॥ એ આંકણી ॥

પર મમતા પરિણતિ પરિહરિયા, અનુપમ જ્ઞાન ધ્યાન આચરિયા;
ભવજલ તરિયા, રત્નત્રયી રૂપ નાવથી રે. ભવિજન૦ ॥૧॥

અકલ અમલ અવિકલ અવિકારી, સ્વાભાવિક સંપત્તિ સ્વીકારી;
ગુણગણધારી, વિરમ્યા સકલ વિભાવથી રે. ભવિજન૦ ॥૨॥

વિશદાનંદ સ્વરૂપ વિલાસી, અલખ અગોચર અજ અવિનાશી;
અવિચલ મંદિરવાસી, કર્મ અભાવથી રે. ભવિજન૦ ॥૩॥

---

૨. અસંગાનુષ્ઠાન, ૩. દૃષ્ટાંત, ૪. ભંડાર, ૫. ત્રણ વેદ અને પાંચ આકૃતિ, ૬. અશરીરી

સિદ્ધગિરિ આદિ તીરથ સુખકારી, સિદ્ધ અનંત તિહાં સંભારી;
જાપ જપો જયકારી, ભક્તિ જમાવથી રે. ભવિજન૦ ॥૪॥

સૂરિ માણક પરિણામ સુધારી, વંદે સિદ્ધ સ્વરૂપ વિચારી;
દોષ વિદારી શુભ ગુણ સમરણ દાવથી રે. ભવિજન૦ ॥૫॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

### ॥ દુહો ॥

બાર ભાવના ભાવતા, પડિમા વહતા બાર;
બારે તપ તપતા સૂરિ, વંદુ વારંવાર ॥૧॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : બરવો. તાલ : કેરબો ॥
॥ મજા દેતે હ ક્યા યાર, તેરે બાલ ઘુંઘરવાલે - એ દેશી ॥

**ધન ધન આચારજ ભગવાન,** શ્રી જિનશાસન મંડણ સ્વામી;
શુદ્ધ પ્રરૂપક [૧]સંખ્યાવાન વાચંયમ મંડલ વિશરામી ॥ એ આંકણી ॥

જનમ્યા ઉત્તમ કુલમાં જેહ, [૨]દીપ્તિ [૩]દીપિત સુંદર દેહ;
ગાંભીર્યાદિક ગુણગણ ગેહ, નિર્મલ ચરણ કરણ નિઃકામી. ધન૦ ॥૧॥

દશવિધ ચિત્ત સમાધિ ઉદાર, સાધે સામાચારી સાર;
સોળ કષાય તણા તજનાર, ગણધર ગણનાયક ગુણધામી. ધન૦ ॥૨॥
સત્તાવીશ મુનિ ગુણ ધરનાર, લે નવ કોટી શુદ્ધાહાર;
ભદ્રંકર સૂરિ ગુણ ભંડાર, આગમ [૪]વેદી આતમરામી. ધન૦ ॥૩॥

બાવીશ પરિષહના સહનાર, અંતર ગ્રંથિ પરિહરનાર;
તે ભવ સાગર તારણહાર સાચા સૂરીશ્વર શિવગામી. ધન૦ ॥૪॥

છત્રીશ છત્રીશી ગુણધાર, ભાવાચારજ ભુવનાધાર;
પામે ભવ ત્રીજે ભવ પાર, નમિયે સૂરિ માણક શિરનામી. ધન૦ ॥૫॥

---
૧. વિદ્વાન, ૨. કાંતિ, ૩. શોભિત, ૪. જ્ઞાતા.

॥ દુહો ॥

પાપસ્થાન પરિહરે, અષ્ટાદશ નર દોષ;
દૂર તજી દીક્ષા દીયે, સૂરીશ્વર ગુણ [1]કોશ ॥૧॥

॥ ઢાળ ॥

॥ માન માયાના કરનારા રે - એ દેશી ॥

જિન આણા ધારી નર નારી રે, **સદા સેવો સૂરિ ગચ્છરાયા;**
વીર આગમ વચન વિચારી રે, કરી નિર્મલ મન વચ કાયા ॥ એ આંકણી ॥

કરણ તુરંગમ જે વશ કરતા, જ્ઞાન લગામ બનાયા;
બ્રહ્મચરજ ગુપ્તિ નવ ધરતા, કાપે ચાર કષાયા રે. સદા૦ ॥૧॥

પાવન પંચ મહાવ્રત પાલે, આચાર પંચ ધરાયા રે;
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાજિત, છત્રીશ ગુણ સોહાયા રે. સદા૦ ॥૨॥

વીર પ્રભુથી સૂરિ પરંપરા, દુપ્પસહ સુધી દર્શાયા;
અંગચૂલિયા જોઈ માનો આચારજ, પાટ પરંપર આયા રે. સદા૦ ॥૩॥

નમના-ભિગમન વંદન પૂજન, વૈયાવચ્ચ સુખદાયા;
અશન વસન જલ ઔષધ અર્પણ, ભક્તિ કરો નિર્માયા રે. સદા૦ ॥૪॥

ગણધોરી ગુરુ જ્ઞાની ગીતારથ, શાસન પ્રેમ સવાયા;
સૂરિ માણક પદ પંકજ સેવી, પામો સુખ સમુદાયા રે. સદા૦ ॥૫॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

॥ દુહો ॥

આપે આગમ વાચના, કાપે [2]ઘંન અજ્ઞાન;
વ્યાપે નહીં કોપે કદા, ધરિયે વાચક ધ્યાન ॥૧॥

---

૧. ભંડાર, ૨. નિબિડ.

**॥ ઢાળ ॥**

॥ સારંગના સુર. પંજાબી ચાલ ॥

॥ જય જય કાલિય મર્દન કાન, નટવર નર હરિ રે - એ દેશી ॥

**જય જય વાચક જગદાધાર, મુનિ મંડલ મણિ રે.**
ભાસુર જ્ઞાન રયણ ભંડાર, શમામૃત-સારણી રે;
શ્રી જિનશાસનના શણગાર, શમામૃત-સારણી રે.
જય જય વાચક જગદાધાર, મુનિ મંડલ મણિ રે ॥૧॥

॥ શાખી ॥

સૂરીશ્વર સન્મુખ સદા, જે યુવરાજ સમાન,
ક્ષણ ક્ષણ ગણ રક્ષણ કરે, જ્ઞાન ધ્યાન ગુલતાન;
જ્ઞાન ધ્યાન ગુલતાન, પ્રમાદ દશા હણી રે,
નિદ્રા વિકથા દૂર નિવાર પ્રમાદ દશા હણી રે. જય૦ ॥૨॥
સકલ [૧]સમય વિધિ સાચવી, [૨]સમય ઉચિત સુપ્રમાણ,
[૩]સમય ભણાવે સાધુને, સ્વપર સમયના જાણ;
સ્વપર સમયના જાણ, પ્રવીણ શિરોમણિ રે,
વેદી નય ગમ ભંગ વિચાર, [૪]પ્રવીણ શિરોમણિ રે. જય૦ ॥૩॥

॥ શાખી ॥

અશ્મ સરીખા અજ્ઞને, કરતા જે કોવિદ,
ભાવ વાચક તીજે ભવે, લહે [૫]સકલ-સંવિદ;
લહે સકલ સંવિદ, કર્મ વેલી લણી રે,
પામે ભવસાગરનો પાર, કર્મવેલી લણી રે. જય૦ ॥૪॥

॥ શાખી ॥

પરવાદિ [૬]કરિ [૭]કેશરી, વીર ધીર ગંભીર,
વાચક માણક વંદીએ, સદા નમાવી શિર;
સદા નમાવી શિર, ઉલટ આણી ઘણી રે,
કરવા આતમનો ઉદ્ધાર, ઉલટ આણી ઘણી રે. જય૦ ॥૫॥

---

૧. સિદ્ધાંત, ૨. અવસર, ૩. આગમ, ૪. પંડિત, ૫. કેવળજ્ઞાન, ૬. હાથી, ૭. સિંહ.

॥ દુહો ॥

જાણે અંગ ઉપાંગ જે, નંદિ ને અનુયોગ;
તે વાચક પદ વંદતાં, શિવરમણી સંજોગ ॥૧॥

॥ ઢાળ ॥

॥ બલિહારી બલિહારી બલિહારી - એ દેશી ॥

સુખકારી સુખકારી સુખકારી, **ઉવઝાય આતમરામી,**
**બહુશ્રુત ગુણધામી, ભવિજન પૂજીએજી** ॥ એ આંકણી ॥

પંચ વિષય જે પીલે, જ્ઞાન સુધારસ ઝીલે;
માયા ને મમતા મારી. ઉવઝાય૦ ॥૧॥

ભાવના પચવીશ ભાવે, ધ્યાન સોહં પદ ધ્યાવે;
પર પરિણતિ પરિહારી. ઉવઝાય૦ ॥૨॥

લાહો નર ભવનો લેવા, સારો બહુશ્રુતની સેવા;
કુમતિ કુસંગ દૂર વારી. ઉવઝાય૦ ॥૩॥

વિનય વૈયાવચ્ચ કીજે, દાન અશનાદિ દીજે;
ભક્તિ બહુમાન કરીએ ભારી. ઉવઝાય૦ ॥૪॥

પાઠક માણક જે પૂજે, કર્મ શત્રુ તસ ધ્રુજે;
પરણે તે શિવવધૂ પ્યારી. ઉવઝાય૦ ॥૫॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

॥ દુહો ॥

[૧]ભ્રમણ-વમન [૨]અક્ષર-ગમન, [૩]કમન-દમન કરનાર;
[૪]શમન-[૫]શમન સંયમ રમણ, શ્રમણ નમન સુખકાર ॥૧॥

---

૧. ભવભ્રમણ વમવા, ૨. મોક્ષ જવા, ૩. કામ, ૪. મરણ, ૫. શમાવનાર.

**॥ ઢાળ ॥**

॥ રાગ : કેરબો. તાલ : ઠુમરી ॥

॥ પાસ જિણંદા પ્રભુ મેરે મન વસિયા - એ દેશી ॥

**વૈસે મુણીંદા, પ્રભુ મેરે મન વસિયા**
**વૈસે મુનિવર મેરે મન વસિયા ॥ એ આંકણી ॥**

**ષટ વ્રતધર ષટકાયકે રક્ષક, કરણકે[1] ફંદમેં જે નહીં ફસિયા, વૈસે૦**
**ક્રોધ જ્વલનસેં જલત ન કબહુ, લોભ ભુજંગમ જાસ ન ડસિયા. વૈસે૦ ॥૧॥**

**પ્રતિદિન શુદ્ધ પ્રતિલેખન કરતે, વિમલ વિશુદ્ધિ ચિત્ત વિકસિયા, વૈસે૦ ॥**
**અકુશલ મન વચ તનુ અવરોધે, ઉજ્વલ સંયમ યોગ ઉલસિયા. વૈસે૦ ॥૨॥**

**સબ ઉપસર્ગ પરિસહ સહતે, સગવીશ સંયત ગુણ ફરસિયા, વૈસે૦ ॥**
**તપ તલવાર સુધાર લે કરમેં, કર્મ સુભટકે સન્મુખ ધસિયા. વૈસે૦ ॥૩॥**

**જે રિપુ મિત્ર બરાબર જાને, [2]દશદ કનક સમભાવ દરસિયા, વૈસે૦ ॥**
**પુદ્ગલ પરિણતિકે પરિહારી, આતમ અનુભવ જ્ઞાન કે રસિયા. વૈસે૦ ॥૪॥**

**પર ઉપકાર કરનમેં તત્પર, ખટપટ લટપટસેં દૂર ખસિયા, વૈસે૦ ॥**
**વૈસે શ્રમણ માણક પદ વંદત, પાપ પડલ હમ સકલ પ્રણસિયા. વૈસે૦ ॥૫॥**

**॥ દુહો ॥**

**કર્મ શત્રુને કાપવા, પેહેર્યો મુનિવર વેશ;**
**પ્રાણિ ગણ પ્રતિબોધતા, વિચરે દેશ વિદેશ ॥૧॥**

**॥ ઢાળ ॥**

॥ મલ્લિનાથ વિના ચિત્ત કો ન ગમે - એ દેશી ॥

**મુનિરાજ સદા નિજરૂપ રમે.**
**રૂપ રમે નિજ રૂપ રમે, મુનિરાજ સદા નિજ રૂપ રમે ॥ એ આંકણી ॥**

**પરનિંદા મચ્છર પરિહરતા, વિકથા ચાર કષાય વમે, મુનિરાજ૦**
**પ્રવચન જ્ઞાન સુધારસ પીવે, દુરંત વેદ વિકાર દમે. મુનિરાજ૦ ॥૧॥**

---

૧. ઇન્દ્રિય, ૨. પથ્થર.

વિશુદ્ધ દશવિધ વાચંયમનો, ધર્મ ઉપાસી કર્મ ધમે, મુનિરાજ૦
સુડતાલીશ દૂષણ દૂર છંડી, જે નિરવદ્ય આહાર જમે. મુનિરાજ૦ ॥૨॥

વડીલ વિનય સ્વાધ્યાય વિમલ વર, યોગાભ્યાસ અખંડ[૧] યમે, મુનિરાજ૦
[૨]ઉપકૃતિ ને ઈતિ[૩] કર્તવ્યતા, સાધુ વ્યાપારથી દુઃખ શમે. મુનિરાજ૦ ॥૩॥

એવા મુનિવરને જે [૪]અંગી, નિર્મલ ભાવે નિત્ય નમે, મુનિરાજ૦
દાન દીયે કરે દ્વાદશ વંદન, ભવ અટવીમાં તે ન ભમે. મુનિરાજ૦ ॥૪॥

મુનિ પદ ગાવો, મુનિ પદ ધ્યાવો, તજી અવર જંજાલ તમે, મુનિરાજ૦
સૂરિ માણક શ્રી મુનિપદ સેવતાં, ચિર સંચિત [૫]અઘ દૂર [૬]ગમે. મુનિરાજ૦ ॥૫॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા ॥

### ॥ દુહો ॥

દાન ધ્યાન પ્રાણિ દયા, સંજમ સ્વાધ્યાય;
શીલ તીર્થ જિન સેવના, દર્શન યુત શિવ દાય ॥૧॥

**॥ ઢાળ ॥** રાગ : માઢ ॥
॥ ધરો નૈવેદ્ય વિવિધ પ્રકાર રે - એ દેશી ॥

**ધરો દર્શન ગુણ સુખદાય રે,** ધરો દર્શન ગુણ સુખદાય;
જેમ જન્મ મરણ દુઃખ જાય રે, ધરો દર્શન ગુણ સુખદાય ॥એ આંકણી ॥

પંચ પ્રકાર મિથ્યાત્વ પરિહરી, આઠ ધરી આચાર;
શુદ્ધ દેવ ગુરુ ધર્મની સેવા, વર દર્શન વ્યવહાર રે. ધરો૦ ॥૧॥

શ્રદ્ધા ભાસન સ્વરૂપ રમણતા, અનુભવમય અભિરામ;
રત્નત્રયી રૂપ આતમ પરિણતિ, નિશ્ચય દર્શન નામ રે. ધરો૦ ॥૨॥

---

૧. પંચ મહાવ્રત, ૨. પરોપકાર, ૩. ક્રિયાયોગ, ૪. પ્રાણી, ૫. પાપ, ૬. ગુમાવે.

દ્રવ્યલિંગ ધરી દ્રવ્યક્રિયા કરી, કાઢ્યો અનંતો કાલ;
પણ દર્શન વિણ ફલ નવ પામ્યો, જીવ પડ્યો ભ્રમ જાલ રે. ધરો૦ ॥૩॥

અંતરમુહૂરત પણ જો ઉત્તમ, દર્શન ફરશન થાય;
તો અડધા પુદ્‌ગલ પરીયટમાં, પરમાનંદ પમાય રે. ધરો૦ ॥૪॥

દુવિધ ધર્મનો આશ્રય દર્શન, નિરૂપમ રત્ન નિધાન;
સૂરિ માણક જિન આગમ સુણી, સાચવજો સાવધાન રે. ધરો૦ ॥૫॥

॥ દુહો ॥

આપ્તપ્રણીત નવતત્ત્વમાં, સત્ય પ્રતીત સ્વરૂપ;
સમ્યગ્‌દર્શન સેવતાં, ચેતન ઘન [1]ચિદ્રૂપ ॥૧॥

॥ ઢાળ ॥ રાગ : કાફી ॥
॥ ધૂપ ધરો ધરી પ્રેમ રે, મ્હારા પ્રભુજીકે આગે - એ દેશી ॥

સમકિત દર્શન સાર રે, **મ્હારો પ્રભુજી પ્રકાશે,**
**સમકિત દર્શન સાર** ॥ એ આંકણી ॥

ચઉ શ્રદ્ધા ત્રણ લિંગ વિનય દશ, શુદ્ધિ ત્રણ સુખકાર રે, મ્હારો૦
પંચ દૂષણ ને આઠ પ્રભાવક, ભૂષણ પંચ પ્રકારે. મ્હારો૦ ॥૧॥

લક્ષણ પંચ લલિત ષટ જયણા, કારણ ષટ આગાર રે, મ્હારો૦
ભાવના ષટ ષટ થાનક ભજીએ, સડસઠ ભેદ ઉદાર રે. મ્હારો૦ ॥૨॥

ભૂખ્યો લહે જિન ઘેબર ભોજન, રંક રતન શ્રીકાર રે, મ્હારો૦
દુર્લભ દર્શન પામી પ્રમાદે, નવ હારો નર નાર રે. મ્હારો૦ ॥૩॥

જિન ગુરુ ભક્તિ તીરથ જાત્રા, સંઘ સકલ સત્કાર રે, મ્હારો૦
જીવદયા કરુણા દીનજનની, સમકિત નિર્મલ કાર રે. મ્હારો૦ ॥૪॥

નિદ્રા વિકથા દૂર નિવારી, ત્રિકરણ જોગ સમાર રે, મ્હારો૦
સમ્યગ્‌દર્શન માણક સેવો, અમૃતપદ દાતાર રે. મ્હારો૦ ॥૫॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

---

૧. જ્ઞાનરૂપ

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

### ॥ દુહો ॥

જ્ઞાને દુર્મતિ દૂર ટલે, જ્ઞાને વસ્તુ વિકાશ[1];
જ્ઞાને શ્રદ્ધા સંપજે, જ્ઞાને વ્યસન વિનાશ ॥૧॥

### ॥ ઢાળ ॥

॥ શું કહું કથની મ્હારી રાજ - એ દેશી ॥

જ્ઞાન ભણો ગુણખાણી **રાજ, જ્ઞાન ભણો ગુણખાણી;**
તુમે ઉલટ મનમાં આણી રાજ, જ્ઞાન ભણો ગુણખાણી ॥ એ આંકણી ॥

જ્ઞાન અભ્યાસે જડતા નાશે, વિમલ વિવેક વિકાશે;
વીર્ય ઉલ્લાસે સંવર વાસે, પાવન જ્યોતિ પ્રકાશે. રાજ૦ ॥૧॥

તત્ત્વ નિહાલે તૃષ્ણા ટાલે, વૈરાગે મન વાલે;
ગર્વને ગાલે પાપ પખાલે, જ્ઞાની જ્ઞાન અજુવાલે. રાજ૦ ॥૨॥

મુક્તિ નિદાને પરમ પ્રધાને, તત્ત્વસંવેદન જ્ઞાને;
[2]કુગ્રહ હાને માર્ગ શ્રદ્ધાને, યત્ન કરો એકતાને. રાજ૦ ॥૩॥

બાલક માને લિંગને બાને, મધ્યમ નર વ્રત માને;
આગમ જ્ઞાને બુધ પ્રમાણે, સમજો [3]ષોડશક સાને. રાજ૦ ॥૪॥

આતમ ધ્યાની નિરભિમાની, સૂરિ માણક ગુરુ જ્ઞાની;
સેવો પ્રાણી મોક્ષ નિશાણી, કરવા જ્ઞાન કમાણી. રાજ૦ ॥૫॥

### ॥ દુહો ॥

પાવન પાંચે જ્ઞાનમાં, સ્વપર પ્રકાશક સાર;
શ્રી શ્રુતજ્ઞાન દીપક સમું, એક જ છે આધાર ॥૧॥

---

૧. પ્રકાશ, ૨. કદાગ્રહત્યાગ, ૩. એ નામનો ગ્રંથ.

॥ ઢાળ ॥

॥ આંખ વિના અંધારુ રે, સદાય મ્હારે - એ દેશી ॥

**જ્ઞાન વિના અંધારું રે, સદા હૃદયમાં, જ્ઞાન વિના અંધારું ॥ એ આંકણી ॥**

કરતાં અજ્ઞાન કિરિયા, ફોગટ ભવ ફેરા ફરિયા;
મોહ વશે માન્યું મ્હારું મ્હારું રે. સદા૦ ॥૧॥

પુદ્‌ગલ પરિણતિ પોતાની, માને આતમ અજ્ઞાની;
લાગે તસ કર્મનું લારું લારું રે. સદા૦ ॥૨॥

જ્ઞાન જ્યોતિ ઘટમાં જાગે, ભૂલ અનાદિની ભાગે;
પ્રગટે વર દર્શન પ્યારું પ્યારું રે. સદા૦ ॥૩॥

જ્ઞાની સત્યાસત્ય જાણે, પુણ્ય ને પાપ પીછાણે;
ચેતન રૂપ સમજે ચારુ ચારુ રે. સદા૦ ॥૪॥

વિનય જ્ઞાનીનો વહિયે, અહનિશ આણામાં રહિયે;
લહિયે શ્રુત માણક સારું સારું રે. સદા૦ ॥૫॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

### ॥ દુહો ॥

નિર્મલ ચરણ ધરમ નમો, રમો નિજાતમ રૂપ;
દુરંત મોહ રિપુ દમો, વમો વિભાવ વિરૂપ ॥૧॥

॥ ઢાળ ॥ રાગ : વસંત ॥

॥ તું તો નૈવેદ્ય પૂજા કર હો, રંગીલે જીઉરા - એ દેશી ॥

**તું તો ચરણ ધરમ અનુસર હો ॥ રંગીલે જીઉરા ॥**
અમૃતપદનું અનંતર કારણ, શુદ્ધ ચરણ સંવર હો.
રંગીલે જીઉરા. તું તો૦ ॥૧॥

દેશ સર્વ ભેદે જિન દાખે, દોય ચરણ દુઃખહાર હો, રંગીલે૦
દેશચરણ ગૃહીને વ્રત દ્વાદશ, સર્વચરણ મુનિવર હો. રંગીલે૦ તું તો૦ ॥૨॥

પાવન પંચ મહાવ્રત પાલન, શ્રમણ ધરમ દશ ધર હો, રંગીલે૦
સત્તર ભેદે સંજમ સાધન, વૈયાવચ્ચ દશ કર હો. રંગીલે૦ તું તો૦ ॥૩॥

નિર્મલ બ્રહ્મચરજ ગુપ્તિ નવ, દ્વાદશ તપ આચર હો, રંગીલે૦
ઉજ્વલ રત્નત્રયી આરાધન, ચાર કષાય વિસર હો. રંગીલે૦ તું તો૦ ॥૪॥

દેશચરણ વૈમાનિક પદ દીયે, સર્વ ચરણ શિવઘર હો, રંગીલે૦
પરમાલંબન પ્રરૂપે, જિન માણક ગણધર હો. રંગીલે૦ તું તો૦ ॥૫॥

**॥ દુહો ॥**

આઠ કષાય અભાવથી, દેશ ચરણ સુખ દાય;
બાર કષાય નિવારતાં, સર્વ ચરણ ગુણ થાય ॥૧॥

**॥ ઢાળ ॥** રાગ : વઢંસ ॥

॥ નાથ કૈસે ગજકો બંધ છોડાયો – એ દેશી ॥

**સેવો ભાઈ ચારિત્ર પદ સુખકારી,** સદા તુમે ત્રિકરણ જોગ સમારી;
સેવો ભાઈ ચારિત્ર પદ સુખકારી ॥ એ આંકણી ॥

પ્રબલ પ્રમાદ દશા પરિહારી, જ્ઞાન વિવેક વધારી;
સમ્યગ્દર્શન ગુણ સંભારી, આતમ તત્ત્વ વિચારી. સેવો૦ ॥૧॥

હિંસાદિક આશ્રવ અપહારી, સંવર ભાવ સુધારી;
નિંદા વિકથા દૂર નિવારી, વૈર વિરોધ વિસારી. સેવો૦ ॥૨॥

વિષય કષાયની વાસના વારી, માયા મમતા મારી;
અનુપમ સમતા ગુણ અવધારી, શોક હરખ સંહારી. સેવો૦ ॥૩॥

પરમ નિવૃત્તિ પ્રવૃત્તિ પ્રચારી, વ્યવહાર ચરણ સ્વીકારી;
નિશ્ચય નિજ ગુણ થિરતા ધારી, આરાધો હિતકારી. સેવો૦ ॥૪॥

સૂરિ માણક જિન શિક્ષા સારી, માને જે નરનારી;
પામે તે શિવસંપદ પ્યારી, કર્મ કલંક ઉતારી. સેવો૦ ॥૫॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

### ॥ દુહો ॥

જેમ [1]ધનંજય જોગથી, કાંચન કાટ કપાય;
તેમ તીવ્ર તપ [2]તપનથી, ક્લિષ્ટ કર્મ મલ જાય ॥૧॥

**॥ ઢાળ ॥** રાગ : કાફી ॥

॥ પ્રતિદિન કરો ભવિકજન, પ્રભુ પુર દીપ પ્રકાશ - એ દેશી ॥

**તપ તુમે કરો ભવિકજન, સમતા ચિતમાં લાય;**
ષડવિધ બાહિર ષડવિધ અંતર, જલ્પે તપ જિનરાય. તપ૦ ॥૧॥

ઈચ્છારોધે સંવર ભાવે, નિર્મદ ને નિર્માય;
વિધિપૂર્વક તપ કરતાં વેગે, જન્મ મરણ દુ:ખ જાય. તપ૦ ॥૨॥

બ્રહ્મચર્ય જિન અર્ચા જેમાં, જેથી જાય કષાય;
જિન આણા જલવાય વલી જ્યાં, તે તપ શુદ્ધ કહાય. તપ૦ ॥૩॥

હોય નહીં દુર્ધ્યાન હૃદયમાં, ઈંદ્રિય ક્ષીણ નવ થાય;
જોગ વીશે ખામી નહીં જેથી, તેહી જ તપ શિવદાય. તપ૦ ॥૪॥

વિકટ વિઘન તપ ગુણથી વિઘટે, પૂજે સુર નર પાય;
માણકસિંહ કહે તપ મહિમા, મ્હોટો સહુથી મનાય. તપ૦ ॥૫॥

### ॥ દુહો ॥

પરમ જ્ઞાન સંવેગ રસ, ઉપશમ સાર અનૂપ;
તપ ક્ષાયોપશમિક તપો, નિરાબાધ સુખરૂપ ॥૧॥

**॥ ઢાળ ॥** રાગ : કલ્યાણ ॥

॥ દૂર કરણા દૂર કરણા, ખતરા દૂર કરણા દૂર કરણા - એ દેશી ॥

તપ કરણા તપ કરણા દુવિહા, તપ કરણા તપ કરણા.
ઉપશમ રસ અનુસરણા, **દુવિહા તપ કરણા** ॥ એ આંકણી ॥

---

૧. અગ્નિ, ૨. તપવાથી.

ઈહ પર લોકા કાંક્ષા ઝરણા, અવિધિ દોષ અપહરણા, દુવિહા૦
નિજ શક્તિ પરિણામ સમરણા, ઉચિત તપ આદરણા. દુવિહા૦ ॥૧॥

સદ્‌ગુરુ વચન સદા સ્વીકરણા, વાદ વિવાદ વિખરણા, દુવિહા૦
નિદ્રા વિકથા કલહ વિસરણા, ઈંદ્રિય ગણ સંવરણા. દુવિહા૦ ॥૨॥

જ્ઞાન ક્રિયા સાધન ઉપચરણા, ધર્મધ્યાન ચિત્ત ધરણા, દુવિહા૦
પરનિંદા મચ્છર પરિહરણા, [૧]નિજ વર્ણન નવિ કરણા. દુવિહા૦ ॥૩॥

તપ પૂરણ ઉજમણા ભરણા, શાસન ભાસન કરણા, દુવિહા૦
ઈણ વિધિ ઉત્તમ તપ આચરણા, કરમ ભરમ નિર્જરણા. દુવિહા૦ ॥૪॥

સૂરિ માણક જિન સેવન કરણા, સન્મારગ સંચરણા, દુવિહા૦
રિદ્ધિ સિદ્ધિ સુખ મંગલ વરણા, ભવજલ પાર ઉતરણા. દુવિહા૦ ॥૫॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

**॥ કલશ ॥** રાગ : રેખતા ॥

॥ અવસર પલ પલ જાવે, સુતા તોકું નિંદ ક્યું આવે - એ દેશી ॥

**સદા સિદ્ધચક્ર ભવિ સેવો,** લાહો નરજન્મનો લેવો;
અવર નહીં સાધન જગ એવો, મનોરમ મોક્ષનો મેવો. સદા૦ ॥૧॥

ભજે જે નવપદને ભાવે, જરૂર તસ દુઃખ દોહગ જાવે;
પ્રવર મંગલ કમલા પાવે, અનુક્રમે અજર અમર થાવે. સદા૦ ॥૨॥

જેથી શ્રીપાલ ભૂમિસ્વામી, પ્રભુતા રાજ્ય રમા પામી;
થશે નવમે ભવ શિવગામી, નમો તે નવપદ શિર નામી. સદા૦ ॥૩॥

તપા ગણ ગગનાંગણ તરણિ, ચારુ સૂરિ વિજયસિંહ [૨]ચરણી;
સત્ય કપૂર સુગુણ [૩]ધરણી, ક્ષમા જિન ઉત્તમ શુભ કરણી. સદા૦ ॥૪॥

પ્રભાવક પદ્મ રૂપ પ્યારા, કીર્તિ ઉદ્યોત જયકારા;
અમર ગુમાન સદાચારા, ગુરુ શ્રી પ્રતાપ વિજય મ્હારા. સદા૦ ॥૫॥

---

૧. પોતાના વખાણ, ૨. ચારિત્રધારી, ૩. ભૂમિ

અભિનંદન જિનવર ધામે, [1]ધની ધર્મી જન અભિરામે;
ગુણાલય લોદરા ગામે, ચોમાસું રહી શુભ પરિણામે. સદા૦ ॥૬॥


વિશિખ મુનિ નંદ વિધુ વાસે, (૧૯૭૫) સિત દ્વિતીયા ગુરુ [2]સહ માસે;
સૂરિ માણક મન ઉલ્લાસે, સ્તવ્યાં નવપદ શ્રુત અભ્યાસે. સદા૦ ॥૭॥

સુગમ નવપદ [3]નવ અભિલાષી, શ્રી મેઘવિજય અંતેવાસી;
સુણી તસ પ્રાર્થના ખાસી, રચી એ રચના ગુણ રાશી. સદા૦ ॥૮॥

લલિત નવપદશું લય લાવો, ધીરજ ધરી ધ્યાનમાં ધ્યાવો;
ગુરુ સૂરિ માણક ગુણ ગાવો, પરમ સુખ સંપદા પાવો. સદા૦ ॥૯॥

**॥ ઇતિ વિ.સં. ૧૯૭૫, માગસર સુદ-૨, લોદરા ગ્રામે**
**આ.શ્રી માણિક્યસિંહસૂરિજી વિરચિત શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

•••



૧. ધનવાન, ૨. માગસર માસ, ૩. સ્તુતિ-સ્તવન.

૭

આચાર્ય શ્રી માણિક્યસિંહસૂરિજી વિરચિત

# શ્રી નવપદ પૂજા (લઘુ)

## ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

### ॥ દુહા ॥

પ્રણમી વિશ્વંભર વિભુ, શ્રી ચિંતામણિ પાસ;
સિદ્ધચક્ર ગુણ ગાઈશું, ધરી માનસ ઉલ્લાસ ॥૧॥

અરિહા સિદ્ધ સૂરીશ્વરુ, વાચક ગુણગણધામ;
વાચંયમ પ્રણમું સદા, તિમ દર્શન અભિરામ ॥૨॥

જ્ઞાન ચરણ તપ સુખકરું, એ નવપદ જગસાર;
ભાવધરી આરાધતા, પામીજે ભવપાર ॥૩॥

જેહથી [૧]સાધ્વસ ઉપશમે, દુષ્કૃત દુઃખ પલાય;
તે નવપદ નમીએ ભવિ, થિર કરી મન વચ કાય ॥૪॥

તરવા ભવ પયોનિધિ, વરવા મંગલમાલ;
પૂજા નવપદની રચું, ધરતો ભાવ વિશાલ ॥૫॥

વીતરાગ ત્રિભુવનધણી, પરમેષ્ઠીમાં મુખ્ય;
તિણે પ્રથમ જિન પૂજીએ, જિમ લહીએ શિવસૌખ્ય ॥૬॥

---

૧. ભય.

**॥ ઢાળ ॥**

॥ રાગ : સંભવ જિન અવધારીએ... ॥

**ભવિયણ અરિહા વંદીએ,** કરુણાકર ભગવંત સલૂણે.
પારંગત પરમાતમા, બોધ અનંત ભદંત સલૂણે. ભવિ૦ ॥૧॥

જેહનાં કલ્યાણક દિને, નરકે પણ ઉદ્યોત સલૂણે. ભવિ૦ ॥૨॥
તરણ શરણ ભવિજીવને, તારણ જે ભવપોત સલૂણે. ભવિ૦ ॥૩॥

અમૃતરસ સમ દેશના, જે દિયે જગ ઉપગાર સલૂણે. ભવિ૦ ॥૪॥
પ્રાતિહારજ અડ શોભતા, વર્જિત દોષ અઢાર સલૂણે. ભવિ૦ ॥૫॥

ચાર અતિશય સહજના, નિર્જર કૃત ઓગણીસ સલૂણે. ભવિ૦ ॥૬॥
અગિયાર કર્મ ખપ્યા થકી, અતિશય જસ ચોત્રીસ સલૂણે. ભવિ૦ ॥૭॥

[૧]ચિત્રશિખંડી જ સારિખા, જીહ સહસ વલી પાય સલૂણે. ભવિ૦ ॥૮॥
તો પણ ગુણ જિનવર તણા, કીણહિ યે ન ગણાય સલૂણે. ભવિ૦ ॥૯॥

જિન માણેક પરમેશને, પૂજે જે ત્રણ કાળ સલૂણે. ભવિ૦ ॥૧૦॥
તે જિન કર્મ હણી વરે, શિવરમણી વરમાળ સલૂણે. ભવિ૦ ॥૧૧॥

**॥ કાવ્યં ॥** ઉપજાતિ વૃત્તં ॥

કલ્યાણમાલા કમલા વદાન્યં, નરેન્દ્ર નાગેન્દ્ર સુરેન્દ્ર માન્યં;
સંસારદાવાનલ નીરચક્રં, નમામિ નિત્યં વર સિદ્ધચક્રં ॥૧॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય જલં ચદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

---

૧. કુકડો.

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

### ॥ દુહા ॥

સકલ કર્મમલ ધોઈને, પામ્યા શુદ્ધ સ્વભાવ;
નિત્ય નમો તે સિદ્ધને, ભવિજન ધરી બહુભાવ ॥૧॥

લોકશિખર ફરસી રહ્યા, મુક્તિ મહિલા કંત;
અનંત સુખને અનુભવે, નમો સિદ્ધ ભગવંત ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : અલૈયા બિવાલર, મૈં કીનો સહી... ॥

પરમાનંદ પરમપદ ભોક્તા, દર્શન જ્ઞાન અનંત,
જિનવરને પણ માન્યપણે, જે જ્યોતિ સ્વરૂપ ભદંત,
**મેં કીનો સહી સિદ્ધ શરણ ગુણવંત ॥૧॥**

અલખ અગોચર અચલ અકામી, અવિકારી ભગવંત;
અવિનાશી અકલંક અમોહી, આતમરામી સંત. મેં કીનો૦ ॥૨॥

અજર અમર વચનાતીત હુવા, ગતનિદ્રા ભય રોગ;
અકોહી, અમાની, અમાયી, અલોભી, અમલ અનાશી અભોગ. મેં કીનો૦ ॥૩॥

બંધ ઉદય ઉદીરણ સત્તા, કરમ ભરમ કરી અંત;
એક સમયમાં સિદ્ધિ વર્યા જે, ભાંગે સાદિ અનંત. મેં કીનો૦ ॥૪॥

પન્નર ભેદે વિચારી વંદે, સિદ્ધને જે નરનાર;
માણેકવિજય કહે તે પામે, ભીમ ભવોદધિ પાર. મેં કીનો૦ ॥૫॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

### ॥ દુહા ॥

દ્વાદશ અંગ ઉપાંગ, સૂત્ર અર્થના જાણ;
દશ રુચિ શિક્ષા દુગ લહે, આચારજ ગુણખાણ ॥૧॥

બાર ભાવના ભાવતા, પડિમા વહતા બાર;
બારે તપ તપતા સૂરિ, વંદુ વારંવાર ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : એ ઉંચો ને અલબેલો રે, કામણગારો કાનુડો... ॥

તુમે આચારજ પદ વંદો રે, **હો મનમાન્યા મોહનીયા**
જિમ પાપ કલાપ નિકંદો રે, હો મનમાન્યા મોહનીયા
જે પંચ મહાવ્રત પાલે રે, હો મનમાન્યા મોહનીયા
સમિતિ પાંચે સંભાલે રે, હો મનમાન્યા મોહનીયા. મન૦ ॥૧॥

ત્રણ ગુપ્તિને આદરતા રે હો મન૦ વળી પંચાચારને ધરતા રે હો મન૦
પણ ઈન્દ્રિ તુરંગમ દમતા રે હો મન૦ નવ બ્રહ્મગુપ્તિશું રમતા રે હો મન૦ ॥૨॥

ક્રોધાદિક ચઉથી ન્યારા હો મન૦ એ છત્રીસ ગુણ ભંડારા રે હો મન૦
સહે બાવીશ પરિષહ ભારી રે હો મન૦ અંતરગ્રંથિ પરિહારી રે હો મન૦ ॥૩॥

સત્તાવીશ મુનિ ગણધારી રે હો મન૦ નવકોટી શુદ્ધાહારી રે હો મન૦
બારસેં છન્નુ ગુણ ભરિયા રે હો મન૦ મદ મોહ રહિત ગણ ધરિયા રે
હો મન૦ ॥૪॥

સાયર પેઠે ગંભીરા રે હો મન૦ મેરુ મહીધર સમ ધીરા રે હો મન૦
વરજ્ઞાન સમાધિ ઉદાર રે હો મન૦ સૂરિ જિનશાસન શણગારા રે
હો મન૦ ॥૫॥

ભવ ત્રીજે ભવજલ પારા રે હો મન૦ લહે ભાવાચારજ સારા રે હો મન૦
તસ પદ નમી ભાવ અમંદે રે હો મન૦ મુનિ માણેક નિત આનંદે રે
હો મન૦ ॥૬॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

### ॥ દુહા ॥

ચાર કષાયને પરિહરે, પાલે મહાવ્રત પંચ;
દશવિધ ધર્મ ધરે સદા, નહીં જસ મોહ પ્રપંચ ॥૧॥
અંગોપાંગ ભણાવતા, શિષ્ય વર્ગને જેહ;
તે પાઠકને વંદતા, થાય કલુષનો છેહ ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : નિશદિન જોઉં વાટડી, ઘેર આવો ઢોલા ॥

**પાઠક પદ પ્રણમો તુમે,** ભવિયાં ઘનભાવે;
જેહ સૂરીશ્વર આગળે, યુવરાજ કહાવે. પાઠક૦ ॥૧॥
મદ આઠે દૂરે તજો, ખિણ કોહ ન લાવે;
છાંડે પ્રમાદને ભાવના, ભલી પણવીસ ભાવે. પાઠક૦ ॥૨॥
સમય ઉચિત મુનિવૃંદને, સિદ્ધાંત ભણાવે;
પાષાણ સમ જડ શિષ્યને, કૃતિ રત્ન બનાવે. પાઠક૦ ॥૩॥
બાર ભેદે તપ જે કરી, નિજ કર્મ ખપાવે;
વિહાર નવકલ્પી કરે, દ્વાદશાંગને ધ્યાવે. પાઠક૦ ॥૪॥
પરવાદિ કરિ કેસરી, જિનધર્મ દીપાવે;
વયણ સુધારસે લોકનાં, સંતાપ શમાવે. પાઠક૦ ॥૫॥
ઉપમા સોલે સોહતા, બહુશ્રુત ગુણ દાવે;
તે વાચક પદ વંદતા, ભવભવ દુઃખ જાવે. પાઠક૦ ॥૬॥
ગુણ પચવીશે જે ભર્યા, સમતા રસ ન્હાવે;
ભાવ વાચક ત્રીજે ભવે, અવિચલ પદ પાવે. પાઠક૦ ॥૭॥
માનવ દાનવ દેવતા, જેહના ગુણ ગાવે;
માણેક હરખે તેહને, નિત નિત શીર્ષ નમાવે. પાઠક૦ ॥૮॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ પંચમ શ્રી મુનિપદ પૂજા ॥

### ॥ દુહા ॥

કર્મશત્રુ હણવા ભણી, પહેર્યો મુનિવર વેશ;
ભવ્યજીવ પ્રતિબોધતા, વિચરે દેશ વિદેશ ॥૧॥

આણા શ્રી અરિહંતની, શિર પર વહતા જેહ;
તેહ શ્રમણને સેવતા, લહીએ શાશ્વત ગેહ ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : ગોડી. તોરણ આઈ ક્યું ચલે રે... ॥

ધન ધન મુનિરાજને રે, સાધે જે શિવપંથ સલૂણા;
બહિરંતર ગ્રંથિ તજી રે, જેહ થયા નિર્ગ્રંથ સલૂણા ॥૧॥

**જિમ જિમ મુનિવર વંદીએ રે,** તિમ તિમ નાસે પાપ સલૂણા;
પરિષહ ઉપસર્ગ સહે રે, સોહં પદ કરે જાપ સલૂણા. જિમ૦ ॥૨॥

પાપ નિયાણાથી દૂરે રે, પરિહરે આઠ પ્રમાદ સલૂણા;
સંવરમાં વર્તે સદા રે, નહિ જસ હર્ષ વિષાદ સલૂણા. જિમ૦ ॥૩॥

પંચ સમિતિ સમિતા રહે, પાલે પંચાચાર સલૂણા;
ટાલી દોષ બાયાલને રે, શુદ્ધ લહે આહાર સલૂણા. જિમ૦ ॥૪॥

ઘોર અભિગ્રહને ધરે રે, વારે અતિક્રમ ચાર સલૂણા;
વ્રત દૂષણ નવિ આચરે રે, તે મુનિ તારણહાર સલૂણા. જિમ૦ ॥૫॥

સમતા સંગશું જે રમે રે, દમતા ઈન્દ્રિય ગ્રામ સલુણા;
સ્યાદ્વાદ મત જાણતા રે, સત્તાવીશ ગુણધાર સલૂણા. જિમ૦ ॥૬॥

ખંતિ મુત્તિ બ્રહ્મ શૌચતા રે, અજ્જવ મદ્દવ સત્ય સલૂણા;
અકિંચન તપ સંયમી રે, ધર્મ ધરે દશ નિત્ય સલૂણા. જિમ૦ ॥૭॥

આગમને અભ્યાસતા રે, ષટકાયના પ્રતિપાલ સલૂણા;
યોગવહન ક્રિયા વહે રે, છંડી સવિ જંજાલ સલૂણા. જિમ૦ ॥૮॥

એવા વ્રતી અણગારને રે, જે પ્રણમે ધરી નેહ સલૂણા;
કેવલ માણેક તે લહે રે, આણી કર્મનો છેહ સલૂણા. જિમ૦ ॥૯॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શન પૂજા ॥

### ॥ દુહા ॥

જેમ ગિરિમાં સુરગિરિ વડો, જ્ઞાનમાં કેવલજ્ઞાન;
તરુગણમાં સુરતરુ વડો, દાનમાં અભય પ્રધાન ॥૧॥

વિમલાચલ સર્વતીર્થમાં, તીર્થપ દેવ મઝાર;
સઘલા ગુણમાંહે વડો, તિમ સમકિતગુણ સાર ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : ત્રીજે ભવ વરથાનક તપ કરી... ॥

જેહથી મોહની દૂરે નાસે, ભવ ગણતીએ ગણાય,
તે સમ્યગ્દર્શન પદ નમતાં, જન્મ મરણ દુઃખ જાય,
**ભવિકા ! નિર્મલ દર્શન કીજે,** જિમ અક્ષય સુખ લીજે રે. ભવિકા૦ ॥૧॥

ચરણરહિત સિદ્ધ પદ પામે, સમકિત રહિત ન કોય;
નાણ નહીં સમકિત વિણ લેખે, કિરિયા પણ નવિ હોય રે. ભવિકા૦ ॥૨॥

અંતર્મુહૂર્ત પણ જે પ્રાણી, ફરસે દર્શન સોય;
અડધા પુદ્ગલ પરિયટ્ટમાં તે, નિશ્ચે તરે ભવ-તોય રે. ભવિકા૦ ॥૩॥

સડસઠ ભેદે અલંકર્યો જે, ગુણ અનંતની ખાણ;
દુવિધ ધર્મનું મૂલ વલી તે, સમકિત દર્શન જાણ રે. ભવિકા૦ ॥૪॥

અરિહંત ભક્તિ સુગુરુની સેવા, સંઘ સયલ બહુમાન;
તે સવિ સમકિત નિર્મલકારક, અવિચલ પદવી નિદાન રે. ભવિકા૦ ॥૫॥

કેવલીભાષિત વયણની શ્રદ્ધા, કરીએ મન વચ કાય;
અવિરત જિન માણેક પદ પૂજી, હરિયે અઘ સમુદાય રે. ભવિકા૦ ॥૬॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

### ॥ દુહા ॥

જ્ઞાન જગતમાં દીવડો, ભાસન સવિ અવદાત;
જ્ઞાન થકી સવિ જાણીએ, સ્વર્ગ નરકની વાત ॥૧॥

પહેલું જ્ઞાન પછી દયા, દશવૈકાલિક વાણ;
જ્ઞાન વિના કિરિયા કરે, તે નવિ હોય પ્રમાણ ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર... ॥

જ્ઞાનથી આતમ નિર્મળ હોવે, જ્ઞાન પરમ આધાર રે,
જ્ઞાને હેય ઉપાદેય લહિયે, તિમ નિશ્ચય વ્યવહાર રે,
**નમો રે નમો સુખકર નાણપદને ॥૧॥**

તત્ત્વાતત્ત્વને જ્ઞાનથી લહિયે, ભક્ષાભક્ષ વિચાર રે;
પ્રગટપણે જ્ઞાને સવિ ગ્રહિયે, જ્ઞાન થકી ભવપાર રે. નમો૦ ॥૨॥

અજ્ઞાણ ઘોર તમોભર ટાલણ, નાણ અભિનવ ભાણ રે;
જ્ઞાન તણી પરિણતિ થકી જ્ઞાની, પદ પામે નિર્વાણ રે. નમો૦ ॥૩॥

બહુ ક્રોડ વરસે અજ્ઞાની, કર્મ ખપાવે જેહ રે;
જ્ઞાની એક જ સાસો સાસે, કર્મ કરે ક્ષય તેહ રે. નમો૦ ॥૪॥

મતિ શ્રુત અવધિ મનઃપર્યવ, પંચમ કેવલનાણ રે;
ભેદ એકાવન તેહ તણા તુમે, સમજો ચતુર સુજાણ રે. નમો૦ ॥૫॥

જ્ઞાનતણી આશાતના વરજી, કરીએ ભક્તિ ઉદાર રે;
ગુણ માણેક મંદિર પ્રભુ પૂજી, નિસ્તરીએ સંસાર રે. નમો૦ ॥૬॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

### ॥ દુહા ॥

હવે નમો પદ આઠમે, સુખદાયક ચારિત્ર;
ચારિત્ર પદ જસ મન વસ્યું, તસ નર જન્મ પવિત્ર ॥૧॥

સાર્વભૌમ પણ તૃણ પરે, છંડી સુખ ષટ્ખંડ;
ચરણધર્મને આદરે, હણવા કર્મ પ્રચંડ ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : શ્રી સીમંધર સાહિબ આગે... ॥

ચારિત્રપદને વંદન કીજે, મેલી સકલ પ્રમાદ,
રંકને રાય કરે જે તિમ વળી, દુર્ગતિનો અવસાદ રે,
**ભવિયાં ! સંજમશું ચિત્ત લાવો,** જિમ પરમાનંદ પાવો રે. ભવિયાં૦ ॥૧॥

દેશ સર્વ ભેદે જિન ભાખે, ચારિત્ર દુગ નિર્માય;
દેશ ચરણ વ્રત બાર ગૃહીને, પણ મહાવ્રત મુનિરાય રે. ભવિયાં૦ ॥૨॥

દેશવિરતિ વૈમાનિક થાવે, ઈતર લહે શિવરાજ;
અશરણ શરણ ચરણ અઘહારી, ભવસાયરમાં જહાજ રે. ભવિયાં૦ ॥૩॥

રંક તણે ભવ સંપ્રતિરાજે, ભાવ વિના વ્રત લીધ;
તો પણ અંત સમાધિ મરણથી, રાજ સુખામૃત પીધ રે. ભવિયાં૦ ॥૪॥

અષ્ટ કરમ ચય-રિક્ત કરે જે, નિરુત્તે ચારિત્ર નામ;
તે ચારિત્રને હું નિત્ય વંદુ, મંગલ કમલા ધામ રે. ભવિયાં૦ ॥૫॥

સત્તરભેદ છે સંજમ કેરા, સિત્તેર ભેદ પણ હોય;
જિન માણેક ભગવંતે ભાખ્યા, શ્રી સિદ્ધાંતે જોય રે. ભવિયાં૦ ॥૬॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

### ॥ દુહા ॥

જિમ પાવક સંજોગથી, હાટક[1] નિર્મલ થાય;
તિમ વર તપ તપવા થકી, ક્લિષ્ટ કર્મમલ જાય ॥૧॥

તપથી આમય ઉપશમે, તપથી ટળે પ્રત્યૂહ;
તપથી લબ્ધિ ઉપજે, તપથી મળે સુખ વ્યૂહ ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : વસંત ધુમાર-વીર કુંવરની વાટડી કેને કહિયે... ॥

**ઘટમાં સમતા રાખીને તપ કરીએ,** તપ કરીએ રે તપ કરીએ,
માયા દૂરે પરિહરીએ, તરીએ ભવપાથ. ઘટમાં૦ ॥૧॥

તપ ગુણથી દુઃખાવલી દૂર જાવે, સુરપતિ નરપતિ વશ થાવે;
ધન રિદ્ધિ સિદ્ધિ ઘર આવે, નિત મંગલમાળ. ઘટમાં૦ ॥૨॥

સર્વમંગલમાં પહેલું મંગલ જાણો, ઈમ બોલે ત્રિભુવન રાણો;
તપ ગુણને રોજ વખાણો, ત્રણ જોગ સમાર. ઘટમાં૦ ॥૩॥

તે ભવમાંહી જ્ઞાનથી અરિહંતા, મહોદય પદવી જાણંતા;
તો યે તપ ઘોર તપંતા, તપ મહિમા અનંત. ઘટમાં૦ ॥૪॥

વર્ધમાન તપ પૂરવ ભવે કીધો, શ્રીચંદ્રે બહુ સુખ લીધો;
નિજ સઘળો મનોરથ સિદ્ધો, પામ્યો જયજયકાર. ઘટમાં૦ ॥૫॥

સાઠ સહસ સમ આંબિલ તપ કરિયો, સુંદરીએ શિવસુખ વરિયો;
કેઈ કોટિ તરિયા ભવદરિયો, તપથી હણી કર્મ. ઘટમાં૦ ॥૬॥

ખંધક સમતા સેવધિ[2] મુનિ મોટો, જાણી સંસારને ખોટો;
વળી જીવિત જલ પરપોટો, તપિયો તપ ઘોર. ઘટમાં૦ ॥૭॥

ચૌદ સહસ નિર્ગ્રંથ સાર સમા જે, શ્રી જ્ઞાતનંદન જિન રાજે;
તપ ગુણથી પ્રશંસ્યો છાજે, ધન્નો અણગાર. ઘટમાં૦ ॥૮॥

---

૧. સુવર્ણ, ૨. ભંડાર.

દુવિહા તપ સમતા ધરી જે કરશે, ભવ વારિધિ તે તરશે;
જિન માણેક પ્રભુ પદ વરશે, તોડી કર્મના પાસ. ઘટમાં૦ ॥૯॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

**॥ કળશ ॥**

સેવો સેવો રે **ભવિ નિત નિત નવપદ સેવો,**
નિરુપમ નવપદ સેવન આપે, અપુનર્ભવ સુખ મેવો,
ભવિ નિત નિત નવપદ સેવો ॥૧॥

નવપદ સમરણ કરતાં નાસે, રોગ શોગ ભય પીરા;
અવિરત મંગલમાલા વરિયે, ઝટ લહિયે ભવ તીરા રે. ભવિ૦ ॥૨॥

તપ ગણ નાયક ધીર શિરોમણિ, વિજયસિંહસૂરિ રાયા;
તાસ શિષ્ય શ્રી સત્યવિજય વર, સંવેગ મારગ ધ્યાયા રે. ભવિ૦ ॥૩॥

કપૂરવિજય તસ ખિમાવિજય તસ, [1]મેધિર જિન મુનિરાયા;
ગુરુ ઉત્તમ ગુણસદ્મ પદ્મ તસ, રૂપ કીર્તિ સોહાયા રે. ભવિ૦ ॥૪॥

પંડિત શ્રી ઉદ્યોતવિજય તસ, અમરવિજય સોભાગી;
પરમ ગુમાનવિજય વાચંયમ, જસ જિનમત મતિ જાગી રે. ભવિ૦ ॥૫॥

સુગુરુ પ્રતાપવિજય સુપ્રતાપે, શ્રુત ચિંતામણિ પાયા;
જિનશાસન ચંદન રસ યોગે, મિથ્યાત તાપ મિટાયા રે. ભવિ૦ ॥૬॥

મુનિ યુગ નંદ નિશાકર [2]હાયન (૧૯૪૭) [3]ઊર્જ માસ સિતપક્ષો;
એકાદશી વાસર શનિવારે, ફલિયો ઉદ્યમ દક્ષો રે. ભવિ૦ ॥૭॥

રહી ચોમાસું કપડવણજમાં, નવપદ ગુણગણ ગાયા,
જિન માણિક્યવિજય પ્રભુ ધ્યાને આનંદરંગ ઉપાયા રે. ભવિ૦ ॥૮॥

**॥ ઇતિ વિ.સં. ૧૯૪૭, કારતક સુદિ-૧૧, શનિવારે, કપડવંજ ગામે આ.શ્રી માણિક્યસિંહસૂરિજી વિરચિત શ્રી નવપદ પૂજા (લઘુ) સમાપ્ત ॥**

● ● ●

---

૧. પ્રજ્ઞાવાન્, ૨. વરસ, ૩. કાર્તિકમાસ.

૮

પંન્યાસ શ્રી ગંભીરવિજયજી વિરચિત

# શ્રી નવપદ પૂજા

## ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

### ॥ દુહા ॥

પ્રણમી જિન શાસનપતિ, યશોવિજયાદિ સાર;
રચના અર્થ હૃદય ધરી, નવપદ પૂજા ઉદાર ॥૧॥

પંચ વરણ નવ દલ કમળ, રચ નવપદ હૃદિ ધાર;
પંચામૃત કળશા ભરી, નવ અભિષેક ઉદાર ॥૨॥

પ્રગટ જ્ઞાન જ્યોતિમયા, પ્રાતિહારજવંત;
દેશના નંદિત ભવિજના, નમિયે તે અરિહંત ॥૩॥

અનંત શાંત પ્રમોદ દાન, જગપ્રધાન જિણંદ;
ભવિક કમલ રવિ રૂપ થુણે, મુદભર સુરનર ઈંદ ॥૪॥

જસ ધ્યાને સુખિયા થયા, રાજા શ્રીપાળ;
દુષ્ટ કરમદલ ચૂરવા, નવપદ પૂજો ત્રિકાળ ॥૫॥

નવપદ ભક્તે વાસિઆ, જે પૂજે નરનાર;
ધ્યાન સિદ્ધિ તપ સંપજે, સુખ સંપત્ત વિસ્તાર ॥૬॥

જિનનામ કર્મોદયે કરી, જગહિત દિયે ઉપદેશ;
પૂરણ બ્રહ્મ પાવન સદા, અતિશય શોભા અશેષ ॥૭॥

ઘાતિકર્મ ચઉ ખપી ગયાં, રહ્યાં અઘાતિ ચાર;
જગ સુખી પંચ કલ્યાણકે, નમું તે જગદાધાર ॥૮॥

**॥ ઢાળ પહેલી ॥**

॥ રાગ : ભૈરવી, તાલ : ઠુમરી ॥
॥ પનઘટ યારી કી રે - એ રાગ ॥

**પૂજો શ્રી તીરથપતિ અરિહા,** પાપ પખાલન શિવ રસિયા. પૂજો૦
ધર્મધુરંધર ધર્મપતિ જિન, ધીરજ મેરુ અધિક વરિયા. પૂજો૦ ॥૧॥

વિષય તાપ તાપિત જીવ ઠારણ, દેશના અમૃતઘન ઝરિયાં. પૂજો૦
ખાયક અનંત સહજ જસ વીરજ, સુર અતુલ બળ ગુણદરિયા. પૂજો૦ ॥૨॥

અક્ષય નિરમળ જ્ઞાન પ્રકાશે, (જગ) ભાવ સકળ દરશિત કરિયા. પૂજો૦
જગ જન કરુણાવંત મહંત ભવ, પડત ભવિજન કર ગ્રહિયા. પૂજો૦ ॥૩॥

**॥ ઢાળ બીજી ॥**

॥ રાગ : કાલિંગડો અથવા અડાણો. તાલ : દાદરો ॥
॥ નંદિયાં તીરે વિસર આઈ કંગ તીરે - એ ચાલ ॥

**શ્રી સિદ્ધચક્ર પૂજો ભવિ ભાવે રે,**
ભાવ ઋદ્ધિ વૃદ્ધિ લહો ભવ લગ, મુગતિ સુગતિ સુખ પાવે રે. શ્રી૦ ॥૧॥

વીશસ્થાનક તપ કરી ભવ ત્રીજે, અરિહા ગોત્ર નિપાવે રે. શ્રી૦
ચોસઠ ઈન્દ્રે પૂજિત જે જિન, પ્રગટ્યો પૂજ્ય સ્વભાવે રે. શ્રી૦ ॥૨॥

પ્રશમરસ સિંધુ દીનજન બંધુ, જ્ઞાનાનંદ સુહાવે રે. શ્રી૦
સાતે નરકે પણ અજુવાળો, કલ્યાણિક દિન થાવે રે. શ્રી૦ ॥૩॥

જગત અધિક ગુણ અતિશયધારી, નમતાં પાપ પલાવે રે. શ્રી૦
જે ત્રણ જ્ઞાન સહિત અવતરતા, ભોગ કરમને ખપાવે રે. શ્રી૦ ॥૪॥

સંજમ ધરી જગ ધરમ શિખાવત, જ્ઞાની નમતાં દુઃખ જાવે રે. શ્રી૦
મહાગોપ મહામાહણ સ્વામી, નિર્યામક તટે લાવે રે. શ્રી૦ ॥૫॥

સારથપતિ પ્રભુ ભવઅટવીમાં, નમો ભવિ ઉલસિત ભાવે રે. શ્રી૦
જે પ્રતિબોધ કરે જગજનને, પણતિગ વાણી ગુણ ભાવે રે. શ્રી૦ ॥૬॥

**॥ ઢાળ ત્રીજી ॥**

॥ રાગ : કેરબો-ઠુમરી ॥

॥ સહસફણા મોરા સાહેબા, તોરી શામરી સુરત પર વારી જાઉં રે - એ ચાલ ॥

ધ્યાવો ધ્યાવો અરિહંતપદ ધ્યાવો રે, **એકાગ્ર લય દિલ લાઈયે;**
દ્રવ્ય ગુણ પર્યાયે સમરો, ધ્યાતા ધ્યેય અભેદ નિપાઈયે રે. એ૦॥૧॥

ક્ષીણ ઘાતિ ચઉ ચેતન દ્રવ્ય, ગુણ જ્ઞાનાદિ પૂરણ ધ્યાઈયે રે. એ૦॥૨॥
જન્મ દીક્ષા કેવળ પર્યાયે, ધ્યાઈ અરિહંતરૂપી થાઈએ રે. એ૦॥૩॥

જ્ઞાન નયે શ્રીવીર વચન એ, પરિણામી પરિણતિ એક તાઈયે રે. એ૦॥૪॥
આતમઋદ્ધિ મિલે સવિ આઈ, જસ વૃદ્ધિ ગંભીર સુખ પાઈયે રે. એ૦॥૫॥

**॥ કાવ્યં ॥** (દ્રુતવિલંબિત વૃત્તં)

સકલસદ્‌ગુણપાદપસેચનં, નિખિલમોહ-મલીમસ-ક્ષાલનમ્;
નવપદાત્મકચક્ર-સમર્ચનં, સૃજતુ ભવ્યજનઃ[1] શિવકારણમ્ ॥૧॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં પરમપુરુષાય સર્વાત્મ-સ્વરૂપાય શ્રી સિદ્ધચક્રાય
જલં ચદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં ફલં નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

**॥ દુહા ॥**

સહજાનંદ સુખ સાગરા, ચઉ અનંત ઘનરૂપ;
સિદ્ધ તે પ્રેમે પૂજતાં, જીવ હોય ચિદ્ ભૂપ ॥૧॥

અષ્ટ કરમદલ ક્ષય કરી, પામ્યા ભવજલ પાર;
જરા મરણ ને જન્મ ભય, રહ્યા ન જાસ લગાર ॥૨॥

વર્ણ ગંધ રસ ફરસ નહિ, ગતાકાર સંઠાણ;
પ્રગટિત આતમરૂપ જે, નમો સિદ્ધ ભગવાન ॥૩॥

૧. ભવ્યજને.

તજી તિભાગ તનુ ગાહના, રહે આતમ ઘન શેષ;
અનંત નાણ દંસણ મયિ, નિત સુખી જોતિ મહેશ ॥૪॥

: **ઢાળ પહેલી** : રાગ : ઝીંઝોટી ॥

**સકલ કરમ મલ ક્ષય કરીને,** ભયે પૂરણ શુદ્ધ સ્વરૂપ રે ॥ટેક॥
અવ્યાબાધ પ્રભુતામય લીના, આતમ સંપત્તિ ભૂપ રે;
શક્તિ અનંતી પ્રગટ વિલસે(રહી), નમો નમો સિદ્ધ સ્વરૂપ રે. સકલ૦ ॥૧॥

સકલ વિભાગ વરજિત સ્વદ્રવ્ય, પ્રદેશ પૂરિત સ્વક્ષેત્ર રે;
સમય ઉપયોગ સ્થિતિ જસ, સ્વકાલ તે સિદ્ધ પવિત્ર રે. સકલ૦ ॥૨॥

જ્ઞાન દરશન ઉપયોગ સ્વભાવે, અનંતગુણી અનૂપ રે;
સ્વભાવ ગુણ પર્યાય પરિણતિ, સમરી લહો અરૂપ રે. સકલ૦ ॥૩॥

॥ **ઢાળ બીજી** ॥ રાગ : શ્યામ કલ્યાણ ॥
॥ ઋષભ વિહારી તોરી તો છબી ન્યારી - એ ચાલ ॥

સુગુણ વિહારી સિદ્ધ હિ નિજપદ ધારી, પૂજો **સુગુણ વિહારી સિદ્ધ**
અયોગીપણામેં જે ઈહાં ફરસે, (તે) વિનુ ફરસ નભચારી પૂજો. સુ૦॥૧॥

અફરસ ગતિ કરતે ઊર્ધ્વ જાયે, એક સમયે ઋજુચારી, સુ૦
તનુ ત્રિભાગ ન્યૂન અવગાહન, કરી વરેરી શિવનારી. સુ૦॥૨॥

પૂર્વપ્રયોગ ને ગતિપરિણામે, અબંધ અસંગ નિહારી, સુ૦
હેતુ ચાર એ મુક્ત શિવગમને, એક સમય ગતિકારી. સુ૦॥૩॥

નિર્મલ સિદ્ધશિલાથી એક જોજન, લોકાંતે રહે અવિકારી, સુ૦
સાદિ અનંત થિતિ સવિ કાળે, સિદ્ધ હિ આનંદકારી. સુ૦॥૪॥

જસ સુખ જાને કહી ન શકાયે, કેવળી સર્વ નિહારી, સુ૦
જેમ પુરઋદ્ધિ વનચર જાણી, ઉપમા વિન ન ઉચ્ચારી. સુ૦॥૫॥

જ્યોતિમેં જ્યોત મિલી જસ અનુપમ, સર્વ ઉપાધિ નિવારી, સુ૦
આતમરામ રમાપતિ સહજ, સિદ્ધ સમાધિ વિહારી. સુ૦॥૬॥

॥ **ઢાળ ત્રીજી** ॥ રાગ : સોરઠ ॥

**સમર મન સિદ્ધ સનાતન રંગ** ॥ એ આંકણી ॥
નિત્ય અરૂપી સ્વભાવ નિહારો, કેવલ યુગલ સુસંગ. સ૦॥૧॥
લીન રહી તિહાં આતમ ધ્યાવો, આપ હિ સિદ્ધ નિસંગ. સ૦॥૨॥
જસ વૃદ્ધિ ગંભીર સુખ સંગી, ઉલસિત જ્ઞાન તરંગ. સ૦॥૩॥

**(કાવ્ય તથા મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

**॥ દુહા ॥**

સૂરિ નમો અકદાગ્રહી, કનક સુકોમળ ચિત્ત;
મોહ તમોહર રવિપ્રભા, જ્ઞાનસુધા ભર વિત્ત ॥૧॥

તત્ત્વ સ્ફુરે જસ ઓઠ પે, જિનમત કરિ સામ્રાજ્ય;
બારશે છન્નું ગુણે ભર્યા, પંચાચાર સમાજ ॥૨॥

દેશ કાલાદિક અનુસરી, જિનવાણી અનુકૂળ;
દિયે દેશના ભવ્યને, તજી પ્રમાદ સમૂળ ॥૩॥

શાસન ભર મહી ધારકા, જે દિગ્દંતિ સમાન;
શુદ્ધ પ્રરૂપક તત્ત્વના, ચિરંજીવો જગભાણ ॥૪॥

॥ **ઢાળ પહેલી** ॥ રાગ : આશા ગોડી ॥

આચારજ સુખદાઈ, **નમો ભવિ આચારજ સુખદાઈ** ॥ એ ટેક ॥
મુનિપતિ ગણપતિ ગણધર સૂરિ, ગુણ છત્રીસે સુહાઈ. નમો૦ ॥૧॥

ચિદાનંદ રસ સ્વાદના રસિયા, તનુ સુખ ઈચ્છા ગમાઈ. નમો૦ ॥૨॥
નિષ્કામ નિરમલ શુદ્ધ જે ચિદ્દ્ઘન, તે નિજ સાધ્ય નિપાઈ. નમો૦ ॥૩॥

ભવિજન બોધે તત્ત્વને શોધે, સવિ ગુણ સંપત્ત પાઈ. નમો૦ ॥૪॥
સંવર સમાધિ ધરે નિરુપાધિ, દો તપ ખાન નિપાઈ. નમો૦ ॥૫॥

**॥ ઢાળ બીજી ॥** રાગ : આશાવરી ॥

॥ આશા ઓરનકી ક્યા કીજે - એ દેશી ॥

**સૂરિરાય માન્યા એ મુનિ મનમાંહિ** ॥ એ ટેક ॥

પંચાચાર શુચિ પાળે પળાવે, (શુદ્ધ) મારગ ભવિને દિખાય;
જાચો પ્રેમ ધરી પદ પૂજો, છત્રીસ ગુણી ગણરાય. સૂરિ૦ ॥૧॥

જુગપ્રધાન જગબોધન મોહન, ક્રોધ વશ ક્ષણહું ન થાય;
સાવધાન ચિત્તે કરી વંદો, પ્રમાદ પંચ ન દિખાય. સૂરિ૦ ॥૨॥

ધર્મોપદેશે ન આળસ લેશ, વર્જી વિકથા કષાય;
તે આચરજ નમિયે નેહે, અકલુષ અમલ અમાય. સૂરિ૦ ॥૩॥

જે કરે સારણ વારણ ચોયણ, પડિચોયણ હિત લાય;
પટધારી ગચ્છ સ્થંભ આચારજ, તે વિન કેમ રહેવાય. સૂરિ૦ ॥૪॥

અત્થમિયે જિન સૂરજ કેવળ, જગ દીપક ચિત્ત લાય;
ભુવન પદારથ પ્રગટન સમરથ, ચિરંજીવ શાસનરાય. સૂરિ૦ ॥૫॥

**॥ ઢાળ ત્રીજી ॥**

॥ રાગ : નાથ કેસે ગજકો બંધ છુડાયો ॥

**સુધીયસેં આચારજ પદ ધ્યાવે, સૂરિ આત્મ અભેદ નિપાવે** ॥ એ ટેક ॥

સૂરિમંત્ર શુભધ્યાની આતમ, પંચ પ્રસ્થાને ધ્યાવે;
વિદ્યાદિ પીઠે જેમ તે થાપે, (તેમ) ધ્યાતાં આચારજ થાવે સુ૦ ॥૧॥

જે ભાવે જે પરિણમે તેહી, વીરજિણંદ સુહાવે;
સુજસ મહોદય ઘટમેં પ્રગટે, વૃદ્ધિ ગંભીર સુખ પાવે. સુ૦ ॥૨॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

### ॥ દુહા ॥

સૂત્ર અર્થ વિસ્તારવા, સજ્જ રહે ભરપૂર;
કુમતવાદ ગઢ ભંજવા, નમો વાચક સિંધુર ॥૧॥

સૂરિ નહિ સૂરિગણ તણી, કરતા નિત્ય સહાય;
મોહ મદ માયા તજી, નિરભિમાન સદાય ॥૨॥

અંગાદિ સૂત્ર અર્થના, દાન કરણમેં સજ્જ;
પણવીશ ગુણ ગણે શોભતા, નિજ ધરી ગણિ ગણ મજ્જ ॥૩॥

પ્રવાદિ ગજ ગણ ત્રાસવા, જે પંચાનન વીર;
ચેતન પ્રભુતા અનુભવે, નમો વાચક તે ધીર ॥૪॥

### ॥ ઢાળ પહેલી ॥ રાગ : રેખતો ॥

**પાઠક પદ પૂજ તું પ્યારે,** કરમઘન સમીર જ્યું દારે;
ક્ષમા મૃદુ આર્દવે સોહે, પરિણતિ મુક્તિ મન મોહે. પાઠક૦ ॥૧॥

તપે તપ સંજમે માચી, સત્ય શુચિ શૌચ ગુણ રાચી;
અકિંચની આશ સબ છાંરી, બ્રહ્મ નવવાડ અવિકારી. પાઠક૦ ॥૨॥

સમિતિ ગુપ્તિમેં રાતા, તત્ત્વ કહે સ્યાદ્વાદ માતા;
આત્મપર વિવેચી ભવભીરુ, સાધનમેં ધીર જ્યું મેરુ. પાઠક૦ ॥૩॥

શાસનભર વહનકો ધોરી, વાચના દિયે ચિત્ત જોરી;
વાચકપદ ધ્યાઈ એક ધારા, ખપે અઘ કષ્ટકે ભારા. પાઠક૦ ॥૪॥

### ॥ ઢાળ બીજી ॥

॥ રાગ : ભૈરવ અથવા દેવગંધાર ॥

**પાઠક પૂજો પ્રેમ અપાર** ॥ એ ટેક ॥

દ્વાદશ અંગ નિત કરત સઝાય, આગમ માર્ગ કર્યો હૃદિ હાર. પાઠક૦
સૂત્ર અરથ વિસ્તારણ રસિયા, નમિયે તેહને ભક્તિ ઉદાર. પા૦ ॥૧॥

અર્થદાયી મુનિને હોયે સૂરિ, સૂત્રદાયી કહે વાચક સાર. પાઠક૦
ભવ ત્રીજે વરે દોય શિવકમલા, ઔર ન ભગવઈ ભેદ લગાર. પા૦ ॥૨॥

જડને કરે જગપૂજ્ય પ્રભુ જે, પથ્થર મૂર્તિ જ્યું સૂત્રધાર. પાઠક૦
તે ઉવઝાય સકલ જન પૂજિત, સૂત્ર અરથ સવિ જાનનહાર. પા૦ ॥૩॥

રાજકુંવર પરે કરે ગણ રક્ષણ, આચારજ પદ યોગ્ય ઉદાર. પાઠક૦
તે ઉવઝાય નમન તે નાવે, ભવ ભય શોક ઉદ્વેગ લગાર. પા૦ ॥૪॥

બાવનાચંદન રસ સમ વચને, અહિત તાપ સવિ ટાલનહાર. પાઠક૦
તે ઉવઝાય નમિજે જે ફુનિ, જિનમત તીવ્ર દીપાવનહાર. પા૦ ॥૫॥

**॥ ઢાળ ત્રીજી ॥** રાગ : કાલિંગડો-ત્રિતાલ ॥
॥ બંસીયાં રે કૈસે બજાઈ રઘુવીર - એ દેશી ॥

**સુગતિયાં રે પાવે વાચક ધ્યાઈ ધીર.** સુ૦
જેસે સઝાય તપ રતિ નિતુ કીની, જિનમત રસે રંગ્યા હીર સુ૦ ॥૧॥

જ્યું જગબંધુ જગજીવન પાલક, ધ્યાતાં ધ્યાની વાચક વીર. સુ૦
વીર વચન રસ પીયે જસ વૃદ્ધિ, સવિનય સિદ્ધ ગંભીર સુ૦ ॥૨॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

### ॥ દુહા ॥

સિદ્ધ સંજમરસ જસ હુઓ, નમીએ તે અણગાર;
ક્ષમન દમન દયા નૌ બલે, ઊતરે ભવનિધિ પાર ॥૧॥

સૂરિ વાચક ગણી સેવના, કરવા જે ઉજમાલ;
તસ વર્ણવ કેમ કરી શકું, ઉજ્જ્વળ ગુણ મણિમાલ ॥૨॥

સમિતિ પંચ સમિતે સદા, ગુપ્ત ત્રિગુપ્તે સદૈવ;
ભોગ પિપાસા (લેપ) તજી બહિ, અંતર ગ્રંથિ તજૈવ ॥૩॥

મુક્તિ યોગ ચરણે કરી, રમે યોગ અષ્ટાંગ;
તે મુનિ નમતાં કીજીએ, પાપ કરમ દલ ભંગ ॥૪॥

**॥ ઢાળ પહેલી ॥** વસંતની કાફી ॥

॥ વીરજમેં ખેલે નંદ કે શામરો, પીતાંબર ઉડફા રાય - એ ચાલ ॥

**સરવથી છેદી વિષય વિષ જાલને,** રમે નિષ્કામી નિસ્સંગ, સ૦
વચન રસે ભવતાપ શમાવતા, આતમ સાધન રંગ. સ૦ ॥૧॥

શુદ્ધ સ્વરૂપ નિજ રમણ સનાતન, નિર્મમ નિર્મદ ચંગ, સ૦
ધ્યાનમેં થિર આસન કાઉસગ્ગમેં, નિત્ય તપ તેજ સુરંગ, સ૦
કર્મને જીતે છીપે નવિ પરપણે, કરુણા કરણમેં રંગ. સ૦ ॥૨॥

**॥ ઢાળ બીજી ॥** રાગ : ઝીંઝોટી ॥

॥ પાની કેસે જાઉં રે, મેં પાની કેસે જાઉં - એ ચાલ ॥

મુનિપદ એસે ધ્યાઉ રે, **મેં મુનિપદ એસે ધ્યાઉં,** પૂજી પાવન થાઉં રે. મેં૦ મુ૦
જેમ તરુ ફૂલે ભમરો બેસે, ન કરે બાધ લગાર રે;
જરા જરા રસે આતમ તોષે, ગોચરી કરે અણગાર રે. મેં૦ મુ૦ ॥૧॥

ઈંદ્રિય પાંચે નિજ વશ રાખે, છકાય જીવ રક્ષકાર રે;
સંજમ સત્તર ભેદે પાળે, કરુણારસ ભંડાર રે. મેં૦ મુ૦ ॥૨॥

સહસ અઢાર શીલાંગરથ ધોરી, અચલ આચાર વ્યવહાર રે;
મુનિ મહંત જતનાયે વંદો, કરો સફળ અવતાર રે. મેં૦ મુ૦ ॥૩॥

નવવાડે શુદ્ધ બ્રહ્મવ્રત પાળે, તપ તપે બાર પ્રકાર રે;
પૂરવ પુણ્ય અંકુર જસ જાગે, (તે) વંદો એ અણગાર રે. મેં૦ મુ૦ ॥૪॥

કંચનની પરે દીસે પરીક્ષા, નિત્ય ચઢતે ભાવ પ્રકાર રે;
દેશ કાલ અનુસારે સંજમ, પાલે નમો અણગાર રે. મેં૦ મુ૦॥૫॥

**॥ ઢાળ ત્રીજી ॥**

॥ રાગ : બીરુઓ અથવા પીલુ ॥

॥ સોય સોય સારી રેણ ગમાઈ, વેરણ નિદ્રા કહાંસે આઈ - એ ચાલ ॥

**અપ્રમત્ત ચિત્ત નિજરસ ઠાણી,.** જાણે હરખે ન શોચે ગુમાની. અ૦ ॥૧॥
સાધુ સુધારસ પરિણતિ તેહિ, ક્યા મુંડે હિ લોચે વખાણી. અ૦ ॥૨॥
એ વીર વાણી ચિત્ત ધર પ્રાણી, યશો વૃદ્ધિ ગંભીર સુખ ખાણી. અ૦ ॥૩॥

**(કાવ્ય તથા મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા ॥

**॥ દુહા ॥**

જિનભાષિત નવતત્ત્વની, જે નિરમલ રુચિ રૂપ;
સમ્યગ્દર્શન તે નમું, પરિણતિ આત્મ સ્વરૂપ ॥૧॥

જિન વચનમેં અનાદિથી, પરિણતિ જે વિપરીત;
હઠ પરિણામ સહિત મિટે, મિથ્યા દરશન ભીત ॥૨॥

શ્રદ્ધા તવ સહજે હુવે, જિનમત રુચે પ્રધાન;
સમ્યગ્દર્શન તે કહ્યું, શિવસુખ રત્ન નિધાન ॥૩॥

જે વિણ જ્ઞાન અજ્ઞાન છે, ચરણ જિસો ભવકૂપ;
પ્રકૃતિ સગ ક્ષય ઉપશમે, તવ લહી દેખ નિજરૂપ ॥૪॥

**॥ ઢાળ પહેલી ॥**

॥ રાગ : દેશ. મુલતાની ખ્યાલ ॥

॥ પ્રભુ તોરી સાચી સુધારસ વાણી - એ ચાલ ॥

**નમ જીયા સમ્યગ્ દંસણ રાગે** ॥ એ ટેક ॥
તત્ત્વ પ્રતીતિ સ્વરૂપ તસ જાની, નિર્ધાર સ્વભાવતા જાગે. નમ૦ ॥૧॥

જે ચેતન ગુણ અરૂપી અનુપમ, શ્રદ્ધા ધર્મ પ્રગટે ભાગે, નમ૦
સવિ પર ઈહા શમે શુદ્ધ સત્તા, પ્રગટ લખન રુચિ જાગે. નમ૦ ॥૨॥

બહુમાન પરિણતિ વસ્તુ ધરમે, હેતુ ગવેષણ માગે, નમ૦
સાધ્ય લક્ષ ધરી કરે સબ કરણી, વાસ્તવી સંપત્ત રાગે. નમ૦ ॥૩॥

॥ **ઢાળ બીજી** ॥ રાગ : જંગલો ॥

॥ તિહાં રે સૈયા રંગમેં ભીને નયન - એ ચાલ ॥

**અરચો ભવિ સમ્યગ્દર્શન ધામ.** અ૦
શુદ્ધ દેવ ગુરુ ધર્મ પરીક્ષા, શ્રદ્ધા કરણ પરિણામ. અ૦॥૧॥
ગુણ જીયાં પાવે તેહ કહીજે, સકળ સુધર્મનો ઠામ. અ૦॥૨॥
મલ ઉપશમ ક્ષય ઉપશમ ક્ષયથી, ઉપજે ત્રિવિધ અભિરામ. અ૦॥૩॥
સમ્યગ્દર્શન નમ જિન વચને, અભંગ સુમન વિશરામ. અ૦॥૪॥
પંચવાર ઉપશમ, ક્ષય-ઉપશમ વાર અસંખ્ય જે પામ. અ૦॥૫॥
એકવાર લહે ક્ષાયિક સમકિત, દરશની અસંખ્ય ઉદ્દામ. અ૦॥૬॥
જે વિણ જ્ઞાન ન હોવે સાચો, વ્રતતરુ ન ફળે કામ. અ૦॥૭॥
નિજ ફળ મોક્ષ ન જે વિણુ પાવે, સમકિત બલ હે ઉદ્દામ. અ૦॥૮॥
સડસઠ ભેદે સોહે જ્યું સુરતરુ, જ્ઞાન ચરણ મૂલ ઠામ. અ૦॥૯॥

॥ **ઢાળ ત્રીજી** ॥ રાગ : વઢંસ ॥

॥ હમારે કો ખેલે બોહોરી, જાવે આવાગમનકી દોરી - એ ચાલ ॥

**જીયા નમ દંસણ આતમ સોરી,** જામેં રીઝ રહી શિવ ગોરી. જીયા૦
ક્ષય ઉપશમ રસ વશ ગુણ આયે, શમ સંવેગે સજોરી;
આસ્તિક અનુકંપાદિક પ્રસરે, ક્યા મુનિ શ્રાદ્ધ કહોરી. જીયા૦ ॥૧॥
વીરજિણંદ વચનસે નિકસી, વાણી સુધારસ ગોરી;
સુજસ વૃદ્ધિ કરી નવલ તરંગે, ગંભીર પરમહિત જોરી. જીયા૦ ॥૨॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

### ॥ દુહા ॥

નિબિડ અજ્ઞાન તિમિર હરી, કરે પ્રકાશ વસ્તુ માત્ર;
નમો નમો જ્ઞાન દિનપતિ, ઉદયો દિન ને રાત્ર ॥૧॥

યથોચિત આવરણ નાશ જે, શુદ્ધ જ્ઞાન સુબોધ;
ષટ્ દ્રવ્ય જ્ઞાન પ્રકાશવા, હેતુ જ્ઞાન સુશોધ ॥૨॥

વિતથવાદ જેમાં નહીં, ન ઈચ્છાવાદ બનાવ;
મતિ આદે પણ જ્ઞાન તે, વંદે નિત સદ્ભાવ ॥૩॥

ગુરુ સેવી લહે યોગ્યતા, નિજ ઘટ દેખે સદૈવ;
જ્ઞેય હેય ઉપાદેય તે, તમ-ગત ઘટ જ્યું દીપ ॥૪॥

### ॥ ઢાળ પહેલી ॥ રાગ : ધન્યાશ્રી ॥

॥ ભૂલ્યો ભમત કહો બે અજાન - એ ચાલ ॥

**જ્ઞાન હિ નમન બનાવે સુજ્ઞાન.** જ્ઞાન૦
સ્વપર ભાવ પ્રકાશી દિખાવે, પર્યાય અનંત વિધાન. જ્ઞાન૦ ॥૧॥

ભેદાભેદ સ્વભાવનો ગ્રાહી, પરિણતિ મુખ્ય પિછાન. જ્ઞાન૦ ॥૨॥
જ્ઞાપક સકલ પદારથ ભાવે, નિર્મળ પંચ હિ જ્ઞાન. જ્ઞાન૦ ॥૩॥

સાધન સાધ્ય ઉભય નિરધારે, સંશય સબ હર ભાન. જ્ઞાન૦ ॥૪॥
સ્યાદ્વાદમય વસ્તુ જણાવે, વિશેષ સામાન્ય વિધાન. જ્ઞાન૦ ॥૫॥

### ॥ ઢાળ બીજી ॥

॥ તુમ ચિદ્ઘન ચંદ આનંદ લાલ, તોરે દરિશણકી બલિહારી - એ રાગ ॥

**જિનજ્ઞાન સકલ આધાર સાર,** નમું નિત નિત બે કર જોરી. જિન૦ ॥૧॥

ભક્ષ્ય અભક્ષ્ય ન જે વિનુ જાને, પેય અપેય ન ધારી. જિન૦ ॥૨॥
કૃત્ય અકૃત્ય ન દેખે જે વિનુ, દેવગુરુ શુદ્ધિકારી. જિન૦ ॥૩॥

જ્ઞાન વિના સંજમ નવિ હોવે, આગમ વચન નિહારી. જિન૦ ॥૪॥
જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો, (જ્ઞાની) શિવસુખના અધિકારી. જિન૦ ॥૫॥

સકલ ક્રિયાનું મૂળ છે શ્રદ્ધા, (એ તો) શ્રદ્ધા મૂલ વિહારી. જિન૦ ॥૬॥
તે વિનું કેસે રહું ક્ષણ એક, (તનુ) ભૂતલ મસ્તક ધારી. જિન૦ ॥૭॥

પંચ જ્ઞાનમાં જેહ સદાગમ, સ્વપર પ્રકાશન કારી. જિન૦ ॥૮॥
દીપક રવિ શશી મેઘ પરે તે, જગજીવન ઉપકારી. જિન૦ ॥૯॥

લોક ઊર્ધ્વ અધ તિર્યગ્ જ્યોતિષ, સુર શિવ દર્પણ ધારી. જિન૦ ॥૧૦॥
લોકાલોક પ્રગટ સવિ જેહથી, (તેહ) એ આગમે શુદ્ધિ અમારી. જિન૦ ॥૧૧॥

**॥ ઢાળ ત્રીજી ॥** રાગ : કાનડો ॥

॥ અવસર બેહર બેહર નહીં આવે - એ ચાલ ॥

**ચેતન જ્ઞાન સ્વભાવ જ્યું ધ્યાવે.** ચેતન૦

જ્ઞાનાવરણી કર્મ જીયાને, ક્ષય ઉપશમ જો પાવે. ચેતન૦ ॥૧॥
જ્ઞાન હુવે તવ એહી આતમ, અબોધપણું સવિ જાવે. ચેતન૦ ॥૨॥

વીરજિણંદ વાણી રસ પાની, સુજસ મહોદય પાવે. ચેતન૦ ॥૩॥
વૃદ્ધિ ગંભીર વરે શિવકમલા, અમલ વિપુલ સુખ પાવે. ચેતન૦ ॥૪॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

### ॥ દુહા ॥

સ્વરૂપ શુદ્ધ કિરિયા ગહે, રહે જે નિરતિચાર;
જસ બળે સંજમ શક્તિ તે, નમીએ વાર હજાર ॥૧॥

જ્ઞાન ફળ ચરણ રંગે ધરું, નિસ્પૃહ આશ્રવ રોધ;
ભવજલ પ્રવહણ સુખમય, સુમન કરમ મલ શોધ ॥૨॥

રંક જેથી રાજા હુયે, અંગોપાંગ ભણંત;
પાપરૂપ નિષ્પાપ હુયે, દીપે તેજ મહંત ॥૩॥

કર્મ ખપે સિદ્ધિ લહે, જન્મ મરણ મિટિ જાય;
ઈહ ભવમેં સુરવર નમે, પરભવ સુગતે જાય ॥૪॥

**॥ ઢાળ પહેલી ॥**

॥ રાગ : શ્યામ કલ્યાણ ॥ જિન જન્મ જાણી દિશિકુમરી આવે રે - એ ચાલ ॥

**નમન ચરણ ગુણન ઠરણ મગન ભાવે રે;**
તત્ત્વરમણ મૂલ જાસ, સરૂપ સુગુણ ગાવે રે. નમન૦ ॥૧॥

પરમેં રમણિકપણું સર્વ વિસરી જાવે રે;
ગમે ખાસ, સિદ્ધિ વાસ, અચલ ભાવ પાવે રે. નમન૦ ॥૨॥

કરમ ભરમ બંધ ત્યાગ, સંજમ સુહાવે રે;
તત્ત્વ ગમન દમમયિ પરિણતિ નિપાવે રે. નમન૦ ॥૩॥

શુચિ પરમ ખમનાદિક, મુનિ ધર્મ ભાવે રે;
નમ અતુલ અમલ વિપુલ, સરલ ચરણ આવે રે. નમન૦ ॥૪॥

**॥ ઢાળ બીજી ॥**

॥ રાગ : કાફી - વસંતની હોરી ॥ બાવરે મત ડારો પિચકારી - એ ચાલ ॥

**પૂજો ચારિત્ર જગ જયકારી,** પૂજો૦
જગ જયકારી મુનિ અધિકારી, ગૃહીને દેશે નિહારી, હેરી લાલા ગૃહી૦
દેશવિરતિ ને સર્વવિરતિ જે, ચક્રી લીયે હિત ધારી,
તૃણપરે ષટ્ખંડ છાંરી. પૂજો૦ ॥૧॥

અક્ષય સુખકારી અઘહારી, અશરણ શરણ વિહારી, હેરી લાલા. અશરણ૦
રંક હુવા પરમેશ્વર જેહથી, ઈંદ્ર નરિંદ નમ્યારી, જ્ઞાનાનંદ જુહારી. પૂજો૦ ॥૨॥

બાર માસ જે સંજમ ધારી, અનુત્તર સુર સુખ પ્યારી, હેરી લાલા. અનુ૦
શુક્લ શુક્લ અભિજાત્ય તે ઉપર, પાપ ખપન અધિકારી,
ખપિતનું બંધ પુનારી. પૂજો૦ ॥૩॥

ચય અડ કર્મનો સંચય ધારી, રિક્ત કરન નિરધારી, હેરી લાલા. રિક્ત૦
ચારિત્ર નામ નિર્યુક્તિ ધારી, નામ અતુલ સુખકારી,
નમું તસ વાર હજારી. પૂજો૦ ॥૪॥

**॥ ઢાળ ત્રીજી ॥** રાગ : મારુણિ ॥

॥ પિયા પરઘર મત જાઉં રે, કર કરુણા મહારાજ - એ ચાલ ॥

**જીયા ચિદ્ ચરણ બનાઉં રે,** રમી નિજ ગુણ દિનરાત. જીયા૦

પરિણતિ શુદ્ધ સ્વભાવમેં રે, લેશ્યા શુદ્ધ સુહાત;
મોહવને ભમવો નહીં, આતમ ચરણ વિખ્યાત. જીયા૦ ॥૧॥

વીરજિણંદ વાણી સુની રી, સ્વરસ રંગી સાવધાન;
સુજસ સ્વરૂપ વૃદ્ધિ કરી, ગંભીર સલૂણી વાત. જીયા૦ ॥૨॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

### ॥ દુહા ॥

કર્મ તરુ ભંજન ગજવરુ, નમો તીવ્ર તપ સાર;
એમ નવપદ સિદ્ધ યંત્ર એ, અરિહંત હ્રીં મોઝાર ॥૧॥

સ્વર શ્રી પ્રમુખ દેવતા, સિદ્ધ પ્રમુખ પદ વર્ગ;
તત્ત્વાક્ષર લબ્ધિપદો, ગુરુપદ નમું સમગ્ર ॥૨॥

હ્રીં ત્રિવાર કલશો કરી, નવનિધિ ગ્રહ નિર્ધાર;
જયાદિ અડધિષ્ટાત ચઉ, જિન જનની જિન ધાર ॥૩॥

વિદ્યા શાસન સુર સુરી, પ્રાતિહાર્ય શૂરવીર;
દિક્પાલ સિદ્ધચક્ર એ, સ્થાપી અરચો ધીર ॥૪॥

કલશે અમૃત મંડલો, ચઉક્ષીતે ક્ષિતિ પીઠ;
પૂર્વ સૂરિ કહે સેવીએ, શિવસાધન એ જીઠ ॥૫॥

ભૂત ભાવિ વર્તમાનનાં, કઠિન કર્મ હરનાર;
નિકાચિત પણ સવિ ખપે, તપ કર બાર ઉદાર ॥૬॥

ક્ષમા સહિત અનિદાન પણે, ટાળીને દુર્ધ્યાન;
નિરિચ્છક તપ સેવીએ, મહિમા લબ્ધિ નિધાન ॥૭॥

કર્માવરણને સંહરે, મહાનંદ પદ હેત;
રીઝે સિદ્ધિ સીમંતિની, જ્ઞાનવિમલ સંકેત ॥૮॥

**॥ ઢાળ પહેલી ॥** રાગ : દેશ સોરઠ ॥
॥ પુદ્‌ગલકા ક્યા વિશ્વાસ, જેસે પાની બિચ પતાસા - એ ચાલ ॥

**તપ ઈચ્છારોધન જાણી,** બહિંતર ભેદ પિછાણી. તપ૦
આતમ સત્તા ચિત્ત ધરીને, પરપરિણતિ વિરમાણી. તપ૦ ॥૧॥
અનાદિ કર્મપ્રવાહ ઉચ્છેદી, સિદ્ધપણું વરે પ્રાણી. તપ૦ ॥૨॥
યોગ નિરોધી થઈ અનાહારી, અક્રિયા ભાવ નિસાણી. તપ૦ ॥૩॥
અંતરમુહૂર્ત તત્ત્વ નિજ સાધે, સર્વ સંવરમય પ્રાણી. તપ૦ ॥૪॥
એમ નવપદ ગુણ મંડળ વિરચો, નિખેપ નય વિધિ જાણી. તપ૦ ॥૫॥
શુદ્ધ સત્તારામી ચેતન હોયે, દેવચંદ પદ ઠાણી. તપ૦ ॥૬॥

**॥ ઢાળ બીજી ॥** રાગ : ખમાચ ॥

**પૂજો તપ ગુણ શિવતરુ કંદ,** જે શમ મકરંદ અમંદ રે. પૂજો૦
જેહને આદરે કર્મ ખપેવા, તે ભવ મુગતિ જિનંદ રે. પૂજો૦ ॥૧॥
કારણ વશ કારજ છે નિશ્ચયે, જાને પરમ મુનીંદ રે. પૂજો૦
કર્મ નિકાચિત પણ ક્ષય જાવે, ક્ષમા સહિત કર છંદ રે. પૂજો૦ ॥૨॥
તે તપ નમીએ જેહ દીપાવે, જિન પથ ઉજમ અંમદ રે. પૂજો૦
આમોસહી પમુહા બહુ લબ્ધિ, (લહે) જાસ પ્રભાવે મુનીંદ રે. પૂજો૦ ॥૩॥
અડ મહાસિદ્ધિ જેહથી પ્રગટે, નમતા ભાવે મહીંદ રે. પૂજો૦
ફલ શિવસુખ મોટું સુર નરવર, સંપત્ત કુસુમ જિણિંદ રે. પૂજો૦ ॥૪॥

તે તપ વંદો સુરતરુ સરિખો, અમોલ સમતા કંદ રે. પૂજો૦
સર્વ મંગલમાં પહેલું મંગળ, તપ કહે આગમ વૃંદ રે. પૂજો૦ ॥૫॥

તે તપપદ ત્રિકાલ નમીએ, શિવપથ સહાય ગઈંદ રે. પૂજો૦
ઈમ નવપદ તે તિહાં લીના, શ્રી શ્રીપાળ નરિંદ રે. પૂજો૦ ॥૬॥

ચોથે ખંડે અગ્યારમી ઢાળે, જસ વૃદ્ધિના કંદ રે. પૂજો૦
નવપદ મહિમા પ્રેમે ગાવે, ગંભીર ધ્વનિ સુર વૃંદ રે. પૂજો૦ ॥૭॥

### ॥ ઢાળ ત્રીજી ॥

॥ આઈ બસંત બહાર રે, પ્રભુ બેઠે મગનમેં - એ ચાલ ॥

સંવરી આત્મ સ્વભાવ, **સોહી તપ આતમ પૂજો** ॥ એ ટેક ॥

પરિણતિ સમતારસ રંગાની, ઈચ્છારોધ બનાવ. સોહી૦
નિજગુણ ભોગી વિષય નિરાશી, પ્રાણી તપમય ભાવ. સોહી૦ ॥૧॥

નવપદ જ્ઞાન ઉપયોગે આગમ, નોઆગમ ક્રિયા ભાવ. સોહી૦
રીઝો ઉભયમેં સાચા જાની, ભક્તિ જ્ઞાન સ્વભાવ. સોહી૦ ॥૨॥

થિર રહી આતમ ભાવે નિત કરી, પરસુખ રતિનો અભાવ. સોહી૦
સકલ સમૃદ્ધિ અષ્ટક ઋદ્ધિ, નિજ ઘટમેં પ્રગટાવ. સોહી૦ ॥૩॥

તિમ સઘળી શ્રી નવપદ ઋદ્ધિ, આતમ ઋદ્ધિ ભાવ. સોહી૦
સાધન અસંખ કહે જિન દેવ, નવપદ મુખ્ય લખાવ. સોહી૦ ॥૪॥

આલંબી નવપદને ધ્યાતાં, આતમ ધ્યાન નિપાવ. સોહી૦
આતમ નવપદ નવપદ આતમ, જ્ઞાન ક્રિયા નય લાવ. સોહી૦ ॥૫॥

એ દો નયમેં સગ નય સિતર, પર્યાય નિશ્ચય ભાવ. સોહી૦
યશોવિજય વૃદ્ધિ તવ ગંભીર, જિન ગુણમંગળ ગાવ. સોહી૦ ॥૬॥

॥ કળશ ॥

એમ વિઘન વારણ, સિદ્ધિ કારણ, સિદ્ધચક્ર પદાવલી,
વિબુધ ચારની ગહન રચના, સુગમ એ મેં સંકલી;
વૃદ્ધિ વિજય ગુરુ પાદ સેવી, ગંભીર જંપે મન રલી,
ઓગણીશ સત્તાવન પોષ સિત છઠ, ગોઘે મન આશા ફલી ॥

**(કાવ્ય તથા મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

**॥ શ્રી નવપદજીની આરતિ ॥**

નમ મેવ, નમ મેવ, નવપદ જયકારી (૨)
સંકટ વિઘન સવ ચૂરે, પૂરે આશારી. નમ૦ ॥૧॥

અરિહંત સિદ્ધ આચારજ, જગજન હિતકારી (૨)
વાચક મુનિવર નમતા સુખિયાં નરનારી. નમ૦ ॥૨॥

દરશન જ્ઞાન આતમ રૂપ, નિરધારણકારી (૨)
અભિનવ કર્મને રોધે, સંજમ હિત ધારી. નમ૦ ॥૩॥

પૂર્વકરમ મલ શોધક, તપ ગુણ અવિકારી (૨)
સિદ્ધચક્ર સેવક વૃદ્ધિ, ગંભીર જયકારી. નમ૦ ॥૪॥

**॥ ઇતિ વિ.સં. ૧૯૫૭, પોષ સુદ-૬ દિને ગોઘા(ઘોઘા)બંદરે
પંન્યાસ શ્રી ગંભીરવિજયજી વિરચિત
શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

● ● ●

## ૯

કવિકુલકિરીટ આચાર્ય શ્રી લબ્ધિસૂરીશ્વરજી વિરચિત

# શ્રી નવપદ પૂજા

॥ દુહા ॥

આદિ અનંત જિનવર નમી, નમી ભારતી જગમાય;
વિજયાનંદસૂરિ તથા, વિજય કમલસૂરિરાય ॥૧॥

નિજ સમીહિત સાધવા, કરવા પર ઉપકાર;
સિદ્ધચક્ર સ્તવના કરું, હોવા ભવજલ પાર ॥૨॥

પ્રથમ પદે અરિહંતજી, બીજે સિદ્ધ ભગવાન;
આચારજ ત્રીજે પદે, ચોથે વાચક માન ॥૩॥

પાંચમે પદે મુનિવર ગુણી, છઠ્ઠે દર્શન જાણ;
સાતમે જ્ઞાન પિછાણીએ, મોહતિમિરહર ભાણ ॥૪॥

આઠમે ચારિત્ર પદ ભલું, ચરણકમલ ગુણધામ;
તપપદ નવમે સુરતરુ, લબ્ધિ સિદ્ધિ વર ઠામ ॥૫॥

એ નવપદ સમ જગતમાં, કોઈ નહીં આધાર;
ભવિક કર્મતરુ કાપવા, એ જગ જબર કુઠાર ॥૬॥

ત્રણ તત્ત્વ છે જગતમાં, દેવ ગુરુ અને ધર્મ;
સિદ્ધચક્રમાં તે ત્રણે રહી, આપે શિવ શર્મ ॥૭॥

પ્રથમ બે દેવ તત્ત્વમાં, ત્રણ તત્ત્વ ગુરુ જાણ;
ચાર પદોમાં ધર્મ છે, આરાધો સુખ ખાણ ॥૮॥

એ નવપદ આરાધતાં, થયા શ્રીપાલ નિરોગ;
એમ ભવિ જે સેવશે, તસ ઘર મંગલ યોગ ॥૯॥

**॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥**

**॥ દુહો ॥**

શ્રી અરિહંત પદ સુખકર, સમરે સવિ દુઃખ જાય;
પ્રગટે નિર્મલ ભાવના, ધ્યાય ધ્યાય મન ! ધ્યાય ॥૧॥

**॥ ઢાળ પહેલી ॥**

॥ નાથ કૈસે ગજકો બંધ છુડાયો ? - એ દેશી ॥

**પ્રથમ શ્રી અરિહંત પદ ચિત્ત ધ્યાવો,**
એથી જન્મોજન્મ સુખ પાવો. પ્રથમ૦ ॥ એ આંકણી ॥

ચાર અતિશય મૂલથી જાણો, ઓગણીસ દેવ પ્રમાણો;
કર્મ ખપ્યાથી અગ્યાર અતિશય, પ્રગટ્યો મહિમા ભાવો. પ્રથમ૦ ॥૧॥

ઈલિકા ભ્રમરી ધ્યાન ધરંતી, ભજતી ભ્રમરી ભાવો;
જિનપદ ધ્યાતાં રાખે જીવ પણ, જિન થવાનો દાવો. પ્રથમ૦ ॥૨॥

શ્રી શ્રેણિકે શ્રીવીર સેવ્યા તેથી, લેશે વીર સ્વભાવો;
પદ્મનાભ ભવમાં ભવિ પ્રાણી, તે જિન લબ્ધિ સુહાવો. પ્રથમ૦ ॥૩॥

**॥ દુહા ॥**

શાસનનાયક જગધણી, વીતરાગ જિનરાજ;
સેવો સુરતરુ કામકુંભ, ચિંતામણી સુખકાજ ॥૧॥

જન્મ સમયે અરિહંતના, ત્રણ લોક ઉદ્યોત;
નારક પણ ક્ષણ સુખિયા, તસ પુર અન્ય ખદ્યોત ॥૨॥

## ॥ ઢાળ બીજી ॥

॥ રાગ : બઢંસ-કોયલ ટહુક રહી મધુવન મેં - એ દેશી ॥

**માન આનંદ અર્હન્ પૂજનમેં,** અષ્ટદ્રવ્યશું ભક્તિ કરી રે ॥ એ આંકણી ॥

દાન લાભ ભોગ ઉપયોગ વીર્ય, લહે અનંત પણ દોષ હરી રે;
હાસ્ય અરતિ રતિ ભીતિ જુગુપ્સા, શોક હરી સ્થિતિ ઉચ્ચ ધરી રે. માન૦ ॥૧॥

કામ અજ્ઞાન મિથ્યાત્વ મિટાઈ, નિદ્રા અવિરતિ દૂર કરી રે;
રાગ દ્વેષ મહાદોષ ભયંકર, ટાલી નિજાનંદ શુદ્ધ વરી રે. માન૦ ॥૨॥

બારગુણે અરિહંત બિરાજે, ચાર અતિશય શુદ્ધ સહી રે;
અપાય-અપગમ જ્ઞાનાતિશય, પૂજા વચનાતિશયે ઠરી રે. માન૦ ॥૩॥

વૃક્ષ અશોક સુરકૃત સુમવૃષ્ટિ, જય જય ઘોષે દિવ્ય ધ્વનિ રે;
શચીગણ હર્ષે ચામર વીંજે, સિંહાસન નિત્ય સાર્થચરી રે. માન૦ ॥૪॥

ભામંડલે જિનભાનુ સોહે, દુંદુભિ ગગને નાદ ભરી રે;
ત્રણ છત્ર પ્રભુ શિર પર છાજે, એ ગુણ લીલા અરિહા ખરી રે. માન૦ ॥૫॥

અરિહા ધ્યાને આત્મકમલમાં, અખૂટ લક્ષ્મી ભંડાર ભરી રે;
લબ્ધિ-સૂરિ જિનપદ ઝટ પામી, લહે આનંદ શિવસદ્મ ઠરી રે. માન૦ ॥૬॥

**॥ કાવ્યં ॥** (ઉપજાતિવૃત્તમ્)

સર્વોત્તમ-ધ્યેયપદપ્રધાનં, સુરાસુરેન્દ્રૈઃ પરિપૂજિતં યત્;
સેવસ્ય તદ્ધ્યાનવતાં હિ ગોચરં, ગુણસ્વરૂપં શુભસિદ્ધચક્રમ્ ॥૧॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

### ॥ દુહા ॥

અલખ અગોચર અજ વિભુ, મહાનંદ નિરવાણ;
સિદ્ધ અર્થ પદવી ધરા, સિદ્ધ નમો ગુણખાણ ॥૧॥

સહજાનંદમાં લીન રહે, વહે ચતુષ્ટય ચાર;
લોકાલોક વિલોકતે, નહીં તસ સુખકા પાર ॥૨॥

કેવલી કેવલજ્ઞાનસે, સિદ્ધ સુખ લીયે જાન;
વો ભી નિજ મુખસે કભી, કરી શકે નહીં બ્યાન ॥૩॥

ઈસ સુખકો લેને લીયે, સેવો સિદ્ધ ભગવાન;
હીન અધિક ગુણ સેવતાં, હોય અધિક ગુણવાન ॥૪॥

**॥ ઢાળ પહેલી ॥** ચાલ - પનિહારી કી ॥

આઠ કરમકો ક્ષય કરી, **મારા વાલાજી,** હુવા ભવોદધિ પાર, **વાલાજી;**
જન્મજરા મરણાદિનો, મારા૦ ભય સઘરો દીયે ટાર, વાલાજી ॥૧॥

સમય પ્રદેશ અસ્પર્શીને, મારા૦ ચરમ તિભાગ વિશ્લેષ, વાલાજી;
અવગાહન શિવસદ્મમેં, મારા૦ નમો એ સિદ્ધ અશેષ, વાલાજી ॥૨॥

જ્ઞાનાવરણીય ક્ષય થકી, મારા૦ લીયા જ્ઞાન અનંત, વાલાજી;
દર્શનાવલણીય દૂર કરી, મારા૦ કેવલદર્શન લહંત, વાલાજી ॥૩॥

વેદની કર્મ વિનાશસે, મારા૦ લીયા સુખ અવ્યાબાધ, વાલાજી;
મોહકર્મ મિટાયકે, મારા૦ ક્ષાયિક સમકિત સાધ, વાલાજી ॥૪॥

આયુષ્યકર્મ અલગા કરી, મારા૦ હુએ અક્ષયસ્થિતિ ધાર, વાલાજી;
લોકાંતે સુખ ભોગવે, મારા૦ સાદિ પણ નહીં પાર, વાલાજી ॥૫॥

નામકર્મ નાશી ગયે, મારા૦ હુયે અરૂપ ગુણધામ, વાલાજી;
ગોત્રકર્મકો ભેદકે, મારા૦ અગુરુલઘુ ગુણ ઠામ, વાલાજી ॥૬॥

વીર્ય કર્મ વિડારીને, મારા૦ વીર્ય અનંતગુણ ઠાણ, વાલાજી;
સમય એક ઊર્ધ્વ ગતિ, મારા૦ કરે સિદ્ધ પ્રયાણ, વાલાજી ।।૭।।

આત્મ કમલ નિર્મલ હુયે, મારા૦ ભજો સિદ્ધ ભગવાન, વાલાજી;
નિજ ગુણ લબ્ધિ વિકાશિકા, મારા૦ પદવી સિદ્ધ મહાન, વાલાજી ।।૮।।

।। દુહો ।।

સકલ સિદ્ધપુરવાસીને, નમો એહ જગદીશ;
સિદ્ધ નમે સિદ્ધિ મલે, વાણી વિસવાવીશ ।।૧।।

।। ઢાળ બીજી ।।

।। ઓધવજી સંદેશો કહેજો મારા શ્યામને - એ ચાલ ।।

**સિદ્ધ વિભુ સિદ્ધિપદના ધારી સાંભળો,**
સેવકનાં સરે કાજ વડે તુમ સાજ જો;
થાકી ગયો હું ભટકી ભવ વનવાસમાં,
બહાર કાઢો શિરતાજ ગરીબનિવાજ જો. સિદ્ધ૦ ।।૧।।

આ અપાર સંસાર સમુદ્રે ડૂબતો,
તારક દીધો કેમ મને વિસાર જો ?
તારક બિરુદ નાથ તમારું પ્રસિદ્ધ છે,
વિલંબ ન કરતાં નિજ બિરુદ સંભાર જો. સિદ્ધ૦ ।।૨।।

શરણાગત હીન ઉપર કરુણાસાગરે,
કરવી ઘટે નહીં ઉપેક્ષા કોઈ કાલ જો;
ભવ અટવીમાં ભટકું મૃગ બાલક સમો,
એકાકી હું નાથ ! જરા તે નિહાલ જો. સિદ્ધ૦ ।।૩।।

આમ તેમ હું ચક્ષુ નાંખી વિલોકતો,
અતિભયથી મુજ કાંપી રહી છે કાય જો;
નિરાલંબી છું તુમ વિણ પ્રભુ ઈમ જાણીને,
ભવાટવીથી પાર કરો સુખદાય જો. સિદ્ધ૦ ।।૪।।

સૂર્ય વિના કહો કોણ કમલને પ્રબોધતું ?
તેમ તુમથી અન્ય ન મુક્તિદાતાર જો;
દોષ કેમ આ માનું મારા કર્મનો ?
અથવા માનું કાલ મહા હતકાર જો. સિદ્ધ૦ ॥૫॥

ભવ્યતા નહીં અથવા તુમ ભક્તિ નહીં,
ભુવનભૂષણ ! તે હેતુ સમજાવ જો;
કર્મવીર કૃપાલુ મુક્તિ આપજો,
બીજું તુમ વિણ શરણ નહીં જગમાંય જો. સિદ્ધ૦ ॥૬॥

માત તાત તુજ બંધુ સ્વામી તું ગુરુ,
તુજ અવધીરિત નિર્જલ મત્સ્ય સમાન જો;
મરી રહ્યો જેમ જગતીતલમાં તડફડું,
ભક્તિ નિશ્ચલ તુજમાં મુજ ભગવાન જો. સિદ્ધ૦ ॥૭॥

અનાદિ અભ્યાસથી વિષયવિકારમાં,
મારું રખડે મન તે પ્રભુ નિવાર જો;
આત્મ કમલમાં સ્થિરતા ગુણ રત્નત્રયી,
કર લબ્ધિને ભવસાયર કરો પાર જો. સિદ્ધ૦ ॥૮॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

### ॥ દુહો ॥

આચાર્ય પ્રવચનધરા, શાસનના આધાર;
સેવો શિવસુખ કારણે, હરવા ભવદુઃખ ભાર ॥૧॥

### ॥ ઢાળ પહેલી ॥

॥ મઝા દેતે હૈં ક્યા યાર, તેરે બાલ ઘુંઘરવાલે - એ ચાલ ॥

**સેવો સૂરીશ્વર શિરતાજ,** સચ્ચા ધરમ બતાનેવાલે ॥અંચલી॥
રહે નિજ ગુણમેં મસ્તાન, સાધે સૂરિમંત્ર પ્રસ્થાન;
કરે અતિ સુંદર વ્યાખ્યાન, ભવોદધિ પાર લગાનેવાલે. સેવો૦ ॥૧॥

તત્ત્વ બોધક આગમ ધાર, દીયા ભવભય ફંદ નિવાર;
રહે જસ મન નિત્ય અવિકાર, આનંદ પદવીકો પાનેવાલે. સેવો૦ ॥૨॥

ગુરુ નિજ પરકે હિતકાર, હરે ક્રોધાદિક પ્રકાર;
કરે જિનશાસન જયકાર, સૂરિપદવીકે દીપાનેવાલે. સેવો૦ ॥૩॥

સારણ વારણ કરે જેહ, મુનિ વાચક સૂરિ ગુણગેહ;
જસ શોભે સુંદર દેહ, જાતિ કુલ ઉચ્ચ ધરાનેવાલે. સેવો૦ ॥૪॥

નોદ પ્રતિનોદન કરે સાર, ધરે ભાષા જ્ઞાન અપાર;
ગાંભીર્યાદિક ગુણ ધાર, [1]મિહિર મોહતિમિર મિટાનેવાલે. સેવો૦ ॥૫॥

આત્મ કમલ સુખકાર, આધ્યાત્મિક ગુણ ભંડાર;
ધન્ય ઉસ નરકા અવતાર, લબ્ધિસૂરિ ગુણ ગાનેવાલે. સેવો૦ ॥૬॥

॥ દુહો ॥

ચરણકમલમેં રત રહે, કરે ભ્રમણ ઉપકાર;
દમન કરે નિજ ઈંદ્રિયો, સૂરિપદ જગદાધાર ॥૧॥

॥ ઢાળ બીજી ॥

॥ ભક્તિ નૌકામાં બેસીને અમે ભવ તરિયે - એ ચાલ ॥

**ભવિક જન ભાવે ભજીએ,** ભવોદધિ [2]તરણી
દધિ તરણી રે, શિવપુર [3]સરણી. ભવિક૦ ॥અંચલી॥

આચાર્ય ધીર નમો, અધિક પ્રેમથી રે, પૂજો આચારજ ગુણી ગુણભરણી,
ગુણભરણી રે, ગુણી ગુણભરણી. ભવિક૦ ॥૧॥

પાંચે ઈંદ્રિયો કાબૂ, કરતે ગુણ સ્નેહથી રે, નવવિધ બ્રહ્મચર્ય પાલે મનહરણી,
મનહરણી રે, પાલે મનહરણી. ભવિક૦ ॥૨॥

ચાર કષાય ત્યાગી, સમિતિ પણ પાલતા રે, પંચ મહાવ્રત કરે શુદ્ધ કરણી,
શુદ્ધ કરણી રે, કરે શુદ્ધ કરણી. ભવિક૦ ॥૩॥

પંચ આચાર પાલી, અન્ય પલાવતે રે, તિગુપ્તિ ગુપ્તા છત્તીસ ગુણ ધરણી,
ગુણ ધરણી રે, છત્તીસ ગુણ ધરણી. ભવિક૦ ॥૪॥

---

૧. સૂર્ય, ૨. જહાજ, ૩. નીસરણી.

આત્મકમલ સર્વ લબ્ધિ પ્રકાશી રે, સેવા તસ જાણો સુખ બીજ ધરણી,
બીજ ધરણી રે, સુખ બીજ ધરણી. ભવિક૦ ॥૫॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

**॥ દુહો ॥**

વાચક પદ નિત્ય નમો, અંગ ઉપાંગકે જાણ;
ચરણ કરણ ચિત્ત ધારતે, કરે મર્ખને જાણ ॥૧॥

**॥ ઢાળ પહેલી ॥**

॥ રસીયાજી ગિરધારી કી - એ ચાલ ॥

ઉવઝાયા ઉવઝાયા, **યુવરાજ હો સૂરિપદકે યોગી,**
સેવા મુજ દીજીએ જી ॥ અંચલી ॥

આવશ્યક પચ્ચીસ કરતે, ભાવના પચ્ચીસ ધરતે;
પણવીસ કિરિયા જિન્હોંને ટારી. યુવરાજ૦ ॥૧॥

કુમતિકો સુમતિ કરતે, સૂત્રાર્થ મર્મ ધરતે;
સર્વ આગમકે અધિકારી. યુવરાજ૦ ॥૨॥

હરિ ભૂપ વાસુદેવા, શશી રવિ સુરગિરિ જેવા;
હય વૃષ સિંહ બલી ભંડારી. યુવરાજ૦ ॥૩॥

જંબૂદ્વીપ કુંજર સીતા, ચક્રી સ્વયંભૂ લિત્તા;
ઉત્તરજ્ઝયણે એ ઉપમા ધારી. યુવરાજ૦ ॥૪॥

ચેતન નિર્મળતાકારી, વાચક ઉપકાર ભારી;
આત્મકજ લબ્ધિ કે ભંડારી. યુવરાજ૦ ॥૫॥

**॥ દુહો ॥**

સૂત્ર જ્ઞાન વિસ્તારતે, હરતે કુમતિ કુનેહ;
વાચના આપે શિષ્યને, વાચક ગુરુ ગણગેહ ॥૧॥

## ॥ ઢાળ બીજી ॥

॥ રાગ : સોરઠ. વ્હાલા વીર જિનેશ્વર જન્મ જરા નિવારજો રે ॥

**અરે સુખઈચ્છક ! વાચક સેવાથી સુખ થાય છે રે;**
સેવાહીન જીવતર તારું જીવડા ! એળે જાય છે રે. અરે૦ ॥૧॥

લાખ ચોરાશી યોનિ ભટકી, ગર્ભોમાં બહુ ઊંધો લટકી;
કાલ અનંતે પુણ્યે નરભવ પાય છે રે. અરે૦ ॥૨॥

જ્યાં ત્યાં જોશો પત્થર મલશે, હીરો નહીં તુમ નજરે પડશે;
અન્ય દેહમાં નરદેહ તેમ જણાય છે રે. અરે૦ ॥૩॥

દુર્લભ દેહે સાર્થક કરશે, તે વેગે શિવરમણી વરશે;
પાપ ખાડમાં પડે નરક પહોંચાય છે રે. અરે૦ ॥૪॥

તન ધન જોબન સ્થિર નહીં જગમાં, સગાં ભરે સ્વારથ રંગ રાગમાં;
એ અનુભવ અનુભવથી ધર્મ પમાય છે રે. અરે૦ ॥૫॥

વાચક પાસે જે નર આવે, તેને એ સઘળું સમજાવે;
ખરે એ ગુણથી વાચક પદ પૂજાય છે રે. અરે૦ ॥૬॥

વાચક પદનું ધ્યાન જે ધરશે, જન્મમરણને તે નર હરશે;
આત્મકમલમાં શિવલક્ષ્મી વરતાવશે રે. અરે૦ ॥૭॥

**(કાવ્ય તથા મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ પંચમ શ્રી મુનિપદ પૂજા ॥

### ॥ દુહો ॥

ક્ષમા સરલતા નમ્રતા, મુક્તિ તપ સુખદાય;
ઈત્યાદિ ગુણ શોભતે, મુનિ સેવ્યે સુખ થાય ॥૧॥

## ॥ ઢાળ પહેલી ॥

॥ નહીં છેડો ગાલી દુંગી રે, ભરને દે મુજે નીર - એ ચાલ ॥

**નમો મુનિ ગુણગણકે ધારી, બ્રહ્મચારી શૂરવીર ॥અંચલી॥**

ગુણ સત્ય અકિંચન પાયા, શુચિ સંયમ દિલમેં ઠાયા;
યું યતિ ધર્મ સુહાયા રે, બ્રહ્મચારી શૂરવીર. નમો૦ ॥૧॥

સત દશવિધ સંયમ પાલે, સુસ્થિત મંદિરમેં મ્હાલે;
બિન વૃત્તિ વાસો ટાલે રે, બ્રહ્મચારી શૂરવીર. નમો૦ ॥૨॥

[1]જડ ચાર કષાય કટાયા, મૂલસે મિથ્યાત્વ મિટાયા;
અવિરતિ પાપ હટાયા રે, બ્રહ્મચારી શૂરવીર. નમો૦ ॥૩॥

કરી પાંચ ઈન્દ્રિયો કાબૂ, મલશોધક જગ જેમ સાબૂ;
તરે ભવજલ જેમ [2]અલાબૂ રે, બ્રહ્મચારી શૂરવીર. નમો૦ ॥૪॥

હેં અષ્ટાદશ હજારી, ગુરુ શીલાંગ રથના ધારી;
કરે જલ્દી ભવજલ પારી રે, બ્રહ્મચારી શૂરવીર. નમો૦ ॥૫॥

નહીં તાત માત અરુ ભાઈ, પડતે પ્રાણીકું બચાઈ;
હે ગુરુ જગતમેં સહાઈ રે, બ્રહ્મચારી શૂરવીર. નમો૦ ॥૬॥

સો આત્મકમલ વિકસાવે, જો મુનિપદ ચિત્તમેં ધ્યાવે;
ઘટ અંતરં લબ્ધિ પાવે રે, બ્રહ્મચારી શૂરવીર. નમો૦ ॥૭॥

## ॥ દુહો ॥

સ્વ-પર કારજ સાધતે, સો સાધુ ભગવાન;
સેવી સિદ્ધિવધૂ વરો, સત્તાઈસ ગુણવાન ॥૧॥

## ॥ ઢાળ બીજી ॥ રાગ : ખમાચ કી ઠુમરી ॥

**ધ્યાન ધર લે હો પ્યારે ! જીઅરવા,** મુનિપદ હૈ સુખકારા રે ॥અંચલી॥

સર્વ જીવકો નિત્ય બચાવે, ભવોદધિ પાર ઉતારા રે;
પાર ન પાઉં મુનિ ગુણગણકા, ન કરે કામ મન મારા રે. ધ્યાન૦ ॥૧॥

---

૧. જડમૂળથી, ૨. તુંબડું

મુનિગુણ ગાનેકો ગુણિ મન મોરા, તલસ રહા અતિ ભારા રે;
બાલ સાગરકા માપ કરે જ્યું, કલમ ત્યું કરમેં ધારા રે. ધ્યાન૦ ॥૨॥

અધ્યાતમરસ મગ્ન રહે નિતુ, આત્મ અનુભવકારા રે;
અહોનિશ ધ્યાન ધરો મુનિપદકા, વિરતિ પદ અધારા રે. ધ્યાન૦ ॥૩॥

મહામોહકા જહર ઉતારણ, ગુરુગારુડી દિલ ધારા રે;
ઈસ સમ કો ઉપકારી ન જગમેં, મુનિપદ નૈન કા તારા રે. ધ્યાન૦ ॥૪॥

મુજ મનકમલમેં ઈનકો ધારા, યે મુજ હૃદયકા હારા રે;
નિશદિન ઘટમેં મનાઉં મુનિ મુજરા, શિવપદ લબ્ધિ કારા રે. ધ્યાન૦ ॥૫॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા ॥

### ॥ દુહો ॥

સમ્યગ્દર્શન સુખ કરે, હરે સર્વ સંતાપ;
જડ ચેતન પીછાન કર, કાટે કર્મ અમાપ ॥૧॥

### ॥ ઢાળ પહેલી ॥

॥ તુમ ચિદઘન ચંદ આનંદ તોરે દર્શન કી બલિહારી - એ ચાલ ॥

**તુમ દર્શન ચંદ આનંદ કંદ,** હરે મિથ્યાતમ દુ:ખકારી. તુમ૦ ॥૧॥
મલ ઉપશમ ક્ષય ક્ષયોપશમસે, સમ્યગ્દર્શન ધારી. તુમ૦ ॥૨॥
છાસઠ સાગર અધિક સ્થિતિ ધર, મુહૂર્ત અંતર લઘુ ધારી. તુમ૦ ॥૩॥

ક્ષયોપશમ સમકિત ભવિ જાનો, જિન વચનો અનુસારી. તુમ૦ ॥૪॥
સર્વ જીવે સર્વ કાલથી માનો, સમ્યગ્દર્શન જારી. તુમ૦ ॥૫॥
કરણ અપૂરવ મુદ્ગર દ્વારા, મિથ્યા ગ્રંથિ વિદારી. તુમ૦ ॥૬॥
અનિવૃત્તિ કરણે કરીને દર્શન શુદ્ધિ પ્યારી. તુમ૦ ॥૭॥

શમ સંવેગ નિર્વેદી ચેતન, એ દર્શન ગુણ ભારી. તુમ૦ ॥૮॥
અનુકંપા કર આસ્તિક ભારી, સમકિતસે નર નારી. તુમ૦ ॥૯॥

જાય નહીં કભી નરક તિર્યંચે, ધરે નર સુર અવતારી. તુમ૦ ॥૧૦॥
આત્મ કમલમેં કેવલ લક્ષ્મી, લબ્ધિ વરે શિવનારી. તુમ૦ ॥૧૧॥

**॥ દુહો ॥**

જિનવર ભાષિત સદ્દહે, શુદ્ધ દેવ ગુરુ ધર્મ;
માને અન્ય આણે નહીં, એ છે સમકિત મર્મ ॥૧॥

**॥ ઢાળ બીજી ॥**

॥ રાગ : સારંગ. શંખેશ્વર પરમેશ્વર પાર્શ્વ - એ ચાલ ॥

**દુઃખ ખાની દુનિયા ભટકી, રહી ભવરાનમાં ॥અંચલી॥**

જન્મ મરણો અકારે, અનંતી વાર ધરે;
હજુ બી અનંત ધરશો, ભળી મિથ્યા ભાનમાં. દુઃખ૦ ॥૧॥

દુઃખહર સમ્યગ્દર્શન જરા પણ થાય સ્પર્શન;
અપ-અર્ધપુદ્ગલ જાણો, ભવભ્રમણ માનમાં. દુઃખ૦ ॥૨॥

દરિસણ ભટ્ઠા ભટ્ઠા, જેથી નિવ્વાણ નટ્ઠા;
સિજ્ઝે ચરણરહિઆ પ્યારો નહીં દર્શ હાનમાં. દુઃખ૦ ॥૩॥

આગમવાદે રમતો, નહીં પ્રાણી ભવમાં ભમતો;
સ્વચ્છંદી થઈ જે ચાલે, પડે દુઃખ ખાનમાં. દુઃખ૦ ॥૪॥

ધન્ય જે સમકિત ફરસે, જડસુખ નહીં મન તરસે;
આ જગ જંજાલ જાણી, રહે આત્મજ્ઞાનમાં. દુઃખ૦ ॥૫॥

નિજ ગુણ રંગમાં રમતો, પરગુણ નહીં તસ ગમતો;
ઉપરથી કર્મ આચરતો, ભીતર સમધ્યાનમાં. દુઃખ૦ ॥૬॥

સમકિત સ્વાદ અનુઠો, મારે જિનરાજ તુઠો;
લાધી આત્મકમલે લબ્ધિ, સમજ્યો હું સાનમાં. દુઃખ૦ ॥૭॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

### ॥ દુહો ॥

સ્વપર પ્રકાશી જ્ઞાન હૈં, સ્વપર તિમિર કરે નાશ;
વ્યવહારે નિર્વાહ કરે, નિશ્ચય પૂરે આશ ॥૧॥

### ॥ ઢાળ પહેલી ॥ રાગ - માઢ ॥

**જ્ઞાનપદ સુખકારી,** દુઃખ વિદારી, આપે શ્રી શિવરાજ;
ભેદ પાંચ વિચારી, એકાવન ધારી, સાધે આતમ કાજ ॥અંચલી॥

ગમ્યાગમ્ય જે વિણ ન જાણે, ભક્ષ્યાભક્ષ્ય અજાણ;
પેયાપેય વિચાર વિનાનો, ભટકે ભવદુઃખ ખાણ રે. જ્ઞાન૦ ॥૧॥

જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં રે, કરે કરમ જે નાશ;
અજ્ઞાની કોટી ભવે રે, તોડી શકે ન તે પાશ રે. જ્ઞાન૦ ॥૨॥

અંક વિનાની શૂન્યમાં રે, ગણતરી જેમ ન થાય;
જ્ઞાન વિનાનું જીવતર ખારું, તેમ ન લેખે લખાય રે. જ્ઞાન૦ ॥૩॥

સ્યાદ્વાદ રસથી ભર્યું રે, નય નિક્ષેપ પ્રધાન;
તારક આ પરલોકમાં રે, પૂજો ભાવે ભવિ ! જ્ઞાન રે. જ્ઞાન૦ ॥૪॥

ચાર દ્વાર વ્યાખ્યા ધરે રે, દ્રવ્યાનુયોગાદિ ચાર;
વિષયમાંહિ પ્રવર્તતતું રે, શ્રુત કરે ભવ પાર રે. જ્ઞાન૦ ॥૫॥

શ્રુતથી નાણ સવિ મલે રે, કરે સ્વપરપ્રકાશ;
ચાર મૂક શ્રુત બોલતું રે, પૂરે ભવિયણ આશ રે. જ્ઞાન૦ ॥૬॥

આત્મકમલમાં દીપતું રે, ભવિઘટ પ્રગટે નાણ;
શિવલક્ષ્મી વરવા ભણી રે, લબ્ધિ મોક્ષ પ્રયાણ રે. જ્ઞાન૦ ॥૭॥

### ॥ દુહો ॥

ભવ વન મર્દન કારણે, જ્ઞાન હૈ હસ્તિ સમાન;
ઉન્માર્ગી મન હસ્તિ કો, વશકર અંકુશ જાન ॥૧॥

**॥ ઢાળ બીજી ॥**

॥ રાગ : દરબારી કાનડો, તાલ : દાદરો, ઠુમક ચલત રામચંદ્ર-એ ચાલ ॥

**પૂજન ધરી જ્ઞાનપદ,** કાટ દો કુગતિયાં ॥ અંચલી ॥
મતિ શ્રુત અવધિ જાન, મનઃપર્યવ કેવલજ્ઞાન;
નંદિસૂત્રે ઈનકા બ્યાન, બડી વહાં જુગતિયાં. પૂજન૦ ॥૧॥

મોહ-તિમિર-તરણિ જ્ઞાન, કર્મ-કરિ સિંહ સમાન;
હોવે જીવાદિ તત્ત્વ ભાન, ઈસસે હરે વિપત્તિયાં. પૂજન૦ ॥૨॥

અષ્ટ દ્રવ્ય કો મિલાય, જ્ઞાન પૂજે જ્ઞાની થાય;
જ્ઞાનાવરણીય દૂર જાય, પ્રગટે ઘટ સુમતિયાં. પૂજન૦ ॥૩॥

ધાર ધાર જ્ઞાન ધાર, ચેતન સબ ઉપાધિ ટાર;
માર માર[1] કા વિકાર, કરી વિભુ વિનતિયાં. પૂજન૦ ॥૪॥

વિષય વિષ પીકે અપાર, લાખ ચોરાશી વારંવાર;
ફિરતા રહા માર માર, જ્ઞાન બિન વિમતિયાં. પૂજન૦ ॥૫॥

આત્મ કમલે જ્ઞાન ધાર, અબ જિયા પ્રમાદ ટાર;
પાકર પીછે લબ્ધિ સાર, પાઓગે મુગતિયાં. પૂજન૦ ॥૬॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

**॥ દુહો ॥**

કર્મ ચયો ખાલી કરે, સેવો તેહ ચરિત્ત;
તીર્થપતિ પણ સેવતા, ત્યાગી અથાગ સ્વવિત્ત ॥૧॥

**॥ ઢાળ પહેલી ॥**

॥ રાગ : સોરઠ. કુબજાને જાદુ ડારા - એ ચાલ ॥

**સેવો ચારિત્રપદ સુખદાઈ,** વિપદા સવિ દૂર પલાઈ ॥ અંચલી ॥
રંક પણ ચારિત્ર ગ્રહીને, નૃપથી અધિક પૂજાઈ;
તે ચારિત્રપદ નિત્ય વંદુ, સુર નર વિભુ ગુણ ગાઈ. સેવો૦ ॥૧॥

---
૧. કામવિકાર.

નિજ ગુણમેં રહે નિત્ય રમણતા, પરગુણે દીધ દુહાઈ;
તત્ત્વ-રમણનું મૂલ એહથી, સિદ્ધિ ઋદ્ધિ ઉભરાઈ. સેવો૦ ॥૨॥

મહારંકને રાજ જ્યાં નમતા, ત્યાં એ પદની બડાઈ;
એક વર્ષની શુભ પર્યાયે, અનુત્તર સુખ અધિકાઈ. સેવો૦ ॥૩॥

સંવર સંયમ તત્ત્વ સ્થિરતા, ખંત્તિ મદ્દવ આઈ;
દશ યતિધર્મ રહ્યા જ્યાં શોભી, તે યતિપદ લો વધાઈ. સેવો૦ ॥૪॥

સર્વ દેશ ભેદે ભય ભંજે, તે ચારિત્ર સુહાઈ;
જેના માટે ખટ ખંડ ત્યાગી, ત્યાગે નિજ નૃપતાઈ. સેવો૦ ॥૫॥

આત્મકમલ નિજ નિર્મલ કરવા, જો ઈચ્છો તુમ ભાઈ;
તો એ પદ નિત્ય નિત્ય વંદીજે, જિનપદ લબ્ધિ ધ્યાઈ. સેવો૦ ॥૬॥

॥ દુહો ॥

ચારિત્ર પદ સંપદ દીયે, કરે કોટિ કલ્યાણ;
ઉસ પદકો આરાધ કર, શિવપુર ભવિ પ્રયાણ ॥૧॥

॥ ઢાળ બીજી ॥

॥ રાગ : આશાવરી. કરું મૈં ક્યા તુમ બિન બાગ બહાર - એ ચાલ ॥

**ચારિત્ર એક આધાર, જગતમેં ચારિત્ર એક આધાર** ॥અંચલી॥
ઈસ આધાર કો પાકર પાપી, દૃઢપ્રહારી ભયો પાર. જગત મેં૦ ॥૧॥

છ નર એક નારીકા ઘાતક, અર્જુનકો દીયો તાર. જગત મેં૦ ॥૨॥
વેશ્યા વિવશી સ્થૂલભદ્રકો, દિખાયા સ્વર્ગ દુવાર. જગત મેં૦ ॥૩॥

માતા મરુદેવી ઈસ ધ્યાને, ગએ ઝટ મોક્ષ મોઝાર. જગત મેં૦ ॥૪॥
ભક્ત અર્થે એક દિન પાલનસે, રંક સંપ્રતિ અવતાર. જગત મેં૦ ॥૫॥

ગુણ ગાતાં અતિહર્ષિત હોઉં, બદલા તસ દિલ ધાર. જગત મેં૦ ॥૬॥
આત્મ કમલ લબ્ધિ વિકસાવે, ચારિત્ર યહ ઉદાર. જગત મેં૦ ॥૬॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

### ॥ દુહો ॥

તપ તપતાં પાતક ટલે, ઋદ્ધિ સિદ્ધિ સંજોગ;
દૃઢપ્રહારી તપ કરી, લીધો શિવસુખ ભોગ ॥૧॥

### ॥ ઢાળ પહેલી ॥

॥ કેસરિયા થાશું પ્રીત કરીને સાચા ભાવશું - એ ચાલ ॥

**ભવિજન તપ તપજો,** અસૌમ્ય ભાવ નિવારીને ॥અંચલી॥

બાલ ગૌ બ્રાહ્મણ ભ્રૂણાદિ, હત્યા કરી અપારી;
દૃઢપ્રહારી તપ મહિમાથી, થયો શિવપદધારી રે. ભવિ૦ ॥૧॥

ધન્ય ધન્ના કાકંદી જાણો, તપ કરી શરીર સુકાવ્યું;
મોહાદિ તસ્કર પાસેથી, નિજ સવિ દ્રવ્ય મુકાવ્યું રે. ભવિ૦ ॥૨॥

ધાતુ લોહી શોષણ કરનારું, તપ કરવું દુષ્કારી;
પણ ભવિ એનો ગુણ છે મોટો, જીવ થાય અવિકારી રે. ભવિ૦ ॥૩॥

ત્રણ જ્ઞાનધર શ્રી જિનવર પણ, બહુવિધે તપ તપિયા;
આપણે પણ એહિ જ આદરવું, હોઈયે જો શિવ ખપિયા રે. ભવિ૦ ॥૪॥

સાડાબાર વરસો લગી વીરે, ઘોર તપસ્યા કીધી;
ઘાતીકર્મને ત્યારે ઘાતી, કેવલશક્તિ લીધી રે. ભવિ૦ ॥૫॥

તપ જે તપશે કર્મને ખપશે, લેશે શિવપદ ભારી;
આત્મકમલમાં લબ્ધિ વિકાશી, થશે ન પુનરવતારી રે. ભવિ૦ ॥૬॥

### ॥ દુહો ॥

મનવાંછિત સબ હી દિયે, તપરૂપ સુરતરુ સાર;
ઘોર કરમકે નાશમેં, તપ હી તપ આધાર ॥૧॥

## ॥ ઢાળ બીજી ॥

॥ સબમેં જ્ઞાનવંત બડવીર - એ ચાલ ॥

**તપ હૈ દવા બડી અકસીર,** કાટન રોગ કરમ ગંભીર ॥ અંચલી ॥
અણસણ ઊણોદરી દિલ ધારો, રોક વૃત્તિ એ રસ પરિહારો;
કાયા ક્લેશ સહો બન ધીર. તપ હૈ૦ ॥૧॥

સંલીનતાકા ગુણ હે મહાન્, એ ષટ્ તપ હૈ બાહ્ય પ્રધાન;
પાપાનલ પ્રશામન નીર. તપ હૈ૦ ॥૨॥

પ્રાયશ્ચિત ઔર વિનય વિચાર, વૈયાવચ્ચ સ્વાધ્યાય શ્રીકાર;
ધ્યાનોત્સર્ગ ધરો મન ધીર. તપ હૈ૦ ॥૩॥

અભ્યંતર તપ યે ષટ્ જાનો, સર્વ દોષ હરનેકો નિદાનો;
તપ [૧]ભવક્ષિતિ-વિદારણ-સીર. તપ હૈ૦ ॥૪॥

સર્વગુણમેં ગુણ યે સાર, ઈસસે કરમકો કરકે ઠાર;
શિવસુખ લબ્ધિ લિયો બન વીર. તપ હૈ૦ ॥૫॥

**(કાવ્ય તથા મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ કળશ ॥ રાગ-રેખતા ॥

**સિરિ સિદ્ધચક્ર ગુણ ગાયા,** માનું અમૃતઘટ પાયા;
જનમ મરણો દૂરે ઠાયા, મિલેગી શીઘ્ર શિવછાયા. સિરિ૦ ॥૧॥

સેવાસે સેવ્યકી જાનો, લહે સેવક ભી તસ ઠાનો;
આગમમેં યે મિલે બ્યાનો, ધરો સિદ્ધચક્ર વર ધ્યાનો. સિરિ૦ ॥૨॥

વિજય 'આનંદસૂરિરાયા', તપાગચ્છ હે દીપાયા;
અપૂરવ જ્ઞાનકી માયા, અતિ કીરતિ જગત છાયા. સિરિ૦ ॥૩॥

---

૧. સંસારરૂપી ભૂમિ ખોદી નાંખનાર હળ.

ઈન્હોંકે પટ્ટકે ધારી, 'વિજયકમલસૂરિ' ભારી;
બજાયા ધર્મકા ડંકા, ધરણ બ્રહ્મચર્ય મેં બંકા. સિરિ૦ ॥૪॥

પધારે સૂર્યપુરમાંહે, સેવા કરે ભક્ત ઉચ્છાહે;
કિયે દો પટ્ટધર સાથે, ગુણિવર યે મુનિનાથે. સિરિ૦ ॥૫॥

'સૂરિ શ્રી દાન' મુણીંદા, 'સૂરિ લબ્ધિ' હરે ફંદા;
ધરમકી દેશના દેકર, કરે પર આત્મ આનંદા. સિરિ૦ ॥૬॥

'કેસર' 'મંગલ' 'મેરુ' જાનો, વિજયપદ ઉત્તરે ઠાનો;
'નરેન્દ્ર' 'ચંદ્ર' 'કેવલ' થી, વિજયોત્તર 'લક્ષણ' માનો. સિરિ૦ ॥૭॥

'ભુવન' 'જયંત' પરિવારા, સુરતમેં સૂરીશ્વર ધારા;
રહે ચૌમાસ ઉમંગે, ધરમ કરણી ભઈ રંગે. સિરિ૦ ॥૮॥

વસે જહાં સંઘ ધર્મિષ્ઠા, રખે નિત્ય ભક્તિમેં નિષ્ઠા;
ઈંદુ વસુ નિધિ ભૂ વરસે (૧૯૮૧) પૂજા રચના કરી હરષે. સિરિ૦ ॥૯॥

ચાહું 'સિદ્ધચક્ર' કી સેવા, કરી મુક્તિતણા મેવા;
કહે લબ્ધિસૂરિ દેવા, કરો અબ પાર મુજ ખેવા. સિરિ૦ ॥૧૦॥

**॥ ઇતિ વિ.સં. ૧૯૮૧, સુરત નગરે**

**આ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી વિરચિત શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

• • •

## ૧૦

યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજી મહારાજ વિરચિત

# શ્રી નવપદ પૂજા

### ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

॥ દુહા ॥

નમું સ્તવું અરિહંતને, ગેય ધ્યેય અરિહંત;
પ્રાપ્ય પ્રભુપદ એહ છે, જેનાં રાગી સંત ॥૧॥

વીશસ્થાનકમાં કોઈપણ, એકારાધન યોગ;
તીર્થંકર પદ સંપજે, અનંત પુણ્યનો ભોગ ॥૨॥

ત્રીજે ભવ આરાધના, અરિહંત આદિ થાય;
શુભ ઊંચા પરિણામથી, અર્હત્ પદ બંધાય ॥૩॥

સર્વ જીવો ઉદ્ધારવા, ધર્મી કરવા રાજ;
ઉત્કૃષ્ટા પરિણામથી, બાંધે પદ જિનરાજ ॥૪॥

તીર્થંકર પદ પરમાત્મા, ત્રણકાલના જેહ;
અરિહંત તે સર્વ છે, ઘાતી હણ્યાથી એહ ॥૫॥

॥ ઢાળ ॥

**શ્રી અરિહંત પદ ગાઈએ,** ધ્યાઈએ સુખકાર રે;
અરિહંત જેવા થઈએ, દોષ રહે ન લગાર રે. શ્રી૦ ॥૧॥

નામ ઠવણ દ્રવ્ય ભવાથી, અરિહંત ગાતા ધ્યાતા રે;
આતમ અરિહંતપદ વરે, કર્મ સકલ દૂર જાતા રે. શ્રી૦ ॥૨॥

વીશસ્થાનકને સેવતાં, દ્રવ્યભાવથી ભાવે રે;
તીર્થંકર કર્મબંધ એ, પૂર્વ ત્રીજો ભવ થાવે રે. શ્રી૦ ॥૩॥

વીશસ્થાનક મય આતમા, ભાવથી હર્ષોલ્લાસે રે;
ઉજ્જ્વલ શુભ પરિણામથી, અર્હત્ પદવી પ્રકાશે રે. શ્રી૦ ॥૪॥

અરિહંત નામના જાપથી, સ્થાપનામાં પ્રભુ ધ્યાવે રે;
દ્રવ્ય-ભાવ બે ભેદથી, આતમ જિનવર થાવે રે. શ્રી૦ ॥૫॥

તીર્થંકર નામકર્મને, આતમ જ્યારથી બાંધે રે;
દ્રવ્ય તીર્થંકર ત્યારથી, ક્ષીણમોહી ગુણ સાધે રે. શ્રી૦ ॥૬॥

જન્મ થકી ત્રણ જ્ઞાન છે, મતિ શ્રુત અવધિ પ્રમાણો રે;
ચોથું દીક્ષા ગ્રહે થકે, મનઃપર્યવ દિલ જાણો રે. શ્રી૦ ॥૭॥

ગુણસ્થાનક ચોથા થકી, બારમા પર્યંત જાણો રે;
દ્રવ્યથી તીર્થંકરપણું, આલંબન શુભ આણો રે. શ્રી૦ ॥૮॥

ઉપશમ ક્ષયોપશમ અને, ક્ષાયિક સમકિત ભાવે રે;
ચરણમાં ક્ષયોપશમપણું, દ્રવ્ય તીર્થંકર દાવે રે. શ્રી૦ ॥૯॥

ભાવથી તીર્થંકર પ્રભુ, સમવસરણમાં સોહે રે;
ક્ષાયિક નવલબ્ધિ ધણી, ભવ્યોનાં મન મોહે રે. શ્રી૦ ॥૧૦॥

અંતર ક્ષાયિક ભાવ છે, ઔદયિક કર્મો પ્રવર્તે રે;
આત્મપણું પરિણામથી, આરાધીએ શુભ રીતે રે. શ્રી૦ ॥૧૧॥

પ્રારબ્ધ કર્મ અઘાતિયાં તીર્થંકર ભોગવતાં રે;
જીવનમુક્ત જિનેશ્વરા, ધ્યાતા કર્મો ટાળતાં રે. શ્રી૦ ॥૧૨॥

બાર ગુણે પ્રભુ શોભતા, વિશ્વોદ્ધારક દેવા રે;
અસંખ્ય દેવો ને દેવીઓ, કરતી પ્રભુની સેવા રે. શ્રી૦ ॥૧૩॥

નિશ્ચય અરિહંત આતમ, રાગદ્વેષને હણતા રે;
ક્ષયોપશમ ઉપશમ ક્ષયે, શુદ્ધાતમ પદ વરતાં રે. શ્રી૦ ॥૧૪॥

વીર જિનેશ્વર ઉપદિશે, આતમ અરિહંત દેવા રે;
બાહિરમાં મુંઝો નહિ, નિજ નિજની દિલ સેવા રે. શ્રી૦ ॥૧૫॥

નિશ્ચય સમકિત ચરણથી, આપોઆપ પ્રકાશે રે;
અસંખ્ય યોગનો જે પતિ, આતમજ્યોતિ વિલાસે રે. શ્રી૦ ॥૧૬॥

શુદ્ધ બ્રહ્મ નિજાતમા, અસંખ્ય પ્રદેશી પોતે રે;
સેવા ભક્તિ જ્ઞાનથી, પ્રગટે અનંતી જ્યોતે રે. શ્રી૦ ॥૧૭॥

આતમ તે અરિહંત છે, પ્રેમે ગાવો ધ્યાવો રે;
બુદ્ધિસાગર આતમા, અનંત આતમ પાવો રે. શ્રી૦ ॥૧૮॥

॥ કાવ્યં ॥

અર્હત્પદં નૌમિ ગુણૈર્યુતં ચ, સ્વાભાવિકં શુદ્ધમનન્તરૂપમ્;
પૂજ્યં પરબ્રહ્મ જિનેશ્વરં ચ, દ્રવ્યેણ ભાવેણ ચ પૂજયામિ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ અર્હં પરમેશ્વરાય સર્વ-દેવાધિદેવ-પૂજિતાય શ્રીમતે જિનેન્દ્રાય
જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

॥ દુહા ॥

અરિહંત ઉપદેશથી જેહ જાણ્યા, નમું સિદ્ધ તે શુદ્ધ રૂપે પ્રમાણ્યા;
અતઃ આદિમાં પૂજ્ય અરિહંત દેવા, પછીથી કરું સિદ્ધની શુદ્ધ સેવા ॥૧॥

અનંતા થયા સિદ્ધ થાશે અનંતા, પરબ્રહ્મ જ્યોતિ સ્વરૂપી ભદંતા;
પરિપૂર્ણ જ્ઞાને થયા જેહ સિદ્ધા, અયોગી અભોગી અવેદી પ્રબુદ્ધા ॥૨॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : ત્રીજે ભવ વીશસ્થાનક તપ કરી... ॥

કર્માતીત નિરંજન નિર્મલ, નિઃસંગી નિષ્કામી,
સાપેક્ષાએ રૂપી અરૂપી, વર્તે આતમરામી;
**ભવિકા સિદ્ધ પ્રભુ આરાધો,** આતમશુદ્ધિ સાધો રે. ભવિકા૦ ॥૧॥

એક સમયમાં સર્વ દ્રવ્યના, ગુણ પર્યાયને જાણે;
દેખે આનંદ ભોગે વર્તે, વર્તે આત્મિક પ્રાણે રે. ભવિકા૦ ॥૨॥

દ્રવ્યથી સિદ્ધો શોભે અનંતા, સિદ્ધક્ષેત્રે પ્રસિદ્ધા;
એક સિદ્ધને આશ્રયી આદિ, અનંતગુણ સમૃદ્ધા રે. ભવિકા૦ ॥૩॥

અંતરરહિત ને અજર જે, નહીં મન વાણી કાયા;
સંસારી જીવોના જેઓ, અનંતભોગે સુહાયા રે. ભવિકા૦ ॥૪॥

ક્ષાયિક ભાવે સિદ્ધ થયા જે, પુદ્ગલ સંગથી ન્યારા;
પારિણામિક ભાવે જીવનતા, જેહને નહિ આકારા રે. ભવિકા૦ ॥૫॥

વર્ણ ગંધ રસ સ્પર્શ રહિત જે, આપ સ્વરૂપે રૂપી;
પુદ્ગલ રૂપે જેહ અરૂપી, વર્તે રૂપારૂપી રે. ભવિકા૦ ॥૬॥

આઠે કર્મનો નાશ કરીને, આઠ ગુણે જે શોભે;
વ્યતિરેકી એકત્રિંશ ગુણી જે, ભવિજનનાં મન થોભે રે. ભવિકા૦ ॥૭॥

અનંતગુણ પર્યાયે જેઓ, આર્વિભાવે સોહાવે;
પ્રણમું ગાવું ધ્યાવું સિદ્ધો, મોહ ટળે સુખ થાવે રે. ભવિકા૦ ॥૮॥

અનંતસિદ્ધની જ્યોતિમાંહિ, અનંતસિદ્ધો જ્યોતે;
ત્રણ કાલમાં નિત્ય છે જેઓ, જીવે ભાવોદ્યોતે રે. ભવિકા૦ ॥૯॥

સિદ્ધસ્વરૂપી આતમ ભાવી, સિદ્ધાનંદને પામે;
એક સમયમાં ઊર્ધ્વગતિથી, સિદ્ધ સ્થાનમાં જામે રે. ભવિકા૦ ॥૧૦॥

આત્મિક શુદ્ધ સમાધિ પ્રકટે, મુક્તિનું સુખ પ્રગટે;
નિર્વિકલ્પ સમાધિ જ્ઞાને, સર્વાવરણો વિઘટે રે. ભવિકા૦ ॥૧૧॥

નામ સ્થાપના દ્રવ્ય ને ભાવથી, સિદ્ધો વંદો ધ્યાવો;
આપો આપ-સ્વરૂપ સિદ્ધો, પરમાનંદને પાવો રે. ભવિકા૦ ॥૧૨॥

॥ રાગ : વીર જિનેશ્વર ઉપદિશે... ॥

પ્રભુ મહાવીર ઉપદિશે, ત્રણ ભુવનનો રાણો રે;
અનંતગુણ પર્યાયી છે, આતમા પ્રભુ ઘટ માનો રે. ભવિકા૦ ॥૧૩॥

નિજ આતમ તે સિદ્ધ છે, જીવ છે તે શિવ જાણો રે;
શુદ્ધોપયોગે આતમા, પરબ્રહ્મ પ્રમાણો રે. ભવિકા૦ ॥૧૪॥

આરોપિતા પુદ્‌ગલ દશા, તેથી આતમ ન્યારો રે;
શુદ્ધાતમ ઉપયોગથી, સિદ્ધ સ્વયં આધારો રે. ભવિકા૦ ॥૧૫॥

અનંત જ્ઞાનાનંદનો, આવિર્ભાવ સ્વભાવ રે;
બુદ્ધિસાગર આતમા, પરમેશ્વર નિજભાવે રે. ભવિકા૦ ॥૧૬॥

**॥ કાવ્યં ॥**

વિરહિતાનપિ કર્મભિરષ્ટભિઃ સહજસિદ્ધ-ગુણાષ્ટકધારિણઃ;
સમયદેશપદાન્તરમસ્પૃશઃ સકલસિદ્ધિગતાન્ પરિપૂજયે ॥૧॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય
શ્રીમતે સિદ્ધાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

**॥ દુહા ॥**

છત્રીશ છત્રીશી ગુણ વડે, સૂરિપદ સુખકાર;
ગાતાં પૂજતાં ધ્યાવતાં, સૂરિપણું નિર્ધાર ॥૧॥

દ્રવ્ય ક્ષેત્ર ને કાલથી, ભાવથી સૂરિ મહંત;
તીર્થેશ્વર પાછળ પ્રભુ, રાજા શોભે સંત ॥૨॥

જિનશાસન સામ્રાજ્યમાં, સંઘ ચતુર્વિધ ભૂપ;
વર્તમાનમાં સંઘના, પ્રભુ જે ધર્મસ્વરૂપ ॥૩॥

## ॥ ઢાળ ॥

॥ રાગ : ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા... ॥

**પ્રેમે પ્રણમું શ્રી સૂરીશ્વર,** જૈન ધર્મના ધોરી રે;
ચાર પ્રકારે સંઘોન્નતિની જેના હાથમાં દોરી રે. પ્રેમે૦ ॥૧॥

સૂરિમંત્રનો જાપ કરે ને, ધર્માચાર પ્રચારે રે;
પંચાચારને પાળે પળાવે, સંઘનું શ્રેય વિચારે રે. પ્રેમે૦ ॥૨॥

દ્રવ્યાદિક અનુસારે તે વર્તે, સંઘને જે વર્તાવે રે;
બત્રીશ ઉપમા જેને છાજે, ધર્મને રક્ષે ભાવે રે. પ્રેમે૦ ॥૩॥

ગૌણ ને મુખ્યપણે સહુ આશયે, સર્વ ધર્મ સમજાવે;
સર્વ નયોની સાપેક્ષાએ, સ્વાધિકાર જણાવે રે. પ્રેમે૦ ॥૪॥

દ્રવ્યભાવથી સર્વ સંઘની, પ્રગતિને ઉપદેશે રે;
કાર્યો કરતાં નિર્લેપી થઈ, રહે ન મનમાં ક્લેશે રે. પ્રેમે૦ ॥૫॥

ત્યાગી ગૃહસ્થી બન્ને સંઘને, ઉત્સર્ગ ને અપવાદે રે;
ધર્માચાર વિચાર જણાવે, આત્મિક સુખ આસ્વાદે રે. પ્રેમે૦ ॥૬॥

તીર્થપતિ સમ સંપ્રતિકાલે, ધર્મ કરાવે બોધે રે;
તીર્થંકર સમ આજ્ઞાકારક, સંઘને રહે અક્રોધે રે. પ્રેમે૦ ॥૭॥

દ્રવ્ય ને ભાવથી સંઘજીવનને, શાસન ઉન્નતિ કાજે રે;
જે કાલે જે ક્ષેત્ર કરવું, આજ્ઞા કરી જગ ગાજે રે. પ્રેમે૦ ॥૮॥

પ્રતિરૂપાદિક ચૌદ ગુણોના, ધારક યોગી જ્ઞાની રે;
ક્ષમાપ્રમુખ દશધર્મના ધારક, સમભાવી ને ધ્યાની રે. પ્રેમે૦ ॥૯॥

બાર ભાવના ચાર ભાવના, ભાવે વિકથા વારી રે;
ચાર અનુયોગને વર્તાવે, સર્વ પ્રમાદને વારી રે. પ્રેમે૦ ॥૧૦॥

કરવું કરાવવું ને અનુમોદવું, જે જે યોગ્ય તે કરતાં રે;
ગાડરિયા પ્રવાહે ન ચાલે, સ્વતંત્રતા દિલ ધરતાં રે. પ્રેમે૦ ॥૧૧॥

સૂત્રો શાસ્ત્રો ગ્રંથો આદિ, પરંપરા સહુ જાણે રે;
અનુભવથી એક નિશ્ચયધારી, સંઘનું ઐક્ય જે માને રે. પ્રેમે૦ ॥૧૨॥

નિશ્ચય ને વ્યવહારે વર્તે, સંઘના ઐક્યને સાધે રે;
એવા આચારો ને વિચારો, બોધિ ગુણોથી વાધે રે. પ્રેમે૦ ॥૧૩॥

સારણ વારણ ચોયણ ને જે, પડિચોયણ ગુણધારી રે;
જે શ્રુતકેવલિ સ્વપર-સમયના, જ્ઞાતા ગુણગણ ધારી રે. પ્રેમે૦ ॥૧૪॥

તીર્થંકર સમ સૂરિ કરે તે, ક્ષેત્રને કલ્પાનુસારે રે;
ધર્માચારમાં જેહ સુધારો, કરતા સ્વાધિકારે રે. પ્રેમે૦ ॥૧૫॥

પડ્યા પડંતા ક્ષુદ્ર પ્રભેદો, ટાળે ઉદાર વિચારે રે;
બાહ્ય રાજ્ય સમ ધર્મ રાજ્યના, ઉન્નતિ હેતુ ધારે રે. પ્રેમે૦ ॥૧૬॥

ચાર નિક્ષેપે સૂરિવર પૂજો, વંદો ગાવો ધ્યાવો રે;
બુદ્ધિસાગર પરમ પ્રભુતા, પરમાનંદને પાવો રે. પ્રેમે૦ ॥૧૭॥

**આતમ તે આચાર્ય છે,** ઉપાદાન સ્વભાવે રે;
ક્ષયોપશમ ને ઉપશમે, ક્ષાયિક ગુણગણ દાવે રે. આતમ૦ ॥૧૮॥

પૂજો વંદો ભાવથી, ગાવો ને મન ધ્યાવો રે;
આત્મ સ્વભાવે સહજથી, શુદ્ધોપયોગે સહાવો રે. આતમ૦ ॥૧૯॥

આતમના એકતાનથી, સર્વ શક્તિઓ ઉલ્લસે રે;
બુદ્ધિસાગર આતમા, સૂરિપદ ગુણથી વિકસે રે. આતમ૦ ॥૨૦॥

॥ **કાવ્યં** ॥

સ્વપરશાસ્ત્રરહસ્યનિવેદનઃ ચરિતપંચવિધારચણાનપિ;
જિનસુધર્મધુરીણતયા સ્થિતાન્ સકલ-સૂરિવરાન્ પરિપૂજયે ॥૧॥

॥ **મંત્ર** ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય
શ્રીમતે સૂરિવરાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

### ॥ દુહા ॥

પંચવિંશતિ સદ્‌ગુણે, ઉપાધ્યાય ભગવંત;
ભણે ભણાવે શાસ્ત્રને, પૂજો વંદો સંત ॥૧॥

ગુણો અને આચારથી આત્મશુદ્ધિ કરનાર;
ઉપાધ્યાય જગમાં થયો, યુવરાજા જયકાર ॥૨॥

ઉપાધ્યાયની ભક્તિથી, પ્રગટે દર્શન જ્ઞાન;
વાચંયમ પાઠક નમો, પૂજો ધરી એકતાન ॥૩॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : સિદ્ધચક્રની સેવા કીજે... ॥

ઉપાધ્યાયની સેવા કીજે, વિદ્યમાન સુખકારીજી,
વિદ્યમાન પાઠકની ભક્તિ, કરતા તરે નરનારી;
**ભવિજન સેવોજી,** ત્યાગી સર્વ પ્રમાદ, લ્હાવો લેવો જી. ભવિ૦ ॥૧॥

અંગ ઉપાંગના પાઠક જ્ઞાની, ભણે ભણાવે ભાવે જી;
જૈન ધર્મ ફેલાવે જગમાં, પુણ્યે દર્શન થાયે. ભવિ૦ ॥૨॥

જ્ઞાનાવરણી આદિ કર્મો, અનંત ક્ષય ઝટ થાતાં જી;
પાઠક પ્રભુના વૈયાવચ્ચથી, આત્મ સ્વભાવે સુહાતાં. ભવિ૦ ॥૩॥

વર્તમાનમાં તરતમ યોગે, વર્તે પાઠક દેવા જી;
ગુણની દૃષ્ટિ ધારી ઘટમાં, કરીએ ભાવે સેવા. ભવિ૦ ॥૪॥

વિનય ને બહુમાનથી સેવા, ચાર નિક્ષેપ કરીએ જી;
જીવંતા વાચંયમ સેવા, સમકિત ચારિત્ર વરીએ. ભવિ૦ ॥૫॥

નિશ્ચયથી નિશ્ચયમાં વર્તે, વ્યવહારે વ્યવહરતાજી;
ઉત્સર્ગ ને અપવાદ વિચારી, ક્ષેત્રકાલ અનુસરતા. ભવિ૦ ॥૬॥

પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ ધારે, જૈનધર્મ વિસ્તારે જી;
નિજ નિજ અધિકારે સહુ વર્ણને, રાખે સ્થિર આચારે. ભવિ૦ ॥૭॥

સર્વ સંઘની દ્રવ્યભાવથી, ચઢતી હેતુ પ્રરૂપે જી;
કર્મ કરે સહુ અક્રિય થઈને, નિષ્કામી નિજરૂપે. ભવિ૦ ॥૮॥

શાસન સેવા સંઘની સેવા, કરતા અર્પાઈ જાતા જી;
વેષક્રિયા ક્ષુલ્લક મતભેદે, સંઘભેદે ન રહેતા. ભવિ૦ ॥૯॥

ભવ્યજીવોની દ્રવ્યભાવથી, આતમશુદ્ધિ કરતા જી;
જ્ઞાનક્રિયા ભક્તિ ને સમાધિ, અનેક યોગને ધરતા. ભવિ૦ ॥૧૦॥

સૂરિજી રાજા ને મંત્રી, પાઠક સંઘના હેતે જી;
પૂજી વંદી સ્તવીને ધ્યાઈ, રહીએ શિવ સંકેતે. ભવિ૦ ॥૧૧॥

તરતમ યોગે દ્રવ્યભાવયુત, ઉપાધ્યાયને ભજીએ જી;
પંચમકાલને ક્ષેત્રાનુસારે, વર્તતાને યજીએ. ભવિ૦ ॥૧૨॥

**નિજ આતમ નિશ્ચય પ્રભુ,** પાઠક જાણી ધ્યાવો રે;
ઉપાધ્યાય તે આતમા, અંતરમાં લય લાવો રે. નિજ૦ ॥૧૩॥

અનંતગુણી આતમ પ્રભુ, અનંત પર્યવી પોતે રે;
ધારણા ધ્યાન સમાધિથી, વર્તે આનંદ જ્યોતે રે. નિજ૦ ॥૧૪॥

શુદ્ધાતમ ઉપયોગથી, સહજે આતમ સ્વભાવે રે;
સર્વ કરે નિર્બંધ જે, મોહની વૃત્તિ હઠાવે રે. નિજ૦ ॥૧૫॥

અશક્ય કાંઈ ન આતમને, અનંત શક્તિ સ્ફુરાવો રે;
બુદ્ધિસાગર આતમા, શ્રદ્ધા ભક્તિથી ભાવો રે. નિજ૦ ॥૧૬॥

॥ કાવ્યં ॥

જડિમધૈર્ય વિનેયગણેષુ યે, પ્રથિતબુદ્ધિબલાશ્ચ ગતસ્મયાઃ;
શ્રુતસુપાઠસુધારસવાહિનઃ, પ્રતિદિનં પ્રણમામિ સુપાઠકાન્ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય
શ્રીમતે વાચકાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

### ॥ દુહા ॥

અપ્રતિબદ્ધ જે વિશ્વમાં, કર્મયોગી નિષ્કામ;
સાધુ આતમ સાધના, રમતા આતમરામ ॥૧॥

મુનિ તપસી અણગારી જે, સાધુ સંયત નામ;
યતિ ઋષિ ત્યાગી શ્રમણ, આર્ય ભિક્ષુક ગુણધામ ॥૨॥

આશ્રમત્યાગી મહંત જે, અનેક જેનાં નામ;
વંદો પૂજો પ્રેમથી, સંત પ્રભુ વિશ્રામ ॥૩॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : ઓધવજી સંદેશો કહેજો શ્યામને... ॥

**પ્રીતલડીને સાધો સાધુ સાથમાં,**

સાધુ સંગતે પ્રભુનાં દર્શન થાય જો, પંચમે આરે દુર્લભ સાધુ સંગતિ;
મુનિ ભજંતા જન્મ જરા દુઃખ જાય જો. પ્રીતલડી૦ ॥૧॥

સાધુ સંગતથી સમકિત પ્રગટે ખરું, જ્ઞાન અને ચારિત્ર ભલું પ્રગટાય જો;
સંતની સંગે રહીએ શ્રદ્ધા પ્રેમથી, એક પલકમાં ધાર્યું નિશ્ચય થાય જો.
પ્રીતલડી૦ ॥૨॥

પંચમ આરે મુનિની શ્રદ્ધા પ્રીતડી, કરતા આતમ પરમાતમ ઝટ થાય જો;
સંસ્કારી ભવ્યોને ભક્તિ સાંપડે, ગુણ-રાગે સવળી બુદ્ધિ પ્રગટાય જો.
પ્રીતલડી૦ ॥૩॥

યમ નિયમ ને આસન પ્રાણાયામથી, પ્રત્યાહાર ને ધારણા ધ્યાનથી જેહ જો,
આત્મસમાધિ યોગે ઘટમાં વર્તતા, નિષ્કામીને સમ છે વન ને ગેહ જો.
પ્રીતલડી૦ ॥૪॥

ધીરે ધીરે મનને સાધે સાધુજી, સદ્‌ગુણ સાધે કરતા દુર્ગુણ ત્યાગ જો;
આસક્તિ વિણ આચારોમાં વર્તતા, મુનિપદ ધારો સ્વાર્પણ કરીને રાગ જો.
પ્રીતલડી૦ ॥૫॥

આત્મશુદ્ધિ હેતે સાપેક્ષે સાધના, ગૌણ ને મુખ્યપણે જાણે જો યોગ જો;
ઉત્સર્ગ ને જે અપવાદે વર્તતા, નિર્લેપી થઈ ભોગવે સુખ-દુઃખ ભોગ જો.
પ્રીતલડી૦ ॥૬॥

આપત્કાલે આપદધર્મે વર્તતા, બાહ્યસંગમાં જે દિલમાં નિઃસંગ જો;
ધ્યેયપણે નિજ દિલમાં પ્રભુ પ્રગટાવતાં, પ્રગટે મુનિના સંગે આતમરંગ જો.
પ્રીતલડી૦ ॥૭॥

અંતર બાહ્યની ગ્રંથિમાં મમતા નહીં, ગુરુ આજ્ઞાએ સર્વે કરતા કર્મ જો;
નિર્ભય ખેદરહિત અદ્વેષી સાધુ જી, સમતાભાવે અનુભવે શિવશર્મ જો.
પ્રીતલડી૦ ॥૮॥

સમતાભાવે મુક્તિ છે, સહુ દર્શન વિષે, ક્રિયાપંથ મત બાહ્ય થકી પણ હોય જો;
તો પણ મુનિભાવે નિશ્ચય સમકિત વડે, સમભાવીને નડે ન બાહ્યનું કોય જો.
પ્રીતલડી૦ ॥૯॥

ગચ્છની નિશ્રાએ સ્થવિરો વર્તે સદા, ગચ્છોમાં સમભાવે મુક્તિ હોય જો;
સાપેક્ષાએ હઠ કદાગ્રહ ત્યાગીને, મુખ્યપણે આતમ ઉપયોગી જોય જો.
પ્રીતલડી૦ ॥૧૦॥

જે કાલે જે ક્ષેત્રે જે કરવું ઘટે, સ્વપર જીવોનાં ધર્મ હિતાર્થે જેહ જો;
તેહ કરાવે કરે અને અનુમોદતા, અલ્પદોષ ને ધર્મ ઘણો કરે તેહ જો.
પ્રીતલડી૦ ॥૧૧॥

સૂરિ ગુરુની આજ્ઞાએ વર્તે મુનિ, થતા કષાયો રોધે સાધે ધર્મ જો;
આત્મરાજ્યની સ્વતંત્રતા જે સાધતા, કરે કર્મ પણ ઉપયોગે જે અકર્મ જો.
પ્રીતલડી૦ ॥૧૨॥

પૂર્ણાનંદી આતમજ્ઞાને અનુભવે, સાધક બાધક કૃત્યાકૃત્ય વિવેક જો;
જૈનધર્મ ઉપદેશે ભક્તોને ભલો, રહે સમાધિ એવી ધારે ટેક જો.
પ્રીતલડી૦ ॥૧૩॥

પૂજો વંદો ગાવો મુનિપદને ભલું, નિશ્ચયદૃષ્ટિને ધારી વ્યવહાર જો;
બુદ્ધિસાગર મુનિ સેવા ભક્તિ બલે, ક્ષણમાં પ્રભુપદ પામે નર ને નાર જો.
પ્રીતલડી૦ ॥૧૪॥

**સાધુ તે નિજ આતમા,** શુદ્ધાતમ ઉપયોગે રે;
શું મુડે શું લોચથી, ત્યાગે શું બાહ્યભોગે રે. સાધુ૦ ॥૧૫॥

શુદ્ધાતમ રમણી મુનિ, મોહની વૃત્તિ રોકે રે;
હર્ષે નહીં જે બાહ્યમાં, રહે ન બાહ્યમાં શોકે રે. સાધુ૦ ॥૧૬॥

સમભાવી ભવ મુક્તિમાં, સહજાનંદના ભોગી રે;
રાગ ને ત્યાગથી ભિન્ન જે, આતમ દેખે યોગી રે. સાધુ૦ ॥૧૭॥

નિઃસંગી નિષ્કામી જે, ઘટમાં સિદ્ધિ પ્રકાશે રે;
આનંદથી ઉભરાઈને, પ્રસન્નતાએ વિકાસે રે. સાધુ૦ ॥૧૮॥

આશા તૃષ્ણા કામના, તેથી ગણે નિજ ન્યારો રે;
બુદ્ધિસાગર આતમા, સિદ્ધ બુદ્ધ નિર્ધારો રે. સાધુ૦ ॥૧૯॥

**: કાવ્યં :**

સ્વપરકાર્ય-સુસાધન-તત્પરાન્, શિવભવસ્થિતિ-સામ્ય-સમન્વિતાન્;
વિદિત-પંચમહાવ્રતધારિણઃ, પ્રણિદધે પ્રતિ સાધુમતલ્લિકાન્ ॥૧॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય
શ્રીમતે સાધવે જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા ॥

**॥ દુહા ॥**

શુદ્ધાતમ દર્શન થવું, નિશ્ચય દર્શન તેહ;
દેવ ગુરુ ને ધર્મની, શ્રદ્ધા દર્શન એહ ॥૧॥

દર્શન છે વ્યવહારથી, નિશ્ચયથી સુખકાર;
સડસઠ બોલે અલંકર્યું, ધારો નર ને નાર ॥૨॥

દર્શન પામ્યો આતમા, નિશ્ચય મુક્તિ જાય;
જડ ચેતન સમ્યક્પણે, જાણી નહિ મુંઝાય ॥૩॥

## ॥ ઢાળ ॥

॥ રાગ : એ ગુણ વીર તણો ન વિસારું... ॥

**સમ્યગ્દર્શન જય જયકારી,** સર્વ જીવ હિતકારી રે;
પ્રભુ શ્રી મહાવીર જિન ઉપદેશે, પામો નર ને નારી રે. સમ્યગ્૦ ॥૧॥

દ્રવ્યભાવ બે ભેદે દર્શન, નિશ્ચય ને વ્યવહારો રે;
દેવ ગુરુ ને ધર્મની શ્રદ્ધા, ભેદે ત્રણ પ્રકાર રે. સમ્યગ્૦ ॥૨॥

આતમ તે નિશ્ચયથી દેવ જ, આતમ તે ગુરુ જાણો રે;
આતમમાંહી સત્ય ધર્મ છે, નિશ્ચય દર્શન માનો રે. સમ્યગ્૦ ॥૩॥

મુનિભાવે છે નિશ્ચય સમકિત, રત્નત્રયી અભેદે રે;
સાપેક્ષાએ જાણી પામો, રહો ન આતમ ખેદે રે. સમ્યગ્૦ ॥૪॥

મુનિભાવે સમકિતપણું છે, આચારાંગે ભાખ્યું રે;
ઉત્કૃષ્ટે ક્ષણમાં છે મુક્તિ, એવું પ્રભુએ દાખ્યું રે. સમ્યગ્૦ ॥૫॥

દર્શનથી જ્ઞાન ચરિત્ર પ્રગટે, તેથી મુક્તિ નક્કી રે;
માટે દર્શન પામે ભવ્યો, રાખો શ્રદ્ધા પકડી રે. સમ્યગ્૦ ॥૬॥

ગુરુને દર્શન પ્રગટે, જિનવાણી સાંભળતા રે;
સાધુ સંત ગુરુ સેવા કરતાં, દર્શન કારણ ફળતા રે. સમ્યગ્૦ ॥૭॥

શ્રદ્ધા પ્રીતિથી ગુરુ સેવે, જિનપ્રતિમા અવલંબે રે;
સમકિત દર્શન પામે ભક્તો, પડે ન મિથ્યા અચંભે રે. સમ્યગ્૦ ॥૮॥

આતમથી મિથ્યાત્વ ટળે તેમ, શ્રદ્ધા સાચી પ્રગટે રે;
આત્માનુભાવ થાતાં પૂર્વે, મિથ્યામોહની વિઘટે રે. સમ્યગ્૦ ॥૯॥

સર્વ સંઘની સેવા ભક્તિ, કરતા હર્ષોલ્લાસે રે;
આતમ સમકિત પામે નિશ્ચય, આવિર્ભાવે વિકાસે રે. સમ્યગ્૦ ॥૧૦॥

સમ્યગ્દર્શનીનો સંગ કરશો, સમકિતીની કરો ભક્તિ રે;
બુદ્ધિસાગર આતમ સમ્યગ્દર્શન પ્રગટે શક્તિ રે. સમ્યગ્૦ ॥૧૧॥

॥ રાગ : સાંભળજો મુનિ સંયમરાગે... ॥

**નિશ્ચય દર્શન તે આતમ,** ઉપશમ ને ક્ષયોપશમે રે;
ક્ષાયિક દર્શનરૂપી આતમ, પડો ન મિથ્યા ભર્મે રે. નિશ્ચય૦ ॥૧૨॥

આત્મપ્રતીતિ અનુભવ આવે, જલપંકજવત્ ન્યારો રે;
નિર્લેપી આતમગુણ ખેલે, આનંદ અપરંપારો રે. નિશ્ચય૦ ॥૧૩॥

નિકાચિત જે કર્મના ભોગો, ત્યાં નહિ શોક ને પ્રીતિ રે;
નિર્જરતો કર્મોને ભોગવે, આતમસુખ પ્રતીતિ રે. નિશ્ચય૦ ॥૧૪॥

પંચવાર ઉપશમ ઘટ પ્રગટે, ક્ષાયોપશમી અસંખ્ય રે;
એકવાર ક્ષાયિક સમકિતની, પ્રાપ્તિ થતા નિઃશંક રે. નિશ્ચય૦ ॥૧૫॥

ચાર નિક્ષેપે સાત નયોથી, સમ્યગ્દર્શન સમજો રે;
બુદ્ધિસાગર આત્મ સ્વભાવે, શ્રદ્ધા પ્રેમે રમજો રે. નિશ્ચય૦ ॥૧૬॥

**॥ કાવ્યં ॥**

સકૃદપિ પ્રતિપત્તિરહો નૃણાં, ભવતિ યસ્ય ભવસ્થિતિમાપિકા;
શિવસુખં પ્રતિ કન્દલતાં દધત્, નમત તદ્ગુરુ-દર્શનમાદરાત્ ॥૧॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે જિનેન્દ્રાય સમ્યગ્દર્શનપૂજાર્થં જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

**॥ દુહા ॥**

જ્ઞાન તે આત્મસ્વરૂપ છે, ચેતન છે ગુણ જ્ઞાન;
જ્ઞાન વિના નહિ મુક્તિ છે, વીર કહે ભગવાન ॥૧॥

જ્ઞાનથી આનંદ ઉપજે, જ્ઞાનથી વિશ્વ પ્રકાશ;
જ્ઞાન વિના જગ જીવકા, પગ પગ દુઃખી દાસ ॥૨॥

જ્ઞાનીને પૂજો ભવિ, સેવો નર ને નાર;
જ્ઞાનાવરણના નાશથી, વ્યક્ત જ્ઞાન સુખકાર ॥૩॥

## ॥ ઢાળ ॥

॥ રાગ : ધ્યાન ક્રિયા મનમાં આણી જે... ॥

**જ્ઞાનને સેવો, જ્ઞાનીને સેવો,** જ્ઞાન ભણો ને ભણાવો રે;
જ્ઞાનાભ્યાસીને સહાય કરો ભવિ, શાસ્ત્રો લખાવો છપાવો રે. જ્ઞાન૦ ॥૧॥

જૈનધર્મ જગમાં ફેલાવો, જ્ઞાનીઓ પ્રગટાવી રે;
જ્ઞાન વિના નહિ શાસન ચાલે, જ્ઞાન છે મુક્તિની ચાવી રે. જ્ઞાન૦ ॥૨॥

શ્રુતકેવલી કેવલી સમ જાણો, જ્ઞાનથી ધર્મ પ્રચારો રે;
જીવતા તીર્થો જ્ઞાનીઓ, જૈનધર્મ આધારો રે. જ્ઞાન૦ ॥૩॥

જ્ઞાન વિનાનું જીવન જડ છે, આત્મજીવન છે જ્ઞાને રે;
જ્ઞાની ધ્યાન સમાધિ પામે, વર્તે શુદ્ધાતમ તાને રે. જ્ઞાન૦ ॥૪॥

જ્ઞાનીનો જે વિનય ન સેવે, તેને છે અતિચાર રે;
જ્ઞાનીની આશાતના ટાળો, સફળ કરો અવતાર રે. જ્ઞાન૦ ॥૫॥

ભાનુ આગળ તમ નહીં રહેતું, જ્ઞાની આગળ અજ્ઞાન રે;
જ્ઞાનીઘટમાં દોષ રહે નહીં, જ્ઞાન સ્વંતત્ર પ્રમાણ રે. જ્ઞાન૦ ॥૬॥

જ્ઞાનથી ચારિત્ર પ્રગટે સાચું, જ્ઞાન છે શ્રેષ્ઠ પવિત્ત રે;
સ્વપર પ્રકાશક જ્ઞાન છે સુંદર, તેથી વશમાં છે ચિત્ત રે. જ્ઞાન૦ ॥૭॥

જ્ઞાનીની આજ્ઞાએ હલાહલ, પીતાં મુક્તિ થાતી રે;
અજ્ઞાની વચને અમૃતને, પીતાં ન શાંતિ સુહાતી રે. જ્ઞાન૦ ॥૮॥

પિંડસ્થાદિક ધ્યાનને ધ્યાવે, ધર્મ-શુક્લ બે ધ્યાવે રે;
જ્ઞાન ધ્યાનની સૂક્ષ્મ ક્રિયાથી, ક્ષણમાં મુક્તિ પાવે રે જ્ઞાન૦ ॥૯॥

જ્ઞાનની દાસી સર્વક્રિયા છે, જ્ઞાની પાસે કિરિયા રે;
જ્ઞાન જગમાં અનંત ભવ્યો, ભવસાગરને તરિયા રે. જ્ઞાન૦ ॥૧૦॥

અસંખ્ય યોગ છે મુક્તિના હેતુ, જ્ઞાનયોગ સહુ મોટો રે;
જ્ઞાનીની સેવા ભક્તિથી, રહે ન કોઈ છોટો રે. જ્ઞાન૦ ॥૧૧॥

જ્ઞાનીને પૂજો જ્ઞાનીને વંદો, જ્ઞાની છે અપ્રમાદી રે;
શુષ્કજ્ઞાની એકાંતવાદી, ક્રિયાજડી ઉન્માદી રે. જ્ઞાન૦ ॥૧૨॥

પરોક્ષ પ્રત્યક્ષ જ્ઞાન બે ભેદે, શ્રુત સ્વ-પર ઉપકારી રે;
બુદ્ધિસાગર સદ્‌ગુરુ સંગે, રહેશો નર ને નારી રે. જ્ઞાન૦ ॥૧૩॥

**વીર જિનેશ્વર ઉપદિશે,** જ્ઞાન સકલ ઉપકારી રે;
ચાર નિક્ષેપ જ્ઞાનને, સમજો નર અને નારી રે. વીર૦ ॥૧૪॥

મતિ અઠ્ઠાવીસ ભેદે છે, શ્રુત છે ચઉદશ ભેદે રે;
અવધિ અસંખ્ય પ્રકાર છે, રૂપી વસ્તુ વેદે રે. વીર૦ ॥૧૫॥

મનઃપર્યવ બે ભેદે છે, મનનાં પુદ્‌ગલ જાણે રે;
કેવલ રૂપારૂપીના, સહુ પર્યાય પિછાને રે. વીર૦ ॥૧૬॥

અધ્યાતમ જ્ઞાને ભવી, કેવલજ્ઞાન પામો રે;
બુદ્ધિસાગર આતમા, પરમપ્રભુ થઈ જામો રે. વીર૦ ॥૧૭॥

**॥ કાવ્યં ॥**

સકલવસ્તુ સમૂહ વિભાસનં, પ્રચિત કર્મવિનાશન કર્મઠમ્;
યુગલ ભાવગતં મતિમુખ્યકં, વિરતિદં રતિદં પ્રણિદધ્મહે ॥૧॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે જિનેન્દ્રાય જ્ઞાનાર્થં જ્ઞાનપૂજાર્થં ચ જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

**॥ દુહા ॥**

સદાચાર સદ્‌ગુણમયી, ચારિત્ર છે સુખકાર;
ગાવો ધ્યાવો આચારો, ભાવે નર ને નાર ॥૧॥

દ્રવ્ય ભાવ ચારિત્ર છે, નિશ્ચય ને વ્યવહાર;
સ્વર્ગ ને મુક્તિફલ મળે, તજો દુર્ગુણ આચાર ॥૨॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : સિદ્ધિયે નમો સિદ્ધ અનંતા... ॥

**ચારિત્ર એવું મળે સુખકારી,** જાઉં ચારિત્રની બલિહારી રે;
સમભાવે જગ સઘળું લાગે, રાગ-દ્વેષ ન મનમાં જાગે રે. ચારિત્ર૦ ॥૧॥

પરભાવે રસ રીઝ ન આવે, રીઝ લાગે આત્મસ્વભાવે રે;
ક્રોધના ઉપર ક્રોધ જાગે જ્ઞાને, મન રહેતું નહિ અભિમાને રે. ચારિત્ર૦ ॥૨॥

નિર્દંભ ને નિર્લોભભાવે રહેવું, સુખદુઃખ સમભાવે સહેવું રે;
દેશવિરતિ સર્વવિરતિ ભેદે, આઠ બાર કષાય ન વેદે રે. ચારિત્ર૦ ॥૩॥

રાંક જીવો પણ ચારિત્રને પાળી, પામ્યા મુક્તિવધૂ લટકાળી રે;
શુક્લ શુક્લ પરિણામ વધંતા, એ તો અનુભવે જ્ઞાની સંતા રે. ચારિત્ર૦ ॥૪॥

મૈત્રી પ્રમોદ ને માધ્યસ્થ ભાવે, કરુણાએ હૃદય શુદ્ધ થાવે રે;
નિર્મમ નિરહંકારે પ્રણામે, સત્ય અપ્રતિબદ્ધતા જામે રે. ચારિત્ર૦ ॥૫॥

અસ્તેય બ્રહ્મચર્ય સંતોષે, તજી વ્યસનને સદ્‌ગુણ પોષે રે;
મિત્ર શત્રુ પર રાગ ન રોષ, નહિ નિંદક દૃષ્ટિનો દોષ રે. ચારિત્ર૦ ॥૬॥

તૃણમણિ પર સમભાવની વૃત્તિ, રહે મનમાં ન વિષયાશક્તિ રે;
આવે અનુભવ સુખની ઘટમાં ખુમારી, થાય કર્મો સકલ ઉપકારી રે. ચારિત્ર૦ ॥૭॥

થાય પરમાર્થ પદની યોગપ્રવૃત્તિ, દોષ અલ્પ ને બહુ ધર્મનીતિ રે;
બાહ્યકર્મ કરે પણ મોહ ન એમાં, ફલ આશા રહે નહિ તેમાં રે. ચારિત્ર૦ ॥૮॥

અતિચાર દોષ સહુ પ્રગટ્યા વારે, મળ્યો માનવભવ નહીં હારે રે;
શુદ્ધ ઉપયોગથી નિજ આત્મપ્રકાશે, શુભ અશુભ ન મનમાં ભાસે રે. ચારિત્ર૦ ॥૯॥

પૂજો ગાવો ને એહ મનમાં ધ્યાવો, લેવો ચારિત્ર સત્ય લ્હાવો રે;
સંયમી મુનિનાં દર્શન દુઃખહારી, સેવો ચારિત્રીને નરનારી રે. ચારિત્ર૦ ॥૧૦॥

સમકિતવંતાને ચારિત્રની ઈચ્છા, કરી પુરુષાર્થ ગ્રહે દીક્ષા રે;
ધર્મ-શુક્લધ્યાને આતમ ઋદ્ધિ, બુદ્ધિસાગર મંગલસિદ્ધિ રે. ચારિત્ર૦ ॥૧૧॥

॥ રાગ : માયા કારમી રે માયા ન કરો ચતુર સુજાણ... ॥

**આતમગુણો વિના રે,** હોળી રાજા સરખો વેષ,
ભવોભવ જીવડાં રે, પામ્યા આધિ વ્યાધિ ક્લેશ;
ગુણવિણ આડંભર શા ખપનો, બાહ્ય ક્રિયા વ્યવહારે;
વેષ ક્રિયા છે ગુણને માટે, જાણે તે નિજ તારે. આતમ૦ ॥૧૨॥

મોહ વને નહિ મનડું ભમતું, ધ્યાન સમાધિ યોગે રે;
જડમાં સુખની રહે ન ઈચ્છા, આતમ સુખના ભોગે. આતમ૦ ॥૧૩॥

દુર્ગુણ દોષો ટાળી સઘળા, આત્મગુણો પ્રગટાવો રે;
ચિદાનંદ ઉપયોગ રમણતા, ચારિત્ર જ તે ચ્હાવો. આતમ૦ ॥૧૪॥

મોહનો ઉપશમ ક્ષયોપશમ ને, ક્ષાયિકભાવ જે કરવો રે;
નિર્વિકલ્પ સમાધિયોગે, પરમાનંદને વરવો. આતમ૦ ॥૧૫॥

આત્મોપયોગે આત્મરમણતા, નિશ્ચયથી ચારિત્ર રે;
બુદ્ધિસાગર પૂર્ણાનંદી, આતમ પૂર્ણ પવિત્ર. આતમ૦ ॥૧૬॥

**: કાવ્યં :**

રમણતાત્મગુણેષુ હિ યત્ર વૈ, વિગતનૂતન-કર્મપંથ ચ યત્;
જગતિ જીવસમૂહ-સુવલ્લભં, સુલલિતં ચરણં હૃદિ ધારયે ॥૧॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય ચારિત્રપદલાભાર્થં પૂજાર્થં ચ જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

**॥ દુહા ॥**

દ્રવ્યભાવથી તપ તપે, સકલવિઘ્ન દૂર જાય;
પચ્ચાશ લબ્ધિ ઉપજે, જય જય તપ મહિમાય ॥૧॥

તપ તપતાં કષ્ટો ટળે, દુઃખો દૂરે જાય;
સર્વકર્મ દૂરે ટળે, પગ પગ મંગલ થાય ॥૨॥

તપના ભેદ અનેક છે, તપના બાર પ્રકાર;
પૂજો વંદો તપસ્વીને, તપ તપશો નરનાર ॥૩॥

॥ ઢાળ ॥

॥ રાગ : નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર... ॥

**પૂજો વંદો તપગુણ ધારી,** તપ તપશો જયકાર રે;
તપ તપતા અઠ્ઠાવીશ, પચ્ચાશ-લબ્ધિ પ્રગટે સાર રે. પૂજો૦ ॥૧॥

સર્વ શુભાશુભ ઈચ્છારોધક, તપથી શક્તિ પ્રકાશે રે;
નિષ્કામી થઈ કાર્યો કરતાં, તપ છે જાણો રે પાસે રે. પૂજો૦ ॥૨॥

દેવ-ગુરુ ને સંઘની સેવા, ભક્તિ તપ છે વેશ રે;
ધાર્મિક કર્મ કરંતાં સંકટ સહવાં દુઃખો ક્લેશ રે. પૂજો૦ ॥૩॥

આત્માર્થે પરમાર્થે પ્રવૃત્તિ, કરતા ભય નહિ ખેદ રે;
દ્વેષ ન પ્રગટે તપ એ તપતાં, નાસે મોહના ભેદ રે. પૂજો૦ ॥૪॥

મન વાણી કાયાની શુદ્ધિ, ધરવી તપ જયકાર રે;
સર્વ શુભાશુભ ફલની ઈચ્છા, ત્યાગથી તપ છે ઉદાર રે. પૂજો૦ ॥૫॥

તીર્થંકર ત્રિજ્ઞાની પણ જે, તે ભવ મુક્તિ જાણ રે;
તપ તપતા જાણીને ભવ્યો, તપ તપશો ગુણખાણ રે. પૂજો૦ ॥૬॥

મરણ જીવનપર નહિ આસક્તિ, સર્વ સમર્પણ થાય રે;
પરમાર્થે જીવનની કરણી, શુદ્ધોપયોગે સુહાય રે. પૂજો૦ ॥૭॥

સર્વ જીવોનાં હિતને માટે, કાયા મનની પ્રવૃત્તિ રે;
જૈનધર્મની સેવા ભક્તિ, કરવાની છે રીતિ રે. પૂજો૦ ॥૮॥

સર્વ લોકનાં દુઃખો હણવા, સહેજે સમર્પાઈ જાય રે;
સુખ દુઃખ આવે હર્ષે ન શોચે, સાક્ષી ભાવ સુહાય રે. પૂજો૦ ॥૯॥

નામ ને રૂપમાં મોહ રહે નહિ, કર્તવ્યો જ કરાય રે;
જ્ઞાનાગ્નિમાં મોહકાષ્ઠને હોમી, મુક્તિ ક્ષણમાં પાય રે. પૂજો૦ ॥૧૦॥

માન પૂજાની હોય ન વૃત્તિ, ધાર્મિક હોય પ્રવૃત્તિ રે;
બાહ્યાભ્યંતર તપને તપતાં, પ્રગટે અનંતી શક્તિ રે. પૂજો૦ ॥૧૧॥

આતમને પરમાતમ કરવા, તપ છે સાધન સત્ય રે;
બુદ્ધિસાગર મંગલ પામો, તપથી કરી શુભકૃત્ય રે. પૂજો૦ ॥૧૨॥

॥ રાગ : વીરકુંમરની વાતડી કોને કહીએ... ॥

**વાસનારોધક તપ તપો નરનારી,** મનથી ઈચ્છાઓ નિવારી;
કરો આત્મશુદ્ધિ જયકારી, શુભાશુભ પરિણતિ વારી,
રહો આતમ મગન્ન. વાસના૦ ॥૧૩॥

નિશ્ચયતપ ક્ષણમાત્રમાં શિવ આપે, શુદ્ધ કેવલજ્ઞાને છાપે;
પૂર્ણ આનંદ ઘટમાં વ્યાપે, રહો તપથી પ્રસન્ન. વાસના૦ ॥૧૪॥

કામાદિક મોહવૃત્તિયો સહુ ટાળો, શુદ્ધ આત્મસ્વરૂપ નિહાળો;
ભેદભાવની વૃત્તિ બાળો, રાખો નિર્મળ મન. વાસના૦ ॥૧૫॥

આત્મજ્ઞાન ને ધ્યાનથી છે સમાધિ, ટળે આધિ વ્યાધિ ઉપાધિ;
લહો મુક્તિ તપ આરાધી, બનો જીવન મુક્ત. વાસના૦ ॥૧૬॥

નિશ્ચયતપ પુરુષાર્થથી ભવિ પામે, બની નિર્વિષયી દુઃખ વામે;
પરબ્રહ્મ બની ઠરો ઠામે, બુદ્ધિસાગર વેશ. વાસના૦ ॥૧૭॥

**॥ કળશ ॥** રાગ : ધન્યાશ્રી ॥

**ગાયાં ગાયાં રે, એમ નવપદ ભાવથી ગાયાં,**
પ્રભુ મહાવીર દેવે પ્રકાશ્યાં, તે મેં ભાવથી ધ્યાયાં રે, એમ૦

ચાર નિક્ષેપે સાત નયે જે, નવપદનું કરે જ્ઞાન;
સિદ્ધચક્ર આરાધી ધ્યાઈ, પોતે બને ભગવાન રે. એમ૦ ॥૧॥

આંબિલ ઓળી આદિ તપથી, નવપદને આરાધે;
પદ પદ મંગલ ઋદ્ધિ સિદ્ધિ, મુક્તિને તે સાધે રે. એમ૦ ॥૨॥

ગુરુગમ યંત્ર ને મંત્ર ગ્રહીને, જપ જપતા એકતાને;
જે જે ભાવે આરાધે તે તે, ભાવે ફળ છે જ્ઞાને રે. એમ૦ ॥૩॥

સંવત ઓગણીશ સત્તોતરની સાલે આશ્વિન માસે;
વિજયાદશમી ચઢતા પહોરે, પૂજા રચી ઉલ્લાસે રે. એમ૦ ॥૪॥

સાનંદ શહેરે આનંદ લ્હેરે, ચોમાસું કર્યું ભાવે;
સંઘની સેવા ભક્તિ સારી, નવપદ પૂજા ભણાવે રે. એમ૦ ॥૫॥

તપગચ્છ હીરવિજયસૂરિ પાટે, સહજસાગર ઉવઝાય;
પટ્ટપરંપરા યોગી મહાસિદ્ધ, નેમિસાગર ગુરુરાય રે. એમ૦ ॥૬॥

સાગરશાખામાં રવિ સરખા, રવિસાગર ગુરુરાજ;
ગુર્જર દેશી સંઘ સુધાર્યો, જેનાં ઉત્તમ કાજ રે. એમ૦ ॥૭॥

તેમની પાટે વૈયાવચ્ચી, ધર્મક્રિયામાં ધોરી;
શ્રી સુખસાગર ગુરુજી વંદુ, જ્ઞાનની હાથમાં દોરી રે. એમ૦ ॥૮॥

ગુરુ સુખસાગર પૂર્ણ કૃપાથી, નવપદ મહિમા ગાયો;
બુદ્ધિસાગરસૂરિએ ભાવે, સિદ્ધચક્ર વધાયો રે. એમ૦ ॥૯॥

॥ કાવ્યં ॥

દહતિ યત્કિલ કર્મનિકાચિતં, વિવિધસિદ્ધિ-વિધાયકમપ્યહો;
જિનવરૈરપિ સેવિતમાદરાત્, હૃદિ વહામિ તપો બહુભેદકમ્ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે જિનેન્દ્રાય તપઃપદપૂજાર્થં જલાદિકં યજામહે સ્વાહા ॥

**॥ ઇતિ વિ.સં. ૧૯૭૭, આસો સુદ-૧૦ (વિજયાદશમી), સાણંદ શહેરે આ. શ્રી બુદ્ધિસારગસૂરિજી વિરચિત શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

●●●



૧૧

યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજી મહારાજ વિરચિત

# શ્રી નવપદ પૂજા (લઘુ)

## ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

**॥ દુહા ॥**

પરમ પ્રભુ પરમાતમા, પરબ્રહ્મ મહાવીર;
શાસનપતિ અરિહંત જિન, સર્વધીર મહાધીર ॥૧॥

વંદી પૂજી ધ્યાઈને, નવપદ પૂજા સાર;
રચું સ્વપરહિતકારણે, આત્મશુદ્ધિ કરનાર ॥૨॥

તીર્થંકર સર્વે પ્રભુ, અર્હત્પદમાં સમાય;
ચાર નિક્ષેપે જાણતાં, પૂજે શિવસુખ થાય ॥૩॥

**॥ ઢાળ ॥** રાગ : સોરઠ ॥

**અરિહંત દ્રવ્યભાવ સુખકારી,**
સાચી લાગી અરિહંત યારી, અરિહંત. શુદ્ધાતમ ઉપકારી, અરિહંત.

ચોત્રીશ અતિશયધારી જિનેશ્વર, બાર ગુણે જયકારી;
પાંત્રીશ વાણી ગુણના ધારક, તીર્થંકર હિતકારી. અરિહંત૦ ॥૧॥

સંઘ ચતુર્વિધ તીરથ સ્થાપક, કેવલજ્ઞાની વિહારી;
વિશ્વોદ્ધારક કર્મસંહારક, શુદ્ધાનંદના ધારી. અરિહંત૦ ॥૨॥

તુજ પર પૂરણ પ્રીતિ પ્રગટી, કોઈથી ન ઉતરે ઉતારી;
નિશ્ચયથી અરિહંત નિજાતમ, જાણ્યું ઉપયોગે ધારી. અરિહંત૦ ॥૩॥

સત્તાવ્યક્તિભાવે અરિહંત, નિશ્ચયનય વ્યવહારી;
બુદ્ધિસાગર અરિહંત આતમ, શુદ્ધ બુદ્ધ અવિકારી. અરિહંત૦ ॥૪॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રી અર્હત્પદ પૂજાર્થં જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

**॥ દુહા ॥**

પૂજું પ્રભુ ગુણ ભાવથી, સિદ્ધ સદા જયકાર;
અષ્ટગુણી પરમાતમા, એકત્રીશ ગુણ આધાર ॥૧॥

અનંત જ્યોતે ઝળહળે, અનંત આનંદ ધામ;
નિરાકાર પરબ્રહ્મને, હો ઉપયોગે પ્રણામ ॥૨॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : આશાવરી અથવા સારંગ : નાથ કૈસે ગજકો બંધ છુડાયો... ॥

**નિરંજન સિદ્ધપ્રભુ સુખકારી,** કર્મરહિત જયકારી. નિરંજન૦
ક્ષાયિક નવલબ્ધિ ગુણધારી, નિરાકાર નિર્ધારી;
અનંતજ્યોતે ઝળહળતા વિભુ, પૂર્ણાનંદી અપારી. નિરંજન૦ ॥૧॥

અલખ અરૂપી જન્મ મરણ નહીં, ગુણ પર્યાયાધારી;
શુદ્ધાતમ પરબ્રહ્મ અખંડિત, અવિનાશી અવિકારી. નિરંજન૦ ॥૨॥

સકલ સિદ્ધને વંદુ પૂજું, શુદ્ધોપયોગ સમારી;
સત્તાએ નિજ આતમ સિદ્ધ છે, સમરંતાં સુખ ભારી. નિરંજન૦ ॥૩॥

સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના, શુદ્ધોપયોગે વિહારી;
બુદ્ધિસાગર સિદ્ધસ્વયં થૈ, પામે શિવ નરનારી. નિરંજન૦ ॥૪॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી સિદ્ધપદ પૂજાર્થં જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

॥ દુહો ॥

દ્રવ્ય ભાવ વ્યવહારથી, નિશ્ચયથી સૂરિરાજ;
વંદતાં પૂજતાં, ધ્યાવતાં, પ્રગટે શિવ સામ્રાજ્ય ॥૧॥

॥ ઢાળ ॥

॥ રાગ : બિરુઓ અથવા પીલુ. સોવે સોવે સારી રેન ગુમાઈ ॥

**વંદુ પૂજું સૂરિવર રાગે,** જ્ઞાનાદિક ગુણ અંતર જાગે;
છત્રીશી છત્રીશી ગુણગણમંડિત, સમભાવે વર્તે વૈરાગ્યે. વંદુ૦ ॥૧॥

ધર્મના રક્ષક ધર્મપ્રવર્તક, જેહથી મોહની દૂરે ભાગે;
દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવને જામે, વિષયોમાં નહિ વર્તે રાગે. વંદુ૦ ॥૨॥

જિનવાણીનો અર્થ જણાવે, દ્રવ્ય ને ભાવથી વર્તે ત્યાગે;
જ્ઞાની ધ્યાની યોગી સનૂરા મ્હાલે, આતમગુણના બાગે. વંદુ૦ ॥૩॥

નિશ્ચયથી સૂરિવર નિજ આતમ-શુદ્ધપરિણતિ ભાવમાં લાગે;
બુદ્ધિસાગર બ્રહ્મસૂરિ ઘટ પ્રગટંતા જયડંકો વાગે. વંદુ૦ ॥૪॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી આચાર્યપદ પૂજાર્થં જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

### ॥ દુહો ॥

દ્રવ્ય ભાવ વાચક નમું, પૂજું જગ હિતકારણ;
જ્ઞાની પંચ મહાવ્રતી, સેવંતાં સુખકાર ॥૧॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : વેલાવલ. આજ સુખી મુજ વ્હાલમાં, મનમંદિર આયે ॥

**વાચકપદને વંદીએ,** પૂજીએ જયકારી;
વાચક સેવાભક્તિથી, નિજશુદ્ધિ થનારી. વાચક૦ ॥૧॥

દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી, વર્તે જયકારી;
નિશ્ચયદૃષ્ટિ દિલ ધરી, વર્તે વ્યવહારી. વાચક૦ ॥૨॥

ધર્મશાસ્ત્રપાઠક પ્રભુ, વિશ્વજીવોપકારી;
આતમ ઉપયોગે રહે, બ્રહ્મ વાચકધારી. વાચક૦ ॥૩॥

નિશ્ચય વાચક આતમા, પચ્ચીશ ગુણધારી;
બુદ્ધિસાગર ધર્મના-વાહક હિતકારી. વાચક૦ ॥૪॥

### ॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી વાચકપદ પૂજાર્થં જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

### ॥ દુહો ॥

ચઉ નિક્ષેપે સાધુપદ, ક્ષેત્રકાલ અનુસાર;
વંદતાં સેવતાં પૂજતાં, ધ્યાતાં શર્મ અપાર ॥૧॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : મેરુશિખર ન્હવરાવે હો સુરપતિ ॥

સાધુ સદા ઉપકારી **હો જગમાં સાધુ સદા ઉપકારી**
વ્યવહારથી જે પંચાચારી, પંચ મહાવ્રતધારી;
સાધુ સંગતની બલિહારી, તેથી તરે નરનારી. હો જગમાં૦ ॥૧॥

દ્રવ્યાદિક પ્રતિબંધ નિવારી, રાગ ને રોષ સંહારી;
વ્યવહારથી વ્યવહારે વર્તે, નિશ્ચય ઉપયોગધીર. હો જગમાં૦ ॥૨॥

સાધુસંતની સેવા કરીએ, દોષની દૃષ્ટિ નિવારી;
વેષાચારથી અનંત ઉત્તમ, ગુણ લેજો નરનારી. હો જગમાં૦ ॥૩॥

આતમ તે સાધુ પરમાતમ, ઉપયોગે લ્યો ધારી;
બુદ્ધિસાગર સાધુ સેવા, અનંતગુણી ગુણકારી. હો જગમાં૦ ॥૪॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી સાધુપદ પૂજાર્થં જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા ॥

॥ દુહો ॥

સમ્યગ્દર્શન પદ નમું, પૂજું ધ્યાવું સત્ય;
સમ્યગ્દર્શન પામતાં, સફલ ધર્મનાં કૃત્ય ॥૧॥

॥ ઢાળ ॥

॥ રાગ : ગોડી. નિશાની કહા બતાવું રે - એ લય ॥

**અનુભવ દર્શન પામો રે,** ગુરુગમથી નરનાર. અનુભવ૦;

દેવ ગુરુ ને ધર્મની રે, શ્રદ્ધા પ્રીતિ થાય;
સડસઠ બોલે અલંકર્યું રે, પ્રગટે દિલમાં જણાય. અનુભવ૦ ॥૧॥

દ્રવ્ય ભાવ વ્યવહારથી રે, નિશ્ચય સમકિત જાણ;
સાત નયોથી જાણતાં રે, રહે નહિ અજ્ઞાન. અનુભવ૦ ॥૨॥

દર્શન જ્ઞાન ચારિત્રની રે, એક પરિણતિ થાય;
નિશ્ચય દર્શન આતમા રે, શુદ્ધોપયોગે સુહાય. અનુભવ૦ ॥૩॥

સમ્યગ્દર્શન પામતાં રે, નિશ્ચય મુક્તિ થાય;
બુદ્ધિસાગર આતમા રે, પરમાતમ પદ પાય. અનુભવ૦ ॥૪॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી દર્શનપદ પૂજાર્થં જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

॥ દુહો ॥

દ્રવ્યભાવથી જ્ઞાનને, વંદુ પૂજું વેશ;
સમ્યગ્જ્ઞાનને પામતાં, નાસે સઘળા ક્લેશ ॥૧॥

**॥ ઢાળ ॥** રાગ : માલવી ગોડી ॥

**સમ્યગ્જ્ઞાન લહો નર નારી,** નહીં કોઈ જ્ઞાન સમાન રે;
જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં કર્મને, ટાળી લહે નિર્વાણ રે. સમ્યગ્૦ ॥૧॥

મતિ શ્રુત અવધિ ને મનઃપર્યવ, કેવલ પાંચમું જ્ઞાન રે;
દર્શન પામે મતિ શ્રુત ભાવથી, સમ્યગ્જ્ઞાન પ્રમાણ રે. સમ્યગ્૦ ॥૨॥

આતમ અનુભવ જ્ઞાનોપયોગે, ક્ષણમાં મુક્તિ સુહાય રે;
જ્ઞાન વિના કોઈ ધ્યાન ન પાવે, જ્ઞાન આનંદ થાય રે. સમ્યગ્૦ ॥૩॥

સ્વપરપ્રકાશક જ્ઞાન તે આતમ, ગુણ ગુણીરૂપ પ્રમાણ રે;
બુદ્ધિસાગર આતમજ્ઞાને, પ્રગટે કેવળજ્ઞાન રે. સમ્યગ્૦ ॥૪॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી જ્ઞાનપદ પૂજાર્થં જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

॥ દુહો ॥

દ્રવ્યભાવ ચારિત્રથી, આતમશુદ્ધિ થાય;
પ્રગટે પરમાનંદતા, આતમ સિદ્ધિ સુહાય ॥૧॥

॥ ઢાળ ॥

॥ રાગ : સારંગ. કીજીએ કીજીએ કીજીએ પ્રભુ નિર્મલ દર્શન કીજીએ. ॥

પામીએ પામીએ પામીએ, **શુદ્ધ ચારિત્રપદને પામીએ;**
વામીએ વામીએ વામીએ, મોહભાવને દૂર વામીએ. પામીએ૦ ॥૧॥

વ્રત વેષ તપ જપ ત્યાગાચારથી, દ્રવ્યચારિત્રમાં જામીએ;
સમપરિણામે આત્મોપયોગે, ભાવચરણ વિશ્રામીએ. શુદ્ધ૦ ॥૨॥

દ્રવ્ય તે ભાવનું કારણ જાણો, ભાખ્યું મહાવીર સ્વામીએ;
જડવિષયોમાં રાગ ને દ્વેષની, પરિણતિ થકી વિરામીએ. શુદ્ધ૦ ॥૩॥

આત્મસ્વભાવે રમવું ચરણ છે, ચારિત્રીને શિર નામીએ;
ચારિત્રમાં અર્પાઈ જતાં, પૂર્ણાનંદ આરામીએ. શુદ્ધ૦ ॥૪॥

વ્યવહાર નિશ્ચય ચારિત્ર વરવા, ગુરુગમ જ્ઞાનને પામીએ;
બુદ્ધિસાગર આતમ આનંદ, પ્રગટ ચારિત્ર પ્રણામીએ. શુદ્ધ૦ ॥૫॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી ચારિત્રપદ પૂજાર્થં જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

॥ દુહો ॥

દ્રવ્યભાવથી તપ તપે, આઠે કર્મ વિનાશ;
જ્ઞાન અને નિષ્કામથી, થાવે શિવપુર વાસ ॥૧॥

॥ ઢાળ ॥

॥ રાગ : ધ્રુવપદ કાફી... ॥

**મહાવીર ! તપગુણની બલિહારી,** તપગુણની બલિહારી. મહાવીર૦

તપથી લબ્ધિઓ પ્રગટે ભારી, મનડું બને અવિકારી;
સુખદુ:ખમાં સમભાવતા ધારી, અહંપણું ન લગારી. મહાવીર૦ ॥૧॥

બાહ્ય અભ્યંતર તપ જયકારી, પુદ્‌ગલની નહિ યારી;
રાગ-દ્વેષની વૃત્તિ સંહારી, પર-પરિણતિ પરિહારી. મહાવીર૦ ॥૨॥

ધન્ય ધન્ય વીર જગ જયકારી, સહ્યા પરિષહ ભારી;
પ્રગટાવ્યું ઘટમાંહી કેવલ, વંદુ વાર હાજારી. મહાવીર૦ ॥૩॥

તપ તે આતમ નિશ્ચય ધારી, તપશો નર ને નારી;
બુદ્ધિસાગર શુદ્ધાતમ રસ-સ્વાદ લહ્યો તપધારી. મહાવીર૦ ॥૪॥

॥ કળશ ॥

ગાઈ ગાઈ રે **નવપદની પૂજા ગાઈ.**
ઓગણીશ અઠ્યોત્તર આશ્વિન બીજ,
મેસાણામાં રચાઈ રે, નવપદની પૂજા ગાઈ.

વીરપ્રભુની પટ્ટપરંપરા, શ્વેતામ્બર સુખદાયી;
તપગચ્છ હીરવિજયસૂરિ, જગગુરુ પટ્ટપરંપરા આઈ રે. નવ૦ ॥૨॥

નેમિસાગર રવિસાગર ગુરુ, સુખસાગર ગુરુ ધ્યાયી;
નવપદ પૂજા રચતાં ઋદ્ધિ, વૃદ્ધિ કીર્તિ સુહાઈ રે. નવ૦ ॥૩॥

ઘટ ઘટ નવપદ ઋદ્ધિ સિદ્ધિ, સત્તાએ રહી છે સુહાઈ;
બુદ્ધિસાગર પૂર્ણાનંદની, પ્રગટી ઘટમાં વધાઈ રે. નવ૦ ॥૪॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી તપ:પદ પૂજાર્થં જલાદિકં યજામહે સ્વાહા ॥

**॥ ઇતિ વિ.સં. ૧૯૭૮, આસો સુદ-૨ મહેસાણા નગરે**
**આ.શ્રી બુદ્ધિસારગસૂરિજી વિરચિત શ્રી નવપદ પૂજા (લઘુ) સમાપ્ત ॥**

• • •

## ૧૨

આચાર્ય શ્રી પદ્મસૂરિજી મહારાજ વિરચિત
(શ્રી સિદ્ધચક્ર પૂજા)

# શ્રી નવપદ પૂજા

॥ દુહા ॥

શ્રી સ્તંભનપતિ પાસજી, જગતાધાર શણગાર;
વર્તમાન વિભુશાસને, મહાવીર જયકાર ॥૧॥

વિજય નેમિસૂરીશ્વરુ, સદ્‌ગુરુ ગુણભંડાર;
અવલંબન કલિકાલમાં, અતિશયના ધરનાર ॥૨॥

મતવારણ હ[1]રિકલ્પ તે, અનેકાન્તશઃ નિશાંત;
પ્રણમી થુણસું ભાવસું, સિદ્ધચક્ર ગુ[2]ણજાત ॥૩॥

પંચ પરમિટ્ઠ ધુરે નમો, દરિસણ નાણ ચરિત્ત;
તપ શંબલ શિવપંથનું, નવપદ પાઠ પવિત્ત ॥૪॥

ભાવ ચતુર્વિધ ધર્મમાં, મુખ્યહેતુ તસ ચિત્ત;
તસુ નિગ્રહ કારણ ગ[3]ણે, નવપદપૂજન વિત્ત ॥૫॥

નૃપ શ્રીપાલ તણી પરે, ચિત્તધરી બહુમાન;
[4]ઋદ્ધિ સિ[5]દ્ધિ અનુકૂલતા, કરતાં સ્તુતિ પ્રણિધાન ॥૬॥

---

વિશેષ અર્થ માટે જુઓ : શ્રી સિદ્ધચક્ર પૂજા (સ્પષ્ટાર્થ સમન્વિતા)
૧. સિંહ, ૨. ગુણસમૂહ, ૩. સમૂહ, ૪. આમર્ષોષધિ આદિ ૫. અણિમાદિ.

## ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

### ॥ દુહા ॥

નવપદ આરાધન તણું, મૂલ જીવ શુભભાવ;
પામે નિર્મલ આતમા, ભેદાભેદ સ્વભાવ ॥૧॥

તનુ[૧] પદ[૨] રૂપ વિમર્શથી, ધ્યાતા જિન જિનરૂપ;
નિજ દેખે નિજરૂપમાં, રજ્જુ રૂપ ભવકૂપ ॥૨॥

કર આગમ નોઆગમે, અરિહા પય પણિહાણ;
જ્ઞાતા ઉપયોગી ધુરે, કિરિયા સહ પર જાણ ॥૩॥

### ॥ ઢાળ પહેલી ॥

॥ રાગ : ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી... ॥

પ્રથમ પદે અરિહા પ્રણમીજે, પદકજ ધ્યાન ધરીજે,
બાહ્ય અભ્યંતર અરિબલહારી, ભાવ[૩]રમણ પદ સીઝે રે;
**ભાવિકા નવપદ પૂજન કીજે,** ભાવસંપદ જિમ લીજે રે. ભવિકા૦ ॥૧॥

નામ ઠવણ દવ્વ નિક્ખેવ, અરિહંત ધુર અભિધાન;
બિંબ પ[૪]દોચિત-દેહ ચઉત્થે, સમવસરણ જગભાણ રે. ભવિકા૦ ॥૨॥

ભવ તિગ શેષ રહે નરભવમાં , આરાહગ વીશઠાણ;
જિનનામ કર્મ ઉપાર્જનકારી, લહી ઉત્તમ ગુણઠાણ રે. ભવિકા૦ ॥૩॥

ચરમભવે નરપતિ કુલ આવે, સ્વપ્નસૂચિત ગુણવંત;
દિશિકુમરી હરિગણ જનુ સમયે, જસ પુણ્યોત્સવવંત રે. ભવિકા૦ ॥૪॥

જન્મથકી ચઉ અઈસયધારી, મઈ સુય ઓહિ સદાયે;
ખીણ ભોગકમ્મ ક[૫]લી જનતોષી, ચરણનિલય સોહાય રે. ભવિકા૦ ॥૫॥

અપ્રમત્ત સામ્યધરા અડવન્ના, વા ગુ[૬]ણસદ્ધિ ઉપાર્જે;
શ્રી ગુરુ નેમીશ પદ્મ ભણે એ, પિંડસ્થ બોધ વિરાજે રે. ભવિકા૦ ॥૬॥

---

૧. પિંડસ્થ અવસ્થા, ૨. પદસ્થ(કેવલી) અવસ્થા, ૩. અરિહંતપદ, ૪. અરિહંતપદને લાયક બાલ્યાદિ અવસ્થાનું શરીર તે દ્રવ્ય અરિહંત, ૫. જાણીને, ૬. ૫૯.

॥ દુહા ॥

અનંત ચતુષ્ટય પામવા, સજ્જ દ્રવ્ય અરિહંત;
વીર્યબલે આરોહતા, ખવગસેઢિ નિજ તંત ॥૧॥

અપડિવાઈ મણપજ્જવા, ઉજ્જ્વલ લેશ્યાવંત;
યોગ અવસ્થા નિર્મલા, અવલંબક સહ ખંત ॥૨॥

॥ ઢાળ બીજી ॥

॥ રાગ : ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી... ॥

ક્ષાયિકરુચિ અડતીસસય સત્તા, ધર્મશુક્લ ધ્યાનધારી;
સ્થિતિઘાતાદિક પંચ અપૂર્વે, અનિવૃત્ત વીશ નિવારી રે. ભવિકા૦ ॥૧॥

દૂર કરી દશમે લોભ હોવે, ગત-રતિ-ક્ષીણ-કષાય;
ઘાયકશેષ ચરિમક્ષણ જાયે, લોક અલોક કલાય રે. ભવિકા૦ ॥૨॥

સંચિત જિનપદ ઉદયવિલાસી, સમવસરણ મનોહાર;
દેશના દે સમજે જન મોઝે, નિજ ભાષા અનુસાર રે. ભવિકા૦ ॥૩॥

કર્મક્ષયે ઈગદશ દેવકેરા, નવદશ ચઉતીસ સિદ્ધ;
ચઉઅઈસયહર અડપડિહારા, [1]અંગચતુર્થ પ્રસિદ્ધ રે. ભવિકા૦ ॥૪॥

સેવિત ઈંદ્રગણે વિહરંતા, મહિયલ ભવિ પડિબોહે;
પણતીસ ગુણવયણે પ્રભુ આગે, ક્રોડવિબુધ પણ સોહે રે. ભવિકા૦ ॥૫॥

નિર્યામક સત્થવાહ જિણંદા, મહાગોપ ધર્મકથી જે;
મહામાહણ પંચમપદ-ધારી, [2]સપ્તમઅંગ સુણીજે રે. ભવિકા૦ ॥૬॥

બીજ-અંકુર જિમ દીર્ઘ સમયથી, જે જીવકર્મ એકત્ત્વ;
તે અપસારક તારક રામી, [3]પદ [4]રૂપ ધ્યાન સત્તત્ત્વ રે. ભવિકા૦ ॥૭॥

ભવ્યજનો સ્થિરતાપદ ધારી, મોહનરેશ ધ્રુજાવે;
શ્રી ગુરુનેમીશ પદ્મ ભણે એ, પ્રભુ પૂજા અનુભાવે રે. ભવિકા૦ ॥૮॥

---

૧. શ્રી સમવાયાંગ સૂત્ર, ૨. ઉપાસક દશાંગ, ૩-૪. પદસ્થ અથવા રૂપસ્થ.

॥ કાવ્યં ॥ (શાર્દૂલવિક્રીડિત વૃત્તમ્)

પૂજ્યાર્હદ્વર સિદ્ધ-સૂરિગણિપો-પાધ્યાય-સત્સાધુભિઃ,
શ્રદ્ધા જ્ઞાન ચરિત્ર તીવ્રતપસા ભદ્રાધ્વના મંડિતમ્;
સદ્ભાવાયસમર્પકં ચ નિખિલેષ્ટાધાયકં દેહિનામ્,
ભો ભવ્યાઃ પરિપૂજયન્તુ વિધિના, શ્રી સિદ્ધચક્રં મુદા ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમૈશ્વર્યયુક્તાય સકલસમીહિત-સાધકાય
શ્રીમતે સિદ્ધચક્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

॥ દુહા ॥

સહજાનંદ ચતુષ્ટયી, સ્થિરતા ચરણ અખેય;
સિદ્ધ સનાતન સ્નેહશું, પ્રણમો પણદશ ભેય ॥૧॥

સમુદ્ઘાત કરવા નવા, તે કેવલી જિનરાજ;
શૈલેશ સ્થિર છાજતા, અયોગિગુણે શિરતાજ ॥૨॥

આગમ તિમ નોઆગમે, સિદ્ધ પદ પ્રણિધાન;
જ્ઞાતા ઉપયોગી ધુરે, સક્રિય જીવ પર જાણ ॥૩॥

[૧]બિ-સયરિ દ્વિચરિમ સમયમાં, અંતિમ સમયે તેર;
પયડિ શીઘ્ર ખપાવતા, જિમ આગઈ નવિ ફેર ॥૪॥

॥ ઢાળ પહેલી ॥

॥ રાગ : સેવો સેવોને રાજ, શાંતિ જિનેસર સામી... ॥

**ભવિજન ભાવે રે,** ભજિયે પરપદ સિદ્ધા;
નામ ઠવણ દવ્વ ભાવ નિક્ષેપે, ચઉહા નામ પ્રસિદ્ધા. ભવિજન૦ ॥૧॥

બિંબ પદોચિત-તનુ તિમ ભાવે, નિત છાજે પરસિદ્ધા;
નિષ્કલ ભાવ મહોદયશાલી, અડવિરહે અડરિદ્ધા. ભવિજન૦ ॥૨॥

---

૧. ૭૨.

ઈગતીસ ગુણ વિલયે ઈગતીસા, જસ ગુણ જો પણ ભૂરિ;
પર પરિણતિ અલગા થિર ભાવે, ભાવરમણતા પૂરી. ભવિજન૦ ॥૩॥

ચરમ શરીર તિભાગે હીણા, નિય અવગાહનવંતા;
તુંબ પરે સબ બંધન છેદે, ઈગ સમયે લોયંતા. ભવિજન૦ ॥૪॥

પ્રેરક કર્મ તહા તસુ ગુરુતા, જેથી તિરિ અહ જાવે;
ઉભય ઘટે કિમ કર્મ અભાવે, ઉઢ્ઢગમણ તિણ પાવે. ભવિજન૦ ॥૫॥

અપુનર્ભવ પરમોદ નિસંગી, ચિદ્દર્શન ઉપયોગી;
ભોગ ન જસ પણ પ્રગટપણે જે, આત્મિક કમલા ભોગી. ભવિજન૦ ॥૬॥

કર જોડી પરમાતમ પાસે, અનુરૂપ ભાવન ભાવે;
શ્રી ગુરુનેમીશ પદ્મ ભણે એ, અપની જ્યોતિ જમાવે. ભવિજન૦ ॥૭॥

॥ દુહા ॥

અનિત્થસ્થ[1] સંસ્થાનના, ધારક અનુપમ ભાવ;
અનંત વસે ઈગ જે સ્થલે, જહ દીવ તેય સહાવ ॥૧॥

ગુણ અનંત નિર્ગુણ છતાં, અનંગરૂપ ન અનંગ;
વિગલિતવર્ણ છતાં સદા, અનંતાક્ષર ગતભંગ ॥૨॥

રૂપ નહિ રૂપે રહે, રૂપારૂપી સ્વભાવ;
સંચિત કર્મ ધમાવતા, સિદ્ધ નિરુક્તિ સુભાવ ॥૩॥

જે આરાધ્ય અશક્ય જે, ધ્યાવે જે યોગીંદ;
તે શિવપદના નાથને, નમતા નંદ અમંદ ॥૪॥

**॥ ઢાળ બીજી ॥**

॥ રાગ : સિદ્ધચક્રવર સેવા કીજે... ॥

પરમ પદાર્થ નિદાન અદેહી, અમ જસ નામે નંદિજી
સત્ય પ્રણયશું પૂજનકારી, લ્યે દુરિત નિકંદી, **સિદ્ધપદ નમીએજી રે.**
નમતાં મંગલકોડ, નવિ ભવ ભમીએજી રે. સિદ્ધપદ૦ ॥૧॥

---

૧. અનિયત અથવા અનેક આકારવાળા.

રહે જોયણ ચોવીશમા ભાગે, જન્મ મરણ ભય જાવેજી રે;
કદલી થંભસમા ભવભોગો, મુક્તિવિભવ સમ નાવે. સિદ્ધપદ૦ ॥૨॥

નિર્મલ ભાવરતા શુભધ્યાની, વરયશ કીર્તિ સુહાયાજી રે;
અક્ષરદ્વયસંયોગી સિદ્ધા, યોગજનિત ફલ પાયા. સિદ્ધપદ૦ ॥૩॥

બાહ્ય અભ્યંતર તત્ત્વનિયોગે, ચક્રયુગલ દૃષ્ટાંતેજી રે;
પરપદ ઈમ સંયોગ બતાવે, ખેદ વહે એકાંતે. સિદ્ધપદ૦ ॥૪॥

સ્વતંત્ર અનુત્સુક હીન પ્રતિકારે, સ્વભાવિક સુખ લીનાજી રે;
સ્થિરતા ભાવચરણ મુણિરાયા, જિમ નીરે નિત મીના. સિદ્ધપદ૦ ॥૫॥

સ્વાસ્થ્ય લહે અન્નાદિક ખાતાં, ક્ષણિક હટે તે કાલજી રે;
અવિતથ શાંતિ કહો બુદ્ધ માને, તિણ સંસાર કરાલ. સિદ્ધપદ૦ ॥૬॥

શમસુખ અનુભવ નિત્ય કરંતા, અવિકલ વિમલાનંદીજી રે;
પુદ્‌ગલગ્રાહક પુદ્‌ગલ હોવે, કર્મવિકલ કિમ ફંદી. સિદ્ધપદ૦ ॥૭॥

પરમાનંદ પદે પરસમયે, તે વિશ્રુત સમ અર્થેજી રે;
અનુપમ જે ઉપમેય અભાવે, ભાષ્ય ન યોગી સમર્થે. સિદ્ધપદ૦ ॥૮॥

પુરગુણ જાણ કિરાત ન જંપે, તિમ પ્રભુ સૌખ્ય કહાયેજી રે;
દેશિક પુરુષ નિદર્શનરૂપે, સામાન્યે પરખાયે. સિદ્ધપદ૦ ॥૯॥

દેશકૃતાર્થ અયોગી જિણંદા, અક્ષીણ કર્મ પ્રભાવેજી રે;
સર્વકૃતાર્થ ભવંતેવાસી, નિઃશેષ કર્મ ખપાવે. સિદ્ધપદ૦ ॥૧૦॥

રૂપાતીત અવસ્થા બોધી, નિજ વિભુ રૂપ નિહાલેજી રે;
શ્રી ગુરુનેમીશ પદ્મ ભણે તે, ભેદક પંક પખાલે. સિદ્ધપદ૦ ॥૧૧॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

### ॥ દુહા ॥

આગમ તિમ નોઆગમે, સૂરીશ પય પણિહાણ;
જ્ઞાતા ઉપયોગી ધુરે, કિરિયા સહ પર જાણ ॥૧॥

નામાદિક ચઉહા ક્રમે, નામ બિંબ પદયોગ્ય;
તનુ ઉપચાર નિબંધને, અનુપચરિત[1] તે ધન્ય ॥૨॥
પ્રજ્ઞપ્તિ પ્રમુખ સૂત્રના, યોગોદ્વહન કરંત;
આરાહગ પ્રસ્થાપના, સાહગ સૂરિ સુમંત ॥૩॥
શ્રી જિનશાસનભાસને, ઉદિતોદિત દિનનાથ;
ભવિ ઉપકારે ઉદ્યતા, પંચાચાર સનાથ ॥૪॥
નિજ પરતંત્ર વિશારદા, ઉવસેએ ઈગચિત્ત;
ભાવાચાર્ય સમર્ચતા, કારક જન્મ પવિત્ત ॥૫॥

**॥ ઢાળ પહેલી ॥**

॥ રાગ : સુમતિનાથ ગુણશું મીલિજી... ॥

યુગપ્રધાન પતિ ગચ્છનાજી, જાતિકુલાદિ પ્રધાન;
રવિસમ દિત્તિ વિરાજીય દેહા, ધર્મધુરંધર માન,
**ત્રીજે પદ પ્રણમો,** સૂરિ ભુવનાંગણ દીપ ॥૧॥
હિતનિસ્તંદ્ર અલગ વિકથાએ, વિષય કષાય વિરત્ત;
અપ્રમાદ શમિગણ સંભાલે, સારણ પમુહ પસત્ત. ત્રીજે૦ ॥૨॥
નહિ જિનવર દિનકર આ કાલે, તિમ નહિ કેવલીચંદ;
તત્ત પયાસય ઈહ નરખિત્તે, દીપ જિમ આગમછંદ. ત્રીજે૦ ॥૩॥
ગાઢકરાલ દુરિત ભર ભરિયા, જન પડતા ભવકૂવ;
વચન રજ્જુથી ઉદ્ધરેજી, હરત કદાગ્રહ ધૂવ. ત્રીજે૦ ॥૪॥
ન કરે તાત પ્રમુખ હિત તેવું, સાધક જે સૂરિરાજ;
[2]છત્રુ દુવાલસ-સય ગુણ દરિયા, પૂજો તસ પદ આજ. ત્રીજે૦ ॥૫॥
લબ્ધિસદ્મ પણ અઈસયહારી, જિમ ભાષે [3]અંગસ્થાન;
શ્રી ગુરુનેમીશ પદ્મ ધરંતા, તસુ ચરણાંબુજ ધ્યાન. ત્રીજે૦ ॥૬॥

**॥ દુહા ॥**

પ્રૌઢ સામ્રાજ્ય સુહંકરા, ભવ તિય શિવપય જુગ્ગ;
શક્ર ન જસુ ગુણ વર્ણવે, મુણિગણ તત્તિ અલગ્ગ ॥૧॥

૧. ભાવાચાર્ય, ૨. ૩૬ x ૩૬ = ૧૨૯૬, ૩. સ્થાનાંગસૂત્ર

આયોપાય વિચક્ષણા, મુક્તિમાર્ગ પ્રતિપાલ;
શરણાગત-પિંજરસમા, આત્મયજ્ઞ ઉજમાલ ॥૨॥
અભિગ્રહ યોગ પરાયણા, ભાવસરલ [૧]વિવિભાવ;
ઈષ્ટ સૂરિ નૃપચરણને, થુણ મનુજનુ એ દાવ ॥૩॥

**॥ ઢાળ બીજી ॥**

॥ રાગ : ગિરુઆ રે ગુણ તુમ તણા... ॥

**મુજ મન આચારજ ગમે,** જે ભવચારણ ગતકામા રે;
ભાવ ભિષગ્વર અનુપમા, તિમ ચઉવિહ સંઘ વિસામા રે. મુજ૦ ॥૧॥
યોગ અવંચક નિર્મમા, વિ[૨]જ્ઞ-અર્ચ્ય નિયાણ ન લીના રે;
દાયક અર્થ સુવાચના, પરમાનંદ અમૃત પીના રે. મુજ૦ ॥૨॥
પુણ્યોદય પદ પાવતાં, જે સેવિત પર ઋષિરાજે રે;
ધન્ય પારગ તસુ પવહણા, સંસાર-નીરધિ તીર કાજે રે. મુજ૦ ॥૩॥
તે વિબુહા રુચિ નિર્મલા, વીરા અવિહડ ચરણ મહંતા રે;
જે અંતર બહુમાનશું, સેવે સૂરિ મહોદય કંતા રે. મુજ૦ ॥૪॥
અલિ પંકજ દૃષ્ટાંતથી, લબ્ધિ સિદ્ધિ સકલ જ્યાં ભાસે રે;
શ્રી ગુરુ નેમિસૂરીશ્વરા કહે, પદ્મ તિહાં તે ભાસે રે. મુજ૦ ॥૫॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

**॥ દુહા ॥**

આગમ તિમ નોઆગમે, વાયગ-પય પણિહાણ;
જ્ઞાતા ઉપયોગી ધુરે, કિરિયા સહ પર જાણ ॥૧॥
નામાદિક ચઉહા ક્રમે, નામ બિંબ પદ યોગ્ય;
તણુ ઉવચાર નિબંધણે, અનુપમ ચરિત તે ધન્ય ॥૨॥
સૂત્ર અર્થ તદુભય તણા, પાઠક જેહ કહાય;
ઉવજ્ઝાય ચોથે પદે, પ્રણમો ગચ્છસહાય ॥૩॥

૧. વિભાવ પરિણતિ રહિત, ૨. વિદ્વાનોને પૂજ્ય.

॥ **ઢાળ પહેલી** ॥ રાગ : તે દિન ક્યારે આવશે ॥

**નમો રે નમો ઉવજ્ઝાયને,** સૂત્રાર્થોભય યુક્ત;
ધારક અંગ ઉપાંગના, આગમયોગ વહંત. નમો૦ ॥૧॥

વિસ્તારક શ્રુત અર્થના, દ્રવ્યાદિક અનુસાર;
જડ જન નિત ઉપદેશશું, કરે પૂજ્ય ઉદાર. નમો૦ ॥૨॥

મોહ-ભુજંગ હલાહલે, આચ્છાદિત જસ નાણ;
નવ્ય દીયે તસ ચેતના, ગારુડી સમ જાણ. નમો૦ ॥૩॥

વિમતિ ગદાર્દિત ભવ્યને, જિમ ધન્વંતરી તેમ;
શાસ્ત્રરસાયણ યોગથી, કરે સજ્જ સુક્ષેમ. નમો૦ ॥૪॥

અક્ષર બાવનાચંદને, ઉપશામક અઘતાપ;
શ્રી ગુરુનેમીશ પદ્મને, નમતાં મોદ અમાપ. નમો૦ ॥૫॥

॥ **દુહો** ॥

ગણચિંતક યુવરાજ જે, અનુગ્રહ જીવનવંત;
પણવીસ ગુણ ધ્યાવો મુદા, દ્રવ્ય સૂરિપદ સંત ॥

॥ **ઢાળ બીજી** ॥ રાગ : જગજીવન જગ વાલહો ॥

**ધન્ય ધન્ય તે ઉવજ્ઝાયને,** ગણરક્ષણ સાવધાન લાલ રે;
અનુપમ તપ સજ્ઝાય જે, તત્પર તત્થ સુજાણ લાલ રે. ધન્ય૦ ॥૧॥

ક્ષીર નીર પીયૂષ સારિખા, ઉભય સંવેગ પ્રધાન લાલ રે;
તે શ્રુતબોધે તોષતા, ભવિજન કરુણા સ્થાન લાલ રે. ધન્ય૦ ॥૨॥

કૌશલ નય-ગમ-ભંગમાં, ઈતર સમય વૈદગ્ધ્ય લાલ રે;
વિજ્ઞાન દ્વાદશ અંગનું, પ્રાપક તેહ અનન્ય લાલ રે. ધન્ય૦ ॥૩॥

બ્રાહ્મી લક્ષ્મી ધૃતિ પાસમાં, જસ વાચક આધાર લાલ રે;
તે કિમ જેય કુતીર્થિએ, સ્યાદ્વાદમત સુવિચાર લાલ રે. ધન્ય૦ ॥૪॥

દીપક માર્ગ પ્રકાશને, સંગ[૧] અખ્ખર પણિહાણ લાલ રે;
શ્રી ગુરુનેમીશ પદ્મને, દાયગ નાણ નિહાણ લાલ રે. ધન્ય૦ ॥૫॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

---

૧. સાત અક્ષરનું 'નમો ઉવજ્ઝાયાણં' પદ.

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

### ॥ દુહા ॥

આગમ તિમ નોઆગમે, અનિલય પય પણિહાણ;
જ્ઞાતા ઉપયોગી ધુરે, કિરિયા સહ પર જાણ ॥૧॥

નામાદિક ચઉહા ક્રમે, નામ મૂર્તિ પદ યોગ્ય;
તણુ ઉવયારનિબંધણે, અણુવચરિય તે ધન્ય ॥૨॥

મુલોત્તરગુણનંદને[1] રમતા સમતા વાસ;
સચ્ચ સાહુ શિવસાહગા, વંદો ભાવવિકાસ ॥૪॥

**॥ ઢાળ પહેલી ॥** રાગ : રમતી ગમતી હમુને સાહેલી ॥

ભાવચરણ નવકલ્પવિહારી, નિઃસંગ વિમલાશય ધારી રે,

**નમું એ મુનિ મુજ નિત હિતકારી.**

માર્દવ આર્જવ શુચિ શ્રુતધારી, શમ પરિણતિધર સુખકારી રે. નમું૦ ॥૧॥

દર્શન જ્ઞાન ચરણ ત્રિકયોગે, સાધક સાધ્ય સદાચારી[2] રે. નમું૦
ગ્રહણ આસેવન દુવિહા શિક્ષા, ધારક આર્ત્તયુગલ વારી રે. નમું૦ ॥૨॥

ક્ષાંતિનિલય, શલ્યત્રિક અલગા, જિનઆણાહર મય ટાલી રે. નમું૦
ગારવ નહિ વિકથા અકષાયી, ઈન્દ્રિયહય દમ અનુસારી રે. નમું૦ ॥૩॥

વ્રતલઘુ પણ પદધારક ધોરી, પંચ[3] પદસ્થ પૂજનકારી રે. નમું૦
વાંચન પૃચ્છન ગણન વિચારી, ધર્મકથા ભવ નિસ્તારી રે. નમું૦ ॥૪॥

ચઉવિહ ધમ્મ સયા ઉવએસે, પંચપ્રમાદ સુપરિહારી રે. નમું૦
ત્રણ વેદ હાસ્યાદિક ષટ્ ટાલે, ભાલે ન મિથ્યામતી નારી રે. નમું૦ ॥૫॥

બાહ્ય અભ્યંતર ગ્રંથિ નિવારે, સમ જસ નિર્ધન અધિકારી રે. નમું૦
પ્રાણશું પ્યારા જીવનિકાયા, લેખત નવવિહ શીલધારી. નમું૦ ॥૬॥

ગુરુવ્રત આતમ સમ પાલે, દ્વાદશ પ્રતિમાધર મ્હાલી રે. નમું૦
શ્રી ગુરુનેમીશ પદ્મ ભણે એ, સેવન ઉચિતા જયકારી રે. નમું૦ ॥૭॥

---

૧. નંદનવન, ૨. જ્ઞાનાચાર આદિ આચાર સંપન્ન, ૩. આચાર્ય-ઉપાધ્યાય-પ્રવર્તક-સ્થવિર-ગણાવચ્છેદક એ પાંચ પદવીધર.

**॥ દુહો ॥**

મુક્તિ અકિંચન સંયમી, સત્ય પ્રિય વદનાર;
પવયણ જણણી સેવગા, મુનિતા એમ વિચાર ॥૧॥

**॥ ઢાળ બીજી ॥**

॥ રાગ : સિદ્ધારથના રે નંદન વિનવું ॥

ભજ ભજ ભાવે રે, શ્રમણ સુહંકરા, નિજરતિ પીયૂષપાન;
દ્વાદશભેદે રે તપ તપતા ભલા, ભદ્રંકર ભગવાન,
**ચેતન તજીએ રે મમતા જાલને** ॥૧॥
જે હરિ ચક્રી રે નવિ પામે કદા, લહે સુખને સાધુરાજ;
તદ્ભવ ભદ્રી રે તેવા સંપજે, તીર્થંકર શિરતાજ. ચેતન૦ ॥૨॥
પરિષહ ભાવે રે સુરગિરિ નિશ્ચલા, આગમ યોગી અદીન;
ઉપશમભાવી રે સગવીસ ગુણધરા, મધુકરસમ વૃત્તિલીન. ચેતન૦ ॥૩॥
અતિપરિણામી, અપરિણામી નહિ, નિર્મોહી તોષવાસ;
ભાવદયામ્ભોધિ સત્ત્વગુણાલયી, ગુરુકુલવાસ પ્રવાસ. ચેતન૦ ॥૪॥
પ્રવચનરંગી રે ચરણે નિર્ભયા, હવે પ્રતિપત્તિ ભાગ;
ધન્ય ધન્ય રસિયા રે ગુરુકુલવાસના, સફલો તસ ભાવત્યાગ. ચેતન૦ ॥૫॥
એકાકીને રે તસ્કર ભાષીઓ, વંચક સમ યુગ્મસંગ;
ત્રણ વિશ્વાસી રે બહુ નૃપ જેહવા, વિણયપમુહ જત્થ ચંગ. ચેતન૦ ॥૬॥
કદિ કલિકાલે રે દુર્લભ તેહવા, ગુરુવ્રત સાધે અખંડ;
સાધુ જઘન્યે રે તસુ પય સેવીએ, ભવનીરધિ તે તરંડ[1]. ચેતન૦ ॥૭॥
જેહ ગિયત્થા રે આશ્રિત તેહના, આરાહગ બે અનન્ય;
તરતા પોતે રે તારે અન્યને, પવયણનું એ રહસ્ય. ચેતન૦ ॥૮॥
સુમતિ લહંતા રે, શમિપય સેવકા, દુલ્લહો મુનિનો મિલાપ;
શ્રી ગુરુનેમીશ પદ્મ મુદા ભણે, કરે અફલા મોહચાપ. ચેતન૦ ॥૯॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

---

૧. જહાજ.

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા ॥

### ॥ દુહા ॥

જિનભાષિત નવિ અન્યથા, તેજ સત્ય નિઃશંક;
શિવદાયક દર્શન નમો, ભલે ભૂપ વા રંક ॥૧॥

નામાદિક ચઉહા ક્રમે, દ્રવ્યે દર્શન તેહ;
[૧]સમ્મમોહ ઉદયે જિહાં, ભાવે રુચિ ગુણગેહ ॥૨॥

સાધનસામગ્રી બલે, દર્શન મોહ કષાય;
લહત યદા ક્ષયઆદિને, તે ક્ષણ દર્શન આય ॥૩॥

### ॥ ઢાળ પહેલી ॥

॥ રાગ : પ્રભાતિયાનો-માત પૃથ્વીસુત પ્રાતઃઊઠી નમો ॥

**રમણ કર, રમણ કર,** શુદ્ધ રુચિભાવમાં, જેહથી નાણ ચારિત્ર સારા;
ચરણહીના લહે મુક્તિપદ નવિ તિહાં, વિશદરુચિધર્મથી જેહ ન્યારા.
રમણ૦ ॥૧॥

નિત્ય ભમતાં ભવે ગિરિઉપલ ન્યાયથી, આયુ વિણ સાતની [૨]આદ્યભાવે;
અંતઃકોડાકોડી અયર સ્થિતિ હોય ત્યાં, નિબિડ રાગાદિમય ગ્રંથિ પાવે.
રમણ૦ ॥૨॥

ભવ્યજન ભેદતા [૩]પરકરણ યોગથી, સન્નિ પણઈંદિ પજ્જત્ત પાણી,
ભાગયુગ સ્થિતિતણા ભાવ અભિવૃદ્ધિથી, કરત [૪]અનિવૃત્તિકરણાવસાની.
રમણ૦ ॥૩॥

મધ્ય જે અંશ અંતઃકરણ તેહના, આદ્ય ક્ષણ પ્રથમ સ્થિતિને ઉડાવી;
લહત દર્શન મુદાશ્રય તદા સંપજે, સુભટ અરિજ્ઞાત ઉપશાંતિ પાવી.
રમણ૦ ॥૪॥

અર્ધપુદ્ગલ-પરાવર્ત્ત ભવ જીવને, દેવ ગુરુ ધર્મ શ્રદ્ધાન પ્રકટે;
ભેદ સડસઠ સુણો તાસ નિશ્ચલ વસી, નેમિસૂરીશ પદપદ્મ નિકટે.
રમણ૦ ॥૫॥

---

૧. સમ્યક્ત્વ મોહનીયનાં ઉદયવાળું (ક્ષાયોપશમિક દર્શન), ૨. પ્રથમ યથાપ્રવૃત્તકરણ, ૩. બીજું અપૂર્વકરણ, ૪. ત્રીજું અનિવૃત્તિકરણ.

॥ દુહા ॥

વિતથદૃષ્ટિ શરૂઆતમાં, લહે ઉપશમ સમકિત;
તેજ વિધાયક પુંજનો, કર્મશાસ્ત્રની રીત ॥૧॥

ઉપશમી જીવ ન તે કરે, અપૂર્વ કરણી કલ્પ;
ક્ષય ઉપશમ રુચિ ધુર તિણે, સમયવિચક્ષણ જલ્પ ॥૨॥

આગમ તિમ નોઆગમે, દરિસણ પય પણિહાણ;
જ્ઞાતા ઉપયોગી ધુરે, અનાભોગ પર જાણ ॥૩॥

॥ ઢાળ બીજી ॥

॥ રાગ : સેવો ભવિયા વિમલ જિનેસર ॥

**દર્શન ભાવ નિહાલો ચેતન,** અપુનર્બંધક ભાવેજી;
ઈગ દુ તિ ચઉ પણવિહ સિદ્ધાંતે, રુચિ ગુણ એક સ્વભાવેજી. દર્શન૦ ॥૧॥

દ્વિવિધ નિસર્ગ તથા ઉપદેશે, ક્ષય શમ યુગ ત્રણ ભેદેજી;
ચઉવિહ સાસાયણ પખ્ખેવે, વેયગ સહ પણ ભેદેજી. દર્શન૦ ॥૨॥

વરસુરજીવિત રુચિધર બાંધે, અન્ય ન હેતુ અભાવેજી;
લક્ષણ શમ સંવેગ પ્રમુખ જે, વિકસે તસ અનુભાવેજી. દર્શન૦ ॥૩॥

પંચવાર ઉવસમિય લહીજે, ક્ષાયિકરુચિ ઈગ વારાજી;
ક્ષયોપશમ સંખ્યાતીત વારા, વારો પણ અતિચારાજી. દર્શન૦ ॥૪॥

ક્ષયોપશમ વેદક ચઉઠાણા, સાસાયણ ઈગઠાણેજી;
અડ ઉવસમ ઈગદસ ક્ષાયિકમાં, રુચિ ગુણઠાણ વખાણેજી. દર્શન૦ ॥૫॥

સહસપુહુત્ત આકર્ષો ત્રણના, કિરિયામૂલ નમીજેજી;
શ્રી ગુરુનેમીશ પદ્મ સદાયે, દર્શનરંગે રીઝેજી. દર્શન૦ ॥૬॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

### ॥ દુહા ॥

કર આગમ નોઆગમે, જ્ઞાનપદ પ્રણિધાન;
જ્ઞાતા ઉપયોગી ધુરે, કિરિયા સહ પર જાણ ॥૧॥

નામાદિક નિક્ષેપથી, ચઉહા નાણ વિમાસ;
દ્રવ્યાનાણ સમયાદિ જે, ભાવનાણ પણ ભાસ ॥૨॥

આદ્યકર્મ ક્ષય ઉપશમે, આવિર્ભાવે જેહ;
ઉભય પ્રકાશક સંપજે, નાણ દીવ નમ તેહ ॥૩॥

### ॥ ઢાળ પહેલી ॥

॥ રાગ : ક્ષણ ક્ષણ સાંભરો શાંતિ સલૂણા ॥

**જય જય જ્ઞાન ! સદા તુંહિ જગમાં,** અક્ષય સોહત ત્રણ પદમાં. જય૦
જાણત જાસ બલે દ્રવ્યભાવા, તે જ્ઞાન અન્વય અર્થ સમયમાં. જય૦ ॥૧॥

વિણયમૂલો જિનધર્મ કહાવે, તે વિણ જ્ઞાન કહો કિમ પાવે. જય૦
જે જીવ આદિક તત્ત્વ પિછાણે, તે કરુણા નિત પાલે પલાવે. જય૦ ॥૨॥

સંયમ સાધનજ્ઞાન સહાયે, દશવૈકાલિક સૂત્ર જણાવે. જય૦
કરત ક્રિયા જેહ ઉજ્જ્વલનાણી, તસ આરાધન ફલ સમ નાવે. જય૦ ॥૩॥

સાકાર ઉપયોગ નિશ્ચલ ભાવી, લબ્ધિનિકેતન હોત સુરંગે. જય૦
ગુણગણ ભૂરુહ[1] મૂલ નિભાલી, આદર ભક્તિ અવિતથ ઉમંગે. જય૦ ॥૪॥

ઈષ્ટ અનિષ્ટ વિવેચનવંતા, અન્નાણતિમિર દિણેશ લહંતા. જય૦
નેમિસૂરીશ્વર પદ્મ ભણંતા, જ્ઞાનબલે હોય પૂજ્ય મહંતા. જય૦ ॥૫॥

### ॥ દુહો ॥

જ્ઞાન રજ્જુ મન થિર કરે, ક્રિયા મૂલ શ્રદ્ધાન;
જ્ઞાન મૂલ તસ આદરો, અભિનવ ભાનુ સમાન ॥૧॥

૧. વૃક્ષ.

**॥ ઢાળ બીજી ॥**

॥ રાગ : એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે એ વ્રત જગમાં દીવો ॥

**સપ્તમ જ્ઞાનપદ પૂજો,** જ્ઞાનરસિયા સપ્તમ જ્ઞાનપદ પૂજો ॥ટેક॥

સર્વજ્ઞભાષિત આગમ દાખ્યા, જીવાઈય નવતત્તા;
તસ બોધ સત્ય તે જ્ઞાન સમરીજે, પણ ભાવે નિજસત્તા. જ્ઞાન૦ ॥૧॥

મઈ સુય ઓહિ મણપજ્જવ અંતે, કેવલ ઈમ મૂલ ભેદે;
અડવીસ ચઉદસ, છ દુ ઈગ તેના, ભેદ ઉત્તર બુધ વેદે. જ્ઞાન૦ ॥૨॥

દ્વિવિધ પ્રત્યક્ષ પરોક્ષ સ્વભાવે, પ્રત્યક્ષ સ્વાધીન જાણે;
અક્ષનિમિત્ત પરોક્ષ કહાવે, તિગ દુગ ક્રમિક વખાણે. જ્ઞાન૦ ॥૩॥

ચઉ ઉપકારી નહીં જગમાંહી, શ્રુત નિજ-પરઉપકારી;
પ્રત્યક્ષ જ્ઞાની વચન શ્રુતરૂપે, બોધક તસુ બલિહારી. જ્ઞાન૦ ॥૪॥

કૃત્યાકૃત્ય સમયગત ભાવા, નયનિક્ષેપ વિભાગે;
વિધિ પ્રતિષેધ તદા જન જાણે, જબ જ્ઞાનદીપ દિલ જાગે. જ્ઞાન૦ ॥૫॥

મિથ્યાજ્ઞાન અહિતકાર જાણી, જિનશ્રુતજ્ઞાન ધરીજે;
આર્યરક્ષિત આગમધર હોવે, તો નિજ જનની રીઝે. જ્ઞાન૦ ॥૬॥

આચારપાલન આત્મ ઉદ્દેશી, બોધ અધ્યાતમ સાચો;
ઉદ્યત યોગીજનો જેહ સાધે, ક્ષણ ક્ષણ એહિ જ યાચો. જ્ઞાન૦ ॥૭॥

ઈણ ભવિયા પઢતા નિસુણંતા, મયગય અંકુશ માની;
નેમિસૂરીશ્વર પદ્મ ભણંતા, જે વિરતા તે જ્ઞાની. જ્ઞાન૦ ॥૮॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

**॥ દુહા ॥**

કર આગમ નોઆગમે, ચરણપદ પ્રણિધાન;
જ્ઞાતા ઉપયોગી ધુરે, કિરિયા સહ પર જાણ ॥૧॥

નામાદિક ચઉહા ક્રમે, કિરિયા વિણુ ઉપયોગ;
દ્રવ્ય ચરણ કારણ મુણો, ભાવે સહ ઉપયોગ ॥૨॥

આચ્છાદિત નિજ શક્તિને, દેખે જાસ પ્રતાપ;
વંદો નિત તે ચરણને, રિક્ત કરે [1]ચિંતપાપ ॥૩॥

**॥ ઢાળ પહેલી ॥**

॥ રાગ : સોના રુપાકે સોગઠે સૈયાં ખેલત બાજી ॥

**ચરણ નમો પદ આઠમે,** જ્ઞાન સાધ્ય વિમાસી;
ભાવકુસુમ ઉદ્યાનમાં, રમો વિરતિ વિલાસી. ચરણ નમો૦ ॥૧॥

નિરુપાધિક આનંદ રે, લહે વિરતિ પ્રતાપે;
ચક્રી નરેન્દ્ર વિચારતા મોહબંધન કાપે. ચરણ નમો૦ ॥૨॥

લક્ષ્મી મમત્વ કુટુંબને, તજી શ્રમણ હુવંતા;
[2]સંસ્યાનંદિત તે સમે, સ્થિર ઉપયોગવંતા. ચરણ નમો૦ ॥૩॥

શારદ જલધર આયુને, દ્રવ્ય ચંચલ જાણી;
સ્વપ્ન સમા વિષયો સદા, વહે રતિ ક્યું અનાણી. ચરણ નમો૦ ॥૪॥

મુહૂર્ત પર્યાય આરાધકા, વૈમાનિક દેવા;
મુક્ત બને શુભભાવસું, જેમ શ્રી મરુદેવા. ચરણ નમો૦ ॥૫॥

અનંતર કારણ મોક્ષનું, સંયમ શ્રુત ભાષે;
નેમિસૂરીશ્વર પદ્મને, નવ્ય સુરતરુ ભાસે. ચરણ નમો૦ ॥૬॥

**॥ દુહા ॥**

જે સ્થિતિ દર્શન કાલમાં, પલ્લપુહુત્ત વિહીન;
દેશવિરતિ તબ સંપજે, સંખ્યેય વાર્ધિ વિહીન ॥૧॥

તે ક્ષણ સર્વવિરતિ લહે, [3]શમ [4]ક્ષય તતિક્રમ તેહ;
વાર અસંખ વ્રત દેશસું, અડ ભવ ગુરુવ્રત એહ ॥૨॥

૧. સંચિત, ૨. પ્રશંસનીય આનંદવાળા, ૩. ઉપશમશ્રેણી, ૪. ક્ષપકશ્રેણી.

## ॥ ઢાળ બીજી ॥

॥ રાગ : ગિરિવર દરિસણ વિરલા પાવે ॥

**અબ મેરો ચેતન સંયમ લીનો,** ચાહે ન અન્ય પીયૂષરસ પીનો. અબ૦
દુર્લભ અમર પુરંદર ભાવે, અવસર ભૂલત મૂઢ વિભાવે. અબ૦ ॥૧॥

અલગ કષાય તથા નોકષાયે, ઉજ્જ્વલ લેશ્યા સ્વભાવ ઠરાયે. અબ૦
ચારિત્ર તેહજ આત્મ પિછાણો, સંયમઠાણ અસંખ્ય પ્રમાણો. અબ૦ ॥૨॥

બે ભેદ દેશ સમસ્ત પ્રકારે, શ્રી જિન આગમવંત વિચારે. અબ૦
દેશવિરતિ પંચમ ગુણઠાણે, પ્રમત્ત ગુણસ્થાન ચરણ વખાણે. અબ૦ ॥૩॥

ક્ષય ઉપશમ યુગ અષ્ટકષાયે, દેશ વિરતિ પરિણામ નિપાયે. અબ૦
બાર કષાય સહિત યુગ ભાવે, સર્વવિરતિ ગુણઠાણ સુહાવે. અબ૦ ॥૪॥

સામાઈય પમુહા પણ ભેદે, અધિકાધિક ફલ મુનિજન વેદે. અબ૦
જિનવર લઈ આરાધે પ્રરૂપે, પરજનને કરુણાએ સમર્પે. અબ૦ ॥૫॥

સમઈઅ છેય જયાઇઅ(પમાઈઅ)ચઉમેં,
તિમ પરિહાર યતાદિક (પ્રમત્તાદિક) દુગમેં. અબ૦
તુર્ય ચરણ દસમે ગુણઠાણે, ચઉસેસ ઠાણ અહખ્ખાય મણે. અબ૦ ॥૬॥

પૂજનિક વનિપક હોત ભુવનમેં, તે સંયમ વસિયો મેરા મનમેં. અબ૦
નિત્ય નમત દેવ દાનવ ઈંદા, જસ આરાધન લીન મુણીંદા. અબ૦ ॥૭॥

પ્રથમપણે શ્રુત આદિ લહીજે, પ્રાપ્ત સમાય આકર્ષ કહીજે. અબ૦
સહસ સયગ પુહુત્તા દેસ સગલે, ઈગ ભવ આગરિસા વ્રત યુગલે. અબ૦ ॥૮॥

સગ દસ દસ ભેય સિદ્ધ સમયમેં, અનંતગુણી સરણા ભવરનમેં. અબ૦
પવયણ માય ક્ષમાદિક સેવા, મૈત્રી પ્રમુખ અવિકલ શિવમેવા. અબ૦ ॥૯॥

પ્રવૃત્તિ નિવૃત્તિ ચરણ સહચારી, દરિશણ નાણ લહત ફલ ભારી. અબ૦
નેમિસૂરીશ્વર પદ્મ ત્રિકાલે, સહજાનંદ વિરતિમન મ્હાલે. અબ૦ ॥૧૦॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

### ॥ દુહા ॥

કર આગમ નોઆગમે, સિરિ તવપય પણિહાણ;
જ્ઞાતા ઉપયોગી ધુરે, કિરિયા સહ પર જાણ ॥૧॥

નામાઈય ચઉહા ક્રમે, દ્રવ્યસુ જેહ સકામ;
ફલ અભિલાષ વિણા તવો, ભાવપક્ષ અભિરામ ॥૨॥

કર્મ કાષ્ટસંભારને, તપને તપોઽનલ સાર;
તે તપ નમ નવમે, પદે રસમૂર્ચ્છા અપસાર ॥૩॥

### ॥ ઢાળ પહેલી ॥

॥ રાગ : ધન્ય તે મુનિવરા રે, જે ચાલે સમભાવે ॥

**તપપદ સાધના રે,** શીલતરુ મેઘ સમાના,
મદન વદન છાદન સુપિધાના, સ્વર્ગ માર્ગ ઈગ યાના. તપપદ૦ ॥૧॥

કુશલ કમલ દિનકર કર[1]માના, પર અપવર્ગ નિદાના;
વિઘ્નલતા વૈશ્વાનર સ્થાના, ઝટ આદર અનિદાના. તપપદ૦ ॥૨॥

વિણ પાવક રસપાક નિપાવે, વિણ મૃદ ઘટ ઉપજાવે;
વસન ભાવ કિમ તંતુ અભાવે, તપ વિણ અઘ વિણસાવે. તપપદ૦ ॥૩॥

કરણ તુરંગમ વિષય વિલાસી, વશ સાધન દૃઢ દોરી;
વાર્ધિ નદી વિનયાંચિત વિદ્યા, લબ્ધિ લહે તપ ધોરી. તપપદ૦ ॥૪॥

વસન ક્ષાર જલ અંગ માર્જના, ભૂ કનકાનલ ભાવા;
નેત્રાંજન તિમ આત્મ તપસ્યા, કરણ કજ્જ સહાવા. તપપદ૦ ॥૫॥

તુષ્ટિ મૂલ ખંધ સુય દમ શાખા, શીલભાવ પરવાલા;
અભય પર્ણ સુમ સ્વર્ગ આય તે, શિવફલ તપતરુ વ્હાલા. તપપદ૦ ॥૬॥

તે ભવ મુક્તિગમન અનુરાગી, તીર્થંકર તપ તપિયા;
નેમિસૂરીશ્વર પદ્મ ભણે એ, ધન્નાદિક ભવ તરિયા. તપપદ૦ ॥૭॥

---

૧. કિરણ.

॥ દુહો ॥

નિષ્કામી સંવર પદી, સમતા શમ પરિણામ;
આતમ સાધક નિર્જરા, તપો તજ ગુણધામ ॥૧॥

॥ ઢાળ બીજી ॥

॥ રાગ : કુમતિ એમ સકલ દૂરે કરી રે ॥

**તપ અનાહાર પદ વાનકી,** દ્વિવિધ કરુણા કરણ સાર રે;
અવધ આચરણથી જેહના, પૂર્ણ વૈરાગ્ય વિસ્તાર રે,
**તપ તપે તેહને વંદના** ॥૧॥

ઈન્દ્ર સુર ચક્રી પદવી લહે, ઋદ્ધિ અડશક્તિ અનિવાર્ય રે;
લબ્ધિ અડવીશ તે જાણીએ, શિવદ તપ કલ્પતરુ કાર્ય રે. તપ૦ ॥૨॥

આંગળી કનક જેવી કરે, લાળથી સનત્કુમાર રે;
લબ્ધિ તે ભાવ તપ સાધના, જ્ઞાનપૂર્વક ક્ષમા સાર રે. તપ૦ ॥૩॥

મંત્રતંત્રાદિ અતિદાનથી, દુલ્લહા લહત તે સિદ્ધિ રે;
બાહુબલિ પરે તપ આદરો, વહત ક્યું વિકૃતિરસ ગૃદ્ધિ રે. તપ૦ ॥૪॥

વાસ જલ શુદ્ધ મલયુત બને, તપ બલે તેમ ન શરીર રે;
સર્ષપાક્ષત રૂહા દધિ ગુડે, આદ્ય મંગલ મુણો ધીર રે. તપ૦ ॥૫॥

નિર્યુક્તિ વચન આવશ્યકે, તપ નિકાચિત હરે કર્મ રે;
નેમિસૂરિ પદ્મ ઈમ ભાષતા, સિદ્ધચક્રેશનો મર્મ રે. તપ૦ ॥૬॥

॥ કળશ ॥

॥ રાગ : ધન્યાશ્રી. ધરજો વિનતિ ધ્યાન, જિનપતિ ધરજો વિનતિ ધ્યાન ॥

સિદ્ધચક્રાવલિ વંદો, **હો ગુણીજન સિદ્ધચક્રાવલિ વંદો;**
નવપદ સદ્‌ગુણ પ્રેમશું ગાયા, ચઉવિહ સંઘ આણંદો. હો ગુણી૦ ॥૧॥

નિર્ભય સાધત સાધ્ય નિકરને, ધ્યાન સાલંબનકારી. હો ગુણી૦
વિણ આલંબન જે બક ધ્યાની, હોલિકા શિશુ અનુસારી. હો ગુણી૦ ॥૨॥

પૂજત જિન ગુરુ ધર્મ ઉમંગે, નવપદ અર્ચનકારી. હો ગુણી૦
વિણ આશંસન સાધનકારી, અક્ષયપદ પદ ધારી. હો ગુણી૦ ॥૩॥

ઈણવિધ ભાવ હૃદય સ્થિરકારી, શ્રીપાલ મયણા રાણી. હો ગુણી૦
અદ્ભુત ઉન્નતિ મંગલમાલા, વરત યશોધન ખાણી. હો ગુણી૦ ॥૪॥

દુગ-દસ અડ છત્તીસ પણવીસા, સગવીસ સડસઠ ભારી. હો ગુણી૦
એકાવન સિત્તેર પચ્ચાસે, સવિ ત્રણસો છેંતાલી. હો ગુણી૦ ॥૫॥

તિમ ભવિકા દઢરંગસું પૂજો, અવિતથ ઉદય વિચારી. હો ગુણી૦
આશ્વિન ચૈતર માસ વિશેષે, નવ દિન આદરકારી. હો ગુણી૦ ॥૬॥

ૐ હ્રીં આદિમ ઈગ ઈગ દિનમાં, ઈગ ઈગ પદ મન ધારી. હો ગુણી૦
ભૂષિત શીલે વર્ણ વિમાસી, ઈગ અન્ન આંબિલકારી. હો ગુણી૦ ॥૭॥

સઢ્ઢ-ચઉ વરિસે તવ ઈગએંસી, નવ ઓલી નિરધારી. હો ગુણી૦
ધર્મ સુરંગી અચલ વિરાગી, યાવજ્જીવન અનુસારી. હો ગુણી૦ ॥૮॥

ભાવ "**પ્રતિષ્ઠાકલ્પ**" ભણે એ, નવપદ મહિમા અપારી. હો ગુણી૦
સરલ સહાવે સાધન ફલશે, તિમ હિત જિત અધિકારી. હો ગુણી૦ ॥૯॥

કલિકાલે પણ અમ સમ પ્રાણી, હીન ચારિત્ર પ્રમાદી. હો ગુણી૦
જસ પ્રવહણ સમ પ્રવચન રંગી, સાધત ઈષ્ટ આહ્‌લાદી. હો ગુણી૦ ॥૧૦॥

ઉજ્જવલ સંયમ શોભિત પ્રશમે, કરુણાકર હિતકારી. હો ગુણી૦
વંદુ સદા 'શ્રી વીર' જિણંદા, આસન્ન પરમોપકારી. હો ગુણી૦ ॥૧૧॥

તે પ્રભુ પટ્ટ વિદિત વિજયાદિ, શ્રી હીરસેનસૂરિ ભારી. હો ગુણી૦
શ્રી દેવસિંહ સૂરિક્રમ પટ્ટે, ધર્મ મહોદયકારી. હો ગુણી૦ ॥૧૨॥

સત્ય-કર્પૂર-ક્ષમાદિક વંશે, બુદ્ધિવિજય ગુરુ ભારી. હો ગુણી૦
મુનિતતિ ક્ષોણિતલે જસ આજે, અપ્રતિબદ્ધ વિહારી. હો ગુણી૦ ॥૧૩॥

સુરતરુ દર્શન પીયૂષપાણિ, સંવેગ જીવનશાલી. હો ગુણી૦
તસ પદ કજ અલિ વૃદ્ધિવિજયજી, ગુરુ ગુરુ ભવ્ય નિસ્તારી. હો ગુણી૦ ॥૧૪॥

શ્રીમત્ તપોગચ્છાંબર ભાનુ, શાસક રક્ષક ભારી. હો ગુણી૦
પ્રૌઢ પ્રતાપી, તીર્થ પ્રભાવી, ભવિજન ઉન્નતિકારી. હો ગુણી૦ ॥૧૫॥

ઈણ સમયે ગુરુ ગૌતમ જેવા, બ્રહ્મમહાવ્રત ધારી. હો ગુણી૦
શ્રી ગુરુ નેમિસૂરીશ્વર રાયા, કારક ઉદ્ધૃતિ મારી. હો ગુણી૦ ॥૧૬॥

નિજ પટ્ટ સ્થાપિત સૂરિયુગ સાથે, સંપ્રતિ તે સુવિહારી. હો ગુણી૦
પ્રથમ વિજયદર્શનસૂરિ સોહે, અનુપમ તર્ક વિચારી. હો ગુણી૦ ॥૧૭॥

મુજ શ્રુતપાઠક પૂજ્ય આભારી, સત્કૃતિ સાન્નિધ્યકારી. હો ગુણી૦
શ્રી વિજ્યોદયસૂરિ શ્રુતધારી, પૂજાદિ નિર્મલકારી. હો ગુણી૦ ॥૧૮॥

પ્રથમ વિનેયા શ્રી ગુરુકેરા, લઘુગુરુ-દીક્ષા દાતારી. હો ગુણી૦
વાચક સુમતિવિજય ગણિરાયા, મમ પૂજનિક ઉપકારી. હો ગુણી૦ ॥૧૯॥

બહુગુણ નવપદ વર્ણનકારી, બુદ્ધિ ન પૂરી મારી. હો ગુણી૦
શ્રી ગુરુભક્તિ અનુગ્રહ પામી, આ કૃતિ પૂર્તિ નિહાલી. હો ગુણી૦ ॥૨૦॥

નિધિ હય નંદ શશિ, પ્રમિત વર્ષે, સ્તંભન પાર્શ્વ જુહારી. હો ગુણી૦
અક્ષયત્રીજે માધવ[1] માસે, પદ્મ પૂજા રચે મ્હાલી. હો ગુણી૦ ॥૨૧॥

વિરચન લબ્ધકુશલ અનુભાવે, પામી ચરણ મનોહારી. હો ગુણી૦
પર પદવાસી બને ભવ્યજીવો, આત્મ-સમુદ્ધૃતિશાલી. હો ગુણી૦ ॥૨૨॥

વિશદ કરે કોવિદ ગુણરાગી, મુજ પર કરુણાધારી. હો ગુણી૦
કહ્યું અનુચિત જે સાવૃતિભાવે, યાચું ક્ષમા હિતકારી. હો ગુણી૦ ॥૨૩॥

સિદ્ધચક્ર પૂજા જે ભવિ ભણશે, અત્યંત ચિત્તમાં મ્હાલી. હો ગુણી૦
કલ્યાણકેલિ તસ ઘર વિલસે, પામે ઉન્નતિ રઢિયાલી. હો ગુણી૦ ॥૨૪॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

**॥ ઇતિ વિ.સં. ૧૯૭૯, વૈશાખ સુદ-૩, ખંભાત નગરે**
**આ. શ્રી પદ્મસૂરિજી વિરચિત શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

● ● ●

૧. વૈશાખ માસ

## ૧૩

હાલારદેશોદ્ધારક આ. શ્રી અમૃતસૂરિજી મ.સા. વિરચિત

# શ્રી નવપદ પૂજા

॥ દુહા ॥

ત્રિશલાનંદન વીરપ્રભુ, વર્ધમાન વડવીર;
સકલ જિનેશ્વર પ્રણમિયે, સાગરવર ગંભીર ॥૧॥

ગૌતમ ગણપતિ ગુણિનિધિ, શાસનના શિરતાજ;
ઉગ્રતપસ્વી સદ્‌ગુરુ, નમું કર્પૂર સૂરિરાજ ॥૨॥

શ્રુતદેવી શ્રુતદા નમી, નવપદ યંત્રાધિરાજ;
સિદ્ધચક્ર ગુણ ગાઈશું, લેવા શિવપુર રાજ ॥૩॥

અરિહંત સિદ્ધ સૂરીશ્વરા, પાઠક મુનિ ગુણવંત;
દર્શન જ્ઞાન ચારિત્ર ને, તપ છે મહિમાવંત ॥૪॥

એ નવપદના ધ્યાનથી, મયણા ને શ્રીપાળ;
સુરનર સુખડી ખાઈને, વરશે શિવ વરમાળ ॥૫॥

ઉત્તમના ગુણ ગાવતા, પ્રકટે ગુણ વિશાળ;
તેથી રચી પૂજા લહું, અમૃત પદવી રસાળ ॥૬॥

## ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

॥ દુહો ॥

તપ વીશસ્થાનકનો કરી, ભવ ત્રીજે ગુણવંત;
સવિ જીવ કરુણા ભાવથી, પામે પદ અરિહંત ॥૧॥

॥ ઢાળ ॥

॥ રાગ : આવો આવો હે વીર સ્વામી ॥

પૂજો પૂજો હે ભવિજન પ્યારા **"નમો અરિહંતાણં"**
ભવ ત્રીજે સ્થાનકતપ કરીને, તીર્થંકર પદ પાય;
રાજકુલે ત્રણ જ્ઞાન સહિત જે, અવતરિયા હિતદાય. પૂજો૦ ॥૧॥

ચૌદ સુપન વર માતા દેખે, જન્મે જિન સુખદાય;
ઈન્દ્ર ઈન્દ્રાણી મેરુ ઉપર જસ, જન્મ ઉત્સવ ઊજવાય. પૂજો૦ ॥૨॥

ભોગ કરમ ક્ષીણ જાણી પ્રભુજી, દીક્ષા લેવા ઝટ જાય;
વરસીદાન દઈ દારિદ્રય ચૂરી, સંયમરમણી વરાય. પૂજો૦ ॥૩॥

પરિષહસેના દૂરે હઠાવી, તપ તપતા જિનરાય;
ઘાતી કરમ અરિ નાશ કરીને, કેવલજ્ઞાન લેવાય. પૂજો૦ ॥૪॥

ચોત્રીશ અતિશય જેહને છાજે, ગુણ પાંત્રીશ કહેવાય;
સમવસરણમાં દેશના આપે, બાર પરખદામાંય. પૂજો૦ ॥૫॥

કરમ અઘાતિ દૂર કરતાં, મોક્ષનગર સિધાય;
એવા પ્રભુને ભાવથી પૂજતાં, નરભવ સફલો થાય. પૂજો૦ ॥૬॥

મહાગોપ મહામાહણ કહીએ, નિર્યામક સત્થવાહ;
ગુરુ કર્પૂર સૂરિ અમૃત ભાખે, લ્યો એ પ્રભુનો રાહ. પૂજો૦ ॥૭॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે અર્હત્પદાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

### ॥ દુહા ॥

પંદર ભેદ છે સિદ્ધના, જિનાજિનાદિ કહેવાય;
અષ્ટ કરમરિપુ જીતીને, અજરામર પદે જાય ॥૧॥

દોષ સકલ દૂરે કરી, અનંત ગુણ ધરનાર;
સિદ્ધપ્રભુને પ્રણમતાં, પાપ રહે ન લગાર ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : ભાઈ શિવપુર જઈને... ॥

હાંરે ભાઈ સિદ્ધપ્રભુને પૂજો એટલડો (૨) **સુણો હે મારો સંદેશડો;**

હાંરે જેણે આઠે શત્રુને નિવાર્યા, હાંરે ચોરો ચારે છે જેહથી હાર્યા;
હાંરે જેણે પાંચે ઘોડાને વાર્યા એટલડો. વાર્યા... સુણો૦ ॥૧॥

જે અનંત ગુણરત્ન દરિયા, જે શિવનારી સુખ વરિયા;
જે પાછા ન ભવમાં ફરિયા, એટલડો. ફરિયા... સુણો૦ ॥૨॥

જે ત્રિલોક શિર પર રાજે, જેની અચિંત્યશક્તિ વિરાજે;
જે જ્ઞાન દરિશનથી છાજે, એટલડો. છાજે... સુણો૦ ॥૩॥

જેની સાદિ અનંત છે સ્થિતિ, જેને નથી કોઈની ભીતિ;
જેને પૂજવાની એક ન રીતિ, એટલડો. રીતિ... સુણો૦ ॥૪॥

પદ "નમો સિદ્ધાણં" જપીએ, તો ભવસમુદ્રને ટપીએ;
તો સિદ્ધજાતિમાં ખપીએ, એટલડો. ખપીએ... સુણો૦ ॥૫॥

સિદ્ધ પ્રતિમા પૂજી ગુણ ગાવે, જે કર્મ રહિત જીવ થાવે;
ગુરુ કર્પૂર અમૃત તેને ધ્યાવે, એટલડો. ધ્યાવે... સુણો૦ ॥૬॥

### ॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સિદ્ધપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

### ॥ દુહા ॥

સામાયિકમાં જે રહે, પાલે પંચાચાર;
જિનવર જેમ સિદ્ધાન્તનો, ભાખે અર્થ ઉદાર ॥૧॥

કુગ્રહથી જે દૂર રહે, કરે જે પર ઉપકાર;
મારગ શુદ્ધ પ્રકાશતા, જિનવર સમ નિરધાર ॥૨॥

ગુણવંત ગુરુપદ પૂજતાં, ભમિયે ન ભવમાં લગાર;
તે સૂરિવરને ભાવથી, ધ્યાવો ચિત્ત મોઝાર ॥૩॥

જિન આણા લંઘે સૂરિ, તાસ ન લીજે નામ;
ભવભીરુ જ્ઞાની સૂરિ, કીજે તાસ પ્રણામ ॥૪॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : જૈન ધર્મકા બુલંદ સિતારા ॥

જૈનશાસનનો જય કરનારા, **નમિયે તે સૂરિવર સુખકારા** ॥એ અંચલી॥

પંચવિધ પ્રમાદ જે છોડે, પાપ કથાઓને તરછોડે;
ધર્મકથા જે નિત્ય કરનારા. નમિયે૦ ॥૧॥

સારણાદિક જેહ ગચ્છમાં કરતા, પાપતિમિર ભવિજનનાં હરતા;
ઉપદેશ નવતત્ત્વનો દેનારા. નમિયે૦ ॥૨॥

જગમાં જિનસૂરજ વિયોગે, ચંદ્રસમ કેવલીના અયોગે;
દીપક પેરે પ્રકાશન કારા. નમિયે૦ ॥૩॥

ભવકૂપે પડતા ભવિ પ્રાણી, અવલંબે જસ રજ્જુ વાણી;
જયવંત વર્તો તે સૂરિ પ્યારા. નમિયે૦ ॥૪॥

જે બહુલબ્ધિ અતિશયધારી, શાસન પ્રભાવના કરે ભારી;
નૃપ સમ જે નિશ્ચિંત રહેનારા. નમિયે૦ ॥૫॥

ગુરુ કર્પૂર સૂરિ અમૃત બોલે, એવા સૂરિવર જગમાં અમોલે;
જે પૂજે તે શિવ વરનારા. નમિયે૦ ॥૬॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે આચાર્યપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

### ॥ દુહા ॥

ગચ્છની ચિંતા જે કરે, સૂત્ર ભણાવણહાર;
સૂત્ર અર્થના જાણ જે, સ્વાધ્યાય કરનાર ॥૧॥

ભવ ત્રીજે જે શિવ લહે, આચાર્યપદ યોગ;
નમતાં પાઠક પ્રવરને, નાવે શોક ને રોગ ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : બાંધે મનસુબા દિનરાત ॥

**પૂજિયે પાઠકવર સુખકાર,** બાર અંગ સ્વાધ્યાય કરે જે,
ન કરે પ્રમાદ લગાર. પૂજિયે૦ ॥૧॥

પત્થર જેવા શિષ્યોને પણ, જગ પૂજનિક કરનાર. પૂજિયે૦ ॥૨॥

મોહનાગથી મૂર્છિતોને, ચેતનતા દેનાર. પૂજિયે૦ ॥૩॥
અજ્ઞાન રોગથી પીડિતોને, શ્રુતઔષધ દાતાર. પૂજિયે૦ ॥૪॥

બાવના ચંદનરસ સમ વયણે, પાપ તાપ હરનાર. પૂજિયે૦ ॥૫॥
રાજકુંવર સમ સૂરિપદ લાયક, ગચ્છ સમાધાનકાર. પૂજિયે૦ ॥૬॥

અજ્ઞાનઅંધેરથી દુઃખી લોકનાં, લોચન જે ખોલનાર. પૂજિયે૦ ॥૭॥
વાચના આપે શિષ્ય સમૂહને, કરવા પર ઉપકાર. પૂજિયે૦ ॥૮॥

ગુરુ કર્પૂર સૂરિ અમૃત બોલે, વાચક વર આધાર. પૂજિયે૦ ॥૯॥
એ પાઠકવર ગાવો ધ્યાવો, નાવો ગર્ભ મોઝાર. પૂજિયે૦ ॥૧૦॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે ઉપાધ્યાયપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

### ॥ દુહા ॥

જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ, રત્નત્રયી ધરનાર;
મોક્ષમાર્ગને સાધતા, વંદુ તે અણગાર ॥૧॥

ધર્મ શુક્લ ધ્યાન જે ધરે, દુર્ધ્યાન તજનાર;
લેઈ દીક્ષા શિક્ષા શીખે, વંદુ તે અણગાર ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : તીરથની આશાતના નવિ કરિયે ॥

**શ્રી મુનિરાજને વંદના નિત્ય કરિયે,** હાંરે નિત્ય કરિયે રે નિત્ય કરિયે.
હાંરે ભવસાગર શીઘ્ર તરિયે, હાંરે જાયે પાપ વિકાર. શ્રી મુનિ૦ ॥૧॥

ગુપ્તિ ત્રણ ને રત્નત્રયી જે ધરતા, હાંરે ત્રણશલ્ય ને ગારવ હરતાં;
હાંરે પાપ સાપથી જે રહે ડરતા, હાંરે નાવે દુર્ગતિદ્વાર. શ્રી મુનિ૦ ॥૨॥

ચાર વિકથા વેગળી જેહ મૂકે, હાંરે ચાર કષાય ચોરો ઝૂકે;
હાંરે ચાર ધર્મની દેશના ન ચૂકે, હાંરે ભવિ મંગલકાર. શ્રી મુનિ૦ ॥૩॥

પ્રકારો પાંચ પ્રમાદના જે છોડી, હાંરે શુભ માર્ગે ઈન્દ્રિયોને જોડી;
હાંરે નવિ રાખે પાસે એક કોડી, હાંરે પંચ સમિતિધાર. શ્રી મુનિ૦ ॥૪॥

રક્ષા કરે ખટ્કાયની જેહ રૂડી, હાંરે હાસ્યાદિક છો'ને ઝૂડી;
હાંરે વ્રત છો'ની પાસે રાખે મૂડી, હાંરે વંદુ તે અણગાર. શ્રી મુનિ૦ ॥૫॥

સાતે ભયોનો ભય જેહથી ભાગે, હાંરે આઠ મદોના દર્પને ત્યાગે;
હાંરે નવ બ્રહ્મગુપ્તિ ધરે રાગે, હાંરે દશધર્મ પ્રકાર. શ્રી મુનિ૦ ॥૬॥

સત્તર પ્રકારો સંયમના જે આરાધે, હાંરે દેશકાલ અનુસારે સાધે;
હાંરે જિન આણા કદી ન વિરાધે, હાંરે પૂજા તેની શ્રીકાર. શ્રી મુનિ૦ ॥૭॥

ગુરુ કર્પૂર સૂરિ અમૃત એમ ભાખે, હાંરે એવા મુનિવર મનમાં જે રાખે;
હાંરે તે શાન્તસુધારસ ચાખે, હાંરે ધન તસ અવતાર. શ્રી મુનિ૦ ॥૮॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે પંચમસાધુપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા ॥

॥ દુહા ॥

સમ્યગ્દર્શન જે ધરે, તસ ભવ લેખે જાય;
તે વિના સંસારમાં, અધોગતિ જીવની થાય ॥૧॥

સમકિત વિણ ક્રિયા સવિ, અલ્પ ફલ દેનાર;
સવિ ક્રિયા સમકિત યુત, શિવફલની દાતાર ॥૨॥

તત્ત્વરુચિ સમકિત કહ્યું, રત્ન દીપકની સમાન;
મનોમંદિરમાં ધારિયે, સવિ સુખનું એ નિદાન ॥૩॥

॥ ઢાળ ॥

॥ રાગ : પંખીડા જાજે વીરાના દેશમાં ॥

**દરિસણ પૂજો અનંત સુખખાણ રે,** જેથી અનંત દુ:ખહાણ રે. દરિસણ૦

વીતરાગદેવ ને શુદ્ધગુરુ પ્યારા, વીતરાગધર્મ સાચો જાણ રે. દરિસણ૦ ॥૧॥
જીવાજીવાદિ તત્ત્વોની રુચિ જે, હૈયે ધરે તે સુજાણ રે. દરિસણ૦ ॥૨॥

વીતરાગ વાણીને મિથ્યા જે માને, તે મિથ્યાત્વનું ઠાણ રે. દરિસણ૦ ॥૩॥
જ્ઞેય હેય ને ઉપાદેયના વિભાગમાં, માનિયે પ્રભુજીની વાણ રે. દરિસણ૦ ॥૪॥

બોલ સડસઠ જે પાળે સમકિતના, શિવવધૂ માને તેની આણ રે. દરિસણ૦ ॥૫॥
ગુરુ કર્પૂર સૂરિ અમૃત ભાખે, સમકિતીનું સાચું નાણ રે. દરિસણ૦ ॥૬॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે દર્શનપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

### ॥ દુહા ॥

સકલ ક્રિયાનું મૂલ જે સમ્યગ્દર્શન સાર;
તેહનું પણ મૂલ જાણિયે, સમ્યગ્ શ્રુત શ્રીકાર ॥૧॥

ચાર મૂંગા શ્રુત જાણિયે, સ્વપર પ્રકાશક જેહ;
ભાવ ધરીને વંદિયે, ચૌદ પ્રકારે તેહ ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : રૂડો લાગે છે પ્રભુ ત્હારો ધજાગરો ॥

સોનાનો સૂરજ આજ મારે ઉગીયો,
ભવિજન પરમ આધાર રે, **શ્રુતજ્ઞાન ટાળે અંધાર રે** ॥૧॥

જીવાજીવાદિ નવતત્ત્વ સંબોધ રે, જેહથી હોય અપાર રે. શ્રુત૦ ॥૨॥
ભક્ષ્ય અભક્ષ્ય ને પેયાપેયાદિનો, લહિયે જેનાથી વિચાર રે. શ્રુત૦ ॥૩॥

સમ્યગ્ શ્રુતજ્ઞાન પંચ જ્ઞાનમાંહે, સ્વપર પ્રકાશનકાર રે. શ્રુત૦ ॥૪॥
બાર અંગ રૂપ સમ્યગ્ શ્રુતજ્ઞાન જે, કરે દીપ જેમ ઉપકાર રે. શ્રુત૦ ॥૫॥

જેના બલે લોક લોકમાં પૂજાય છે, તે શ્રુતજ્ઞાન શ્રીકાર રે. શ્રુત૦ ॥૬॥
ગુરુ કર્પૂર સૂરિ અમૃત બોલે, વંદો પૂજો એ નરનાર રે. શ્રુત૦ ॥૭॥

### ॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે જ્ઞાનપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

### ॥ દુહા ॥

ચારિત્ર વિણ મુક્તિ નહિ, તેહ વિના નહિ સુખ;
તે માટે ચારિત્ર લહો, જાય જેથી ભવ દુઃખ ॥૧॥

રાજ ઋદ્ધિ રમણી તજી, દીક્ષા લહે મહાભૂપ;
તેનું શરણ સ્વીકારીએ, તો ન પડો ભવકૂપ ॥૨॥

ચારિત્ર ફલ છે જ્ઞાનનું, તેથી કેવલનાણ;
સર્વસંવર તેથી લહી, લહિયે અવિચલ ઠાણ ॥૩॥

**॥ ઢાળ ॥** રાગ : હો મનમાન્યા મોહનજી ॥

પ્રભુ તુમ આણા શિરે વહિશું રે, **હો મનમાન્યા મોહનજી.**

અમે ચારિત્ર ભાવથી લહિશું રે; હો મનમાન્યા મોહનજી.
નહિ એ વિણ ભવનો અંતો રે, હો૦ પદ પૂજિયે એથી એ સંતો રે. હો૦ ॥૧॥

સાધુ પાળે સર્વવિરતિ રે, હો૦ પાળે શ્રાવક દેશવિરતિ રે; હો૦
ચારિત્રથી દર્શન નાણો રે, હો૦ ફળે પૂરણ ચતુર સુજાણો રે. હો૦ ॥૨॥

ચારિત્રના પાંચ પ્રકારો રે, હો૦ સામાયિક આદિ વિચારો રે; હો૦
એક એકથી અતિ ફલ આપે રે, હો૦ જે કર્મ સકલ મેલ કાપે રે. હો૦ ॥૩॥

લઈ પ્રભુએ પાળી દેખાડ્યું રે, હો૦ દઈ ભવિનું દુઃખ મટાડ્યું રે; હો૦
જેથી રંક ચક્રી સમ હોવે રે, હો૦ જે લે નહિ તે લાભ ખોવે રે. હો૦ ॥૪॥

એહ જગમાં અહી જ સારો રે, હો૦ પ્રભુ એહ છે ભવ અસારો રે;
સ્વારથીઓ સૌ સંસારો રે, હો૦ પ્રભુ ચરણ છે તારણહારો રે. હો૦ ॥૫॥

ગુણ ચરણના અપરંપારો રે, હો૦ તે કહેતાં નાવે પારો રે; હો૦
ગુરુ કર્પૂર અમૃત આધારો રે, હો૦ મળો ભાવોભવ ગુણ એ શ્રીકારો રે. હો૦ ॥૬॥

### ॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે ચારિત્રપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

### ॥ દુહા ॥

બાહ્ય અભ્યંતર તપ કહ્યું, તેહના બાર પ્રકાર;
એક એકથી ફલ અધિક દે, તે વંદું હું અપાર ॥૧॥

તપ તપતાં વિઘ્નો હરે, દેવો પણ વશ થાય;
ઋદ્ધિ સિદ્ધિ લબ્ધિ મળે, દુઃખ દોહગ પણ જાય ॥૨॥

**॥ ઢાળ ॥** રાગ : ભારતકા ડંકા ॥

જિનશાસનના તપનો ડંકો, જગમાં વાગે જિનરાજ બળે;
જેથી કર્મ પુરાણાં ખૂબ ખરે, **તેહ નમતાં વાંછિત સુખ મળે** ॥૧॥

પ્રભુ તે ભવ નિજ મુક્તિ જાણે, વળી વર્તે છે, પ્રભુ ચઉનાણે;
કરે તપ તે પણ જિન કેમ ? ચળે. તેહ૦ ॥૨॥

બહુ નિકાચિત પણ કર્મ ખપે, ક્ષાન્તિ પૂર્વક જો તપ તપે;
જેથી વિઘ્ન પરંપરા શીઘ્ર ટળે. તેહ૦ ॥૩॥

જેમ કંચન અગ્નિ શુદ્ધ કરે, તેમ તપ આતમ અશુદ્ધિ હરે;
ક્ષણવારમાં જીવ શિવ સાથે હળે. તેહ૦ ॥૪॥

તપ કલ્પતરુ સમ છે દાતા, ભવિજીવને આપે શિવશાતા;
ક્ષણ એકમાં પાપ સમૂહ ગળે. તેહ૦ ॥૫॥

ગુરુ કર્પૂર સૂરિ અમૃત ભાખે, એ તપનો રસ જે ભવિ ચાખે;
તસ ચરણે સુરનર ઈશ ઢળે. તેહ૦ ॥૬॥

### ॥ કલશ ॥

(રાગ : જિનવર પરમ દયાળ)

નવપદ જગમાં સાર, **ભવિયાં નવપદ જગમાં સાર;**
એ છે મંગલકાર, ભવિયાં એ છે મંગલકાર.
એહ આરાધી સિદ્ધ થયા ને, થાશે અપરંપાર. ભવિયાં.
નવપદનો મહિમા મોટો, કહેતાં નાવે પાર. ભવિયાં૦ ॥૧॥

વિધિપૂર્વક આરાધના કરતાં, ઋદ્ધિ સિદ્ધિ વિસ્તાર. ભવિયાં૦
તપ ફલવૃદ્ધિ કરતાં ઉજમણું, શાસન શોભા અપાર. ભવિયાં૦ ॥૨॥

તપગચ્છનાયક બુદ્ધિ વિજયજી, બુદ્ધિતણા ભંડાર. ભવિયાં૦
ગણી પંન્યાસ શ્રી આણંદવિજયજી, હર્ષવિજય હર્ષકાર. ભવિયાં૦ ॥૩॥

પંન્યાસ પ્યારા પુષ્પવિજયજી, બાલપણે બ્રહ્મધાર. ભવિયાં૦
તસ અનુજ શ્રી કર્પૂરસૂરીશ્વર, ઉગ્ર તપ તપનાર. ભવિયાં૦ ॥૪॥

તસ શિષ્યે એ પૂજા બનાવી, આતમને હિતકાર. ભવિયાં૦
તપગચ્છ રાજા શ્રી સિદ્ધિસૂરીશ્વર, રાજ્યે શાસન જયકાર. ભવિયાં૦ ॥૫॥

દોય સહસ ચાર આસો માસે, પહેલી પૂનમ રવિવાર. ભવિયાં૦
પૂર્ણ કરી કાશીપુરા ઉપાશ્રયે, બોરસદ પુર મોઝાર. ભવિયાં૦ ॥૬॥

આદિ શાંતિ ને પાર્શ્વ પ્રભુજી, શિવસુખના દાતાર. ભવિયાં૦
તાસ પસાયે સંઘમાં વર્તો, આનંદ મંગલ શ્રીકાર. ભવિયાં૦ ॥૭॥

શ્રી નવપદની પૂજા ભણાવી, સફલ કરો અવતાર. ભવિયાં૦
ભણે ભણાવે ને સુણે એ પૂજા, તસ પાર્શ્વ શ્રી નિરધાર. ભવિયાં૦ ॥૮॥

એ નવપદજીને પૂજી વધાવો, અક્ષત અખંડે મનોહાર. ભવિયાં૦
ભાવ ધરી નિત્ય નિત્ય ગુણ ગાવો, લેવા પદામૃત સાર. ભવિયાં૦ ॥૯॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે તપપદાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ શ્રી નવપદજીની આરતિ ॥

॥ રાગ : તીરથની આશાતના નવિ કરિયે ॥

**શ્રી નવપદની આરતિ પ્રેમે કરિયે,** હાંરે પ્રેમે કરિયે તો પાતિક હરિયે;
હાંરે ભવસમુદ્ર હેલા તરિએ, હાંરે નાવો ભવમાં ફેર. શ્રી નવપદની૦ ॥૧॥

અરિહંતની આરતિ પહેલી કીજિયે, હાંરે જેના બાર ગુણો સુણી રીઝિયે;
હાંરે ભવિ દાન સુપાત્રે દીજિયે, હાંરે મંગલ ઘેર ઘેર. શ્રી નવપદની૦ ॥૨॥

શ્રી સિદ્ધ પ્રભુની આરતિ સિદ્ધિ આપે, હાંરે જન્મ મરણની બેડી કાપે;
હાંરે સુખ આત્મિક લહિયે અમાપે, હાંરે જઈએ શિવશહેર. શ્રી નવપદની૦ ॥૩॥

શ્રી સૂરિ પાઠક આરતિ આનંદકારી, હાંરે રાજ યુવરાજપદના એ ધારી;
હાંરે જિનશાસન પ્રકાશકારી, હાંરે મુનિ ના રાખે વેર. શ્રી નવપદની૦ ॥૪॥

દર્શન જ્ઞાન ચારિત્ર તપ દિલ આણો, હાંરે ચાર ધર્મ ધર્મી પંચ જાણો,
હાંરે એને સેવો ચતુર સુજાણો, હાંરે નવિ રાખો ઝેર. શ્રી નવપદની૦ ॥૫॥

ગુરુ કર્પૂર સૂરિ અમૃત એમ ભાખે, હાંરે એની આરાધના રસ ચાખે;
હાંરે નવિ મનડાથી એ દૂર રાખે, હાંરે તો સંઘમાં લ્હેર. શ્રી નવપદની૦ ॥૬॥

## ॥ મંગલ-દીવો ॥

॥ રાગ : જિનવર પરમ દયાળ ॥

નવપદ મંગલકાર, ભવિયાં, નવપદ મંગલકાર;
સિદ્ધ થયા કોઈ જે સિદ્ધ થાશે, એ નવપદ આધાર. ભવિયાં૦ ॥૧॥

એક એક વિના એક નવિ રહે એ, એ નવપદ જગસાર. ભવિયાં૦ ॥૨॥
એ નવપદના સ્નાત્ર ન્હવણથી, રોગ શોગ ન રહે લગાર. ભવિયાં૦ ॥૩॥
એ નવપદરૂપ ધ્યાનાનલથી, કર્મ દહે નિરધાર. ભવિયાં૦ ॥૪॥

એ નવપદનો મહિમા મોટો, કહેતાં કોણ પામે પાર. ભવિયાં૦ ॥૫॥
સુખ પામ્યા એ નવપદ ધ્યાને, શ્રી મયણા ને શ્રીપાળ. ભવિયાં૦ ॥૬॥
શાંત દાંત ને જિતેન્દ્રિય જે, આરાધન કરનાર. ભવિયાં૦ ॥૭॥

કર્મવિદારણ એ તપ શૂરો, ભવ્ય આરાધનકાર. ભવિયાં૦ ॥૮॥
મંગલદીવો આરતિ કરતાં મંગળ વર્તો અપાર. ભવિયાં૦ ॥૯॥
ગુરુ કર્પૂરસૂરિ અમૃત બોલે, સફલ કરો અવતાર. ભવિયાં૦ ॥૧૦॥

**॥ ઇતિ વિ.સં. ૨૦૦૪, આસો સુદિ-૧૫, બોરસદ નગરે**
**આ. શ્રી અમૃતસૂરિજી વિરચિત શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

• • •

૧૪

ગણિવર શ્રી નિત્યાનંદવિજયજી વિરચિત

શ્રી સિદ્ધચક્ર નિષ્ઠ

# શ્રી નવપદ પૂજા

(સ્નાત્રિયાએ થાળીમાં અક્ષત, પંચામૃતનો કળશ, કેશરની વાટકી અને ફૂલ લઈને ઉભા રહેવું. નમોઽર્હત્‌૦ બોલી પૂજાની શરૂઆત કરવી.)

## ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

### ॥ દુહા ॥

શ્રી પાર્શ્વ શંખેશ્વર, ત્રેવીશમા જિનરાય;
ચરણકમલ નમું ભાવથી, કર જોડી મહારાય ॥૧॥

વિજય પ્રેમ જંબૂસૂરિ, ગુરુવર મહિમાવંત;
અહર્નિશ કરું વંદના, શિષ્યવત્સલ ગુણવંત ॥૨॥

ભગવતી સરસ્વતી શારદા, સાનિધ્ય કરજો સાર;
પૂજા રચું ઉલ્લાસથી, શ્રી સિદ્ધચક્ર સુખકાર ॥૩॥

અરિહંત સિદ્ધ સૂરિવરા, ઉપાધ્યાય ભગવંત;
મુનિવર દર્શન જ્ઞાન ને, ચારિત્ર તપ શોભંત ॥૪॥

શ્રી નવપદની પૂજના, આપે સુખ અપાર;
સાંભળે ભણે જે ભાવથી, તે પામે ભવપાર ॥૫॥

નવ નવ વસ્તુ મેળવી નૈવેદ્ય ફલાદિ સાર;
માંડલું રચો નવપદતણું, શોભા કરી મનોહાર ॥૬॥

ક્ષીરનીર અભિષેકથી, બરાસ વિલેપન અંગ;
કેશરચંદન ઘનસરશું, પૂજા કરો જિન અંગ ॥૭॥

સુંદર પુષ્પો સોહામણા, સુગંધે મહેકાય;
રચો આંગી જિનરાજની, શોભા અદ્‌ભુત થાય ॥૮॥

ધૂપ દીપ ઉવેખીને, અક્ષત સ્વસ્તિક સાર;
નૈવેદ્ય ફલ મૂકી કરો, પૂજા અષ્ટપ્રકાર ॥૯॥

॥ ઢાળ ॥

॥ રાગ : પ્રથમ એક પીઠિકા, ઝગમગે દીપિકા/પાર્શ્વ શંખેશ્વરા સાર કર સેવકાં ॥

પ્રથમ અરિહંતની સેવા કરે સુરવરા, ભક્તિભાવે સદા વંદતા એ;
સર્વ કલ્યાણકર, ભવિક ઉદ્ધારકર, પાપ પુંજ સવિ હરતા એ ॥૧॥

ત્રીજે ભવ સાધતા, જિનનામ નિકાચતા, દેવસુખ ભોગવી ત્યાંથી ચવિયા એ;
ત્રણ જ્ઞાને ભર્યા, માત કુક્ષિ ઠર્યા, સુપન દશચાર નિશિ દેખીયા એ ॥૨॥

શ્રી જિન જનમિયા, સુરપતિ આવિયા, મેરુગિરિ જન્મ ઉત્સવ કીયા એ;
ત્રણ ભુવન ઉજળ્યા, સુખ ક્ષણ પ્રગટિયાં, જીવનાં દુઃખ દૂરે થયા એ ॥૩॥

અતિશય ગુણભર્યા, જન્મથી ચાર વર્યા, ઈગુણવીસ સુરવર કરે એ;
કર્મઘાતિ ગયે, પ્રગટ અગિયાર થયે, ચોત્રીસ અતિશય ઈમ વરે એ ॥૪॥

રજત સુવર્ણ તણાં, રત્ન સોહામણા, સમવસરણ શોભા ઘણી એ;
સિંહાસને રાજતા, પ્રાતિહાર્ય શોભતા, પર્ષદા બાર સોહામણી એ ॥૫॥

દેશના દે સદા, સુણે પર્ષદા તદા, ચૌમુખ ધર્મ સુણાવતા એ;
કેઈ સંયમ ગ્રહે, કેઈ શ્રાવક ભયે, કેઈ સમકિત તિહાં પામતા એ ॥૬॥

ભવોદધિ ડૂબતા, વ્યસન મુખે પડ્યા, ભવ્યજીવોને પ્રભુ તારતા એ;
લક્ષણ અંગે વર્યા, એક સહસ આઠ વરા, સુર અસુર નરા સેવતા એ ॥૭॥

ચ્યવન જન્મ પછી દીક્ષા જ્ઞાન જ થતા, અંત્ય નિર્વાણ કલ્યાણક એ;
અરિહંત જે થતા થયા વળી થાવશે, સવિ તણા પાંચ કલ્યાણક એ ॥૮॥

દ્રવ્ય ભાવે કરી પૂજા નિર્મલ રચી, સ્વર્ગ અપવર્ગ તે પામતા એ;
અરિહંત ધ્યાવતા, નિત્યાનંદ પામતા, પ્રેમ-જંબૂ જિન સેવતા એ ॥૯॥

॥ કાવ્યં ॥

દેવાદિવૃન્દૈઃ પરિસેવિતા યે, વરાતિશયૈઃ પરિશોભિતાશ્ચ;
સંસ્થાપ્ય તીર્થં શિવસદ્મપ્રાપ્તાઃ તીર્થંકરાસ્તે વરદા ભવન્તુ ॥૧॥

("ૐ હ્રીં નમો અરિહંતાણં" કહી
અક્ષતની થાળી પાટ ઉપર મૂકવી પછી મંત્ર બોલવો)

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમેશ્વરાય પરમપુરુષાય પરમેષ્ઠિને પરમાત્મને
સકલદોષરહિતાય અનન્તગુણધારિણે ત્રૈલોક્યમહિતાય દેવાધિદેવાય
શ્રીમદ્ જિનેન્દ્રાય જન્મજરામૃત્યુ ભવભયાદિનિવારણાર્થં જલં ચંદનં પુષ્પં
ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

(અષ્ટપ્રકારી પૂજા કરવી)

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

(સ્નાત્રિયાએ થાળીમાં ઘઉં, કેસરની વાટકી, કળશ અને ફૂલ લેવા)

॥ દુહો ॥

સિદ્ધ થયા બીજે પદે, એકતીસ ગુણે ગુણવંત;
નિરુપાધિક સુખ ભોગવે, સિદ્ધ ભજો ભગવંત ॥૧॥

॥ ઢાળ ॥

॥ રાગ : વીર જિણંદ જગત ઉપકારી ॥

**શ્રી સિદ્ધપદને સેવિયે,** સિદ્ધશિલાએ વિરાજતા;
પૂર્ણાનંદ સુખ ભોગવે, જ્યોતિશું જ્યોત મીલાવતા. શ્રી સિદ્ધ૦ ॥૧॥

જ્ઞાનાવરણ ક્ષયથી, કેવલજ્ઞાન સુખદાય રે;
તિમ દર્શનાવરણીય ક્ષયથી, દર્શન અનંત થાય રે. શ્રી સિદ્ધ૦ ॥૨॥

ત્રીજું વેદનીય ગયે થકે, અનુપમ સુખ અપાર રે;
મોહનીય નાશ થયે લહે, અનંત ચારિત્ર સાર રે. શ્રી સિદ્ધ૦ ॥૩॥

આયુષ્યકર્મ વિલયે થયે, અક્ષયસ્થિતિ લહંત રે;
ષષ્ઠકર્મના વિલયે લહે, અરૂપીભાવ જ્વલંત રે. શ્રી સિદ્ધ૦ ॥૪॥

ગોત્રકર્મ વિયોગથી, અગુરુલઘુ હોવંત રે;
અષ્ટકર્મના નાશથી, અનંત વીરજ પ્રગટંત રે. શ્રી સિદ્ધ૦ ॥૫॥

બંધ ઉદય ઉદીરણા, સત્તા કર્મોની વામી રે;
એક સમયે લોકાંતે જાવે, ચાર દૃષ્ટાંત વિરામી રે. શ્રી સિદ્ધ૦ ॥૬॥

શિવ અચલ અરુજ, અવિનાશી, અક્ષયાનંત સ્થિરવંત રે;
બાધારહિત અપુનરાવૃત્તિ, સિદ્ધિગતિએ શોભંત રે. શ્રી સિદ્ધ૦ ॥૭॥

જે સુરનર સુખ ત્રણ કાળનાં, અનંતગુણાં એ કીધ રે;
અનંતવર્ગે વર્ગિત કરે તો યે, શિવસુખ તોલે ન લીધ રે. શ્રી સિદ્ધ૦ ॥૮॥

સાદિ અનંત સુખ તે લીના, નાણીએ પણ ન કહેવાય રે;
પ્રેમ-જંબૂ શ્રી સિદ્ધપદ વંદત, નિત્યાનંદ સુખ થાય રે. શ્રી સિદ્ધ૦ ॥૯॥

**॥ કાવ્યં ॥**

લોકાગ્રસ્થિતા નિજભાવમગ્નાઃ પ્રાપ્તાઃ સુસિદ્ધિં નિરુપાધિકાશ્ચ;
રહિતદોષા ગુણસર્વયુક્તાસ્સમગ્રસિદ્ધા વરદા ભવન્તુ ॥૨॥

("ૐ હ્રીં નમો સિદ્ધાણં" કહી
ઘઉંની થાળી પાટ ઉપર મૂકવી પછી મંત્ર બોલવો)

**(મંત્ર તથા અષ્ટપ્રકારી પૂજા પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

(સ્નાત્રિયાએ થાળીમાં ચણાની દાળ, કળશ, કેસર અને ફૂલ લેવા)

### ॥ દુહો ॥

ત્રીજે પદ સૂરિવર કહ્યા, છત્રીસ ગુણે સોહંત;
ગચ્છધુરા જે સાચવે, નમો નમો મહિમાવંત ॥૧॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : ગિરિવર દરશન વિરલા પાવે ॥

**સૂરિવર વંદન કરે શુભ ભાવે,** વંદન કરતાં સૂરિપદ પાવે;
છત્રીશ પ્રકારે છત્રીસ જાણો, બારસે છન્નુ ગુણો સોહાવે. સૂરિ૦ ॥૧॥

ઈન્દ્રિય પાંચના વિકાર ટાલે, નવવિધ બ્રહ્મચર્યને પાલે;
ક્રોધ લોભ મદ માયાને હણતા, મહાવ્રત લીના આચારને પાલે. સૂરિ૦ ॥૨॥

પંચસમિતિ ત્રણગુપ્તિએ ગુપ્તા, ઈમ છત્રીશ ગુણે ગુણવંતા;
આગમજ્ઞાતા, સર્વજીવત્રાતા, જિનશાસને દિનકર શોભંતા. સૂરિ૦ ॥૩॥

卐સરસ્વતી ત્રિભુવનસ્વામિની બીજી, ત્રીજી પીઠે ગણિપિટક સોહે;
ચોથી પીઠે શ્રીદેવી દીપે, પાંચમે ઈન્દ્રાદિક સોહે. સૂરિ૦ ॥૪॥

પ્રસ્થાનને વિધિથી આરાધી, પાંચ પીઠોનું ધ્યાન ધરંતા;
પાંચપ્રમાદ ને વિકથા સાત, સર્વને સૂરિવર દૂર કરંતા. સૂરિ૦ ॥૫॥

સરણા વારણા ચોયણા ત્રીજી, પડિચોયણા એ ચાર પ્રકારે;
ગચ્છ સંભાળે જન પ્રતિબોધે, ચઉ અનુયોગના અર્થ પ્રચારે. સૂરિ૦ ॥૬॥

અસ્ત થયે સૂર્ય સમ અરિહંત, શશી સમ કેવલજ્ઞાની વિરહે;
દીપકસમ શ્રી સૂરિવર સોહે, ત્રણ ભુવનની તમ દૂર લહે. સૂરિ૦ ॥૭॥

ચૌદ અભ્યંતર ગ્રંથિને ટાળે, બાવીશ પરિષહને પણ જીતે;
તપ સંયમે અઠ્ઠાવીશ લબ્ધિ, પ્રભાવક જાણો આઠ જ રીતે. સૂરિ૦ ॥૮॥

---

卐 આ ક્રમ રત્નશેખરીય સૂરિમંત્ર કલ્પાનુસારે છે.

જિનશાસનના યુગપ્રધાન, તૃતીય પદે શ્રી સૂરિવર ધ્યાવો;
પ્રેમ-જંબૂસૂરિ ગુણધારી, નિત્યાનંદ પદ સહુ પાવો. આચારજ૦ ॥૯॥

॥ કાવ્યં ॥

જિનોક્તમાર્ગે કુશલા ગીતાર્થાઃ, કષાયમુક્તા નવબ્રહ્મગુપ્તા;
મહાવ્રતાનાં પરિપાલકાશ્ચ, સૂરીશ્વરાસ્તે વરદા ભવન્તુ ॥૩॥

("ૐ હ્રીં નમો આયરિયાણં" કહી થાળી પાટ ઉપર મૂકવી)

**(મંત્ર તથા અષ્ટપ્રકારી પૂજા પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

(સ્નાત્રિયાએ થાળીમાં મગ, કળશ, કેશર, ફૂલ લેવા)

**॥ દુહો ॥**

ચોથું પદ છે નિર્મલું, ઉપાધ્યાય ભગવંત;
ભણે ભણાવે શિષ્યને, પ્રણમો ગુણમણિકંત ॥૧॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : જિણંદા પ્યારા મુણીંદા પ્યારા ॥

**ચતુર્થ પદે પાઠકવર સોહે, પાઠકવર સોહે** નીલવરણ વિખ્યાત રે;
પાઠકવર સોહે.

અંગ અનંગ **સૂત્રોના ધોરી** (સૂ૦), કાલિક અકાલિક ઉદાર રે. પાઠક૦
અંગ અગ્યાર ઉપાંગ તે બાર (ઉ૦), દશ પયન્ના સાર રે. પા૦ચતુ૦ ॥૧॥

છ છેદ ને ચાર મૂલને જાણે (ચા૦), નંદિ અનુયોગ સાર રે. પાઠક૦
સ્વાધ્યાય શાસ્ત્ર સકલનો કરતા (સ૦), સૂત્ર અર્થના જાણકાર રે. પા૦ચતુ૦ ॥૨॥

ગ્રહણ આસેવન શિક્ષા આપે (શિ૦), શિષ્યો ગીતાર્થ થાય રે. પાઠક૦
હય-ગજ-વૃષભ-સિંહ સમાન(સિં.), ઈન્દ્ર-ચક્રી મહારાય રે. પા૦ચતુ૦ ॥૩॥

વાસુદેવ-રવિ-શશી સમ દીપે (શ૦), કુબેર-સમુદ્ર ઉદાર રે. પાઠક૦
જંબૂ-સિતાનદી-મેરુ-રત્ન (મે૦), ઉપમા સોળ ધરનાર રે. પા૦ચતુ૦ ॥૪॥

મોહાદિ વિષ મૂર્ચ્છિત જીવને (મૂ૦), ચેતનાવંત કરનાર રે. પાઠક૦
અજ્ઞાન વ્યાધિએ પીડિત જીવને (પી૦), શ્રુત ઔષધ દેનાર રે. પા૦ચતુ૦ ॥૫॥

જાત્યાદિ મદ ગયવર આઠ (ગ૦), જ્ઞાન અંકુશે દમનાર રે. પાઠક૦
દિન માસ જીવિત શેષ દાન (જી૦), મુક્તિ લગે દાન દેનાર રે. પા૦ચતુ૦ ॥૬॥

અજ્ઞાને અંધ થયેલા લોચન (થ૦), શાસ્ત્ર અજને ઉઘાડે રે. પાઠક૦
લોકના પાપરૂપી સંતાપ (પા૦), ચંદન બાવને મીટાડે રે. પા૦ચતુ૦ ॥૭॥

શાસનના યુવરાજ જાણો (યુ૦), શિષ્યાદિકને ભણાવે રે. પાઠક૦
ભાવ ઉપાધ્યાય ત્રીજે ભવે (ત્રી૦), મોક્ષગતિને પાવે રે. પા૦ચતુ૦ ॥૮॥

અદ્‌ભુત પચ્ચીશ ગુણો ધારે (ગુ૦), ગણવત્સલ ભવભીત રે. પાઠક૦
પ્રેમ-જંબૂસૂરિ નિત્ય ઉપાસે (નિ૦), નિત્યાનંદ દીલ હિત રે. પા૦ચતુ૦ ॥૯॥

॥ કાવ્યં ॥

એકાદશાઙ્ગાઽઽ-પરિભાવિતા યે, મન્દસુશિષ્યાન્ પ્રતિબોધકાશ્ચ;
સૂરિપદાર્હા ગણચિંતકાસ્તે, પાઠકવરા વરદા ભવન્તુ ॥૪॥

("ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં" કહી થાળી પાટ ઉપર મૂકવી)

**(મંત્ર તથા અષ્ટપ્રકારી પૂજા પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

(સ્નાત્રિયાએ થાળીમાં અડદ, કળશ, કેશર, ફૂલ લેવા)

॥ દુહો ॥

પંચમ પદે શ્રી મુનિવરા, નહિ રાગ ને રીસ;
મોક્ષમાર્ગને સાધતા, વંદો વીસવાવીસ ॥૧॥

॥ ઢાળ ॥

॥ રાગ : મુનિવર પરમ દયાલ, ભવિયા ॥

**મુનિપદ ભજો સુખકાર ભવિયા (૨)**

એ તો ઉતારે ભવપાર ભવિયા, મુનિપદ ભજો સુખકાર,
પંચમ પદે શ્રી મુનિવર સોહે, શ્યામ વરણ ઉદાર ભવિયા;
સત્તાવીશ ગુણે દીપતા રે, ધરતા સંયમ ભાર ભવિયા. મુનિપદ૦ ॥૧॥

દર્શન જ્ઞાન ને ચારિત્ર રત્ને, મુક્તિ મારગ સાધંત ભવિયા;
આર્ત રૌદ્રને દૂર નિવારે, ધર્મ-શુક્લ ધ્યાન ધરંત ભવિયા. મુનિપદ૦ ॥૨॥

શિક્ષા દ્વિવિધ ગ્રહણ કરંતા, ગુપ્તિ વડે એ ગુપ્ત ભવિયા;
શલ્યત્રણને નિવારતા રે, ત્રણ ગારવથી મુક્ત ભવિયા મુનિપદ૦ ॥૩॥

સિત્તરિ દ્વયનું પાલન કરંતા, વિકથા ચારથી દૂર ભવિયા;
કષાય ચારને પરિહરંતા, ધર્મ ઉપદેશે શૂર ભવિયા. મુનિપદ૦ ॥૪॥

પ્રમાદ પંચને દૂર નિવારે, રોકે પંચેન્દ્રિ વિકાર ભવિયા;
પંચસમિતિને શુધિ પાલે, છકાય રક્ષણહાર ભવિયા. મુનિપદ૦ ॥૫॥

હાસ્યાદિક દોષ ષટ્કને ટાળે, પાલે છ વ્રત સાર ભવિયા;
સાત ભય મદ આઠ નિવારે, નવબ્રહ્મ ગુપ્તિધાર ભવિયા. મુનિપદ૦ ॥૬॥

દશવિધ ધર્મ સુધો પાળે, ભાવના પચીસ ભાવંત ભવિયા;
સત્તર પ્રકારે સંયમ આરાધે, નિત્ય કરુણાવંત ભવિયા. મુનિપદ૦ ॥૭॥

મધુકરની જિમ ભિક્ષા લેતા, દોષ સવિ દૂર કરંત ભવિયા.
બાવીસ પરિષહ જીતતા રે, ગામ નગર વિચરંત ભવિયા. મુનિપદ૦ ॥૮॥

સિદ્ધ થયા થતા થાયશે રે, મુનિ વિના નહીં કોય ભવિયા;
પ્રેમ-જંબૂસૂરિ ચરણ પસાયે, નિત્યાનંદ સુખ જોય ભવિયા. મુનિપદ૦ ॥૯॥

॥ કાવ્યં ॥

ક્ષમાદિદશવિધ-ધર્મયુક્તાઃ પંચમહાવ્રતપરિપાલકાઃ;
સામાયિકસ્થા જગબન્ધુતુલ્યા મુનિવરાસ્તે વરદા ભવન્તુ ॥૫॥

("ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં" કહી થાળી મૂકવી)

**(મંત્ર તથા અષ્ટપ્રકારી પૂજા પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા ॥

(સ્નાત્રિયાએ ચારે પૂજામાં થાળીમાં ચોખા, કળશ, કેશર, ફૂલ લેવા)

### ॥ દુહો ॥

દર્શનપદ દીપક સમું, દર્શને થાય વિવેક;
દર્શન વિણ પામે નહિ, જ્ઞાન ચારિત્રને છેક ॥૧॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : તુજ શાસનરસ અમૃત મીઠું ॥

**પ્રભુ તુજ શાસન અમૃત મીઠું,** ભવિજીવને લાગે રૂયડું રે, **દર્શનપદ વંદો**
જિનશાસનમાં એહ છે મુખ્ય, તે વિણ મુક્તિ નવિ થાય રે.
**દર્શન પદ વંદો,** પ્રભુ તુજ શાસન અમૃત મીઠું ॥૧॥

અનંતાનુબંધી ચાર કષાય, સમકિત મિશ્ર મિથ્યાત્વ રે. દર્શન૦
મોહનીયકર્મની એ સાત પ્રકૃતિ, બંધાદિકથી પ્રલાય રે. દર્શન૦ પ્રભુ૦॥૨॥

ક્ષયોપશમ ઉપશમ ક્ષયભાવે, જીવને સમકિત થાય રે. દર્શન૦
શેષ અર્ધ પુદ્ગલપરાવર્તે, સમ્યગ્દર્શન પમાય રે. દર્શન૦ પ્રભુ૦ ॥૩॥

ક્ષયોપશમ અસંખ્યવાર, પાંચ વાર ઉપશમ થાય રે. દર્શન૦
ક્ષાયિકભાવનું એક જ વાર, ભવ ભમતાં પમાય રે. દર્શન૦ પ્રભુ૦ ॥૪॥

અંતમુહૂર્ત દર્શન ફરસે, તો પણ મુક્તિ જવાય રે. દર્શન૦
બે ત્રણ પાંચ અનેક ભેદે, સડસઠ ભેદે કહાય રે. દર્શન૦ પ્રભુ૦ ॥૫॥

અબદ્ધાયુ ને ક્ષાયિક દર્શને, તે ભવ મુક્તિ જ થાય રે. દર્શન૦
બદ્ધાયુ પણ ત્રણ પાંચ ભવમાં, સકલ કર્મ ખપાય રે. દર્શન૦ પ્રભુ૦ ॥૬॥

દર્શન વિણ ક્રિયા નવિ લેખે, દર્શને મોક્ષ સધાય રે. દર્શન૦
દર્શન વિણ જીવ ચારે ગતિમાં, ભવોભવ ભટકાય રે. દર્શન૦ પ્રભુ૦ ॥૭॥

દર્શન વિણ જ્ઞાન અજ્ઞાન, નવપૂર્વી પણ હોય રે. દર્શન૦
દર્શને જ્ઞાન ચારિત્ર પ્રમાણ, મુક્તિ રમણી વરાય રે. દર્શન૦ પ્રભુ૦ ॥૮॥

સંસારના સુખ અસાર જાણો, સંસાર કારાવાસ રે. દર્શન૦
પ્રેમ-જંબૂસૂરિ દર્શન ઝંખે, નિત્યાનંદ વિલાસ રે. દર્શન૦ પ્રભુ૦ ॥૯॥

**॥ કાવ્યં ॥**

આધારભૂતં જિનશાસનસ્ય, સુદૃઢપીઠં શિવમંદિરસ્ય;
દ્વયાદિભૈદૈઃ પરિકીર્તિતં ચ, સમ્યક્ત્વપદં પ્રણમામિ ભક્ત્યા ॥૬॥

("ૐ હ્રીં નમો દંસણસ્સ" કહી થાળી મૂકવી)

**(મંત્ર તથા અષ્ટપ્રકારી પૂજા પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

**॥ દુહો ॥**

સપ્તમ પદ છે જ્ઞાનનું, જ્ઞાને પદાર્થ જણાય;
જ્ઞાને દર્શન નિર્મલું, વંદો જ્ઞાન સદાય ॥૧॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : જિમ જિમ એ ગિરિ ભેટિયે રે... ॥

જ્ઞાન વડું સંસારમાં રે, ભેદે પાંચ સુહાય સલૂણા,
ઉત્તર ભેદ ગણતાં થકા રે, એકાવન તે થાય. સલૂણા;
**જિમ જિમ જ્ઞાનપદ સેવિયે રે,** તિમ તિમ અજ્ઞાન પલાય. સલૂણા૦ જિમ૦ ॥૧॥

જ્ઞાનતણો મહિમા ઘણો રે, જ્ઞાનીએ નવિ કહેવાય સલૂણા;
મતિ શ્રુત ને અવધિ વળી રે, મનઃપર્યવ કેવલ સુહાય સલૂણા. જિમ૦ ॥૨॥

અઠ્ઠાવીશ ભેદ મતિતણા રે, શ્રુતજ્ઞાન ચૌદ કહાય સલૂણા;
ષડ ભેદ અવધિજ્ઞાનના રે, મનઃપર્યવ દો ગણાય સલૂણા. જિમ૦ ॥૩॥

એક પ્રકાર કેવલજ્ઞાનનો રે, જ્ઞાને સિદ્ધિ થાય સલૂણા;
દ્રવ્ય ગુણ પર્યાય તણા રે, સ્વપર ભાવ કલાય સલૂણા. જિમ૦ ॥૪॥

જ્ઞાન વિના ક્રિયાતણું રે, ક્રિયા રહિત જે જ્ઞાન સલૂણા;
અંતર રવિ ખજૂઆ પરે રે, ઈમ ભાખે ભગવાન સલૂણા. જિમ૦ ॥૫॥

ભક્ષ્ય અભક્ષ્ય ગમ્ય અગમ્ય જે રે, કૃત્ય અકૃત્ય જે હોય સલૂણા;
હેય જ્ઞેય ઉપાદેયપણું રે, જ્ઞાનને બોધ સવિ જોય સલૂણા. જિમ૦ ॥૬॥

અંક વિનાના મીંડાં જિસી રે, ક્રિયા અજ્ઞાનીની જાણ સલૂણા;
કિંમત અંકાયે જ્ઞાનથી રે, જ્ઞાને સવિ પ્રમાણ સલૂણા. જિમ૦ ॥૭॥

જ્ઞાન પ્રથમ દયા પછી રે, જ્ઞાન વિણ ઘોર અંધાર સલૂણા;
જ્ઞાન વિના કિમ પામશો રે, મુક્તિપુરીના દુવાર સલૂણા. જિમ૦ ॥૮॥

તજી આશાતના જ્ઞાનની રે, પામો ભવજલપાર સલૂણા;
પ્રેમ-જંબૂસૂરિ પામશે રે, નિત્યાનંદ પદ સાર સલૂણા. જિમ૦ ॥૯॥

**॥ કાવ્યં ॥**

અમૃતતુલ્યં, વિષદોષહર્તું, કલ્યાણકક્ષં પરિતાપહર્તું;
સદ્ મુનિવરૈઃ પરિભાવિતં ચ, સજ્જ્ઞાનપદં પ્રણમામિ ભક્ત્યા ॥૭॥

("ૐ હ્રીં નમો નાણસ્સ" કહી થાળી મૂકવી)

**(મંત્ર તથા અષ્ટપ્રકારી પૂજા પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

**॥ દુહો ॥**

ચારિત્રપદ નમો આઠમું, રોકે કર્મ તમામ;
ચઢતા સંયમ શ્રેણીથી, સર્વ સંવર વિસરામ ॥૧॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : સંયમ રંગ લાગ્યો ॥

**ચારિત્રપદ છે નિર્મલું રે,** જેહથી શિવસુખ થાય, **સંયમ દિલ વસિયું.**
દિલ વસિયું રે, મારે મન વસિયું રે, મન વસિયું જિનરાય, સંયમ૦
ભાવરયણ નિધાન છે રે, કર્મ મલ દૂર પલાય, સંયમ દિલ વસિયું. ચારિત્ર૦ ॥૧॥

સામાયિક ને ઉપસ્થાપના રે, પરિહાર ત્રીજું વિશુદ્ધ. સંયમ૦
ચતુર્થ સૂક્ષ્મસંપરાય છે રે, પંચમ યથાખ્યાત શુદ્ધ. સંયમ૦ ચારિત્ર૦ ॥૨॥

છઠ્ઠે સાતમે ગુણઠાનકે રે, પહેલું બીજું ચારિત્ર. સંયમ૦
તિહાં કોઈ મુનિવર સેવતાં રે, પરિહાર ત્રીજું ચારિત્ર. સંયમ૦ ચારિત્ર૦ ॥૩॥

ગુણઠાણે દશમે આરોહતા રે, હોય સૂક્ષ્મ સંપરાય રે. સંયમ૦
ક્ષય ને ઉપશમ મોહનીયે રે, યથાખ્યાત સોહાય. સંયમ૦ ચારિત્ર૦ ॥૪॥

સંયમગુણ ફરસે થકે રે, સ્વરૂપ રમણતા સોહાય. સંયમ૦
સંયમ વર્ષ પર્યાય થકે, સુર અનુત્તર સુખ કલાય રે. સંયમ૦ ચારિત્ર૦ ॥૫॥

મુક્તિ તે ભવ જાણતા રે, તીર્થંકર ભગવાન. સંયમ૦
તો પણ ચારિત્રને ગ્રહે રે, ચઢતે શુભ શુભધ્યાન. સંયમ૦ ચારિત્ર૦ ॥૬॥

સત્તરભેદ સંયમતણા રે, સિત્તેર ભેદ પણ હોય. સંયમ૦
શુદ્ધ વિશુદ્ધ પરિણામથી રે, ક્ષણમાં કેવલ જોય. સંયમ૦ ચારિત્ર૦ ॥૭॥

રાય કે રંક સંયમ લીયે રે, સુરનર પણ પૂજંત. સંયમ૦
ચારિત્રવિણ મુક્તિ નહીં રે, ભવ સાત સિદ્ધ હોવંત સંયમ૦ ચારિત્ર૦ ॥૮॥

કર્મ સંચય રિક્તી કરે રે, તેણે ચારિત્ર નામ. સંયમ૦
પ્રેમ-જંબૂસૂરિ આરાધતા રે, નિત્યાનંદ વિસરામ રે. સંયમ૦ ચારિત્ર૦ ॥૯॥

॥ કાવ્યં ॥

કર્માષ્ટદાહશમને સુનીરં, રાગાદિરજહરણે સમીરં;
સપ્તતિભેદં જિનસેવિતં ચ, ચારિત્રપદં પ્રણમામિ ભક્ત્યા ॥૮॥

("ૐ હ્રીં નમો ચારિત્તસ્સ" કહી થાળી મૂકવી)

**(મંત્ર તથા અષ્ટપ્રકારી પૂજા પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

॥ દુહો ॥

મહાપાપી પણ તપથકી, પામ્યા ભવનો પાર;
બાહ્ય અભ્યંતર ભેદથી, તપના બાર પ્રકાર ॥૧॥

## ॥ ઢાળ ॥

॥ રાગ : સિદ્ધાચલ શિખરે દીવો રે ॥

**નવમું પદ છે સુખકારી રે, તપપદ વંદો શુભ ભાવે**
ભવ્ય જીવોને હિતકારી રે, તપપદ વંદો શુભભાવે
બાર ભેદ તેહના જાણો રે, તપપદ વંદો શુભભાવે
બાહ્ય અભ્યંતર પ્રમાણો રે, તપપદ વંદો શુભભાવે
નવમું પદ છે સુખકારી રે ॥૧॥

અનશન તપ પહેલો ભેદ રે, તપ૦ ઊણોદરીમાં ન કરો ખેદ રે. તપ૦
વૃત્તિસંક્ષેપ રસત્યાગ રે, તપ૦ કાયક્લેશ સંલીનતા રાગ રે. તપ૦ ॥૨॥

પ્રાયશ્ચિત વિનય વિચારો રે, તપ૦ વૈયાવચ્ચ સ્વાધ્યાય સારો રે. તપ૦
ધ્યાન કાઉસ્સગ્ગ અંતિમ જાણો રે, તપ૦ ઉત્તરોત્તર ઊંચા પ્રમાણો રે. તપ૦ ॥૩॥

તે ભવે સિદ્ધિ જાણે રે, તપ૦ દીક્ષા જ્ઞાન ને નિર્વાણે રે. તપ૦
તો પણ જિનવર કરે તપ રે, તપ૦ એહનો સહુ કરો ખપ રે. તપ૦ ॥૪॥

સ્પૃષ્ટ બદ્ધ નિધત્ત નિકાચિ રે, તપ૦ કર્મબંધનની એ ચાર રીતિ રે. તપ૦
તપથી નિકાચિત જાવે રે, તપ૦ વળી લબ્ધિ અનેક તે પાવે રે. તપ૦ ॥૫॥

જિમ અગ્નિ મલને બાળે રે, તપ૦ તિમ તપ પણ કર્મ જાળે રે. તપ૦
તપ કલ્પતરુ સમ જુક્તિ રે, તપ૦ ઋદ્ધિ નરસુર ફલ મુક્તિ રે. તપ૦ ॥૬॥

સંસારમાં જે છે અસાધ્ય રે, તપ૦ તપથી તે પણ સવિ સાધ્ય રે. તપ૦
દધિ દુર્વાદિ તો દ્રવ્યમંગલ રે, તપ૦ પણ તપ છે ભાવમંગલ રે. તપ૦ ॥૭॥

સર્વ મંગલમાં તપ ધુરે રે, તપ૦ એ તો સર્વ વાંછિતને પૂરે રે. તપ૦
દૃઢપ્રહારી જેવા હત્યારા રે, તપ૦ તપથી પામ્યા ભવપારા રે. તપ૦ ॥૮॥

બારભેદે તપને કરતા રે, તપ૦ એ તોં ગુણશ્રેણીએ ચઢતા રે. તપ૦
પ્રેમ-જંબૂસૂરિ તપ તપતા રે, તપ૦ નિત્યાનંદ પદને જપતા રે. તપ૦ ॥૯॥

## ॥ ગીત ॥

॥ રાગ : ઓચ્છવ રંગ વધામણા... ॥

**આનંદ રસ ઉલ્લસિયો,** સિદ્ધચક્રજી થુણતાં
પહેલું વલય નવપદતણું, અષ્ટવર્ગ સુણતાં. આનંદ૦ ॥૧॥

ત્રીજું લબ્ધિ વલય જાણવું, પ્રણવ અનાહતયુક્ત;
ચોથું અષ્ટગુરુપાદનું, દેવી જયાદિ જુક્ત. આનંદ૦ ॥૨॥

ષોડશ વિદ્યા દેવીઓ, યક્ષ ચોવીશ રાજે;
ચોવીશ યક્ષિણી નવગ્રહો, વીર માણિભદ્ર છાજે. આનંદ૦ ॥૩॥

દશદિશિપાલ નવનિધિઓ, દ્વારપાલ ચાર;
વિમલેસર ચક્કેસરી, સેવા નિત્ય કરનાર. આનંદ૦ ॥૪॥

## ॥ કાવ્યં ॥

યૈર્ભૂત-ભાવિ-વિચરજ્જિનેન્દ્રૈઃ, તપસ્તપિતં વ્રતજ્ઞાનકાલે;
તથૈવ સિદ્ધિસમયે હિ ધ્રુવં, તત્તપપદં પ્રણમામિ ભક્ત્યા ॥૯॥

("ૐ હ્રીં નમો તવસ્સ" કહી થાળી મૂકવી)

**(મંત્ર તથા અષ્ટપ્રકારી પૂજા પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ કળશ ॥

॥ રાગ : સિદ્ધાચલ શિખરે દીવો રે ॥

ગાયા ગાયા રે, **શ્રી નવપદજી ગુણ ગાયા,**

એ સમ નહીં કોઈ મંત્ર યંત્ર, જગમાં સૌથી સવાયા;
દેવ ગુરુ ધર્મ ત્રયતત્ત્વ, સિદ્ધચક્રે સમાયા રે. શ્રી નવપદજી૦ ॥૧॥

શ્રી વીર જિનની પાટપરંપરે, ચુંમાલીસમીએ સુહાયા;
તપગચ્છ જગતચંદ્રસૂરિજી, સિંહસૂરિ એકસઠ ઠાયા રે. શ્રી નવપદજી૦ ॥૨॥

સત્ય-કર્પૂર-ક્ષમા-જિન-ઉત્તમ, પદ્મ-રૂપ કીર્તિ ગવાયા;
કસ્તુર-મણિવિજયજી ઈકોતેરમી, તસ પાટે બુટેરાયા રે. શ્રી નવપદજી૦ ॥૩॥

તસ આત્મ-કમલ-દાનસૂરિજી, વિજય પ્રેમસૂરિ દીપાયા;
ગચ્છે સૂરિવર છવ્વીસ સોહે, ચઉ શતાધિક શિષ્ય પાયા રે. શ્રી નવપદજી૦ ॥૪॥

સિત્તોતેરમી પાટે જંબૂસૂરિજી, તસ ચઉ સૂરિરાયા;
વર્ધમાન-ચિદાનંદસૂરિજી-જયંતશેખર સૂરિ ગાયા. શ્રી નવપદજી૦ ॥૫॥

જ્યોતિર્વિદ ચૌથા રૈવતસૂરિજી ગણિ નિત્યાનંદ સુહાયા;
સંવત બે હજાર એકત્રીશ વરસે, ઉપધાન પ્રસંગે આયા રે. શ્રી નવપદજી૦ ॥૬॥

મહારાષ્ટ્રદેશે માલેગાંવમાં, મહાસુદ પંચમી પાયા;
શ્રી આદિજિન શીતલ છાયામાં, નવપદ પૂજા બનાયા રે. શ્રી નવપદજી૦ ॥૭॥

શેઠ ભુરમલજી અચલચંદે, ઉપધાન સુંદર કરાયા;
માલારોપણ મહોત્સવ પ્રસંગે, પ્રથમ પૂજા ભણાયા રે. શ્રી નવપદજી૦ ॥૮॥

ગુરુવર શ્રી વિજય જંબૂસૂરિએ, પૂજા ક્ષતિ સુધરાયા;
શિષ્ય ગણિવર નિત્યાનંદે, રચના સુંદર બનાયા રે. શ્રી નવપદજી૦ ॥૯॥

## ॥ શ્રી સિદ્ધચક્રજીની આરતિ ॥

જય જય આરતિ ભાવે ઉતારું;
શ્રી સિદ્ધચક્ર દિલમાંહી ધારું. જય૦ ॥૧॥

પહેલે પદે શ્રી અરિહંત સોહે;
બીજે સિદ્ધ ભવિજન મોહે. જય૦ ॥૨॥

ત્રીજે સૂરિપદ ગુણતણી ખાણ;
ચોથે પાઠક નિર્મળ વાણ. જય૦ ॥૩॥

પાંચમે પદે મુનિવર મોટા;
છઠ્ઠે દર્શન વિન સવિ ખોટા. જય૦ ॥૪॥

સાતમે જ્ઞાનપદ દુઃખ નિવારે;
આઠમે ચારિત્ર ભવજળ તારે. જય૦ ॥૫॥

નવમે તપપદ સેવો ભાવે;
તો નિત્યાનંદ સુખ સવિ પાવે. જય૦ ॥૬॥

## ॥ મંગલ દીવો ॥

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો;
સિદ્ધચક્ર સેવી બહુ ચિરંજીવો. દીવો૦ ॥૧॥

પહેલું મંગલ અરિહંત કેરું;
બીજું મંગલ સિદ્ધ સવેરું. દીવો૦ ॥૨॥

ત્રીજે મંગલ મુનિવર સોહે;
ચોથે મંગલ જિનધર્મ મોહે. દીવો૦ ॥૩॥

ચારે મંગલ સિદ્ધચક્ર માંહી;
શરણ કરે તે ભટકે ન કાંહી. દીવો૦ ॥૪॥

શ્રીપાલ મયણા શરણ સ્વીકારી;
નવમે ભવે વરશે શિવનારી. દીવો૦ ॥૫॥

અમ તુમ ઘર મંગલિક હોજો;
સવિ સંઘને ઘર નિત્યાનંદ હોજો. દીવો૦ ॥૬॥

**॥ ઇતિ વિ.સં. ૨૦૩૧, મહા સુદ-૫, માલેગાંવ(મહારાષ્ટ્ર) નગરે
ગણિવર શ્રી નિત્યાનંદવિજયજી વિરચિત
શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

॥ વિશેષ : ગણિવરશ્રીએ વિ.સં. ૨૦૩૨, શ્રાવણ સુદ-૮, અંધેરી (મુંબઈ) નગરે
"શ્રી નવપદજી મહાપૂજા"
(બહોંત્તેર પ્રકારી પૂજા)ની પણ રચના કરી છે ॥

• • •

## ૧૫

### મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી વિરચિત

# શ્રી નવપદ પૂજા

### ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

### ॥ મંગળાચરણ ॥

પાર્શ્વ શંખેશ્વર નમનથી, વરીયે મંગળમાળ;
કલ્પતરુ જે ભારતે, વિઘ્ન હરે તતકાળ ॥૧॥

ધર્મતણાં બીજ રોપવા, મંગલ વાણી વિકાસ;
લબ્ધિસૂરીશ્વર તે નમું, ગુણ ઘણાં છે જાસ ॥૨॥

વાણી વિલાસ દ્યો શારદા, સંયમ રંગ કલ્લોલ;
ધર્મપ્રભાવ તે હિત કરે, કિંમત જસ અણમોલ ॥૩॥

ભવસાગરથી તારવા, યોગ અસંખ્ય પ્રમાણ;
અન્ય યોગ અવિરાધીને, સાધો ઈચ્છિત ઠાણ ॥૪॥

વિશ્વ વિબોધન સુખ કરુ, શ્રી સિદ્ધચક્ર પસાય;
વાંછિત દાને સુરમણિ, આરાધો ચિત્ત લાય ॥૫॥

શ્રી નવકાર છે શાશ્વતો, ચઉદ પૂર્વનો સાર;
યંત્ર તંત્ર શિરોમણિ, શ્રીપાળાદિક ઉદ્ધાર ॥૬॥

નવપદ આરાધન વિના, રઝળ્યો આ સંસાર;
ભવભવ ભમતાં જે મળ્યો, શ્રદ્ધાયુત અવતાર ॥૭॥

મન ચિંત્યું પૂરણ કરે, ધ્યાનથી શીઘ્ર પ્રભાવ;
**શ્રી સિદ્ધચક્ર** સહાયથી, તરશે ભવજળ નાવ ॥૮॥

રચીશું શ્રી નવપદ તણી, નવ પૂજા મનોહાર;
શ્રી ચક્રેશ્વરી સહાયથી, જિતેન્દ્ર મંગળકાર ॥૯॥

॥ દુહા ॥

ઘાતી ચાર ઉચ્છેદીને, બને પ્રભુ અરિહંત;
ઉપકારો મહી પર કરે, સમવસરણ ઝળકંત ॥૧॥

પર્ષદા બારે શોભતી, દેશના દે સુખકાર;
તે કારણ સિદ્ધથી વડા, પ્રથમ પદે હિતકાર ॥૨॥

॥ ઢાળ ॥

॥ રાગ : જિનરાજકું સદા મોરી વંદના ॥

**અરિહંતને સદા મોરી વંદના;** વંદના, વંદના, વંદના રે અરિ૦
વંદના તે પાપ નિકંદના રે, અરિહંતને૦ ॥ આંકણી ॥

સમ્યક્ત્વથી ભવ ગણના જાણો, જેથી ટળે ભવફંદના રે અરિ૦
શાસન રસિયા સર્વ બનાવી, સેવક કરું જિનચંદના રે. અરિ૦ ॥૧॥

તીર્થંકર નામ કર્મ નિકાચે, પદ વીશ કરી આરાધના રે અરિ૦
ભવ અનંતા જીવ દુઃખ પામે, તેહને શિવપુર ઠાવના રે. અરિ૦ ॥૨॥

ભાવ દયા રોમે રોમ પ્રગટી, આપ તરી પર તારના રે. અરિ૦
ભાવરસ ઝરણું વહેતું મૂકતાં, વિશ્વ ઉદ્ધાર પ્રચારના રે. અરિ૦ ॥૩॥

જન્મ થકી પ્રભુ ત્રણ જ્ઞાન યુક્તા, દ્રવ્ય જિણંદ તેહ માનના રે. અરિ૦
કેવળજ્ઞાનથી ભાવ અરિહંતા, ધર્મ ચક્રવર્તી જાણના રે. અરિ૦ ॥૪॥

જિન કલ્યાણકે થાયે અજવાળાં, અતિશય ચોત્રીશ ધારના રે, અરિ૦
પાંત્રીશ ગુણથી શોભતી વાણી, સંઘ ચતુર્વિધ તારના રે. અરિ૦ ॥૫॥

લાખોને તાર્યા સેવક તારો, આપી રસબિંદુ ઉપકારના રે, અરિ૦
ધર્મસુકાની મહાગોપ વંદુ, નિર્યામક ભવ તારના રે. અરિ૦ ॥૬॥

ઠકુરાઈ ત્રણ ભુવનની છાજે, દેવ ક્રોડો કરે સેવના રે, અરિ૦
અબુઝ જનને જ્ઞાન દીપ આપી, મિથ્યા તિમિર મીટાવના રે. અરિ૦ ॥૭॥

પરતંત્રતાની કારમી બેડી, દાસતણી નિવારના રે, અરિ૦
તુજ ઉપકાર અનંત હું સમરું, સ્વામી શરણ છત્ર ધારના રે. અરિ૦ ॥૮॥

ભરત ઐરાવત ક્ષેત્ર માંહી, ચોવીશ જિન ચિત્ત ધારના રે,
લબ્ધિસૂરીશ્વર શિરસા વંદુ, જિતેન્દ્ર જિન ! મને તારના રે. અરિ૦ ॥૯॥

॥ કાવ્યં ॥

અર્હદ્ધર્મ વિચાર સાર કલિતં યંત્રં મહા સૌખ્યદં,
પુંસાં મુક્તિ વિહાર દત્ત મનસાં પ્રત્યક્ષ ચિન્તામણિ;
ધ્યાનાદ્ યસ્ય ભવેન્નિરન્તર સુખં સિદ્ધં મનોવાંછિતં,
વન્દે તં મનસા શિવં શિવકરં શ્રી સિદ્ધચક્રં સદા ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય
શ્રીમતે જિનેન્દ્રાય પ્રથમ શ્રી અરિહંતપદ સંશોભિત શ્રી સિદ્ધચક્રાય ચ
જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

॥ દુહા ॥

કર્મ આઠ ઉચ્છેદી જે, સ્થિર થયા ગુણધામ;
ગુણ સ્વભાવ તરંગમાં, શાશ્વત લે વિશ્રામ ॥૧॥

અનંત આનંદ અનુભવે, દુઃખ નહીં જ્યાં લવલેશ;
સાદિ અનંત સ્થિતિ કહી, જ્યોતિ રૂપ અશેષ ॥૨॥

## ॥ ઢાળ ॥

॥ રાગ : નાણ નમો પદ સાતમે ॥

**સુખ અનંતું સિદ્ધમાં,** ન જાસ અંશ સંસાર, **મેરે લાલ,**
ચક્રી દેવેન્દ્રનાં સુખ થકી, અનંત ગુણું સુખ સાર, મેરે૦ સુખ૦ ॥૧॥

લોભ ને મોહના પૂર શમ્યા, કર્મ સકળ વિનાશ, મેરે૦
વિભાવ દશાના અભાવથી, સ્વભાવ સુખ વિલાસ, મેરે૦ સુખ૦ ॥૨॥

આહાર કરાવે જીવને, ઉપાધિ વ્યાધિ અપાર, મેરે૦
અણાહારી પદમાં તે નહીં, અનંત ગુણ આગાર, મેરે૦ સુખ૦ ॥૩॥

ક્ષાયિક સમકિતના ધણી, અડ ગુણ જાસ ઉદાર, મેરે૦
એક અવગાહને જ્યાં રહે, સિદ્ધ અનંત સુખકાર, મેરે૦ સુખ૦ ॥૪॥

અજર અમર અવિનાશી જે, આવે ન ફરી સંસાર, મેરે૦
સિધ્યા અનંતા સિદ્ધશે, ગુણ અનંત ભંડાર, મેરે૦ સુખ૦ ॥૫॥

લોકાલોકને દેખતા, એક સમય ત્રણ કાળ, મેરે૦
સાત રાજને છેડલે, લોકાંતે જેહ દયાળ, મેરે૦ સુખ૦ ॥૬॥

સિદ્ધ થવાના કારણે, કરે અરિહંત સુપ્રયાસ, મેરે૦
ક્રોડો વળી સાથે ગયા, સહેલ કરે સુખાવાસ, મેરે૦ સુખ૦ ॥૭॥

નિજ ગુણ ભોગી આતમા, સકળ ગુણ વિશ્રામ, મેરે૦
વિષય સુખ સ્પર્શે નહીં, અતિ નિર્મળ ગુણ ધામ, મેરે૦ સુખ૦ ॥૮॥

લબ્ધિસૂરીશ પસાયથી, માગું ભવનો અંત, મેરે૦
જિતેન્દ્ર કેરી એ ભાવના, સિદ્ધ ધ્યાને વિલસંત, મેરે૦ સુખ૦ ॥૯॥

**(કાવ્ય પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ મંત્ર ॥

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય દ્વિતીય શ્રી સિદ્ધપદ સંશોભિત શ્રી સિદ્ધચક્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥**

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

### ॥ દુહા ॥

તીર્થંકર સમ જે કહ્યા, શ્રી જિન શાસન ધુર;
પૃથ્વીતલ પાવન કરે, ભીમકાંત ગુણ પૂર ॥૧॥

પંચાચાર ઉપયોગથી, પાળે પળાવે જેહ;
ગચ્છ ધોરી આચાર્ય તે, વળી નમું બ્રહ્મ સનેહ ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : સંવત એક અઠલંતરે રે. ॥

ત્રીજે પદે ભાવાચાર્યને રે, નમીએ ભાવ ઉદાર,
ઉદ્ધરશે એમ આતમા રે, તરવા જહાજ સંસાર,
**હો જિનજી સિદ્ધચક મન ધારતાં રે,** કર્મ કટકને વારતાં રે,
આપતાં સુખ અપાર ॥ આંકણી ॥૧॥

સૂરિમંત્રને ધ્યાવતાં રે, અપ્રમત્ત ઉદાર;
દેશના દે શુદ્ધ ધર્મની રે, સારણ વારણ સાર. હો જિનજી સિદ્ધ૦ ॥૨॥

આગમ તત્ત્વને શોધતાં રે, પ્રભાવક ગુણધામ;
સાવધાનપણે સાધતાં રે, વિચરે તે નિષ્કામ. હો જિનજી સિદ્ધ૦ ॥૩॥

શાસન ધોરી સાહિબા રે, પાળે મારગ શુદ્ધ;
છત્રીશ ગુણે અલંકર્યા રે, ભવિ વિબોધન બુદ્ધ. હો જિનજી સિદ્ધ૦ ॥૪॥

ગચ્છસ્થંભ વિકથા તજે રે, કરુણા રસની ખાણ;
સમપણે તે નિહાળતાં રે, નિત્ય કલ્યાણનું ધ્યાન. હો જિનજી સિદ્ધ૦ ॥૫॥

પદ ત્રીજું આરાધતાં રે, કરું હું અલ્પ સંસાર;
રત્નત્રયી શુદ્ધ આપજો રે, શુદ્ધિ ત્રિકરણ કાર. હો જિનજી સિદ્ધ૦ ॥૬॥

દુઃખ કાદવથી ઉગારતાં રે, આલંબન આધાર;
ભવિ કમળ હિત સૂર્ય જે રે, લહે ષટ દર્શન પાર. હો જિનજી સિદ્ધ૦ ॥૭॥

જ્ઞાન આરાધન ધ્યાનથી રે, સાધે જે આતમ કાજ;
ઓજસ જેહનું દીપતું રે, યુગપ્રધાનનું રાજ હો. જિનજી સિદ્ધ૦ ॥૮॥

લબ્ધિસૂરીશ્વર તે પદે રે, કરતાં ભવિ ઉપકાર;
વિજય જિતેન્દ્ર તે લહે રે, નવપદ ધ્યાને સાર. હો જિનજી સિદ્ધ૦ ॥૯॥

**(કાવ્ય પ્રથમ પૂજા પ્રમાણે)**

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય તૃતીય શ્રી આચાર્યપદ સંશોભિત શ્રી સિદ્ધચક્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

**॥ દુહા ॥**

યુવરાજ જેમ રાયને, તેમ સૂરિને ઉવજ્ઝાય;
પદ ચોથું ઉપકારીનું, રક્ત હંમેશ સજ્ઝાય ॥૧॥

ચિંતન ગચ્છનું જે કરે, સમતા દિલ ધરી નેહ;
આપે વાચના સૂત્રથી, અર્થ થકી સૂરિ જેહ ॥૨॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : પ્રભુ નિરમળ દરશન કીજીએ ॥

**ગુણી વાચક પદ ચિત્ત દીજીએ;** દીજીએ દીજીએ દીજીએ રે, ગુણી૦
ભવિ ભવનો લાહો લીજીએ ગુણી૦ ॥ આંકણી ॥

દ્વાદશ અંગને ધારે ધરાવે, સરળ અમાયી ગુણ પૂજીએ;
ચઉગતિ ચૂરણ એ પદ ભક્તિ, પ્રેમ અધિકે કરીજીયે. ગુણી૦ ॥૧॥

નિશ્ચય વ્યવહાર જ્ઞાન કરાવે, તસ ધ્યાને નિત્ય રીઝીયે,
જ્ઞાન ક્રિયા શુદ્ધ અનુભવે જોડે, પ્રભુ મારગ સ્થિર લીજીયે. ગુણી૦ ॥૨॥

વિકથા ચારને અહનિશ ટાળે, જ્ઞાન ગગન વિચરીજીયે;
વિભાવ દશાથી પર જે રહેતાં, સૂરિ સેવા રમીજીયે. ગુણી૦ ॥૩॥

દશા અધ્યાતમ જાગ્રત જેની, અપ્રમત્ત ઠરીજીયે;
ભવોદધિ તારણ પોત સમા જે, દુઃખડાં ભવનાં હરીજીયે. ગુણી૦ ॥૪॥

સારણ વારણ ગચ્છને કરતાં, ભાર સૂરિનો ધરીજીયે;
રત્નત્રયીમાં જે નિત રમતાં, ભવિજનને ઉદ્ધરીજીયે. ગુણી૦ ॥૫॥

અંગ અપાંગના પાઠો કરતા, સુસ્વાધ્યાયે રમીજીયે;
વાચક પદ ભવિ કરવા કાજે, અંતરંગ રંગ ધરીજીયે. ગુણી૦ ॥૬॥

ગ્રહણ આસેવન શિક્ષા દેતાં, સમતા રસને ભરીજીયે;
અયોગ્ય શિષ્યને યોગ્ય બનાવે, ઉપમા રવિ શશિ દીજીયે. ગુણી૦ ॥૭॥

બહુશ્રુત તારક ! અમને તારો, ગુણ પચવીશ વરીજીયે;
શાંત સુધારસ કુંડ ઝીલાવો, શ્રુત અનેકાંત ચરીજીયે. ગુણી૦ ॥૮॥

લબ્ધિસૂરીશ્વર તેજ પ્રતાપે, સુખ ગચ્છે વિતરીજીયે;
પાઠક ઈંદ્રિય દમન પ્રભાવે, જિતેન્દ્ર પદ સરીજીયે ગુણી૦ ॥૯॥

**(કાવ્ય પ્રથમ પૂજા પ્રમાણે)**

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ સંશોભિત શ્રી સિદ્ધચક્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

**॥ દુહા ॥**

મંગળ કારણ વિશ્વમાં, પરમ પુનિત જસ કાય;
શમ દમ ગુણ આગર નમું, પંચમ પદ મુનિરાય ॥૧॥

ધર્મ સુધા જસ મુખ ઝરે, મધુર વાણી ગુણકંત;
દર્શન જસ પાવન કરે, ચરણ કરણ ભગવંત ॥૨॥

સત્તાવીશ ગુણે શોભતા, કરુણા મૂર્ત સ્વરૂપ;
આત્મરમણતા જે લહે, સ્વભાવ ગુણ ચિદ્રૂપ ॥૩॥

શ્વેત ગુણ અરિહંતનો, શ્રી સિદ્ધ રક્ત કહાય;
પીત વર્ણ આચાર્યનો, નીલવર્ણી ઉવજ્ઝાય ॥૪॥

કર્માષ્ટક ઉચ્છેદવા, તપ તપે બાર સદાય;
કાયા શોષવે આપણી, શ્યામ તેથી મુનિરાય ॥૫॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : જિણંદા પ્યારા, મુણીંદા પ્યારા ॥

મુણીંદા પ્યારા નિજાનંદ કારા,
શ્રુતધારી ભગવાન **પૂજો રે મુણીંદા પ્યારા** ॥ આંકણી ॥

સિદ્ધચક્રના પાંચમા પદમાં (૨) શોભતા ગુણી મુનિરાજ પૂજો૦
જંગમ તીરથ મુનિ ઉપકારી (૨) સાધતાં આતમ કાજ. પૂજો૦ ॥૧॥

પંચ મહાવ્રત શુદ્ધ જે પાળે (૨) ટાળે વળી અતિચાર પૂજો૦
સત્તર પ્રકારે સંયમ સાધે (૨) નાશે દોષ વિકાર. પૂજો૦ ॥૨॥

જ્ઞાની ધ્યાની શુદ્ધ અનુષ્ઠાની (૨) તપે તપસ્યા અપાર. પૂજો૦
ત્રિકરણ યોગે સદા ઉજમાળા (૨) કરતાં ભવિ ઉપકાર પૂજો૦ ॥૩॥

તપ વૈયાવચ્ચે જે નિત્ય રક્તા (૨) નિર્જરા શુદ્ધ વ્યાપાર પૂજો૦
દેશ વિદેશે યાત્રા કરતા (૨) મીલાવે હૃદયનાં તાર પૂજો૦ ॥૪॥

એ મુનિ પદ જે અમ ઉપકારી (૨) તારે નાવ સંસાર પૂજો૦
જિનશાસન મુનિથી જયવંતું (૨) જિન આણા શિર ધાર. પૂજો૦ ॥૫॥

આદર્શ તેહના શુદ્ધ આચાર (૨) જિન શ્રુતના ધરનાર પૂજો૦
મોહની માત્રા ઉપશમી જેની (૨) અકિંચન અણગાર. પૂજો૦ ॥૬॥

ધન ધન એ શુદ્ધ ત્યાગને પાળે (૨) તપ ધનથી ઉજમાળ પૂજો૦
દર્શન પામી મંગળ સાધું (૨) માગું શિવ વરમાળ. પૂજો૦ ॥૭॥

સફળ કરું હું નર ભવ મ્હારો (૨) વંદી છટ્ઠે ગુણઠાણ. પૂજો૦
તત્ત્વત્રયીની જાણ કરાવે (૨) બૂઝવે દુર્મતિ પ્હાણ પૂજો૦ ॥૮॥

લબ્ધિસૂરીશ્વર શાસનસ્થંભા (૨) કરુણા રસ આકાર. પૂજો૦
જિતેન્દ્રવિજય તે મુનિ પદ સેવી (૨) શાસન ઉજ્વળકાર
પૂજો રે મુણીંદા પ્યારા ॥૯॥

**(કાવ્ય પ્રથમ પૂજા પ્રમાણે)**

**॥ મંત્ર ॥**

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રી સાધુપદ સંશોભિત શ્રી સિદ્ધચક્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥**

## ॥ ષષ્ઠ શ્રીસમ્યગ્દર્શનપદ પૂજા ॥

**॥ દુહા ॥**

સમકિત દર્શનથી લહો, ચઉગતિ ભ્રમણનો અંત;
તેહ પ્રતાપે જાણીએ, જ્ઞાન ચરણ ફળવંત ॥૧॥

સમકિત વિણ સંસારમાં, કાય કષ્ટ તપ જાણ;
જ્ઞાન પણ બોજો કહ્યો, ચરણ ક્લેશ સમાન ॥૨॥

દર્શન વિણ ક્રિયા કહી, બિંદુ જેમ વિણ અંક;
તે માટે સમકિત વડું, એમ ભાખે ભગવંત ॥૩॥

અજ્ઞાની કહ્યો શાસ્ત્રમાં, પૂર્વી જો દર્શનહીન;
અડ પવયણ સમકિતી લહે, શુદ્ધ જ્ઞાન તે લીન ॥૪॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : લાલા તોરે દરશનકી બલિહારી ॥

આતમ આનંદ અદ્ભુત આપે, દર્શનની બલિહારી;
**નાથ ! તુમ દર્શનની બલિહારી** ॥ આંકણી ॥

ઉજ્જ્વલ પાક્ષિક તે ભવિ જાણો, જો ચાહે મોક્ષ વિચારી;
પુદ્ગલ એક પરાવર્તે સીઝે, અન્ય લિંગે જો વિહારી. નાથ૦ ॥૧॥

ષટ્ માસે જીવ નિશ્ચે સીઝે, નિગોદથી વ્યવહારી;
કાળ અનંતો ચેતન રઝળે, ન બન્યો દર્શનધારી. નાથ૦ ॥૨॥

વિવેક વિના સ્વરૂપ ન જાણ્યું, ન ગઈ મિથ્યા બિમારી;
ભવજળ તરવા કદી નહીં પામ્યો, મનુ ગતિ દુર્લભ સારી. નાથ૦ ॥૩॥

ગ્રંથિભેદ જે આતમ કરતા, કરણ કરી બહુ ભારી;
સંસારસાગરે દુઃખ બહુ જાણે, મોક્ષ મારગે રુચિ ધારી. નાથ૦ ॥૪॥

જિન દર્શન એક સાચું માને, સડસઠ ગુણ અલંકારી;
દુઃષમ કાલે પ્રતિમા જિનની, સમકિતની દાતારી. નાથ૦ ॥૫॥

અભેદ રંગી નિઃસંગતા સાધે, જડ માને મિથ્યાકારી;
અંતર જાગતું જે નિત્ય રાખે, રહે સાવધાનતા કારી. નાથ૦ ॥૬॥

ચઉગતિ ચૂરણ સમકિત સાધું, તીરથ યાત્રા જુહારી;
તેહ વિના પ્રભુ હું બહુ રઝળ્યો, ટાળે જે કષાય ખુમારી. નાથ૦ ॥૭॥

અમ બોધિ પ્રભુ નિર્મળ કરજો, માનું સફળ અવતારી;
શુદ્ધ દેવ ગુરુ ધર્મની શ્રદ્ધા, અમૂલ્ય દ્યો મનોહારી. નાથ૦ ॥૮॥

લબ્ધિસૂરીશ્વર સમકિત બળથી, આગમ શુદ્ધ જે ધારી;
જિતેન્દ્રવિજયને તે દેજો, આનંદ નિઃસંગકારી. નાથ૦ ॥૯॥

**(કાવ્યં પ્રથમ પૂજા પ્રમાણે)**

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી દર્શનપદ સંશોભિત શ્રી સિદ્ધચક્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

### ॥ દુહા ॥

ભેદ છે સમ્યગ્ જ્ઞાનના, પાંચ એકાવન જાણ;
પ્રથમ જ્ઞાન પછી દયા, દશવૈકાલિક વાણ ॥૧॥

ક્રોડો વર્ષે જ્ઞાનહીન, ન ટાળી શકે જેહ;
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કર્મ ખપાવે તેહ ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : અખિયનમેં અવિકારા ॥

નયન વિવેક ઉઘાડ્યા, **જિણંદા મ્હારા,** નયન વિવેક ઉઘાડ્યા ॥ આંકણી ॥
નિગોદ ઈગ વિગલમાં જાણું; ગુણઠાણે મિથ્યા ઠાયા,
જ્ઞાન દશા વળી ત્યાં નહીં આવે, દુઃખમાં કાળ ગમાયા. જિણંદા૦ ॥૧॥

જ્ઞાનાવરણી મ્હેં બહુ બાંધ્યાં, આંખ છતે અંધકારા;
આતમ તેજ બહુ અવરાયું, દુઃખ સહ્યાં ભયકારા. જિણંદા૦ ॥૨॥

આવરણ જ્ઞાનનું પાટા સરિખું, ક્ષયોપશમ હું ધારું;
અજ્ઞાન મિથ્યા માર્ગે રાખે, દુઃખ ચકડોળ વધારું. જિણંદ૦ ॥૩॥

ક્રિયા દેશ આરાધક ભાખી, સર્વ આરાધક જ્ઞાન;
ક્રિયા જ્ઞાન વિનાની જાણો, લૂણ વિનાનું ધાન. જિણંદા૦ ॥૪॥

કાદવ કીડા ત્યાં સુખ માને, અજ્ઞાની તેમ રસિયા;
પણ જ્ઞાની તો જ્ઞાન આનંદે, માને રાજહંસ વસિયા. જિણંદા૦ ॥૫॥

ક્ષીર નીરને હંસ વિવેકે, તેમ જ્ઞાની પુણ્યને પાપ;
સમકિતને પણ શુદ્ધ જે રાખે, સમજાવે આપો આપ. જિણંદા૦ ॥૬॥

દુઃષમકાલે પ્રતિમા જિનાગમ, અપ્રતિમ ઉપકારા;
જ્ઞાન દશા વળી જાગતી જેની, ચરણ ક્રિયા તેના સારા. જિણંદા૦ ॥૭॥

મહત્વ જ્ઞાનનું વિશ્વે જોજો, કેવળી જ્યોત પ્રકારા;
શરણું લહીએ એ જ્ઞાનીનું, હરે જે દોષ વિકારા. જિણંદા૦ ॥૮॥

લબ્ધિસૂરીશ્વર જ્ઞાન પગથિયે, ચડી ગુણઠાણા સારા;
અક્ષય આનંદ લહે જિતેન્દ્ર, ઝળહળ જ્યોતિની ધારા. જિણંદા૦ ॥૯॥

**(કાવ્ય પ્રથમ પૂજા પ્રમાણે)**

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રી જ્ઞાનપદ સંશોભિત શ્રી સિદ્ધચક્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

**॥ દુહા ॥**

ચારિત્ર પદ જે આઠમું, પાળે તે ગુણવંત;
ચઢતે રંગે દીપતા, સંયમશ્રેણિ લહંત ॥૧॥

અંધ અપંગ ઈષ્ટ ઠામ લે, જ્ઞાન ક્રિયા તેમ જાણ;
જ્ઞાનનું ફળ વ્રત કહ્યું, શ્રી જિનવચન સુજાણ ॥૨॥

ચારિત્ર વિણ કલ્યાણ નહીં, ચારિત્ર પરમ આધાર;
તે ચારિત્ર ગુણ નિત નમું, ચારિત્ર તારણહાર ॥૩॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : સાંભળજો મુનિ સંયમ રાગે ॥

**ભાવ થકી મુનિ સંયમ સાધે,** શ્રેષ્ઠ શાંત રસ ઝીલે રે ॥ આંકણી ॥

પૂર્વ ભવોનું કર્મનું દેવું, નજરે નિરખે ભારી રે;
ભવ અનંતે અવસર મળીયો, મળે નહીં ફરી વારી રે. ભાવ૦ ॥૧॥

અકામ નિર્જરા કરતો આવ્યો, સકામતા નવિ ભાવી રે;
પરવશ દુઃખો ચેતન સહતો, સ્વવશતા હવે આવી રે. ભાવ૦ ॥૨॥

પરમ સંવેગ વૈરાગે ભરિયો, મોટો દરિયો તરવો રે;
ધર્મ સુકાની જિનવર મળીયા, શમ તરંગ મન ધરવો રે. ભાવ૦ ॥૩॥

અરિહા સંયમ લેવે તબ, મનઃપર્યવ જ્ઞાન ભાળે રે;
ચક્રવર્તી પણ છ ખંડ ત્યાગી, ચારિત્ર રંગે મ્હાલે રે. ભાવ૦ ॥૪॥

અલ્પાગમ જો ઉગ્ર વિહારી, કાયક્લેશ તસ જાણો રે;
ગીતારથ બહુશ્રુતનું શરણું, ક્રિયા જ્ઞાનથી માનો રે. ભાવ૦ ॥૫॥

ચારિત્રધર નિત નવનવું ભણતાં, જ્ઞાન ગુણે કરી વિલસે રે;
જ્ઞાન ક્રિયાથી ચારિત્ર ઉજળું, અધ્યવસાયે રહે ઊંચે રે. ભાવ૦ ॥૬॥

સત્તર ભેદ ને સિત્તેર જાણે, અડ પ્રવચન તે પાળી રે;
ક્ષાંત્યાદિક યતિ ધર્મ ઉજાળી, ભાવના ભાવું નિરાળી રે. ભાવ૦ ॥૭॥

પરિષહ સહી આહાર શુદ્ધિથી, સ્વગુણ આસ્વાદ પામી રે;
ચારિત્ર સાથે તપ ગુણ ઓપું, મળે સુવર્ણ સુગંધી રે. ભાવ૦ ॥૮॥

લબ્ધિસૂરીશ્વર ચારિત્ર શુદ્ધે, સકળ ગુણ ગણને પાવે રે,
જીવન જિતેન્દ્રનું એવું કરજો, ચારિત્ર ધર્મ દીપાવે રે. ભાવ૦ ॥૯॥

**(કાવ્ય પ્રથમ પૂજા પ્રમાણે)**

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીँ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી ચારિત્રપદ સંશોભિત શ્રી સિદ્ધચક્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

**॥ દુહા ॥**

ઋષભ જિનેશ્વર શાસને, વર્ષ એક તપ જાણ;
મહાવીરના તો શાસને, ષટ્ તે માસ પ્રમાણ ॥૧॥

બાહ્ય અભ્યંતર તપ તણા, બાર પ્રકાર ગણાય;
તપ કરી સાધો નિર્જરા, અહોનિશ મંગળ થાય ॥૨॥

વર્દ્ધમાન આદે વળી, વીશ સ્થાનક તપ જાણ;
અનેકવિધ તપ ભેદમાં, નવપદ આંબેલ ખાણ ॥૩॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : તપસ્યા કરતાં કરતાં હો કે ડંકા જોર બજાયા હો ॥

**તપસ્વી રમતાં રમતાં હો**, કે પૂર્વના પાપ ખપાતા હો;
પાપ ખપાતા, પાપ ખપાતા, પાપ ખપાતા હો. તપસ્વી. ॥ આંકણી ॥

સાડા બાર વર્ષ શ્રી વીર જિનજી, તપમાં ક્ષાન્તિ સુહાયા હો;
ગૌતમસ્વામી છટ્ઠ તપ અહનિશ, તપથી ધન્ના વખણાયા. તપસ્વી૦ ॥૧॥

નિર્વાણ સમે પણ પ્રભુ તપ કરતાં, ત્રિભુવને તપ જયકારા હો;
કષાય તપાવી કાયા ગાળી; દેહ થકી મોહ ઉતારા. તપસ્વી૦ ॥૨॥

મન વચ કાયની શુદ્ધિ થાવે, સુવર્ણ સમ તપથી તાપે હો;
વિમળ સ્વભાવ જે ચેતન પ્રગટે, કર્મ જાળને કાપે. તપસ્વી૦ ॥૩॥

કર્મની ભઠ્ઠીએ સહુ દુઃખ પાવે, ચઉગતિ ચોક પુરાયા હો;
તે નહિ ચિદ્‌ઘન સિદ્ધ સ્વરૂપે, કર્મના બીજ દહાયા. તપસ્વી૦ ॥૪॥

ધન્ય મુનિવર જે તપ સેવે, નમીએ તસ પદ સારા હો;
વિશ્વમાં મંગળ એ તપ જાણો, સંઘમાં પાવનકારા. તપસ્વી૦ ॥૫॥

સુર સાન્નિધ્ય કરે તપધરને, અઠ્ઠમ આદિ સુખકારા હો;
એ તપ કેળવી મુક્તિ સાધો, અનુપમ ગુણની ધારા. તપસ્વી૦ ॥૬॥

વિષય વિરાગે ઈન્દ્રિય દમતાં, મન મહોત્સવ અવગાહે હો;
આહાર ચટાકે જે જન રસિયા, અણસણ તપ નહિ ચાહે. તપસ્વી૦ ॥૭॥

કાળ અનંતના કર્મને જળવા, તપ અગ્નિ વર જ્વાળા હો;
તે તપ ઘોર કુકર્મને બાળે, જે શાંત ક્ષમા ગુણવાળા. તપસ્વી૦ ॥૮॥

લબ્ધિસૂરીશ્વર તપ ગુણ ઉત્તમ, ક્ષમા સહિત તે શોભે હો;
ધીર ગંભીર જિતેન્દ્રવિજય તે, શાશ્વત સુખમાં લોભે. તપસ્વી૦ ॥૯॥

॥ કળશ ॥

ગાયો ગાયો રે **શ્રી સિદ્ધચક્ર ગુણ ગાયો,**
નવપદ મહાતમ વિશ્વે વ્યાપે, જિનશાસન સુખદાયો;
દેવ ગુરુ ને ધર્મ આરાધી, મંગળ છાંય છવાયો રે. શ્રી૦ ॥૧॥

છ અઠ્ઠાઈમાં શાશ્વત જાણો, ભાવ આરાધન ઠાયો;
આસો ચૈત્રી આંબિલ કરતાં, અવિકાર ગુણને પાયો રે. શ્રી૦ ॥૨॥

તપગચ્છમાંહી થયા પ્રતાપી, વિજયાનંદસૂરિરાયો;
પાટે તસ શ્રી કમળસૂરીશ્વર, તેજ પ્રતાપ અમાયો રે. શ્રી૦ ॥૩॥

લબ્ધિસૂરીશ્વર પ્રૌઢપ્રતાપી, કવિકુલકિરીટ કહાયો;
ઉદ્ધાર જેણે કીધો અમારો, ભવદવથી ઉગરાયો રે. શ્રી૦ ॥૪॥

વિમળ વિવેકી જાસ પ્રભાવે, જ્ઞાન દીપક પ્રગટાયો;
શ્રુતનિધિનો દીધો પટારો; સંયમ સુખ વિલસાયો રે. શ્રી૦ ॥૫॥

ગુણ યશ જેનો દિગ દિગ વ્યાપે, ધન ધન તે સૂરિરાયો;
તાસ પંન્યાસ પ્રવીણવિજય ગણિ, મહિમાવિજય સુખદાયો રે. શ્રી૦ ॥૬॥

સુરત નિકટ રાંદેરે કીધું, ચોમાસું હિતદાયો;
આસો માસની ઓળી પ્રસંગે, નવપદ મન ઉલસાયો રે. શ્રી૦ ॥૭॥

રાંદેરે શ્રી ઋષભ જિનેશ્વર, મંદિર પૂજા ભણાયો;
ભક્તવત્સલ છે જેહનું શાસન, સ્મરણ શત્રુંજય લાયો રે. શ્રી૦ ॥૮॥

સંવત બે હજાર ને એકે, આશ્વિન પંચમી ઠાયો;
મંગળ યોગે પૂરણ પૂજા, ઘર ઘર મંગળ પાયો રે. શ્રી૦ ॥૯॥

શ્રી સંઘના ધર્મ ઉમંગે, આચારાંગ સૂત્ર વંચાયો;
વળી ખીમચંદ ઉત્તમચંદ સેવા, ઉલ્લાસે વિરચાયો રે. શ્રી૦ ॥૧૦॥

સંઘવી જીવનચંદ નવલચંદે, ઓળી સુરત ઉજવાયો,
તાસ સ્મરણ એ પૂજા બનાવી, ભક્તિથી આકર્ષાયો રે. શ્રી૦ ॥૧૧॥

દેવ દેવી જસ સેવા કરતાં, સિદ્ધચક્ર ઉર આયો;
કરણ કરાવણ ને અનુમોદન, નરભવ સફળ કરાયો રે. શ્રી૦ ॥૧૨॥

ગુણ ગાતાં ને વળી હરખાતાં, પાવન મન વચ કાયો;
તપ કરતાં ને વળી નિર્જરતાં, જિતેન્દ્રવિજય શ્રુત ગાયો રે.
શ્રી સિદ્ધચક્ર ગુણ ગાયો ॥૧૩॥

**(કાવ્ય પ્રથમ પૂજા પ્રમાણે)**

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રી તપપદ સંશોભિત શ્રી સિદ્ધચક્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

**॥ ઇતિ વિ.સં. ૨૦૦૧, આસો સુદ-૫, રાંદેર (સુરત) ગામે**
**મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ વિરચિત**
**શ્રી સિદ્ધચક્ર મહાત્મ્ય સ્વરૂપ શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

• • •



## ૧૬

સુશ્રાવક મનસુખલાલ હરિલાલ વિરચિત

# શ્રી નવપદ પૂજા

### ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

### ॥ દુહા ॥

॥ માલિની વૃત્તમ્ ॥

જિન નમી અરિહંતા, દેવના દેવ સંતા,
કુમત તિમિર નાશે, કર્મ ભેદે અનંતા;
પણતીસ ગુણ વાણી, દેશના હેતકારી,
ભવિ સમકિત પાવે, બોધ શુદ્ધાત્મ ધારી ॥૧॥

ત્રિજગત હિતકારી, મોહ મિથ્યાત હારી,
અખલિત વર નાણં, કેવલં દર્શ ધારી;
ચરણ વીરજ પૂરે, આતમાણંદકારી,
દુવિધ ધરમ દાખે, મોક્ષ માર્ગાધિકારી ॥૨॥

અતિશય ચઉતીસે, પ્રાતિહાર્યાદિ શોભા,
પરખદ મલી બારે, સેવતા થિર શોભા;
સવિ સુરનર સેવે, આત્મતા આત્મ પાવે,
પર મમત નશાવે, શુદ્ધતા આપ ભાવે ॥૩॥

દુરિત દૂર નશાવે, શુદ્ધ સ્યાદ્વાદ ભાવે,
ત્રિકરણ થિર સેવા, ધ્યાનમાં જેહ ધ્યાવે;
થિર શુક્લ સુધ્યાને, ઘાતિ ચારે ખપાવે,
મનસુખ જિન સેવી, શાશ્વતાનંદ પાવે ॥૪॥

॥ પૂજા - ઢાળ ॥

॥ નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર - એ રાહ ॥

જિન અરિહા કેવલી પદ પૂજો, પર સમાધિ ભોગી રે.

સમ્યક્જ્ઞાન તીન યુત જન્મ્યા, માંય[1] મિથ્યાત નિરોગી રે;
**સમરસ અમૃત નયણ કચોલાં** ॥ એ આંકણી ॥૧॥

સુરનર ઈંદ્ર સેવે જસ અહનિશ, શાસનનાયક પ્યારો રે;
ચોત્રીશ અતિશયવંત જિનેશ્વર, કરે સંસાર ઉદ્ધારો રે. સમરસ૦ ॥૨॥

અડ પ્રાતિહારજ બારગુણે ગુણી, પાંત્રીશ ગુણયુત વાણી રે;
સ્યાદ્વાદ અમૃતઘન ધારા, વરસાવે સુખ ખાણી રે. સમરસ૦ ॥૩॥

જસ વાણી જાણી ભવિ પ્રાણી, ભાવ અનાતમ ત્યાગે રે;
નિરમલ નિજ આતમપદ પાવે, સહજાનંદે જાગે રે. સમરસ૦ ॥૪॥

પરમ વૈદ્ય આધાર ગોપ છો, નિર્યામક સત્થવાહો રે;
જંગમ સુરતરુ સમ ભવિજનને, ફલ દે અગમ અગાહો રે. સમરસ૦ ॥૫॥

પરમપ્રમોદી પરમદયાલુ, મહામાહણ ઉપયોગી રે;
પરમપ્રમોદના દાયક ભવિને, વેદરહિત શિવભોગી રે. સમરસ૦ ॥૬॥

કુવાદી મદ માનને મર્દે, પરમ શાંતિ રસ માતા રે;
સારક વારક તારક સ્વામી, જગબંધવ જગત્રાતા રે. સમરસ૦ ॥૭॥

લોકાલોકના રૂપી અરૂપી, પૂરણ ભાવ પ્રકાશી રે;
સહજ સ્વભાવે થિર કરી જનને, કરત અચલ અવિનાશી રે. સમરસ૦ ॥૮॥

ઉપશમ અમૃત સાગર ભરિયા, વિગત-રાગાદિ દોષો રે;
ચઉ ઘનઘાતી ઘાત કરીને, ચાર અનંતે પોષો રે. સમરસ૦ ॥૯॥

૧. માયા.

કર્મ ગહન સહુ મર્મને છેદી, નિજ શુદ્ધ સંપત્તિ વેદી રે;
એક અભેદી અછેદી અખેદી, અબોધ મહાતમ ભેદી રે. સમરસ૦ ॥૧૦॥

આત્મ અજ્ઞાન વશે જગજંતુ, પરપરિણતિમાં ફસિયા રે;
આત્મ શુદ્ધતા તસ દરશાવી, ભવ્ય કર્યા શિવ રસિયા રે. સમરસ૦ ॥૧૧॥

સકલ જીવને શાસન રસિયા, કરવા પરમ ઉમેદે રે;
નામકર્મ તીર્થંકરનું કરી, દેશના દેતા અખેદે રે. સમરસ૦ ॥૧૨॥

પરમ અભયપદ દાયક ભવિને, શિવ મગ શૂરા પૂરા રે;
મિથ્યાત અબોધ કષાય નશાવે, ભવિ હોય સહજ સનૂરા રે. સમરસ૦ ॥૧૩॥

પરમ નિવૃત્તિ અર્થે પ્રભુને, સેવે જે નરનારી રે;
કાલ અનંત સંચિત અઘ નાશે, શાંતિ લહે જયકારી રે. સમરસ૦ ॥૧૪॥

છતી પર્યાય અનંતની વ્યક્તિ, જેહને સહજ સ્વતંતી રે;
શુધ મન વચ કાયે થિર સેવે, તે લહે સિદ્ધિ અનંતી રે. સમરસ૦ ॥૧૫॥

શુદ્ધ દ્રવ્ય ગુણ પજ્જવ જિનના, લહી નિજ આતમ ધ્યાવે રે;
ઘનઘાતીનો ઘાત કરીને, મનસુખ જિનપદ પાવે રે. સમરસ૦ ॥૧૬॥

॥ **કાવ્યં** ॥ ઈંદ્રવજ્રા વૃત્તમ્ ॥

ધ્યાતાં સદા શુદ્ધ દ્રવ્યાદિ ધ્યાને, શુદ્ધાત્મજ્ઞાને રહી એક તાને;
ચારે અનંતાં ભવિ પૂર્ણ પાવે, સેવો જિનોને ભવભીતિ નાવે ॥૧॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

॥ **દુહા** ॥ માલિની વૃત્તમ્ ॥

બહુ વિનયથી વંદુ, સિદ્ધને સિદ્ધિ દાતા,
સુખ અમિત અનંતે, શાંતિમાં છેક રાતા;
શિવ અવ્યય[૧] અયોગી, લબ્ધિ[૨] પંચે પ્રકાશી,
ગઈ સકલ ઉપાધિ, જે અનંગી અનાશી ॥૧॥

---

૧. અવ્યય = ભોગવતા ખૂટે નહીં તેવું. ૨. દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય લબ્ધિ.

પરમ શંરમ[1] સિદ્ધિ, જ્ઞાન આણંદ લીના,
વિમલ પરમ ભોગે, શાશ્વતા સુખ પીના;
પૂરણ પદ પ્રજાયા, અષ્ટ ગુણાત્મ રાયા,
નિજ સહજ સ્વતંતા, મુક્તિ ધામે સુહાયા ॥૨॥

અખય અચલ દેવા, લોક અંતે વિરાજે,
અખિલ ધરમ વ્યક્તિ, દીપતા રાજ છાજે;
કરમ ભરમ નાશે, સિદ્ધને જેહ ધ્યાવે,
સવિ દુરિત ખપાવે, શુદ્ધ આનંદ પાવે ॥૩॥

સહજ થિર સમાધિ, શુદ્ધ જ્યોતિ પ્રકાશે,
અડ કરમ ક્ષયેથી, પૂર્ણતા પૂર્ણ ભાસે;
ધરમ શુક્લ ધ્યાને, ધ્યાવતો ધ્યેય ધારી,
મનસુખ સુખ પામે, સિદ્ધતા શાંતિકારી ॥૪॥

**॥ પૂજા - ઢાળ ॥**

॥ મનડું મોહ્યું રે મન મોહનજી - એ રાહ ॥

વંદુ અનંતાનંદમય, **જયવંતાજી,**
સિદ્ધ અનંતાનંત, **મન રઢ લાગી છે ભગવંતાજી;**
દ્રવ્યાદિ ચઉ ભેદથી જયવંતાજી, નિર્મલ જ્ઞાનાનંદ. મન૦ ॥૧॥

રમ્ય રમા નિજ સહજમાં, જય૦ રમણે રમતા રામ. મન૦
પરમ નિવૃત્તિ પદ વર્યું, જય૦ અવિચલ શાશ્વત ધામ. મન૦ ॥૨॥

અષ્ટ ગુણાતમ મુખ્ય છે, જય૦ ગુણ ગણ પ્રગટ અનંત. મન૦
છતી પરજાય અનંતની, જય૦ વ્યક્તિ સહજ સ્વતંત. મન૦ ॥૩॥

સકલ સમય સદ્ભાવ છે, જય૦ પંચ લબ્ધિ શિવ ભોગ. મન૦
પરિણામિકતા પરિણામે, જય૦ પ્રયાસ નહીં પર યોગ. મન૦ ॥૪॥

પૂરણ પરમાનંદમાં, જય૦ અનંત શાંતિપદ લીન. મન૦
અવ્યાબાધિત સુખમયી, જય૦ નિજ ધન અક્ષય પીન. મન૦ ॥૫॥

---

૧. શર્મ = સુખ.

આત્યંતિક સુખ ભોગમાં, જય૦ લેશ્યા વર્ણ ન જાત. મન૦
ત્રિભુવન મુગટ શિરોમણિ, જય૦ જગ જસ કીર્તિ વિખ્યાત. મન૦ ॥૬॥

મુનિ મન માનસ હંસલા, જય૦ શિવરસ ભીનો કંત. મન૦
ગુણ જાણે નવિ કહી શકે, જય૦ શ્રી કેવલી ભગવંત. મન૦ ॥૭॥

વિનાવરણ ચિદ્ જ્યોતિ છે, જય૦ વિરમી સકલ ઉપાધિ. મન૦
આમય આકુલતા નહીં, જય૦ પ્રગટ અનંત સમાધિ. મન૦ ॥૮॥

સહજ સકલ પરિવારશું, જય૦ સંગે રંગ અભંગ. મન૦
એકાંતિક સુખ ભોગવો, જય૦ પરિકર રક્ષક અંગ. મન૦ ॥૯॥

ઈંદ્રાદિક જગ જીવનું, જય૦ સુખ ત્રિકાલી અનંત. મન૦
તેમ સહુ દ્રવ્ય પ્રજાયથી, જય૦ સિદ્ધ સુખ સમય અત્યંત. મન૦ ॥૧૦॥

શુદ્ધ પરમ પ્રભુતામયી, જય૦ રિદ્ધિ રાજ અનંત મન૦
ત્રિભુવન નાટક દેખતા, જય૦ નિરમલ પજજવ શાંતિ. મન૦ ॥૧૧॥

પૂરણ વ્યક્તિવંતને, જય૦ જાણી ધ્યાવે જેહ. મન૦
નિજ ગુણ સિદ્ધિ પદ વરે, જય૦ મનસુખ શિવ વર તેહ. મન૦ ॥૧૨॥

॥ **કાવ્યં** ॥ ઈંદ્રવજ્રા વૃત્તમ્ ॥

જ્ઞાનાદિ ગુણાઢ્ય ન કર્મદોષં, અત્યંત આણંદ સ શાંતિ પોષં;
સિદ્ધં નમો નિત્ય શુધાત્મ ભોગી, લેશ્યા ન જાતિ ન રૂપી ન યોગી ॥૧॥

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

### ॥ દુહા ॥

॥ હરિગીત છંદ - માત્રા અઠ્ઠાવીશ ॥

છત્તીસ છત્તીસ ગુણ ગણી મુનિ, પંચ વ્રત આચાર છે,
પણ સુમતિ ગુપતિ તીન ધારી શુધિ, ખાંતિ મૃદુતા સાર છે;
તપ તેજ દીપે કર્મ જીપે, સત્ય શોચ સુસંજમી,
આકિંચની શુદ્ધ બ્રહ્મચારી, ઈંદ્રિ મન આતમ દમી ॥૧॥

સૂરિરાજ શિવમગ સાર કરતા, વારતા ઉનમાર્ગથી,
ચોયણા પડિચોયણા કરી, તારતા સંસારથી;
મિથ્યાત મોહ કષાય હરતા, બોધદાઈ શુધાત્મના,
ભવભીરુ ધીર ઉમંગી શિવપદે, સેવિયે ભવિ શુભ મના ॥૨॥

પરવાદી જીપે સુજ્ઞાન દીપે, ચરણ થિરતા અનુભવે,
જિન સમય પૂરા સુનય દીપે, સંઘ જન થિર કરી ઠવે;
પંચે પ્રસ્થાને આતમા એ, રોગ શોગ ભયે હરે,
ભવ તીનમાં અડકર્મ છેદી, સહજ શિવ સંપત્તિ વરે ॥૩॥

શુધ મુત્તિ અજ્જવ સમ સુવચને ભવ્યને પ્રતિબોધતા,
સ્યાદ્વાદ ભાષી પર ઉદાસી, આત્મ શક્તિ શોધતા;
ભવ ભીમ તારક ગચ્છ ધારક, જુગપ્રધાન મુનીસરુ,
મનસુખ સુખકર વંદી સૂરીસર, સહજ સિદ્ધિ પદ વરુ ॥૪॥

**॥ પૂજા - ઢાળ ॥**

॥ પ્રભુ પ્રતિમા પૂજીને પોસહ કરિયે રે - એ રાહ ॥

સૂરીશ્વર દૂરી કીધા કુગ્રહ સઘલા જો, સમભાવે વરતે સમ ભાષી સદા;
જુગપ્રધાન ગુણ છત્તીસ છત્તીસ ધારી જો, પાલે પંચાચાર પલાવે છે મુદા.

**વારી જાઉં હું આચરજ ગચ્છથંભની,**
**છંડી છે ટેવ જેણે દૂર દંભની** ॥ એ આંકણી ॥૧॥

તત્ત્વતાજા આગમ પ્રૌઢધી રાજા જો, સામ્રાજ્યે વરતે જે અપ્રમાદમાં;
સારણ વારણ ચોયણ જિન પટધારી જો,
પડિચોયણ રાખે શાસન રાગમાં. વારી૦ છંડી૦ ॥૨॥

દરશન જ્ઞાન ચરણ સુખ વીરજ દાતા જો, મુનિ મનને થિરતા આપે સર્વદા;
દ્વાદશ અંગ અરથના પૂરણ દાની જો,
સન્માની મુનિ વિનયી આણા સુધા. વારી૦ છંડી૦ ॥૩॥

ચિદાનંદ રસ લેતા અનુભવી વેત્તા જો, પુદ્ગલના નિઃકામી શિવકામી છે;
શુદ્ધ સાધ્ય જાણી શિવ સાધન સાધે જો,
[1]શિવમગને આરાધે [2]સુતધામી તે. વારી૦ છંડી૦ ॥૪॥

દગ જ્ઞાન ચરણ વીરજ શિવમગમાં ફોરે જો, જોરે એ અનુભવ થિર વધતે રસે;
ગુણ શ્રેણી આરોહે ક્ષોભ ન મોહે જો,
આલંબન તજી નિજ પરિણતિમાં વસે. વારી૦ છંડી૦ ॥૫॥

ક્ષાંત્યાદિક સહુ મુનિગુણમાં ન અધુરા જો, શૂરા છે કુવાદિ મદ મર્દવા;
જિહાં જિહાં વિચરે તિહાં તિહાં ઉપદ્રવ નાવે જો,
જન્મ્યા છે જિનશાસન જય રાખવા. વારી૦ છંડી૦ ॥૬॥

રોગ શોગ રૌરવ જસ નામે નાશે જો, રિદ્ધિ ને સિદ્ધિ પાસે જેહને;
કોહ ન માય ન લોભ ન જેહને જો,
મર્દ્યો છે મયણ મહામદ સ્નેહને. વારી૦ છંડી૦ ॥૭॥

દુવિધ દયાને દુવિધે તપની ખાણી જો, સ્યાદ્વાદમય વાણી સુખ નિદાની છે;
સંગ ન વિકથા રંગ ન પરપરિણતિમાં જો,
દેશના દેતા શિવ સુખ ખાણી છે. વારી૦ છંડી૦ ॥૮॥

જિન સૂરજ અસ્તે આચારજ દીવો જો, ભુવન પદારથ પ્રગટ ચંદ વલી જેમ છે,
સ્વપર સમયના જાણ મુનીસર નમીએ જો,
નિજ ગુણ બાગે રમવા મુનિ મન ક્ષેમ છે. વારી૦ છંડી૦ ॥૯॥

સમભાષી સૂરિ તીરથપતિ સમ દાખ્યો જો, સુતધરને સોલ ઉપમા જિન કહી;
શુદ્ધાસયથી આચરજ પદ ધ્યાવે જો,
પૂર્ણાનંદ પદ પાવે મનસુખ શિવ રહી. વારી૦ છંડી૦ ॥૧૦॥

॥ **કાવ્યં** ॥ ભુજંગી છંદ ॥

જગે જે પ્રધાનો પુરા તત્ત્વ જાણો, પંચાચારને પાલવે સાવધાનો;
દિયે દેશના ભવ્યને હેત આણી, નમો તેહ આચાર્ય જે સુખખાણી ॥૧॥

૧. શિવમાર્ગ, ૨. શ્રુતધામી.

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

### ॥ દુહા ॥

॥ હરિગીત છંદ - માત્રા અઠ્ઠાવીશ ॥

ઉવઝાય દ્વાદશ અંગ ધ્યાતા, ભણે ભણાવે શિષ્યને,
યુવરાજ પેરે મુનિ સંગ રાખે, સુત્ત દાયક ભવ્યને;
જે રક્ત તપ સજ્ઝાય કરવા, ત્યાગતા પરમાદને,
નિજ રમ્ય રંગ રમણે લીના, ઊમગ્યા શિવ સાધને ॥૧॥

આચાર્ય સમ નિજ ગણ સુચિંતક, સૂત્ર દેવા ઉદ્યમી,
નિજ શુદ્ધ પરિણતિ રમણ કરતા, સકલ પરપરિણતિ વમી;
નય યુક્તિથી ઉન્માર્ગ ટાલી, લેત ભવિ શિવમાર્ગમાં,
ગણિ રત્ન પેટી હાથ જેહને, જસ ક્રિયા ઉત્સર્ગમાં ॥૨॥

પરસંગ ત્યાગી ધીર વિરાગી, વીર નિરાલંબની,
ઉપસર્ગ વર્ગ અપાર જીતે, સિદ્ધિ સાધે મહા મુનિ;
મદ મોહ કોહ અકામ વરજિત, માય લોભ ન આદરે,
ખટકાય કેરી દયા દુવિધે, ખાંતિ આદિ દશ ધરે ॥૩॥

ધમી ધ્યાન અગ્નિ કર્મ જાલે, શુદ્ધ ધ્યેય સુધ્યાનમાં,
જે આગલે સુરઈંદ્ર રિદ્ધિ, કોઈ નાવે માનમાં;
બહુ લબ્ધિ સિદ્ધિ શાંતિ ભોગી, યોગી અનુભવ રંગમાં,
મનસુખ નિત ઉવઝાય સેવી, પાય સુખ શિવ સંગમાં ॥૪॥

### ॥ પૂજા - ઢાળ ॥

॥ મુક્તિ સે જાઈ મિલ્યો રે મોહન મેરો - એ રાહ ॥

પાઠક પદ નમીએ રે, **ભવિક નિત પાઠક પદ નમીએ;**

ઉપશમ રસ રમીએ રે, ભવિક૦ ॥ એ આંકણી ॥

સૂત્ર અરથ વિસ્તાર રસિક જે, સકલ વિકથ વમીએ રે. ભવિક૦
નહીં સૂરિ પણ મુનિ ગણને સહાયી, પ્રશમ રત્ત ક્ષમીએ રે. ભવિક૦ ॥૧॥

મોહ કપટ મદ માન તજ્યું જેણે, ઈંદ્રિ મન દમીએ રે. ભવિક૦
ભણે ભણાવે હિત કરી શિષ્યને, પુદ્ગલ રસ ગમીએ રે. ભવિક૦ ॥૨॥

પણવીશ ગુણયુત વાચક કુંજર, શિવ સત્તા રમીએ રે. ભવિક૦
પરવાદી મદ માનને ભંજે, સિંહ સમ ધી સમીએ રે. ભવિક૦ ॥૩॥

ક્ષાંત્યાદિક નિજ ગુણના ભોગી, મુનિ નમી વીસમીએ રે. ભવિક૦
આત્મ અનાતમ ભેદક સમિતિ, ધર્મ શુક્લ ધમીએ રે. ભવિક૦ ॥૪॥

ગુપ્તિધર દુર્ધ્યાન નિવારી, દુરમતિ દૂર ગમીએ રે. ભવિક૦
સ્યાદ્વાદમય વાણી સુણી તસ, આણ ન અતિક્રમીએ રે. ભવિક૦ ॥૫॥

ભવભીરુ જિનશાસન ધોરી, અવિરતિ વિરમીએ રે. ભવિક૦
અપ્રમત્ત સુત વાચના દાયક, દોષ ખમાવી ખમીએ રે. ભવિક૦ ॥૬॥

દ્વાદશ અંગ સજ્ઝાય નિત, પરમ અરથ રમીએ રે. ભવિક૦
નિશ્ચય ત્રણ ભવમાં શિવ પાવે, અનુભવ રસ જમીએ રે. ભવિક૦ ॥૭॥

વાચક સેવે ગુણગણ પ્રગટે, રિદ્ધિ ન તસ કમીએ રે. ભવિક૦
રાજકુંવર સરખા ગણચિંતક, વરતે શુદ્ધાતમીએ રે. ભવિક૦ ॥૮॥

મૂરખ શિષ્યને પંડિત કરતા, પહાણને પલ્લવીએ રે. ભવિક૦
સુરનર કિન્નર જેહને સેવે, સ્તવિયા ગુણ કવિએ રે. ભવિક૦ ॥૯॥

બાવના ચંદન રસ સમ વચને, કલુષ તાપ ગમીએ રે. ભવિક૦
મનસુખ શિવ કર વાચક સેવી, નવિ ભવ વન ભમીએ રે. ભવિક૦ ॥૧૦॥

॥ **કાવ્યં** ॥ ભુજંગી છંદ ॥

ઉપાધ્યાય પૂજો સદા સૂત્ર દાતા, ભવાબ્ધિથી તારે મહાબંધુ ત્રાતા;
સદા રક્ત સ્વાધ્યાય ધ્યાને સુલીના, રહે અપ્રમત્તા નિજાણંદ ભીના ॥૧॥

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

### ॥ દુહા ॥

॥ હરિગીત છંદ - માત્રા અઠ્ઠાવીશ ॥

જિનમાર્ગના જે તત્ત્વ જાણે, રહે નિત અપ્રમાદમાં,
ઉપયોગ શુદ્ધે રહે બુદ્ધે, સદા થિર શુભ ધ્યાનમાં;
ધરી ધર્મ શુક્લ સુધ્યેય ધ્યાને, સુધા પાને મગ્ન જે,
સંસાર તારક ક્લેશ વારક, નમું હું મુનિરાજ તે ॥૧॥

સમભાવ સંજમ વિમલ પાલે, દયા દુવિધે તપ તપે,
મહાવ્રત પંચે પંચ સુમતિ, ગુપ્તિ નિજ આતમ જપે;
આચાર પાલે દોષ ટલે, જીતી પરિસહ ધીર એ,
પરસંગ વારી મોહ મારી, ગંભીર મુનિ વડવીર એ ॥૨॥

તજી વૈરને વિરોધ જગથી, સજ્ઝાય ધ્યાને સંજમી,
શુદ્ધાત્મ રમણે રમણ કરતા, દુષ્ટ પરપરિણતિ વમી;
પરમાદ ત્યાગી જે સોભાગી, રમત ગુણગણ બાગમાં,
અડકર્મ હરવા સિદ્ધિ વરવા, દાવ રાખે લાગમાં ॥૩॥

પ્રતિબંધ ત્યાગી રહે જાગી, સહજ શુદ્ધ ઉપયોગમાં,
નિશંક નિરાલંબ ધારી, રીંઝ નિજ ગુણ ભોગમાં;
સ્યાદ્વાદ જાણે નય પ્રમાણે, ધર્મ નિજ ઉજ્જ્વલ કરે,
મનસુખ જે મુનિરાજ સેવે, સહજ શિવ સંપત્તિ વરે ॥૪॥

### ॥ પૂજા - ઢાળ ॥

॥ વ્રત સાતમે વિરતિ આદરું રે લો - એ રાહ ॥

પદ પંચમેં મુનિ ગુણ ધ્યાઈએ રે લો, સમભાવી સદા અપ્રમત જો.
વ્રત પંચ ને પંચ સમિતિ ધરુ રે લો, ધરી ગુત્તિ સાધે નિજ તત્ત જો;
**રંગ રસિયા મુનિપદ સેવિયે રે લો.**
મુણે તત્ત્વ સકલ મુનિ જેહ જો, કેવલ રણવાસથી ન મુનિ તેહ જો ॥૧॥
॥ એ આંકણી ॥

સંસાર તજી રહે સંજમે રે લો, દયા દુવિધ ધરે દૃઢ જેહ જો;
પરપરિણતિ રંગે નવિ રમે રે લો, પર મોહ ન દ્વેષ સનેહ જો. રંગ૦ ॥૨॥

નિજ આતમ મન ઈંદ્રિ દમી રે લો, ધરે ક્ષાંત્યાદિ દશ ગુણ શુદ્ધ જો;
તપ તેજે કરમ રસ શોષવે રે લો, ગુણઠાણે ક્રિયા શુદ્ધ બુદ્ધ જો. રંગ૦ ॥૩॥

ગણિ સૂરિ વાચક મુનિ સેવતા રે લો, સનમાન વિનય વૈયાવચ્ચ જો;
ખટ આવશ્યક સેવે જે સદા રે લો, નવકલ્પ વિહારી રહે ગચ્છ જો. રંગ૦ ॥૪॥

બાહ્ય ભીતર પણ નિગ્રંથ છે રે લો, નવિ કરે કદા પરસંગ જો;
પ્રતિબંધ ન રાખે અન્યનો રે લો, લહ્યો શુદ્ધ આતમ ગુણ રંગ જો. રંગ૦ ॥૫॥

કામ ભોગ ને ધન્નના ન લોલપી રે લો, અસંજમથી ચિત્ત વાલતા જો;
રહે સંજમ યોગ ઉપયોગમાં રે લો, શુદ્ધ સત્તા મહેલમાં મહાલતા જો. રંગ૦ ॥૬॥

સમભાવ ધરે માન અપમાનમાં રે લો, શુભ અશુભ ઉદય સમ ધાર જો;
સમ તૃણ-મણિ શત્રુ-મિત્રમાં રે લો, જગજંતુને સમ સુખકાર જો. રંગ૦ ॥૭॥

નવિ રીંઝે વિષય વિષમાં કદા રે લો, આશંસ પ્રયોગે ન ક્ષોભણા જો;
નહિ મમતા ન દેહમાં મગ્નતા રે લો, એવા મુનિને હમારી વંદના જો. રંગ૦ ॥૮॥

ભવ દુઃખ તાપ સમાવતા રે લો, નિજ રમ્ય રૂપે રમે નિત જો;
સિદ્ધ સમ શુદ્ધ ધ્યેય શુભ ધ્યાનમાં રે લો, નિજ રિદ્ધિમાં રહે મુદિત જો. રંગ૦ ॥૯॥

બાર પડિમા ધરે મુનિ ધર્મની રે લો, કરે ક્રિયા ન બંધન કર્મની જો;
જીતે પરિસહ ફોજ બાવીશની રે લો, મતિ નાઠી પરમાં નિજ ભર્મની જો. રંગ૦ ॥૧૦॥

મૂલ બંધન છેદે સ્નેહનું રે લો, નવિ ચાહે આલંબન કેહનું જો;
જિન આણા આતમ આધાર છે રે લો, કાઉસગ મુદ્રા આસન દૃઢ જેહનું જો. રંગ૦ ॥૧૧॥

પરપરિણતિમાં છીપે નહીં રે લો, કરુણાસિંધુ ત્રિભુવનબંધુ જો;
શુદ્ધ રમણે મુનિવર પરખીએ રે લો, શાંતિ દાયક જેમ જગ ઈંદુ જો. રંગ૦ ॥૧૨॥

મુંડે લોચે ન મુનિપણું જાણીએ રે લો, શુદ્ધ જ્ઞાન દગ ચારિત્રવંત જો;
પુણ્ય પ્રભુત્વ એવા મુનિ સંગથી રે લો, મનસુખ શિવ સાદિ અનંત જો. રંગ૦ ॥૧૩॥

॥ કાવ્યં ॥ ભુજંગી છંદ ॥

ગહે સાધુ સુધા ઉદાસીન શેરી, નથી આવવું જ્યાંથી સંસાર ફેરી;
રમે આત્મ રૂપે ખરાં તત્ત્વ જાણે, નમો સાધુને જે રહે શુદ્ધ ધ્યાને ॥૧॥

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા ॥

### ॥ દુહા ॥

॥ હરિગીત છંદ - માત્રા અઠ્ઠાવીશ ॥

સમકિત શિવસુખ મૂલ રસભર, જ્ઞાન ચરણ સુથિર કરે,
એ વિના જ્ઞાન અજ્ઞાન રૂપે, બાહ્ય ચરણી ભવ ફરે;
ઉપશમ ખાયક ખેય ઉપશમ, દરશ દુઃખહર સુખકરું,
શિવમહેલનું સોપાન પહેલું, દ્વાર શિવ ઘરનું ખરું ॥૧॥

સંવેગ રસ નિરવેદ આવે, દયા દુવિધ છકાયની,
સમકિત રંગ તરંગ ઉલસે, જાય દરશન મોહની;
સિદ્ધાંતના સહુ મર્મ જાણે, રીંઝ આતમ તત્ત્વમાં,
સહુ પુદ્ગલનો રાગ છૂટે, સહજથી શુભ ધ્યાનમાં ॥૨॥

શુદ્ધ તત્ત્વના નિરધાર વિણ કિમ, રાગ પરપદનો ટલે,
શુદ્ધ ત્તત્વના નિરધાર કરતાં, માર્ગ મુક્તિનો મલે;
શંકાદિ પંચે દોષ ટાલે, શક્તિ ભાલે આત્મની,
કુધ્યાન અધ્યવસાય નાશે, શુદ્ધિ લહી પરમાત્મની ॥૩॥

નિજાત્મ રૂપે આત્મ જોવે, ખાંતિ આદિક ઉલ્લસે,
નિજ આત્મ લબ્ધિ વીર્ય પ્રગટે, ધ્યાન થિરતા અતિ રસે;
સંકલ્પ ને વિકલ્પ નાશે, તત્ત્વ ભાસે શાશ્વતા,
પરમેયથી પરમાણ સાદે, દવ્વ ગુણ ભાસે છતા ॥૪॥

સમકિત વિણ સવિ અંધ ધંધો, ક્રિયા ક્લેશ કુમતિ કરે,
સમકિતી સાચો માર્ગ સાધી, સહજ શિવ સંપતિ વરે;

સમકિત વિણ અનુષ્ઠાન શૂન્ય જ, સમકિત સાચો અંક છે,
નિજ આત્મથી અભેદ દરશન, નિશંક ને નિર્વંક છે ॥૫॥

શુધ દરશણે સુત અર્થ લાધે, સુખ સાધે સિદ્ધિનું,
ઘનઘાતિ ચારે નાશ હોવે, સ્વપદ પ્રગટે નિદ્ધિનું;
દેવાદિ રિદ્ધિ સહજ આવે, દુલહ સમ્યક્ બોધ તો,
મનસુખ ગુરુથી દરસ લહીને, સુખ પામે શાશ્વતો ॥૬॥

॥ પૂજા - ઢાળ ॥

॥ અનિહાં રે વાહલો વસે - એ દેશી ॥

અનિહાં રે **દર્શન દીપક નિરમલો રે,** જેથી આત્મ અનાત્મ દેખાય;
અનિહાં રે લોકાલોક પ્રકાશતો રે, વિપર્યાસ કુવાસના જાય. દર્શન૦ ॥૧॥

અનિહાં રે જિન દેશિત તત્ત્વ સદ્દહે રે, રુચિ હેય ઉપાદેય થાય;
અનિહાં રે ભ્રર્મ ટલે મતિ દોષનો રે, શુદ્ધ મુક્તિનો મૂલ ઉપાય. દર્શન૦ ॥૨॥

અનિહાં રે કર્મ કુપથ્ય અનાદિની રે, દરશનથી સહજ વિલાય;
અનિહાં રે ધ્યાન સહજ શુભ પરિણમે રે, સધે જ્ઞાન દયા શુભ ન્યાય. દર્શન૦ ॥૩॥

અનિહાં રે ધર્મ મંદિરની દઢ [૧]નીમ છે રે, શિવ મહેલનું પઢમ સોપાન;
અનિહાં રે શિવતરુ રસભર મૂલ છે રે, ગુણ ધન્નનું પરમ નિધાન. દર્શન૦ ॥૪॥

અનિહાં રે શ્રુત શીલ રસ થિર રાખવા રે, સ્ફાટિક મણિ ભાજન સાર;
અનિહાં રે આનંદપુરી પ્રવેશનું રે, છે પ્રગટ એ ઉત્તમ દ્વાર. દર્શન૦ ॥૫॥

અનિહાં રે શમ દમ આદિ ગુણ થિર રહે રે, દરશન ભૂમિ આધાર;
અનિહાં રે ખટ સ્થાનક દર્શન થિર રહે રે, ગુણ આત્મ અભેદ ઉદાર. દર્શન૦ ॥૬॥

અનિહાં રે એ વિણ જ્ઞાન ન ચરણ છે રે, શૂન્ય ક્રિયા કષ્ટ કલેશ;
અનિહાં રે એ વિણ સર્વે નિજ છંદતા રે, પરપરિણતિ ચિત્ત આવેશ. દર્શન૦ ॥૭॥

અનિહાં રે મોહ પ્રકૃતિ સાત ઉપશમે રે, અથવા ક્ષય ઉપશમ હોય;
અનિહાં રે તિમ એ સાતના ક્ષય થકી રે, નિજ રૂપે આતમ જોય. દર્શન૦ ॥૮॥

---

૧. પાયો.

અનિહાં રે જાય ઈહા જડ રાગની રે, વધતે નિજ અનુભવ રંગ;
અનિહાં રે શમ સંવેગાદિ ઉલ્લાસ રે, જસ સડસઠ ભેદ અભંગ. દર્શન૦ ॥૯॥

અનિહાં રે શિવ સત્તા નિજ સાધવા રે, રુચિ હોય અધિક ઉમેદ;
અનિહાં રે સવિ કરણી આત્મ પ્રશસ્તથી રે, સાધે શિવમાર્ગ અખેદ. દર્શન૦ ॥૧૦॥

અનિહાં રે શુદ્ધ દેવ ગુરુ ધર્મને રે, પરખે જાણી સ્યાદ્વાદ;
અનિહાં રે નિશ્ચય સમકિત તે લહે રે, લહે ખાયક જાય વિષાદ. દર્શન૦ ॥૧૧॥

અનિહાં રે દરશ અરૂપી ગુણ આત્મનો રે, પામે આવે ભવ અંત;
અનિહાં રે મનસુખ શિવસુંદરી વરે રે, લહે પરમાણંદ અત્યંત. દર્શન૦ ॥૧૨॥

॥ **કાવ્યં** ॥ માલિની વૃત્તમ્ ॥

દરશન પદ પૂજો, મુક્તિનું મૂલ સાચું,
સકલ કલુષ નાશે, જ્ઞાન ચારિત્ર જાચું;
જિનવદન સુવાણી, સ્યાદવાદે પિછાણી,
રુચિ પ્રતીત લહેથી, આત્મ હોવે સુધ્યાની ॥૧॥

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

### ॥ દુહા ॥

॥ હરિગીત છંદ - માત્રા અઠ્ઠાવીશ ॥

ગુણ જ્ઞાન ભાણ પ્રધાન ગુણમાં, લોક અલોક પ્રકાશતો,
અડકર્મના સવિ મર્મ છેદે, સુખ આપે શાશ્વતો;
સવિકલ્પ ને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતો,
નિજ આત્મથી અનાત્મ પરિણતિ, ભિન્ન જાણી ઉછેદતો ॥૧॥

ગુણ અપ્રતિપાતી દાખ્યો સૂત્રે, કર્મ ઘન ક્ષિણમાં હરે,
સુતજ્ઞાનથી ગુણ પૂરણ પ્રગટે, આત્મ પરમાતમ વરે;
કરે ક્રોડ પૂરવ તપ કઠિણ પણ, જ્ઞાન વિણ સહુ તે વૃથા,
જિમ જાન વર વિણ ફોક જાણો, પુત્ર વિણ પારણું યથા ॥૨॥

સનમાર્ગથી ઉનમાર્ગ ભેદે, હેય ઉપાદેયને,
સવિ જ્ઞેય જ્ઞાયક સિદ્ધિ લાયક, લખે કૃત્ય અકૃત્યને;
ખટકાય રક્ષા વિણ કિમ, શું તજે શું આદરે,
નિજ જ્ઞાન વિણ જગ ભર્મ ભૂલ્યો, ચારગતિ દુ:ખમાં ફરે ॥૩॥

ભવ પાપ ને સંતાપ કાપે, રાજ સહજ દિયે છતું,
પણ જ્ઞાનમાં સુતજ્ઞાન દાતા, શુદ્ધ ચરણ રહે છતું;
જિનધર્મનું છે મૂલ સમકિત, તેહનું પણ મૂલ એ,
ચઉ જ્ઞાનને અનુકૂલ સુત છે, પરમધર્મ અમૂલ એ ॥૪॥

સંસારતારણ સિદ્ધિકારણ, શાંતિ દે દુ:ખ ભય હરે,
ભવ વાસ ખોટી આશ તજી બુધ, જ્ઞાનમાં પ્રીતિ કરે;
ઉપગારી નિજ પરને સદાગમ, સમ શશી મેહ રવિ પરે,
સવિ વિપત્તિ ટાલે મોહ વારે, પરમ નિવૃત્તિ શિવ વરે ॥પ॥

શુધ ધ્યેયને પણ જ્ઞાની જાણે, સાધના મારગ લહે,
અજ્ઞાન મિથ્યા તિમિરહર રવિ, જ્ઞાન ગુણગણ સંગ્રહે;
અસાધ્ય વલી શુધ સાધ્ય જાણે, સિદ્ધિ પામે તે નરા,
નિજ તારુ તારે ભવિક જનને, ધન્ય પુરુષ તેહ ખરા ॥૬॥

મૂલ ભેદ પંચે જ્ઞાનના, અડવીશ તો મતિના લહ્યા,
દશ ચાર વલી વીશ સુતના ખટ, અવધિ અસંખ્યા કહ્યા;
ઋજુ વિપુલ છે મનનાણ દો હી, કેવલ એક ઉદાર છે,
પન્નાસ એક સુજ્ઞાન ભેદે, સેવતાં ભવ પાર છે ॥૭॥

નિજ આત્મજ્ઞાને આત્મ દેખે, પર ઉવેખે મુનિવરા,
સમભાવ સારે શાંતિ ધારે, આત્મ પરભંજન કરા;
નમું જ્ઞાનીને શુભ ધ્યાન ધારી, સહજ ગુણ એ જીવનો,
મનસુખ જ્ઞાને સિદ્ધિ પાવે, સંગ શાશ્વત શિવનો ॥૮॥

## ॥ પૂજા - ઢાળ ॥

॥ એ ગુણ જ્ઞાન રસાલ, ભવિયાં - એ રાહ ॥

જ્ઞાન પરમ ગુણ સાર, **આતમ જ્ઞાન પરમ ગુણ સાર.**

આતમ અજ્ઞાને જગ ભટકે, દુઃખ ચઉગતિ કંતાર;
જ્ઞાનથી દરશન મોહની નાશે, પાવે ચરણ ઉદાર. આતમ૦ ॥૧॥

જ્ઞાનથી લબ્ધિ પૂરણ પ્રગટે, લહે સિદ્ધિ સુખ સાર;
જ્ઞાનાવરણ થકી સહુ કર્મના, મુખ્ય આઠ વિકાર. આતમ૦ ॥૨॥

જ્ઞાનાવરણ વિણ કર્મ ન બંધે, જ્ઞાન છે સિદ્ધ સ્વરૂપ;
દુઃખ દુરિત સહુ જ્ઞાને નાશે, મુદે ભવજલ કૂપ. આતમ૦ ॥૩॥

જ્ઞાનથી શુદ્ધ ધ્યેય નિજ જાણે, શુદ્ધ સાધના સાધે;
જ્ઞાન વિના ભવ મારગ કહીએ, જ્ઞાને શિવ મગ લાધે. આતમ૦ ॥૪॥

મોહ અજ્ઞાન તિમિર નશાવે, જ્ઞાન રવિ અવિકારી;
બોધ વિચિત્ર વિશાલ પ્રગટ હોય, જ્ઞાન સદા જયકારી. આતમ૦ ॥૫॥

જ્ઞાન થકી ખટદ્રવ્યને જાણે, માર્ગ કુમાર્ગ વિચાર;
હેય ઉપાદેય જ્ઞાને લહિયે, બુઝે સાર અસાર. આતમ૦ ॥૬॥

જ્ઞાને ભાવ અનંત લખે[૧] જીય, પામે નિજ અધિકાર;
પર પદ અધિકારી નહિ ચેતન, તે તજે જાય વિકાર. આતમ૦ ॥૭॥

જ્ઞાને ઘનઘાતી દલ નાશે, પ્રગટે સિદ્ધિ અનંત;
વસ્તુ ગુણ પરજાય અનંતા, ભેદ અભેદ લહંત. આતમ૦ ॥૮॥

નિજ ગુણ પજ્જવ સહજ અનંતા, જાણે શુદ્ધ સ્વતંત;
પરમ નિવૃત્તિ પદવી પામી, પામે સુખ અત્યંત. આતમ૦ ॥૯॥

સિદ્ધિ સાધન લક્ષણ જ્ઞાન જ, એ વિણ જૂઠી કિરિયા;
જ્ઞાન વિના બહુ દુઃખ દાવાનલ, સેવી જ્ઞાન ભવિ તરિયા. આતમ૦ ॥૧૦॥

સ્વપર દયા કિમ હોય જ્ઞાન વિણ, કિણવિધ સંજમ રાખે;
અગ્નિ કષાયની કિણવિધ બુઝે, અનુભવ રસ કિમ ચાખે. આતમ૦ ॥૧૧॥

---

૧. જાણે.

પંચ જ્ઞાનમાં જેહ સદાગમ, નિજ પરને હિતકારી;
ચાર જ્ઞાન પણ એહથી પ્રગટે, જ્ઞાનની બલિહારી. આતમ૦ ॥૧૨॥

રવિ શશી મેહ પરે જગજનને, જ્ઞાન સદા ઉપગારી;
મુનિપણું પણ જ્ઞાને કહીએ, જુઓ જિનવચન વિચારી. આતમ૦ ॥૧૩॥

જ્ઞાનરૂપ શુદ્ધ સહજાતમનું, વર્ણાદિક તિહાં નાંહી;
વર્ણાદિક છે પુદ્ગલ પરિણતિ, નિજ પદ તો નિજ માંહી. આતમ૦ ॥૧૪॥

જ્ઞાન વિના ઉત્સર્ગ લહે નહિ, નવિ જાણે અપવાદ;
કારણ કારક કાજ ન જાણે, મિથ્યામતિ હઠવાદ. આતમ૦ ॥૧૫॥

જ્ઞાન સ્વપર સહુ જ્ઞેયનો જ્ઞાયક, લાયક શિવપદ ભોગ;
જ્ઞાન વિના રહે પુદ્ગલ મમતા, તેહને દુઃખ સંયોગ. આતમ૦ ॥૧૬॥

જ્ઞાનાવરણ દલ છીજે પ્રગટે, આતમ નિરમલ રૂપ;
જ્ઞાન લહી મનસુખ શિવ પાવે, હોય નિજ સંપત્તિ ભૂપ. આતમ૦ ॥૧૭॥

॥ **કાવ્યં** ॥ મંદાક્રાંતા વૃત્તમ્ ॥

સેવો જ્ઞાનં ભવ દુઃખ હરે, મોહ અજ્ઞાન નાવે,
આત્મા પામે નિજ પદ ભલું, શોગ સંતાપ જાવે;
સિદ્ધિ રિદ્ધિ પૂરણ પ્રગટે, શાંતિ સ્હેજે સ્વતંતી,
આપે ભોગે મુગતિ પુરીમાં, પંચ લબ્ધિ અનંતી ॥૧॥

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

### ॥ દુહા ॥

॥ હરિગીત છંદ - માત્રા અઠ્ઠાવીશ ॥

શુધ ચરણ વિણ નહિ શરણ કોઈ, જીવ દુઃખી સંસારિયા,
બહુ રંકને પણ રાય કરી, ભવ ભીમ પાર ઉતારિયા;
બહુ લબ્ધિ રિદ્ધિ સિદ્ધિ દાયક, રમણ સહજ સ્વભાવનું,
પર મમત નાશે શાંતિ વાસે, જોર રાગ ન રોષનું ॥૧॥

શુધ જ્ઞાન દરશન રમણ થિરતા, ચરણ એ જિનવર કહ્યું,
એ વિના સઘલી જૂઠ કરણી, શુદ્ધ નિજ પદ નવિ લહ્યું;
ઉતસર્ગ ને અપવાદ જાણી, શુદ્ધ નિશ્ચય દગ ધરે,
વ્યવહાર સાચો જેહ સેવે, તેહ શિવમગ અનુસરે ॥૨॥

આચાર પંચે સુમતિ પંચે તીન ગુપતિ આદરે,
સજઝાય કાઉસગ યોગ સાધી, આત્મગુણ અનુભવ કરે;
વ્રતી સર્વથી ને દેશથી એ, દુવિધ હિતકર જાણીએ,
દુઃખ દુરિત હરવા સિદ્ધિ વરવા, ચરણ મનમાં આણીએ ॥૩॥

હિંસાદિ અવિરત પંચત્યાગી, દ્રવ્ય ભાવ દયા ધરે,
મન વચન કાયા થિર કરી નિજ, સર્વે સાવદ્ય પરિહરે;
આર્ત રુદ્ર કુધ્યાન ત્યાગી, ધર્મ શુક્લ શુભ આદરે,
મલ મોહ અધ્યવસાય સઘલા, ત્યાગી થિર સુમતા ધરે ॥૪॥

એમ ચઢત સંજમ શ્રેણિ મુનિવર, કરત વધતી નિર્જરા,
સંજલન ચાર કષાય છેદી, ખાયક ચરણ લહે ત્વરા;
પુદ્ગલાચરણે ભમત ભવદધિ, તરત સ્વરૂપાચરણથી
જે શુદ્ધ ખાયક ચરણ રમશે, તેહને ભવભય નથી ॥૫॥

પરભાવ રમણથી કર્મ બંધે, આત્મરમણે નિર્જરે,
પર રાગ વારી વિનય ધારી, શુદ્ધ સંવર આદરે;
કરી યોગ થિરતા અનુભવે નિજ, કરણ શૈલેશી વરે,
કરી કર્મ આઠે અંત મુનિવર, તેહ ભવદધિથી તરે ॥૬॥

બહિરાત્મ ત્યાગી રહે જાગી, થિર અંતર આતમા,
નિજ શુદ્ધ ધ્યેય સુ પરમ ધ્યાને, હોય તે પરમાતમા;
તજી અશુભ લેશ્યા તત્ત્વ સાધે, ધારી ઉદાસીનતા,
મનસુખ રંગે શિવ સંગે, સહજ નિજપદ લીનતા ॥૭॥

**॥ પૂજા - ઢાળ ॥**

॥ ભરતની પાટે ભૂપતિ રે - એ રાહ ॥

ચરણ શરણ જગ જીવને રે, એ વિણ શરણ ન કોય સલૂણા
ચરણ વિના પરરમણથી રે, બહુ દલ બંધી હોય સલૂણા
**જેમ જેમ ચારિત્ર સેવીએ રે, તેમ તેમ નાશે કર્મ સલૂણા**
આતમ રમણે આતમા રે, પ્રગટ કરે નિજ ધર્મ સલૂણા ॥ એ આંકણી ॥૧॥

રાજ તજી ખટખંડનું રે, ચક્રી પણ આરાધી સલૂણા;
પરમાતમ સંપત્તિ લહી રે, પામ્યા સહજ સમાધિ સલૂણા. જેમ જેમ૦ ॥૨॥

આશ્રવ દ્વાર નિરોધતાં રે, નાવે કર્મ કલંક સલૂણા;
પૂરવ સંચિત નિર્જરે રે, ચરણે કર્મ નિશંક સલૂણા. જેમ જેમ૦ ॥૩॥

રમ્ય રૂપ નિજ આત્મમાં રે, રમીએ છંડી પ્રમાદ સલૂણા;
ગુણ અનંત પ્રગટે તદા રે, જાય કર્મ વડ વ્યાધિ સલૂણા. જેમ જેમ૦ ॥૪॥

પરપદ મમતા પરિહરે રે, ટાલે રાગ ને રોષ સલૂણા;
સકલ કષાયના નાશથી રે, હોય શાંતિ રસ પોષ સલૂણા. જેમ જેમ૦ ॥૫॥

ભવદધિ પાર ઉતારવા રે, ચરણ અખંડિત જહાજ સલૂણા;
લાવે આતમ ભૂમિમાં રે, દે સત્તા શિવરાજ સલૂણા. જેમ જેમ૦ ॥૬॥

હિંસાદિ અડદશ પાપમાં રે, રમણ ત્રિજોગનું જેહ સલૂણા;
તેહ નિવૃત્તિ પદ થકી રે, વિરતિ કહે જિન એહ સલૂણા. જેમ જેમ૦ ॥૭॥

રંક થકાં પણ આદરી રે, હુવા રાય મહારાય સલૂણા;
પરમ પૂજ્ય પદ પામિયાં રે, સત્ય ચરણ મહિમાય સલૂણા. જેમ જેમ૦ ॥૮॥

લબ્ધિ સિદ્ધિ ઊપજે રે, નાશે સકલ આવર્ણ[1] સલૂણા;
પુરુષાકારે સેવીએ રે, ધીર વીર જિન ચર્ણ[2] સલૂણા. જેમ જેમ૦ ॥૯॥

ધીર પુરુષ એ સેવીને રે, પામ્યા પરમ નિરવાણ સલૂણા;
સેવે છે જે સેવશે રે, તે પાવે કલ્યાણ સલૂણા. જેમ જેમ૦ ॥૧૦॥

---

૧. આવરણ, ૨. ચરણ.

પાપ ગહન વન દાહવા રે, ચરણ હુતાશન દાહ સલૂણા;
અધ્યાતમ થિર પરિણતિ રે, કારણ કિરિયા બાહ સલૂણા. જેમ જેમ૦ ॥૧૧॥

અક્ષય દર્શન જ્ઞાન ને રે, આપે વીર્ય અનંત સલૂણા;
આતમ આતમતા લહે રે, નિર્મલ સહજ સ્વતંત સલૂણા. જેમ જેમ૦ ॥૧૨॥

આતમ મન ઈંદ્રિ દમે રે, તજે ચલાચલ ભાવ સલૂણા;
થિરતા સહજ સ્વરૂપમાં રે, રમતાં જાય વિભાવ સલૂણા. જેમ જેમ૦ ॥૧૩॥

આતમ ગુણ અવિરાધના રે, પરમ ચરણ છે એહ સલૂણા;
પરમ દયા પણ એ કહી રે, પરમ ધરમ ગુણ ગેહ સલૂણા. જેમ જેમ૦ ॥૧૪॥

ક્ષાંત્યાદિક દશ આદરે રે, બાહ્ય અભ્યંતર શુદ્ધ સલૂણા;
સકલ વિકલ્પ નિવારતાં રે, શુક્લધ્યાન લહે બુદ્ધ સલૂણા. જેમ જેમ૦ ॥૧૫॥

સામાયિક આદિક કહ્યા રે, પંચ સુભેદ ચરિત્ત સલૂણા;
યથાખ્યાત પદ જવ લહે રે, નાશે ભવ ભ્રમ ભીત સલૂણા. જેમ જેમ૦ ॥૧૬॥

અશુદ્ધ લેશ્યા સવિ તજી રે, નવિ રમતા વન મોહ સલૂણા;
ઉપસર્ગાદિ ભય તજી રે, કરે ગુણશ્રેણિ આરોહ સલૂણા. જેમ જેમ૦ ॥૧૭॥

સિદ્ધ સમો નિજ રૂપમાં રે, દઢ ધરીએ ઉપયોગ સલૂણા;
મનસુખ આનંદપૂરમાં રે, વિલસે શિવ ઘર ભોગ સલૂણા. જેમ જેમ૦ ॥૧૮॥

॥ **કાવ્યં** ॥ શાર્દૂલવિક્રીડિત વૃત્તમ્ ॥

ચારિત્રં શરણં સંઘ સરવને, દુક્ખં હરં તારણં,
આણે પાર ભવોદધિથી થલમાં, છે એ જહાજં પરં;
રંકોને થિર રાજ આપી પરમં, સાચું મહા નિદ્ધિનું,
સેવું હું થિરતા ધરી અકલમાં, પામું પદં સિદ્ધિનું ॥૧॥

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

### ॥ દુહા ॥

॥ હરિગીત છંદ - માત્રા અઠ્ઠાવીશ ॥

નિજ જ્ઞાન દરશન ચરણ તૃપ્તે, ઈંદ્રિભોગ ઈહા ટલે,
તપ તેહ શ્રી જિનરાજ દાખે, કર્મદલ ઈંધણ જલે;
સવિ લબ્ધિ નિજપદ સિદ્ધિ હોવે, રાગ તજી નિજ સંવરે,
જે મોહ વનમાંહી ન ભમતા, આત્મ પરિણતિ આદરે ॥૧॥

નિજ જ્ઞાનથી નિજ રિદ્ધિ જાણે, દરશ દેખે આપનું,
નિજ રમ્યરૂપે રમણ ચરણે, ધ્યાન ધરી પરમાત્મનું;
જગ પુદ્‌ગલોથી પ્રીતિ તોડી, જોડી નિજ ગુણ અંગમાં,
નિજ વીર્યથી નિજ લચ્છિ રાખે, લબ્ધિ પંચ સુરંગમાં ॥૨॥

ખટ બાહ્ય અભ્યંતરે ખટ, બારવિધ તપ જિન કહ્યો,
સસંવરી તજી ભોગ પુદ્‌ગલ, સ્વગુણરંગે રસ લહ્યો;
તપ તેજથી સહુ કર્મ છીજે, મયણ નાસે વેગલો,
નિજ હાથ ક્ષેમા ખડગ ધારી, જીતે પરિસહ મુનિ ભલો ॥૩॥

ઉપધાનથી થિર ધ્યાન હોવે, ઘાતિ નાશે ચાર જે,
જ્ઞાનાદિ ચાર અનંત પ્રગટે, અખય સિદ્ધિ સાર તે;
નિજ જ્ઞાન વિણ તપ કષ્ટ જાણો, આશ પરપરિણતિ તણી,
પર આશથી નિરાશ જગ સહુ, એ કારણ તજવી ભણી ॥૪॥

આચાર અંગ વિવાહ પન્નતિ, જાણ ઉત્તરાધ્યેનમાં,
તપ કર્મસૂદન વીર ભાખ્યો, દેખી અંતર નેણમાં;
દૂર જાય તૃષ્ણા તાપ દેતી, શુદ્ધ અનુભવ સાધીએ,
નર જન્મ ઉત્તમ પાઈ નિરમલ, મુક્તિ માર્ગ આરાધીએ ॥૫॥

પરભાવ ત્યાગી સ્વભાવ સાધો, રમણ તજી પરપરિણતિ,
સરિદ્ધિ અનંત સતંત દેખો, સહજ શાશ્વત નિત છતી;
અટૂટ અંગ અભંગ આતમ, ધરો એક વિવેક એ,
મનસુખ નિજ પદ સિદ્ધિ પાવે, અચલ કમલા સંગ તે ॥૬॥

## ॥ પૂજા - ઢાળ ॥

॥ શ્રુતપદ નમીએ ભાવે ભવિયાં - એ રાહ ॥

**તપપદ સેવો નિજ ગુણ મેવો,** સહજ સતૃપ્તિ અથાહ જી.
પુદ્‌ગલ ભોગ ઈહા નિરોધે, તપ દાખ્યો જગનાહ;

તપ પદ સેવો ને, તપ તલવારે કરમ દલ છેદો,
તપ મંગલ સુખદાય. તપ૦ ॥ એ આંકણી ॥૧॥

ભોગ ધરમ આતમમાં શાશ્વત, જો નિજ ભોગ ન જાણે જી;
પુદ્‌ગલ ગુણ પજ્જવને ભોગે, મિથ્યા તૃપ્તિ માને. તપ૦ ॥૨॥

પર ક્ષેત્રી અથિર છે પુદ્‌ગલ, ભોગ તૃપ્તિ કિમ હોવે જી;
પુદ્‌ગલ ભોગે તૃષ્ણા વાધે, તેણે ભોગાતુર હોવે. તપ૦ ॥૩॥

એક અભેદ ઈચ્છા નિરોધે, બહિરંતર વિધિ બાર જી;
કુંજર પેરે અડકર્મ મૂલને, ઉચ્છેદે તપ સાર. તપ૦ ॥૪॥

ત્રિકાલિક જે કર્મ કષાયને, તીવ્ર તપે કરી બાલે જી;
નિકાચિતપણે બાંધ્યાં પણ, પરમ ક્ષમાધર ગાલે. તપ૦ ॥૫॥

નિજગુણ તૃપ્તિવંત પુરુષને, આરત રુદ્ર ન આવે જી;
અધ્યવસાય અસંખ્ય મોહના, નિજ રમણે ક્ષય જાવે. તપ૦ ॥૬॥

જે નિજ આતમ ગુણ આનંદી, પુદ્‌ગલ ભોગ ન ઈચ્છે જી;
ભોગતૃષ્ણાથી ભવભ્રમણ છે, વિરતિવંત દુગંછે. તપ૦ ॥૭॥

અડવીશ લબ્ધિ સિદ્ધિ રિદ્ધિ, તપસી મુનિને હોવે જી;
અવાંછકપણે તપ કરતાં, કર્મ મેલ સવિ ધોવે. તપ૦ ॥૮॥

નિર્વૃતિ કામે તપ આદરતો, પુદ્‌ગલ ભાવ નિઃકામી જી;
આતમ સિદ્ધિ તે નર લહેશે, તે શ્રી જિનશાસન પામી. તપ૦ ॥૯॥

યોગસંગ આહાર[1]ને ટાલી, ભાવ અક્રિયતા લહીએ જી;
ઉદાસીનતા સહુ પરભાવે, નિજ ગુણ રસ ભર રહીએ. તપ૦ ॥૧૦॥

૧. નિદ્રાહારને

આતમ આતમ તૃપ્તિ ધારી, તપ તે આતમ જાણો જી;
વર સહાય શિવ પંથમાંહે તપ, લહે મનસુખ શિવ ઠાણો. તપ૦ ॥૧૧॥

**॥ કાવ્યં ॥**

॥ વસંતતિલકા વૃત્તમ્ ॥

તેજે છિજે સકલ કર્મ તપો પ્રભાવે, ઈચ્છા નિરોધ કરી આરત રૂદ્ર નાવે;
સેવો સદા ભવિક મુક્તિ સુહેતુ જાણી, આપે ક્ષમા સહિત સિદ્ધિ વરે સુધ્યાની ॥૧॥

**॥ કલશ ॥**

॥ ગાયો ગાયો રે મહાવીર જિનેશ્વર ગાયો - એ રાહ ॥

ગાયો ગાયો રે **નવપદ મહિમા ઈમ ગાયો,**

નવપદમાં એક શુદ્ધાતમ છે, નવપદ આત્મ સમાયો;
ભેદ અભેદ લખીને ભવિ જન, કર્મ કલંક નસાયો રે. નવપદ૦ ॥૧॥

તન્મયતાએ નવપદ સેવી, આતમ રમણ રમાયો;
કર્મશત્રુ સઘલા ક્ષય હોવે, રીંઝે આતમ રાયો રે. નવપદ૦ ॥૨॥

નયયુક્તે નવપદ ગુણ ગાતાં, મોહ મિથ્યાત્વ વિલાયો;
દુરિત દોષ ભય સકલ નશાવી, સહજાનંદ સોહાયો રે. નવપદ૦ ॥૩॥

[1]દોહદ ઓગણીસ ચોસઠ ફાલ્ગુણ, ધર્મ શુક્લ મન આયો;
કૃષ્ણ ત્રીજ મનરંગ ઉલ્લાસે, અનુભવ રસ ઉલસાયો રે. નવપદ૦ ॥૪॥

ગાંધી કોદર જિનમગ પ્રેરક, આગ્રહ સાહ્ય સુહાયો;
નવપદ ગુણ પજ્જવ થિર ધ્યાને, ધ્યાતાં શિવમગ પાયો રે. નવપદ૦ ॥૫॥

શાસન ઉન્નતિ અર્થે રચી મેં, જન મન હર્ષ ઉપાયો;
આતમ ભાવે વીરજ ફોરી, મનસુખ શિવરસ પાયો રે. નવપદ૦ ॥૬॥

**॥ ઇતિ વિ.સં. ૧૯૬૪, ફાગણ વદ-૩, દાહોદ નગરે
સુશ્રાવક મનસુખલાલ હરિલાલ વિરચિત શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

• • •

---

૧. દાહોદ

૧૭

સુશ્રાવક સુરચંદભાઈ સ્વરૂપચંદ શાહ વિરચિત

# શ્રી નવપદ પૂજા

## ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

॥ દુહા ॥

ચઉવીશ જિનપતિ નમું, નમું અપ્રમત્ત નિર્ગ્રંથ;
ધર્મ તેનું ભાખ્યું સહી, સો સમકિત શિવપંથ ॥૧॥

તે સાધે સિદ્ધચક્રને, પૂજે નિત્ય દ્રવ્યભાવ;
તે નવ ભેદે વર્ણવું, અનુક્રમે નિજ સદ્ભાવ ॥૨॥

અરિહંત સિદ્ધ ત્રીજે સૂરિ, પાઠક મુનિ ગુણ ધામ;
દરશન નાણ ચરણ વળી, તપ દ્વાદશવિધ નામ ॥૩॥

એ નવપદ ભક્તિ કરી, પૂજા રચું મનોહાર;
નવ પદ ગુણ ગણ ગાવતાં, ત્રૂટે કર્મ પ્રચાર ॥૪॥

નવપદ સોહિ આતમા, યોગ ઈંદ્રિથી ભિન્ન;
પુદ્ગલમાં લાધે નહીં, નવપદ ગુણનું ચિહ્ન ॥૫॥

ભેદ જ્ઞાન ઘટમાં વસે, તો શ્રદ્ધા સ્થિર થાય;
સ્વપર વિભાગ કરે તિહાં અનુભવ ઘટ પ્રગટાય ॥૬॥

સમભાવ વૃત્તિ એહ છે, ભાવ પૂજા પણ તેહ;
અનંતરકારણ સિદ્ધનું, તેમાં નહીં સંદેહ ॥૭॥

**॥ ઢાળ પહેલી ॥** રાગ : બિલાવર ॥

॥ જગત્ પ્રભુ આગળ ભવિ વર અક્ષત ધરીએ - એ દેશી ॥

**અરિહંત પદ ઠાણ તેરમે, ઘાતિ કર્મ હણીને,**
અનંત ચતુષ્ટયી પામીયા, પરિયાય છણીને,
હાંહાં રે પર્યાય છણીને, હાંહાં રે ઉપયોગી થઈને;
હાંહાં રે જ્ઞાન રમણ લહીને, હાંહાં રે સંભિરૂઢ[1] ગ્રહીને,
**હાંહાં રે** મૂળ રૂપે રહીને, **હાંહાં રે** વીતરાગ બનીને,
અરિહંત પદ ઠાણ તેરમે, ઘાતિ કર્મ હણીને ॥ એ આંકણી ॥૧॥

ચાર નિકાયના દેવતા, અસંખ્ય તિહાં આવે,
ચોસઠ ઈંદ્ર દેવાંગના, મળી મંગલિક ગાવે,
હાંહાં રે મળી મંગલિક ગાવે, **હાંહાં રે** તિહાં ત્રિગડું બનાવે;
હાંહાં રે કેઈ જળ વરસાવે, હાં૦ કેઈ કુસુમ બિછાવે,
હાંહાં રે બીચ કલ્પવૃક્ષ ઠાવે, હાં૦ પર્ષદા બાર આવે. અરિહંત૦ ॥૨॥

તીર્થપતિ અરિહંતજી, સિંહાસન સોહાવે,
ચઉદિશિ ચઉમુખ દેશના, દેઈ સહુને સુણાવે,
હાંહાં રે દેઈ સહુને સુણાવે, હાં૦ જ્ઞાન જીવ જાણે આવે;
હાંહાં રે તિહાં મિથ્યાત્વ જાવે, હાં૦ સમકિત શુદ્ધ પાવે,
હાંહાં રે લહે વિરતિ ભાવે હાં૦ સિદ્ધ અનુક્રમે થાવે. અરિહંત૦ ॥૩॥

ઈત્યાદિ બહુ દેશના, ભવિ જીવને આપે,
જીવ પુદ્ગલ જુદાજુદા, ઈમ બિહુ પક્ષ થાપે,
હાંહાં રે ઈમ બિહુ પક્ષ થાપે, હાં૦ સંગ્રહ નયની એ છાપે;
હાંહાં રે પરપણે નહીં વ્યાપે, હાં૦ ગુણપરને એ નાપે,
હાંહાં રે જીવ નિજ પર માપે, હાં૦ છૂટે અન્યથી આપે. અરિહંત૦ ॥૪॥

૧. સમભિરૂઢ

ઈત્યાદિ દેશના દેઈ, અરિહંતજી તારે,
જ્ઞાન શીતલ શ્રદ્ધા કરી, કેઈ ધર્મ કાજ સારે,
હાંહાં રે કેઈ ધર્મ કાજ સારે, હાં૦ પ્રભુનો ઉપગારે;
હાંહાં રે ભવિ પૂજો નિરધારે, હાં૦ ધન ખરચો અપારે,
હાંહાં રે યોગત્રણ સમારે, હાં૦ નહીં તો ભવ હારે. અરિહંત૦ ॥૫॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
અજ્ઞાનોચ્છેદકાય શ્રીમતે વીર જિનેન્દ્રાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં
અક્ષતં નૈવેદ્યં ફલં ચ યજામહે સ્વાહા ॥

(આ મંત્ર દરેક પૂજાને અંતે કહેવો)

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

॥ દુહો ॥

સિદ્ધ નિરંજન ગતિ નમું, અલખ અગોચર રૂપ;
આદિ અંત નહીં એહને, પરમાનંદ સ્વરૂપ ॥૧॥

॥ ઢાળ બીજી ॥
॥ દેખો ગતિ દૈવની રે - એ દેશી ॥

શ્રી સિદ્ધપદ આરાધીયે રે, જે નિજ સંપત્તિવંત;
જ્ઞાન અનંતુ દર્શને રે, ચરણ વીર્ય અનંત,
**નમો સિદ્ધરાયને રે ॥** એ આંકણી ॥૧॥

અવ્યાબાધ સુખ શાશ્વતું રે, પરમાનંદ સ્વરૂપ;
અટલ અવગાહ અગુરુલઘુ રે, અમૂર્તિ અનૂપ. નમો૦ ॥૨॥

ક્ષાયક સમકિતવંત છો રે, ચિદ્ઘન મૂર્તિ પરિબ્રહ્મ;
પરમજ્યોતિ વ્યક્તિ હુઇ રે, ટળીયાં આઠે કર્મ. નમો૦ ॥૩॥

અજ અવિનાશી નિરંજનો રે, લોક શિખર કરે વાસ;
ત્રણે કાળની વર્તના રે, એક સમય પ્રતિભાષ્ય. નમો૦ ॥૪॥

એક સિદ્ધ તિહાં અનંત છે રે, નિજ નિજ રૂપે રે ભિન્ન;
નહીં બાધા સિદ્ધ જીવને રે, ગુણપર્યાયમાં લીન્ન. નમો૦ ॥૫॥

ગુણપર્યાય અનંતની રે, વ્યક્તિ અનંતી રે થાય;
કોઈ કોઈમાં પેસે નહીં રે, સૌ નિજ ધર્મે સમાય. નમો૦ ॥૬॥

વ્યક્તિ વ્યક્તિએ ભિન્નતા રે, આનંદ કેરી રે થાય;
એમ આનંદ અનંતો હુવે રે, તેના ભોગી સિદ્ધ સદાય. નમો૦ ॥૭॥

એક અનેક આદિ અનાદિ રે, ગુરુ લઘુને મધ્યસ્થ;
ઈત્યાદિક ભેદ સિદ્ધના રે, જાણો બેસી સંયમરથ. નમો૦ ॥૮॥

તેથી સિદ્ધ પદ પામીયે રે, ભવિજન કરજો વિચાર;
જ્ઞાન શીતળ કહે આપજો રે, સિદ્ધરાય સિદ્ધપદ સાર. નમો૦ ॥૯॥

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

### ॥ દુહો ॥

છત્રીસ ગુણ વિરાજતા, પાળે પંચાચાર;
ષટ્ દર્શનને જાણતા, સ્યાદ્વાદી સિરદાર ॥૧॥

### ॥ ઢાળ ત્રીજી ॥

॥ મહાવીર પ્રભુ ઘેર આવે - એ દેશી ॥

આચારજ પદને પૂજીજે, ગુણરાગે વંદન કીજે;
દીયે દેશના તે ન ભૂલીજે, શંકા કંખા પૂછી છેદીજે રે;

મનમોહન જગગુરુ રાયા; તુજ દરસણ પુન્યે પાયા રે;
**મનમોહન જગગુરુ રાયા** ॥ એ આંકણી ॥૧॥

તુમે પંચ મહાવ્રત ધારી, દયા વીસ વસા નિરધારી;
સત્ય ભાષા નિરવદ્યસારી, આતમ ધર્મ શક્તિ પ્યારી રે. મન૦ ॥૨॥

અણદીધે સળી નહીં લેવે, યોગ ત્રિકરણે નારી ન સેવે;
રૂપ નિરખણ નજર ન દેવે, પરિગ્રહ નવ ત્યાગી રહેવે રે. મન૦ ॥૩॥

આશા તૃષ્ણા મૂર્ચ્છા ઉતારી, આ ભવ પરભવની નિવારી;
નિર્લોભી ને પુન્યગ્રાહકારી, જ્ઞાન ધ્યાન તપ નિર્જરા ભારી રે. મન૦ ॥૪॥

ભાવ સંવર અંતર યોગી, ભાવ અધ્યાતમ ગુણ ભોગી;
ધર્મ સાધક શબ્દ સંયોગી, કરે કરણી સદા ઉપયોગી રે. મન૦ ॥૫॥

શુદ્ધ પર્યાય રમણતા પાઈ, સદબોધ સંયમશ્રી આઈ;
ભેટે આચાર્ય ઉભા થાઈ, તિહાં આનંદવૃદ્ધિ સવાઈ રે. મન૦ ॥૬॥

નિજ ગુણ ઉપયોગે સ્થિર, વ્રતે આચારીય થઈ વીર;
અનુભવ સરોવર તીર, ભર્યું જ્ઞાન અગાધસો નીર રે. મન૦ ॥૭॥

તેમાં સ્નાને સનાતક થાવે, કર્મ મેલ અનાદિનો જાવે;
સમશ્રેણીએ સિદ્ધ ગતિ પાવે, જ્ઞાન શીતળ પદ ત્રીજું ગાવે રે. મન૦ ॥૮॥

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

### ॥ દુહો ॥

પાઠક પંચવીસ ગુણી, જ્ઞાન તણા ભંડાર;
ભણે ભણાવે સાધુને, પ્રભાવિક સિરદાર ॥૧॥

### ॥ ઢાળ ચોથી ॥

॥ રંગરસિયા રંગરસ બન્યો મન મોહનજી - એ દેશી ॥

પાઠક પદને પૂજીએ **મન મોહનજી,** એ દ્વાદશ અંગના જાણ;
**મનડું મોહ્યું રે મન મોહનજી**
નય ગર્ભિત દીયે દેશના **મ૦**, નહીં એકાંત પક્ષની તાણ. મન૦ ॥૧॥

શબ્દ નયે ધર્મ સાધના મ૦, તેમાં ચઉ પ્રથમની સમાય. મન૦
અંશ આરોપ નૈગમ ભળે મ૦, સંગ્રહ સત્તા ગ્રહવાય. મન૦ ॥૨॥

ભેદજ્ઞાન અંતર જગે મ૦, કરે ચેતન પુદ્‌ગલ ભિન્ન. મન૦
ઉપાધિ અળગી ટળે મ૦, એ વ્યવહાર નય ચિહ્ન. મન૦ ॥૩॥

મન સ્થિર ઘરમાં રહે મ૦, થઈ શુદ્ધિ અંતરમાંહી. મન૦
ઋજુસૂત્ર નય એહ છે મ૦, પરિણામગ્રાહી ત્યાંહી. મન૦ ॥૪॥

એ ચઉ શબ્દ નયેં ભળે મ૦, ઈહાં પ્રગટે સમકિત ધર્મ. મન૦
અનુક્રમે વૃદ્ધિ લહે મ૦, આવે સંભિરૂઢનો મર્મ. મન૦ ॥૫॥

એ નયે અરિહંત પદ લહે મ૦, તિહાં છ નયનું વૃત્તાંત. મન૦
એમ કાર્ય શબ્દથી સાધીયે મ૦, ચઉ પેહેલા એ નિમિત્ત એકાંત. મન૦ ॥૬॥

આયુષ્ય અંતે સિદ્ધિ વરે મ૦, લોક શિખર કરે વાસ. મન૦
એવંભૂત નય તિહાં હોવે મ૦, હવે કારણિક તિહાં નહીં પાસ. મન૦ ॥૭॥

પુદ્‌ગલ સંગ જિહાં લગે મ૦, તિહાં કારણિકનો રહે વાસ. મન૦
કાર્યયોગે કારણ કહ્યું મ૦, નહીં તો કારણ નહીં તાસ. મન૦ ॥૮॥

શબ્દ નય લાધે નહીં મ૦, તિહાં સ્થિર મિથ્યાત્વ ધર્મ. મન૦
કારણ દુભેદે કહ્યું મ૦, એક કાર્ય કારણ મર્મ. મન૦ ॥૯॥

યોગતા કારણ બીજું કહ્યું મ૦, તે સમજો ચતુર મહંત. મન૦
કાર્ય ઉપાદાનનું હુવે મ૦, તે કાર્ય કારણ કહંત. મન૦ ॥૧૦॥

નિમિત્ત પ્રવૃત્તિ કીજિયે મ૦, તે જોગે કાર્ય નિપજંત. મન૦
તે યોગતા કારણ સહી મ૦, નહીં તો અકારણ કહંત. મન૦ ॥૧૧॥

એમ સપ્ત નય ગ્રહીએ મ૦, નહીં એકે ઉત્થાપક હુંત. મન૦
શક્તિ તે વ્યક્તિ હુવે મ૦, થાય સંગ્રહ એવંભૂત. મન૦ ॥૧૨॥

ઈમ સિદ્ધ સાધન સાધીયે મ૦, કહે ગ્રંથે જ્ઞાની ગુરુરાજ. મન૦
જ્ઞાન શીતળ શ્રદ્ધા કરો મ૦ લહો સમકિત સારો કાજ. મન૦ ॥૧૩॥

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

### ॥ દુહો ॥

જ્ઞાની તે સાધુ નમું, જાણે વસ્તુ સ્વભાવ;
ઉપાધિ અળગી કરે, ત્યાં શિવસાધન દાવ ॥૧॥

### ॥ ઢાળ પાંચમી ॥

॥ ગિરિવર દરસણ વિરલા પાવે - એ દેશી ॥

**મુનિ મહંત પદપૂજા કીજે,** મુનિ ગુણ ઓળખતાં દિલ રીઝે;
મુનિ મહંત પદપૂજા કીજે;
મુનિ દરશણથી સમકિત પામે, અનુક્રમે સિદ્ધ ગતિ પણ લીજે;
મુનિ મહંત પદપૂજા કીજે ॥ એ આંકણી ॥૧॥

પંચઈંદ્રિ વિષય અશુભ નિવારી, જિતેન્દ્રિય યતિ ધર્મે રીઝે મુનિ૦
પેહેલું ધર્મ ક્ષમા અંતરમાં, ક્રોધ તજી સમતા રસ પીજે મનિ૦ ॥૨॥

બીજું માર્દવ ધર્મ અમાની, મદ આઠ તજી મોટપે ન રીઝે મુનિ૦
ત્રીજું આર્જવધર્મ સરળતા, કપટરહિત અવક્ર થઈ જે મુનિ૦ ॥૩॥

ચોથું મુત્તિ ધર્મ જ્ઞાન વૈરાગે, તજી પર મમતા લોભ હણીજે મુનિ૦
ઈમ ચૌધર્મ કષાય અભાવે, ગુરુમુખ વચને એમ સુણીજે મુનિ૦ ॥૪॥

પંચમું તપધર્મ દ્વાદશ ભેદે, ષટ્ ષટ્ બાહ્ય અભ્યંતર કીજે મુનિ૦
છઠ્ઠું સંયમ આશ્રવ ત્યાગે, સત્તર ભેદ ઘણી રીઝે ગ્રહીજે મુનિ૦ ॥૫॥

સાતમું સત્યધર્મ સત્યભાષાએ, આજ્ઞાસત્ય વસ્તુસત્ય સમજીજે મુનિ૦
અષ્ટમ શૌચધર્મ ભેદ જ્ઞાને, પુદ્ગલ અનુભવ ત્યાગી વરીજે મુનિ૦ ॥૬॥

નવમું ધર્મ અકિંચન દાખ્યું, પરિગ્રહ ત્યાગી સનેહ હણીજે મુનિ૦
દશમું બ્રહ્મચર્ય ધર્મ ભાખ્યું, ત્રિકરણ યોગે વેદ વિષે ન સેવીજે મુનિ૦ ॥૭॥

એમ દશયતિધર્મ આરાધી, મુનિગુણ વૃદ્ધિ લહે રંગરીઝે મુનિ૦
સંયમ ઠાણ વિશુદ્ધિ વરતાં, જ્ઞાન શીતલ કરી શિવપદ લીજે મુનિ૦ ॥૮॥

## ॥ ષષ્ઠ શ્રી દર્શનપદ પૂજા ॥

### ॥ દુહો ॥

વસ્તુને વસ્તુપણે, સદહે સો સમકિત;
અવસ્તુ વસ્તુ કહે, તે મિથ્યાત્વ ભ્રમ મિત ॥૧॥

ભેદ જ્ઞાન અંતર જગે, તિહાં વસ્તુ ઓળખાય;
જીવ પુદ્ગલ ડુંફારતા[1], શ્રદ્ધા સ્થિર ન ડોલાય ॥૨॥

તે સમકિત દરશણ નમું, શિવપદ આપણહાર;
સર્વ ધર્મનું મૂળ એ, ગુણ વૃદ્ધિ આધાર ॥૩॥

### ॥ ઢાળ છઠ્ઠી ॥

॥ તીરથની આશાતના નવિ કરિયે - એ દેશી ॥

**સમકિત દર્શન પૂજીએ ભવિ ભાવે,** ભાવ સ્વભાવે સમકિત આવે;
તિહાં મિથ્યાત્વ મૂળથી જાવે, પામે ચોથું સ્થાન. સમકિત૦ ॥૧॥ એ આંકણી ॥

દર્શન અનુભવ તે સહી પ્રત્યક્ષ, દેખે શુદ્ધ સ્વરૂપનો પક્ષ;
જ્ઞાન યોગે દર્શન વિચક્ષ, જાણે દેખે એમ. સમકિત૦ ॥૨॥

સંસાર છેદક એ સહી, અતિ બળીઓ, પડતાં અર્દ્ધ પુદ્ગલ કહીઓ;
નહીં તો સાત આઠ ભવ રહીઓ, પછી સિદ્ધિ લહંત. સમકિત૦ ॥૩॥

ચારિત્ર વિણ સિદ્ધિ વરે એમ જાણો, નહીં સમકિત વિણ શિવરાણો;
સમકિત ગુણ પરથમ આણો, થાશે કારજ સાર. સમકિત૦ ॥૪॥

સમકિત વિણ ધર્મ સાધના અલેખે, કરે કિરિયા જગત સૌ દેખે;
ભણે જ્ઞાન કથે ન જાણે રેખે, અંકવિણ બિંદુ જેમ. સમકિત૦ ॥૫॥

ગત સમકિતને પૂરવે આયુ બાંધ્યું, એ બેઉ વિણ સમકિત સાધ્યું;
બીજું આયુષ્ય બાંધે નહીં લાધ્યું, દેવ વૈમાનિ બંધ. સમકિત૦ ॥૬॥

મળ ઉપશમ ક્ષય ઉપશમ ક્ષય જાણો, તેથી સમકિત ત્રિવિધ આણો;
ક્ષાયક ત્રણ ચાર ભવે ટાણો, સિદ્ધિ વરશે એમ. સમકિત૦ ॥૭॥

૧. જુદા કરતાં.

સાસ્વાદન ઉપશમ પંચવાર લહીજે, ક્ષય ઉપશમ અસંખ્યવાર કીજે,
ક્ષાયક એકવાર ગ્રહી સીજે, ભવસ્થિતિ માંહી. સમકિત૦ ॥૮॥

ક્ષયઉપશમ પરથમ લહે સિદ્ધાંતે, ઉપશમ કર્મગ્રંથે અકાંતે,
પામે સમકિત શાંત દાંતે, ભિન્ન શાસ્ત્રે વિચાર. સમકિત૦ ॥૯॥

સમકિત ઠાણથી પડી મિથ્યાત્વે જાવે, તિહાં રહેતાં અનંત કાળ થાવે;
કર્મબંધ અનંતો પાવે, સ્થિતિ ન વધે એમ. સમકિત૦ ॥૧૦॥

ઈત્યાદિક ગુણ મોટકો સિદ્ધિદાતા, ગુરુ વચને કહે ગુણગ્યાતા,
સમકિત ભાવના મુનિ ધ્યાતા, જ્ઞાન શીતળ ગાય ॥ સમકિત૦ ॥૧૧॥

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

### ॥ દુહો ॥

જીવ સ્વભાવે જ્ઞાન તે, ચારિત્ર સમકિત મૂળ;
અનુભવે શિવસુખને, સહજાનંદ અનુકૂળ ॥૧॥

જ્ઞાનાવરણી કર્મ જે, ક્ષય ઉપશમ તસ થાય;
જ્ઞાન ગુણ પ્રગટે સહી, જાણે વસ્તુને ન્યાય ॥૨॥

દ્રવ્યારથ દસ ભેદ ને, પર્યાયારથ ષટ્ ભેદ;
દ્રવ્યપર્યાયને જાણતાં, લહીએ જ્ઞાન અભેદ ॥૩॥

### ॥ ઢાળ સાતમી ॥

॥ રાગ : સારંગ. હો ધન્ના - એ દેશી ॥

આતમ જ્ઞાનપદ પૂજીએ રે મિતા, શુભ ઉપયોગે સ્થિર;
અંતર અજવાળું કરે રે મિતા, અકૃત્ય ચિંતક ધીર રે. **રંગીલા મિતા.**

એ જ્ઞાન પૂજોને, એ જ્ઞાન પૂજો ઘટમાં રે મિતા,
લહો અનુભવ પ્રત્યક્ષ રે. **રંગીલા મિતા એ જ્ઞાન પૂજોને** ॥ એ આંકણી ॥૧॥

ગુણપર્યાય અનંતનો રે મિતા, અનુભવ સ્હેજે થાય;
અનંત ચક્ષુવંતો સહી રે મિતા, પરમ જ્યોતિ પ્રગટાય રે. રંગીલા૦ ॥૨॥

અરૂપી વિષય જ્ઞાનનો રે મિતા, આતમ જ્ઞાને ગ્રહંત;
અનુભવ રીતે જાણતાં રે મિતા, સ્પર્શ જ્ઞાન કહંત રે. રંગીલા૦ ॥૩॥

નિજાતમ વિણ સર્વને રે મિતા, જાણે તે બાહ્ય જ્ઞાન;
બાળ જ્ઞાન બીજું નામ છે રે મિતા, ત્રીજું વ્યવહાર જ્ઞાન રે. રંગીલા૦ ॥૪॥

સ્વપર જાણ જ્ઞાની કહ્યા રે મિતા, પર અનુભવી ન કહાય;
અરીસામાં અન્ય છબી પડે રે મિતા, છબીએ અરીસો ન લેપાય રે; રંગીલા૦ ॥૫॥

પરજાણ ઉપમા વાંચછે રે મિતા, જ્ઞાની નિજાતમ જાણ;
સ્વભાવે નિજ ધર્મ છે રે મિતા, પરભાવે પરધર્મ ઠાણ રે. રંગીલા૦ ॥૬॥

પરભાવે ધર્મ નવિ રહે રે મિતા, પામેલું ક્ષણમાં વિનાશ;
ધર્મઘાતિ પરભાવને રે મિતા, તજી કરો સ્વભાવે વાસ રે. રંગીલા૦ ॥૭॥

શુદ્ધ એકતા અચલતા રે મિતા, અકૃત્ય ચિંતક ભાવ;
પરાનુયાયી ઈહાં ટલ્યો રે મિતા, અભેદજ્ઞાની હુવા રાવ રે. રંગીલા૦ ॥૮॥

ભેદ જ્ઞાન કારણ કહ્યું રે મિતા, ટળતાં કાર્યતા પાય;
કેવળનાણ દર્શણ લહે રે મિતા, એ શુદ્ધ સદ્ભૂત થાય રે. રંગીલા૦ ॥૯॥

પર્યાય દ્રવ્ય એકાગ્રતા રે મિતા, વ્યક્તિ અનંતી ભિન્ન;
અભિન્ન રૂપે તિહાં સહી રે મિતા, એ સ્યાદ્વાદ ધર્મ ચિહ્ન રે. રંગીલા૦ ॥૧૦॥

એમ જ્ઞાનયોગ આરાધીયે રે મિતા, ભેદ અભેદ વિચાર;
જ્ઞાન શીતલ સિદ્ધિ વરે રે મિતા, લહે અવ્યાબાધ હિતકાર રે. રંગીલા૦ ॥૧૧॥

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

### ॥ દુહો ॥

જે ચારિત્ર શરણ કરે, તે નિર્ભય પદ પાય;
ભવ ભવ નાટક નવિ કરે, મોહાદિ કર્મ ક્ષય થાય ॥૧॥

ચારિત્ર ગુણ અંતર વિષે, અનુભવ જ્ઞાન સંયોગ;
સ્થિર ઉપયોગ શુદ્ધતા, તિહાં સંયમશ્રી ભોગ ॥૨॥

સંયમશ્રી સંગે રહે, ચારિત્ર રાયની પાસ;
પ્રમોદિત અળગી નહીં, કાર્ય કરે થઈ દાસ ॥૩॥

### ॥ ઢાળ આઠમી ॥

॥ તોરણ આઈ ક્યું ચલે રે - એ દેશી ॥

ચારિત્ર ધર્મને પૂજિયે રે, નિર્ગ્રંથ પદ અણગાર સલૂણા,
વ્યવહાર નિશ્ચય ભેદથી રે, પરથમ કહું વ્યવહાર સલૂણા;
**ચારિત્ર ધર્મને પૂજિયે રે,** નિર્ગ્રંથ પદ અણગાર સલૂણા ॥ એ આંકણી ॥૧॥

પંચ મહાવ્રત ઉચ્ચરે રે, સુઝતો આહાર નિહાળે સલૂણા;
લોચ કરે ભૂમિયે સૂએ રે, અડવાણે પગે ચાલે સલૂણા. ચારિત્ર૦ ॥૨॥

ષટ્ આવશ્યક બે ટંકનાં રે, નવ કલ્પે વિહાર સલૂણા;
દેશના ગુરુ મુખે સુણે રે, પલેહણ કરે બે વાર સલૂણા. ચારિત્ર૦ ॥૩॥

ઈત્યાદિ બહુ સાધના રે, વ્યવહાર ચારિત્ર તેહ સલૂણા;
સ્વર્ગ સુખ તેહથી લહે રે, પરંપર કારણ એહ સલૂણા. ચારિત્ર૦ ॥૪॥

નિશ્ચે ચરણ હવે દાખવું રે, જે શિવસુખ દાતાર સલૂણા;
અનંતર કારણ સિદ્ધનું રે, અંતર દૃષ્ટિ વિચાર સલૂણા. ચારિત્ર૦ ॥૫॥

જ્ઞાને વસ્તુને ઓળખે રે, એક પ્રણમન વસ્તુ ભિન્ન સલૂણા;
પરસંગે મિશ્રિત હુઓ રે, ચેતન પુદ્ગલ ચિહ્ન સલૂણા. ચારિત્ર૦ ॥૬॥

પરસંગી હુઈ ચેતના રે, ઇંદ્રિદ્વારે એહ સલૂણા;
ઉપયોગીક સદા રહે રે, પુદ્ગલ ધર્મે તેહ સલૂણા. ચારિત્ર૦ ॥૭॥

મન મેલું નહિ સ્થિરતા રે, ભટકણ લાગ્યો તેહ સલૂણા;
વસ્તી ઉજડમાં ભમે રે, ગયણ પાયાલે એહ સલૂણા. ચારિત્ર૦ ॥૮॥

ઇંદ્રિ નોઇંદ્રિ નહીં આતમા રે, પુદ્‌ગલ વસ્તુ તેહ સલૂણા;
તેમાં જાણંગ ગુણ આતમા રે, ઉપયોગ લક્ષણ એહ સલૂણા. ચારિત્ર૦ ॥૯॥

એમ ભેદજ્ઞાને વ્હેંચીયે રે, જીવ પુદ્‌ગલ દોય ભિન્ન સલૂણા;
હેય જાણી પર છોડીને રે, ચેતના ગ્રહો થઈ લીન્ન સલૂણા. ચારિત્ર૦ ॥૧૦॥

વીર્ય સ્ફૂરણાયેં થઈ રે, પર્યાય ધર્મે વૃત્તિ સલૂણા;
ઉપયોગ અનંતો હુવો રે, સ્થિરપણે જેમ ધરતી સલૂણા. ચારિત્ર૦ ॥૧૧॥

ભાવ અધ્યાત્મ ધર્મએ રે, સંવર નિર્જરા સાથ સલૂણા;
ધ્યાતા ધ્યેય ધ્યાન એકતા રે, ચારિત્ર રાય જગનાથ સલૂણા. ચારિત્ર૦ ॥૧૨॥

નિર્મોહી મોહને હણી રે, હણીયા રાગ ને દ્વેષ સલૂણા;
અશુદ્ધ પરિણતિને છેદીને રે, શુદ્ધ પરિણતિયે પ્રવેશ સલૂણા. ચારિત્ર૦ ॥૧૩॥

નિશ્ચેં ચરણ એ ભાખિયું રે, યથાખ્યાત તસ નામ સલૂણા;
વીતરાગ ઠાણ બારમે રે, લાધ્યું પદ હિત કામ સલૂણા. ચારિત્ર૦ ॥૧૪॥

પા ક્ષણમાં એ કેવળ લહે રે, ત્યાં ગુણઠાણ તેરમું કહાય સલૂણા;
જ્ઞાન શીતળ કરે વંદના રે, માનજો અરિહંતરાય. સલૂણા ચારિત્ર૦ ॥૧૫॥

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

### ॥ દુહો ॥

કર્મ જલે તપ ધર્મથી, તપથી જાય વિકાર;
અશુદ્ધતા અળગી ટળે, તપ ઉત્તમ આચાર ॥૧॥

ધ્યાન તપ અંતર વિષે, આજ્ઞા અપાય વિચાર;
વિપાક ને સંસ્થાન એ, ધ્યાઈ લ્યો ધર્મસાર ॥૨॥

ઉત્સર્ગ કાયાનો કરે, ત્યાગ એ જ્ઞાન સંયોગ;
બાધિત ભાવ સવે ટળે, લહે અવ્યાબાધ ભોગ ॥૩॥

## ॥ ઢાળ નવમી ॥

॥ વગડાનો વાસી રે મોર શીદ મારીયો - એ દેશી ॥

તપ પદ પૂજીને સકામ નિરજરા કરીયે રે, બંધને વિદારી રે કર્મથી છુટીયે;
ધ્યાન તપે ધર્મધ્યાને આજ્ઞા વિચારી રે, મિથ્યાત્વને મારી રે સમકિત લીજીયે.

**અજ્ઞાનને નિવારી રે જ્ઞાન રસ પીજીયે,**
**અવ્રતને ગાળી રે વિરતિ રસે ભીંજીયે;**
**પ્રમાદને ટાળી રે અપ્રમત્તે રીઝીયે,**
**મોહને વિદારી રે, યથાખ્યાતે સીઝીયે ॥ એ આંકણી ॥૧॥**

અપ્પાય વિચય બીજે પાયે વિચારી રે,
આતમરામને અનંત ગુણી તે કીજીએ;
વિપાક વિચય ત્રીજે પાયે ગુણવંત રે,
પરસંગે ફળ રે વિપાક અશાતા લીજીયે.
અજ્ઞાનને૦ અવ્રત૦ પ્રમાદ૦ મોહ૦ ॥૨॥

સંસ્થાન વિચાર તે અસંખ્યાતા લોકમાંહી રે,
કર્મ પર્યાયેં રે જન્મ મરણે ફરસીયે;
એમ ચઉભેદે ધર્મધ્યાન તપ ધ્યાયા રે,
શુક્લ ધ્યાન રે પરસંગ ત્યાગી કીજીયે. અજ્ઞાન૦ ॥૩॥

પેહેલે પાયે સ્વપર વિચાર ભિન્ન ભિન્ન રે,
વહેંચી જુદા જુદા રે જીવ પુદ્‌ગલ દોય કીજીયે;
મોહમલ્લ ઈહાં આત્મ પ્રદેશથી ટાળી રે,
ધ્યાન અગ્નિયેં લગાડી રે યથાખ્યાત લીજીયે. અજ્ઞાન૦ ॥૪॥

બીજે પાયે અભેદ જ્ઞાન એકત્વ રે,
પરઅનુભવ રે ઠાણ બારમેથી ટાળીએ;
જ્ઞાનાવરણી દર્શનાવર્ણી અંતરાય રે,
તેને હણતાં રે કેવળજ્ઞાન નિહાળીયે. અજ્ઞાન૦ ॥૫॥

ત્રીજો પાયો તેરમા ઠાણના અંતે રે,
આયુષને છેડે રે યોગ રોધ કીજીયે;
ચોથે પાયે સહી અયોગી અકર્મી રે,
ક્રિયા ને કાયાનો રે ઉચ્છેદ કરી સીઝીયે. અજ્ઞાન૦ ॥૬॥

ધર્મ શુક્લ ધ્યાન ચઉ ચઉ પાયા દાખ્યા રે,
તે અભ્યિંતર રે પાંચમો તપ ભેદ કીજીયે;
છટ્ઠો તપ ભેદ કાયોત્સર્ગ કહીજે રે,
તે ભાવ આવી ગયો રે, કાયાનો ઉચ્છેદ તિહાં લીજીયે. અજ્ઞાન૦ ॥૭॥

બાકી રહ્યા દશભેદ તપના તે સમજી રે,
અંતર્દષ્ટિયે રે કર્મ બળે એમ કીજીયે;
જ્ઞાન શીતળ કહે ધ્યાન તપને આરાધી રે,
અકૃત્ય અનુભવ રે યોગેં સિદ્ધ પદ લીજીયે. અજ્ઞાન૦ ॥૮॥

## ॥ કળશ ॥

### ॥ ઢાળ ॥

॥ ઘણું જીવ તું જીવ જિનરાજ જીવો ઘણું - એ દેશી. અથવા કડખાની દેશી ॥

**નવપદ પૂજીયે મુક્તિ પંથ લીજીયે,** દેવ ગુરુ ધર્મ ત્રણ તત્ત્વ જાણી;
શુદ્ધ શ્રદ્ધા કરી મિથ્યાત્વ પરહરી, સમકિત સુમતિ બેહુ લીયો તાણી.
નવપદ પૂજીયે૦ ॥ એ આંકણી ॥૧॥

પરથમ અરિહંત પદતણી પૂજના, શત્રુ દ્રવ્યભાવ દોય હણતાં થાવે;
ભાવથી રાગદ્વેષ અશુદ્ધ પરિણતિયે,
દ્રવ્યથી ગુણઘાતિ ચઉ ક્ષય પાવે. નવ૦ ॥૨॥

બીજી સિદ્ધ પદતણી કહું હવે પૂજના, અષ્ટ કર્મક્ષયથી અષ્ટ ગુણ પાવે;
પુદ્ગલ રહિત એ આત્મરૂપે સદા,
અનંત ગુણ વૃત્તિ અકૃત્ય થાવે. નવ૦ ॥૩॥

આચાર્ય ઉપાધ્યાય સાધુ સર્વ પૂજીને, કંચન કામિનીથી રહિત થઈયે;
સાવદ્ય ત્યાગ ત્રિકરણ ત્રિકરણ કરી,
જાવજ્જીવ લગે નિસ્પૃહી રહીયે. નવ૦ ॥૪॥

દર્શન નાણ ચરણ તપ ગુણ પૂજતા, અંતરકરણે ઉપયોગી રહીએ;
તેથી તિહાં પામીએ સ્વરૂપે વિશુદ્ધતા,
શક્તિ સો વ્યક્તિ પરગટ લહીયે. નવ૦ ॥૫॥

એમ નવ પદતણી પૂજના ઘટ વિષે, ગુણ પ્રગટે સો ભાવ પૂજા કહીએ;
તેહ જ્ઞાને કરી પૂજા મેં વર્ણવી,
ઉપયોગે પૂજી શિવસુખ લહીએ. નવ૦ ॥ ૬॥

ઓગણીસેં બાવન અષાડ દુવાદશી, કૃષ્ણ પક્ષ વાર ગુરુએ ગાઈ;
અનુભવ પદતણા સ્થિર વિચારથી,
રમણ રચના કરી પૂર્ણતાઈ. નવ૦ ॥૭॥

મનોરથ માહરો સફળ હુવો આજ એ, આનંદ ઉલટભર હર્ષ વાધ્યો;
નવપદ આતમા આત્મ ભાવે પૂજના,
એ વિણ કાર્ય નહીં કોઈએ સાધ્યો. નવ૦ ॥૮॥

એમ ભવિ પૂજીયે ભક્તિ ઘણી કીજીયે, વચન સત્ય વિવેકે ઉચારીયે એ;
જ્ઞાન શીતલ કરી ઉપયોગ શુદ્ધ ગ્રહી,
વ્યક્તિ લહી શિવપંથ ચાલીયે એ.નવ૦ ॥૯॥

## ॥ કળશ ॥

॥ શ્રુતજ્ઞાન અનુભવ - એ દેશી ॥

ઉપશમ જળે મળ શાંત કરીએ ઉપયોગ ચંદન પૂજીએ,
વળી જ્ઞાન પુષ્પજ ધૂપ શ્રદ્ધા, દીપ અનુભવ કીજીએ;
વૈરાગ્ય અક્ષત જ્ઞાન ગર્ભિત, દૃષ્ટિ સમ નૈવેદ્ય એ,
એમ જ્ઞાન શીતલ ભાવ પૂજા, ફળ કહ્યું સંતોષ એ ॥૧॥

## ॥ આરતિ ॥

॥ અપછરા કરતી આરતી - એ દેશી ॥

**આરતિ કરું જિનરાજની સહજ ભાવે,** જ્ઞાન દીપ જ્યોતિ પ્રગટાવે;
ઘટ અંતર પ્રકાશ થાવે, ભાગે તિમિરાંધકાર. આરતિ૦ ॥૧॥

જિનભાવ સંભાવ એ જ્ઞાનયોગ, ટળે રાગદ્વેષ ભાવ રોગ;
વસે શુદ્ધ પરિણતિ સંયોગ, ક્ષીણમોહ વીતરાગ. આરતિ૦ ॥૨॥

ઉતરવું મૂળરૂપમાં ગુણે ચઢવું, શુદ્ધ ઉપયોગ રમણ આદરવું;
ગુણપર્યાય અનુભવ કરવું, લાધે કેવળ જ્ઞાન. આરતિ૦ ॥૩॥

ભાવ જિન અરિહંતજી એ પ્યારો, ઘાતિકર્મ હણી હુવો ન્યારો;
ઠાણ તેરમું તિહાં વિચારો, અંતે યોગનો રોધ. આરતિ૦ ॥૪॥

ધર્મ અનંતો વ્યક્તિએ ભિન્ન વર્તે, સોહી ભાવ નાટક નાચ કરતે;
હુવા સિદ્ધ લોકંતે ઠરતે, ભાંગે સાદિ અનંત. આરતિ૦ ॥૫॥

સહજસ્વભાવે જિનજી સમ થાવું, એમ ઉલટ મનમાં લાવું;
જ્ઞાન શીતલ આરતિ ગાવું, તજી પુદ્‌ગલિક ભાવ. આરતિ૦ ॥૬॥

● ● ●

## ॥ મંગલ દીવો ॥

**જ્ઞાન પ્રકાશસો મંગલિક દીવો,** ઉતારો આરતિ સમકિતી જીવો;
મૂર્છા ઉતારો પુદ્‌ગલ કેરી, અપ મંગલિક એ નહીં ભલેરી. જ્ઞાન૦ ॥૧॥

મંગલિક જીવ સ્વરૂપોપયોગી, ભાવ નિક્ષેપ નિજભાવ સંયોગી;
અરૂપી શુદ્ધ પરિણતિ ત્યાં કહીએ, ધ્યાતા ધ્યેય ધ્યાન એકતા લઈએ. જ્ઞાન૦ ॥૨॥

રાગદ્વેષ અપમંગલિક હણીયા ગુણઘાતિ ટળ્યા જે ચઉ રણીયા;
મંગલિક કેવળજ્ઞાન સો દીવો, પરમાનંદ અનંત રસ પીવો. જ્ઞાન૦ ॥૩॥

એહી મંગલિક સિદ્ધપદ આપે, આયુષ્ય અંતે અઘાતિ કાપે;
કાર્મણ કર્મ મનુષ્યભવ છોડી, સિદ્ધગતિયે વર્યા શિવવધૂ જોડી. જ્ઞાન૦ ॥૪॥

અવ્યાબાધ અનંત સુખ સંગી, પર્યાય ધર્મે વૃત્તિ એકંગી;
ઉત્કૃષ્ટ મંગલિક સિદ્ધને કહીએ, જ્ઞાન શીતલ એ ભાવસો ગ્રહીએ. જ્ઞાન૦ ।।૫।।

**।। ઇતિ વિ.સં. ૧૯૫૨, અષાઢ વદિ-૧૨,**
**સુશ્રાવક સુરચંદભાઈ સ્વરૂપચંદ શાહ વિરચિત શ્રી નવપદ પૂજા સમાપ્ત ।।**

● ● ●

## પરમોપાસ્ય નવપદજીનાં નવ પદો

આ પદો એટલે રહસ્યોનો ખજાનો.
આ પદો એટલે ભાવઐશ્વર્યથી છલોછલ છલકાતા અધ્યાત્મના રસકુંડ.
આ પદો એટલે અનંતની યાત્રાનું રસમધુર પાથેય.
આ પદો એટલે પરમ સાથે અનુસંધાન સાધી આપતો દિવ્ય સેતુ.
આ પદો એટલે સત્તામાં છૂપાયેલાં પરમતત્ત્વનાં પ્રાગટ્યનું પાવન વશીકરણ.
આ પદો એટલે અંતરાત્માને મોહનિદ્રામાંથી ઢંઢોળતી સાયરન.
આ પદો એટલે વિશ્વનાં સર્વ શુભતત્ત્વોનું કોમન સરનામું.
આ પદો એટલે માંગલ્યનો મહાકુંભ.
આ પદો એટલે જીવની કલ્યાણયાત્રાના પ્રોત્સાહક માઈલસ્ટોન.
આ પદો એટલે કિંમતી ગુણરત્નોનું ભવ્ય અને વિરાટ સંગ્રહાલય.
આ પદો એટલે આત્મોત્થાન માટેનું એલિવેટર.
આ પદો એટલે અધ્યાત્મનાં ગગનમાં ઉડવા માટેનું હવાઈ જહાજ.
આ પદો એટલે ભવસમુદ્ર તારનારું જંગી જલ જહાજ.
આ પદો એટલે મનને મહેંકતું રાખનારું મનોહર પુષ્પઉદ્યાન.
આ પદો એટલે આત્માનાં મૂળભૂત સ્વરૂપનું દર્શન કરાવતું દિવ્ય દર્પણ.
આ પદો એટલે ભવરોગનો વિલય કરનારી જડીબુટ્ટીઓનું જંગલ.
આ પદો એટલે આત્મશૌર્યને ઉત્તેજિત કરતું રણશિંગુ.
આ પદો એટલે આધ્યાત્મિક ક્રાંતિનો શંખનાદ.
આ પદો એટલે સાધનાની પ્રયોગશાળા.
આ પદો એટલે શાશ્વત અધ્યાત્મ-તીર્થ.

નવપદજીને ભાવે કરું વંદના...

१८

श्री विजय लक्ष्मीसूरि महाराज विरचित
श्री वीशस्थानक पूजामांथी उद्धृत श्री अरिहंत पद आदि

# श्री नवपद पूजा

## ॥ प्रथम श्री अरिहंतपद पूजा ॥

॥ दुहा ॥

શ્રી શંખેશ્વર પાસજી, સકળ જંતુ હિતકાર;
પ્રણમી પદયુગ તેહનાં, સ્તવન-પૂજા રચું સાર ॥૧॥

બહુવિધ તપ જપ દાખિયા, લોક લોકોત્તર સત્થ;
વીશસ્થાનક સમ કો નહિ, સદ્ગુરુ વદે પસત્થ ॥૨॥

અરિહંતાદિક પદપણું, કારણ એ તપ સત્ય;
ત્રિકયોગે પ્રભુ પૂજીએ, ભાવશું જેવી શક્ત ॥૩॥

નિર્મલ પીઠ ત્રિકોપરી, સ્થાપી જિનવર વીસ;
પૂજોપકરણ મેળવી, પૂજીએ વિસવાવીસ ॥૪॥

એક એક પદ વર્ણન કરી, પૂજા પંચ પ્રકાર;
અડવિધ એકવીશ જાણીએ, સેવો સત્તર ઉદાર ॥૫॥

સજળ કળશ અડજાતિના, જિનઆણા શિર ધાર;
પૂજે સ્થાનક વીશને, તસ નહિ દુરિત પ્રચાર ॥૬॥

પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો શ્રી જિનભાણ ॥૭॥

**॥ ઢાળ પહેલી ॥**

॥ આદિ જિણંદ મયા કરો - એ દેશી ॥

**શ્રી અરિહંત પદ ધ્યાઈએ,** ચોત્રીશ અતિશયવંતા રે;
પાંત્રીશ વાણી ગુણે ભર્યા, બાર ગુણે ગુણવંતા રે. **શ્રી૰** ॥૧॥

અડહિય સહસ લક્ષણ દેહે, ઈંદ્ર અસંખ્ય કરે સેવા રે;
ત્રિહું કાળના જિન વાંદવા, દેવ [૧]પંચમ મહાદેવા રે. શ્રી૰ ॥૨॥

પંચ કલ્યાણક વાસરે, ત્રિભુવન થાય ઉદ્યોત રે;
દોષ અઢાર રહિત પ્રભુ, તરણ તારણ જગ પોત રે. શ્રી૰ ॥૩॥

ષટ્કાય ગોકુળ પાળવા, મહાગોપ કહેવાય રે;
દયા પડહ વજડાવવા, મહામાહણ જગ તાય રે. શ્રી૰ ॥૪॥

ભવોદધિ પાર પમાડતા, ચોથો વર્ગ દેખાવે રે;
ભાવ નિર્યામક ભાવિયા, મહાસત્થવાહ સોહાવે રે. શ્રી૰ ॥૫॥

અસંખ્ય પ્રદેશ નિર્મળ થયા, છતી પર્યાય અનંતા રે;
નવનવા જ્ઞેયની વર્તના, અનંત અનંત જાણંતા રે. શ્રી૰ ॥૬॥

પિંડ-પદસ્થ-રૂપસ્થમાં, દ્રવ્ય ગુણ પર્યાયે ધ્યાયા રે;
દેવપાલાદિ સુખી થયા, સૌભાગ્ય લક્ષ્મીપદ પાયા રે. શ્રી૰ ॥૭॥

**॥ શ્રી અરિહંતપદ કાવ્યં ॥** ઉપજાતિ ॥

પુષ્પપ્રદીપાક્ષતધૂપપૂગી - ફલૈર્જિનેન્દ્રપ્રતિમાં પ્રપૂજ્ય;
યે લક્ષશઃ શ્રીપરમેષ્ઠિમન્ત્રં, જપન્તિ તે તીર્થકૃતો ભવન્તિ ॥૧॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે અર્હતે જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

૧. દ્રવ્યદેવ, ભાવદેવ, નરદેવ, લૌકિકદેવ - આ ચાર પ્રકારના દેવો ઉપરાંત પાંચમા દેવાધિદેવ.

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

### ॥ દુહો ॥

ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ;
અષ્ટ કર્મમલ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ ॥૧॥

### ॥ ઢાળ બીજી ॥

॥ ગુણરસિયા - એ દેશી ॥

શ્રી સિદ્ધપદ આરાધીએ રે, ક્ષય કીધા અડ કર્મ રે; **શિવ વસિયા.**
અરિહંતે પણ માનિયા રે, સાદિ અનંત સ્થિતિ શર્મ રે. **શિવ૦** ॥૧॥

ગુણ એકત્રીશ પરમાતમા રે, તુરિય દશા આસ્વાદ રે; શિવ૦
એવંભૂત નયે સિદ્ધ થયા રે, ગુણગણનો આહ્‌લાદ રે. શિવ૦ ॥૨॥

સુરગણ સુખ ત્રિહું કાળનાં રે, અનંતગુણાં તે કીધ રે; શિવ૦
અનંત વર્ગે વર્ગિત કર્યાં રે, તો પણ સુખ સમીધ રે. શિવ૦ ॥૩॥

બંધ ઉદય ઉદીરણા રે, સત્તા કર્મ અભાવ રે; શિવ૦
ઊર્ધ્વગતિ કરે સિદ્ધજી રે, પૂર્વ પ્રયોગ સદ્‌ભાવ રે. શિવ૦ ॥૪॥

ગતિ પારિણામિક ભાવથી રે, બંધન છેદન યોગ રે; શિવ૦
અસંગ ક્રિયા બળે નિર્મળો રે, સિદ્ધગતિનો ઉદ્યોગ રે. શિવ૦ ॥૫॥

પએસંતર અણફરસતા રે, એક સમયમાં સિદ્ધ રે; શિવ૦
ચરમ ત્રિભાગ વિશેષથી રે, અવગાહન ઘન કીધ રે. શિવ૦ ॥૬॥

સિદ્ધશિલાની ઉપરે રે, જ્યોતિમાં જ્યોતિ નિવાસ રે; શિવ૦
હસ્તિપાલ પરે સેવના રે, સૌભાગ્ય લક્ષ્મી પ્રકાશ રે. શિવ૦ ॥૭॥

### ॥ શ્રી સિદ્ધપદ કાવ્યં ॥ (વસન્ત.)

યદ્દીર્ઘકાલસુનિકાચિતબન્ધબદ્ધ - મષ્ટાત્મકં વિષમચારમભેદ્યકર્મ;
તત્સંનિહત્ય પરમં પદમાપિ યૈસ્તે, સિદ્ધા દિશન્તુ મહતીમિહ કાર્યસિદ્ધિમ્ ॥૨॥

### ॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સિદ્ધાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ તૃતીય (ચતુર્થ) શ્રી આચાર્યપદ પૂજા ॥

**॥ દુહો ॥**

છત્રીશ છત્રીશી ગુણે, યુગપ્રધાન મુણીંદ;
જિનમત પરમત જાણતા, નમો તેહ સૂરીંદ ॥૧॥

**॥ ઢાળ ચોથી ॥**

॥ આવો રે સયણ, ભગવતી સૂત્રને સુણિયે - એ દેશી ॥

સરસતી ત્રિભુવનસ્વામિની દેવી, સિરિદેવી જક્ષરાયા;
મંત્રરાજ એ પંચ પ્રસ્થાને, સેવે નિત્ય સુખદાયા;
**ભવિ તુમે વંદો રે, સૂરીશ્વર ગચ્છરાયા** ॥ એ આંકણી ॥

ત્રણ કાળના જિનવંદન હોયે, મંત્રરાજ સ્મરણથી;
યુગપ્રધાન સમ ભાવાચારજ, પંચાચાર ચરણથી. **ભવિ૦** ॥૨॥

પડિરૂવાદિક ચૌદ ગુણધારી, ક્ષાંતિ પ્રમુખ દશ ધર્મ;
બાર ભાવના ભાવિત નિજઆતમ, એ છત્રીશ ગુણ વર્મ. ભવિ૦ ॥૩॥

આઠ પ્રમાદ તજી ઉપદેશે, વિકથા સાત નિવારે;
ચાર શિક્ષા કરી જન પડિબોહે, ચઉ અનુયોગ સંભારે. ભવિ૦ ॥૪॥

બારસેં છન્નુ ગુણે ગુણવંતા, સોહમ જંબૂ મહંતા;
આયરિયા દીઠે તે દીઠા, સ્વરૂપ સમાધિ ઉલ્લસંતા. ભવિ૦ ॥૫॥

યુગપ્રધાન સૂરિ ત્રેવીશ ઉદયે, દોય હજાર ને ચાર;
સમયાગમ અનુભવ અભ્યાસી, થાશે જગજન મનોહાર. ભવિ૦ ॥૬॥

એ પદ સેવતો પુરુષોત્તમ નૃપ, જિનવર પદવી લહિયા;
સૌભાગ્યલક્ષ્મીસૂરિ ભાવે ભજતાં, ભવિક જીવ ગહગહિયા. ભવિ૦ ॥૭॥

**॥ શ્રી આચાર્યપદ કાવ્યં ॥** ઈન્દ્રવજ્રા ॥

સૂરીન્ સદાચારવિચારસારા - નાચારયન્તઃ સ્વપરાન્ યથેષ્ટમ્;
ઉગ્રોપસર્ગૈકનિવારણાર્થ - મભ્યર્ચયામ્યક્ષતગન્ધધૂપૈઃ ॥૪॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે આચાર્યાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ચતુર્થ (ષષ્ઠ) શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

॥ દુહો ॥

બોધ સૂક્ષ્મ વિણુ જીવને, ન હોય તત્ત્વપ્રતીત;
ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠક ગીત ॥૧॥

**॥ ઢાળ છઠ્ઠી ॥** રસિયાની દેશી ॥

**શ્રી ઉવજ્ઝાય બહુશ્રુત નમો ભાવશું;** અંગ ઉપાંગના જાણ મુણીંદા;
ભણે ભણાવે શિષ્યને હિત કરી, કરે નવ પલ્લવ પહાણ વિનીતા. **શ્રી૦** ॥૧॥

અર્થ સૂત્ર કહેવાના વિભાગથી, સૂરીશ્વર પાઠક સાર સોહંતા;
ભવ ત્રીજે અવિનાશી સુખ લહે, યુવરાજ પરે અણગાર મહંતા. શ્રી૦ ॥૨॥

ચૌદ દોષ ભર્યા અવિનીત શિષ્યને, કરે પન્નર ગુણવંત વિદિતા;
ગ્રહણ આસેવન શિક્ષા દાનથી, સમય જાણે અનેકાંત સુજ્ઞાની. શ્રી૦ ॥૩॥

આવશ્યક પચવીશ શીખવે વાંદણે, પચવીશ ક્રિયાનો ત્યાગ વિચારી;
પચવીશ ભાવના ભાવે મહાવ્રતી, શુભ પચવીશી ગુણરાગ સુધારી. શ્રી૦ ॥૪॥

પયભર્યો દક્ષિણાવર્ત્ત શંખ શોભિયે, તેમ નય ભાવ પ્રમાણ પ્રવીણા;
હય ગય વૃષભ પંચાનન સારિખા, ટાળે પરવાદી અભિમાન અદીના. શ્રી૦ ॥૫॥

વાસુદેવ નરદેવ સુરપતિ ઉપમા, રવિ શશી ભંડારીરૂપ દીપંતા;
જંબૂ સીતાનદી મેરુ મહીધરા, સ્વયંભૂઉદધિ રયણ ભૂપ ભણંતા. શ્રી૦ ॥૬॥

એ સોળ ઉપમા બહુશ્રુતને કહી, ઉત્તરાધ્યયને રસાલ જિણિંદા;
મહેંદ્રપાલ વાચકપદ સેવતો, સૌભાગ્યલક્ષ્મી સુવિશાલ સૂરીંદા. શ્રી૦ ॥૭॥

॥ **શ્રી ઉપાધ્યાયપદ કાવ્યં** ॥ ઉપજાતિ ॥

પાષાણતુલ્યોઽપિ નરો યદીય, પ્રસાદલેશાલ્લભતે સપર્યામ્;
જગદ્ધિતઃ પાઠકસંચયઃ સઃ, કલ્યાણમાલાં વિતનોતુ સંઘે ॥૬॥

॥ **મંત્ર** ॥

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે ઉપાધ્યાયાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ પંચમ (સપ્તમ) શ્રી સાધુપદ પૂજા ॥

॥ **દુહો** ॥

સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ;
સાધે શુદ્ધાનંદતા, નમો નમો સાધુ શુભ રંગ ॥૧॥

॥ **ઢાળ સાતમી** ॥

॥ કર્મ પરીક્ષા કરણ કુમર ચાલ્યો રે - એ દેશી ॥

મુનિવર તપસી ઋષિ અણગારજી રે, વાચંયમ વ્રત સાધ;
ગુણ સત્તાવીશે જે અલંકર્યા રે, વિરમી સકલ ઉપાધ;
**ભવિયણ વંદો રે,** સાતમું પદ ભલું રે ॥૧॥ એ આંકણી ॥

નવવિધ[1] ભાવલોચ કરે સંયમી રે, દશમો કેશનો લોચ;
ઓગણત્રીસ પાસત્થા ભેદ છે રે, વારે તસ નહિ જગ શોચ. **ભવિ૦** ॥૨॥

દોષ સુડતાલીસ આહારના વારતા રે, અતિક્રમ ન કરે ચાર;
મુનિને અર્થે સમારે મંદિરા રે, પરિહરે એહ આચાર. ભવિ૦ ॥૩॥

નરના દોષ અઢાર નિવારીને રે, દીક્ષા શિક્ષા દિયે સાર;
પુણ્ય પાપ પુદ્ગલ હેયરૂપતા રે, સમભાવે મુગતિ સંસાર. ભવિ૦ ॥૪॥

સત્ય હેતુ ભવ અટવી મૂકવા રે, ફરશ્યું છઠ્ઠું ગુણઠાણ;
યોગ અધ્યાત્મ ગ્રંથની ચિંતના રે, કિરિયા નાણ પહાણ. ભવિ૦ ॥૫॥

૧. પાંચ ઇન્દ્રિયનો સંયમ + ચાર કષાયનો નિગ્રહ - એ નવ.

પૂરવવ્રત વિરાધક યોગથી રે, કૂટલિંગીપણું થાય;
દંભજાળ જંજાળ સવિ પરિહરે રે, ચરણ રસિક કહેવાય. ભવિ૦ ॥૬॥

કોડી સહસ નવ સાધુ સંયમી રે, સ્તવિયે ગીતારથ જેહ;
વીરભદ્ર પરે તીર્થપતિ હુવે રે, સૌભાગ્યલક્ષ્મી ગુણ ગેહ. ભવિ૦ ॥૭॥

**॥ શ્રી સાધુપદ કાવ્યં ॥** વસન્ત. ॥

શ્રી તીર્થકૃત્પદવિધાયિતપસ્વિવર્ગ-વાત્સલ્યપુણ્ય-પદવીમધિગમ્ય સમ્યગ્;
શ્રી વીરભદ્રમુનિવદ્વિધિના વિધેયં, સ્થાનં હિ સપ્તમમિદં શિવસૌખ્યહેતુઃ ॥૭॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સાધવે જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ષષ્ઠ (નવમ) શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા ॥

**॥ દુહો ॥**

લોકાલોકના ભાવ જે, કેવલિભાષિત જેહ;
સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ ॥૧॥

**॥ ઢાળ નવમી ॥**

॥ નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર - એ દેશી ॥

શ્રી દર્શન પદ પામે પ્રાણી, દર્શનમોહની દૂર રે;
કેવલી દીઠું તે મીઠું માને, શ્રદ્ધા સકલ ગુણ ધુર રે;
**પ્રભુજી સુખકર સમકિત દીજે; દર્શનમોહની દૂર રે** ॥૧॥

વિઘટે મિથ્યા પુદ્ગલ આતમથી, તેહજ સમકિત વસ્ત રે;
જિન પ્રતિમા દર્શન તસ હોવે, પામીને સમકિત દસ્ત રે. **પ્ર૦** ॥૨॥

દોવિધ દર્શન શાસ્ત્રે ભાખ્યું, દ્રવ્ય-ભાવ અનુસાર રે;
જે જિન નયણે ધર્મને જોવે, તે દ્રવ્ય દર્શન ધાર રે. પ્ર૦ ॥૩॥

જિન દર્શન પૂજન નમનાદિક, ધર્મ બીજ નિરધાર રે;
યોગદષ્ટિ સમુચ્ચયમાંહે, એહ કહ્યો અધિકાર રે. પ્ર૦ ॥૪॥

યદ્યપિ અબલ અછે તોહી પણ, આયતિ હિતકર સોય રે;
સિજ્જંભવ પરે એહથી પામે, ભાવદર્શન પણ કોય રે. પ્ર૦ ॥૫॥

સમકિત સકળ ધર્મનો આશ્રય, એહના ષટ્ ઉપમાન રે;
ચારિત્ર નાણ નહિ વિણ સમકિત, ઉત્તરાધ્યયન વખાણ રે. પ્ર૦ ॥૬॥

દર્શન વિણ કિરિયા નવિ લેખે, બિંદુ યથા વિણ અંક રે;
દશમાંહે નવ અંક અભેદ છે, તેમ કુસંગે નિકલંક રે. પ્ર૦ ॥૭॥

અંતર્મુહૂર્ત પણ જે જીવે, પામ્યું દર્શન સાર રે;
અર્ધપુદ્ગલ પરિયટ્ટ માંહે, નિશ્ચય તસ સંસાર રે. પ્ર૦ ॥૮॥

ગતસમકિત પૂરવબદ્ધાયુષ, દો વિનુ સમકિતવંત રે;
વિણ વૈમાનિક આયુ ન બાંધે, વિશેષાવશ્યક કહંત રે. પ્ર૦ ॥૯॥

ભેદ અનેક છે દર્શન કેરા, સડસઠ ભેદ ઉદાર રે;
સેવતો હરિવિક્રમ જિન થાયે, સૌભાગ્યલક્ષ્મી વિસ્તાર રે. પ્ર૦ ॥૧૦॥

**॥ શ્રી સમ્યગ્દર્શનપદ કાવ્યં ॥** દ્રુતવિલંબિત વૃત્તં ॥

સકલમંગલકેલિનિકેતનં, કુમતધ્વાન્તવિઘાતનભાસ્કરમ્;
શુચિતરં નિજબોધસમુદ્ભવં, ભવવિઘાતકૃતે યજ દર્શનમ્ ॥૯॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે સમ્યગ્દર્શનાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ સપ્તમ (અષ્ટમ) શ્રી જ્ઞાનપદ પૂજા ॥

**॥ દુહો ॥**

અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવભ્રમ ભીતિ;
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ ॥૧॥

## ॥ ઢાળ આઠમી ॥

॥ અરણિક મુનિવર ચાલ્યા ગોચરી - એ દેશી ॥

**જ્ઞાનપદ ભજિયે રે જગત સુહંકરું,** પાંચ એકાવન ભેદે રે;
સમ્યગ્જ્ઞાન જે જિનવરે ભાખિયું, જડતા જનની ઉચ્છેદે રે. **જ્ઞાન૦** ॥૧॥

ભક્ષાભક્ષ વિવેચન પરગડો, ખીર નીર જેમ હંસો રે;
ભાગ અનંતમો રે, અક્ષરનો સદા, અપ્રતિપાતિ પ્રકાશ્યો રે. જ્ઞાન૦ ॥૨॥

મનથી ન જાણે કુંભકરણ વિધિ, તેહથી કુંભ કેમ થાશે રે;
જ્ઞાન દયાથી રે પ્રથમ છે નિયમા, સદસદ્ભાવ વિકાસે રે. જ્ઞાન૦ ॥૩॥

કંચનનાણું રે લોચનવંત લહે, અંધો અંધ પુલાય રે;
એકાંતવાદી રે તત્ત્વ પામે નહીં, સ્યાદ્વાદ રસ સમુદાય રે. જ્ઞાન૦ ॥૪॥

જ્ઞાન ભર્યા ભરતાદિક ભવ તર્યા, જ્ઞાન સકલ ગુણ મૂલ રે;
જ્ઞાની જ્ઞાનતણી પરિણતિ થકી, પામે ભવજળ કૂલ રે. જ્ઞાન૦ ॥૫॥

અલ્પાગમ જઈ ઉગ્રવિહાર કરે, વિચરે ઉદ્યમવંત રે;
ઉપદેશમાળામાં કિરિયા તેહની, કાયકલેશ તસ હુંત રે જ્ઞાન૦ ॥૬॥

જયંત ભૂપો રે જ્ઞાન આરાધતો, તીર્થંકર પદ પામે રે;
રવિ શશિ મેહપરે જ્ઞાન અનંતગુણી, સૌભાગ્યલક્ષ્મી હિત કામે રે. જ્ઞાન૦ ॥૭॥

### ॥ શ્રી જ્ઞાનપદ કાવ્યં ॥ વસન્ત. ॥

જ્ઞાનાદ્વિદન્તિ ખલુ કૃત્યમકૃત્યજાતં, જ્ઞાનાચ્ચરિત્રમમલં ચ સમાચરન્તિ;
જ્ઞાનાચ્ચ ભવ્યભવિનઃ[1] શિવમાપ્નુવન્તિ, જ્ઞાનં નિદાનમખિલોત્તમશર્મ-લક્ષ્મ્યાઃ ॥૮॥

### ॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે જ્ઞાનાય જલાદિકં યજામહે સ્વાહા ॥

૧. ભવ્ય જીવો.

## ॥ અષ્ટમ (એકાદશ) શ્રી ચારિત્રપદ પૂજા ॥

### ॥ દુહો ॥

રત્નત્રય વિણુ સાધના, નિષ્ફળ કહી સદીવ;
ભાવરયણનું નિધાન છે, જય જય સંજમ જીવ ॥૧॥

### ॥ ઢાળ અગિયારમી ॥

॥ અજિત જિણંદશું પ્રીતડી - એ દેશી ॥

**ચારિત્રપદ શુભ ચિત્ત વસ્યું,** જેહ સઘળા હો નયનો ઉદ્ધાર;
આઠ કરમ ચય રિક્ત કરે, નિરુત્તે હો ચારિત્ર ઉદાર. **ચા૦** ॥૧॥ એ આંકણી ॥

ચારિત્રમોહ અભાવથી, દેશ સંયમ હો સર્વ સંયમય થાય;
આઠ કષાય મિટાવીને, દેશવિરતિ હો મનમાં ઠહરાય. ચા૦ ॥૨॥

બાર કષાય મનથી મટે, સર્વ વિરતિ હો પ્રગટે ગુણરાશ;
દેશથી સર્વ સંયમ વિષે, અનંતગુણી હો વિશુદ્ધિ સમાસ. ચા૦ ॥૩॥

સંયમગુણઠાણ ફરશ્યા વિના, તત્ત્વરમણતા હો કેમ નામ કહેવાય;
ગજપાખર[૧] ખર નવિ વહે, એહની ગુરુતા હો આતમમાં સમાય. ચા૦ ॥૪॥

વર્ષ સંયમના પર્યાયમાં, અનુત્તરનાં હો સુખ અતિક્રમ હોય;
શુક્લ શુક્લ પરિણામથી, સંયમથી હો ક્ષણમાં સિદ્ધિ જોય. ચા૦ ॥૫॥

સર્વ સંવર ચારિત્ર લહી, પામે અરિહા હો સહિ મુક્તિનું રાજ;
અનંતર કારણ ચરણ છે, શિવપદનું હો નિશ્ચય મુનિરાજ. ચા૦ ॥૬॥

સત્તર ભેદ સંયમતણા, ચરણસિત્તરી હો કહી આગમમાંહિ;
વરુણદેવ જિનવર થયો, વિજયલક્ષ્મી હો પ્રગટે ઉચ્છાહિ. ચા૦ ॥૭॥

### ॥ શ્રી ચારિત્રપદ કાવ્યં ॥ (દ્રુતવિલંબિતં)

કઠિનકર્મઘનાઘનભેદકં, શમદમાદિગુણાવલિમંડનમ્;
જિનગણાધિપસાધુસુસેવિતં, ચરણપંચવિધં યજયામ્યહમ્ ॥૧૧॥

---

૧. હાથીનો શણગાર વિગેરે.

॥ મંત્ર ॥

ॐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે ચારિત્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ નવમ (ચતુર્દશ) શ્રી તપપદ પૂજા ॥

### ॥ દુહો ॥

કર્મ તપાવે ચીકણાં, ભાવ મંગળ તપ જાણ;
પચાશ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણ ખાણ ॥૧॥

### ॥ ઢાળ ચૌદમી ॥

॥ અલગી રહેને, રહેને, રહેને, રહેને અલગી રહેને - એ દેશી ॥

**તપપદને પૂજીજે હો પ્રાણી**, તપપદને પૂજીજે,
સર્વ મંગળમાં પહેલું મંગળ, કર્મ નિકાચિત ટાળે;
ક્ષમાસહિત જે આહાર નિરીહતા, આતમઋદ્ધિ નિહાળે હો પ્રાણી. **તપ૦** ॥૧॥

તે ભવ મુક્તિ જાણે જિનવર, ત્રણ ચઉ જ્ઞાને નિયમા;
તોયે તપ આચરણા ન મૂકે, અનંત ગુણો તપ મહિમા હો પ્રાણી. તપ૦ ॥૨॥

પીઠ અને મહાપીઠ મુનીશ્વર, પૂરવભવ મલ્લિ જિનનો;
સાધવી લખમણા તપ નવિ ફળિયું, દંભ ગયો નહિ મનનો. તપ૦ ॥૩॥

અગ્યાર લાખ ને એંશી હજાર, પાંચસેં પાંચ દિન ઊણા;
નંદન ઋષિએ માસખમણ કરી, કીધાં કામ સંપુન્ના હો પ્રાણી. તપ૦ ॥૪॥

તપ તપિયાં ગુણરત્ન સંવત્સર, ખંધક ક્ષમાના દરિયા;
ચૌદ હજાર સાધુમાં અધિકા, ધન્ના તપગુણ ભરિયા હો પ્રાણી. તપ૦ ॥૫॥

ષડ્ ભેદ બાહિર તપના પ્રકાશ્યા, અભ્યંતર ષડ્ ભેદ;
બાર ભેદે તપ તપતાં નિર્મળ, સફળ અનેક ઉમેદ હો પ્રાણી. તપ૦ ॥૬॥

કનકકેતુ એહ પદને આરાધી, સાધી આતમ કાજ;
તીર્થંકર પદ અનુભવ ઉત્તમ, સૌભાગ્યલક્ષ્મી મહારાજ હો પ્રાણી. તપ૦ ॥૭॥

॥ **શ્રી તપપદ કાવ્યં** ॥ દ્રુતવિલંબિતં ॥

ઈતિ ચતુર્દશમાર્હતભક્તિતઃ, પદમનન્તસુખોદયદાયકમ્;
કનકકેતુનરેન્દ્ર ઈવાનિશં, સૃજતિ યઃ સ ભવેત્ત્રિજગત્પતિઃ ॥૧૪॥

॥ **મંત્ર** ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે તપસે જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ઢાળ એકવીશમી ॥

॥ ઘણું જીવ તું જીવ, જિનરાજ જીવો ઘણું - એ દેશી ॥

**ઘણું પૂજ તું પૂજ, થાનકપદ પૂજ તું,** સમ્યગ્ભાવ ગુણ ચિત્ત આણી;
જિનવર પદતણું, હેતુ છે એ ભલું, કો નહીં એહ સમું સમયવાણી.ઘણું૰ ॥૧॥
એ આંકણી ॥

વીશ વીશ વસ્તુ મેળવી કરી ઊજવો, નરભવ પામીને લાહો લીજે;
તપફળ વાધશે ઊજમણા થકી, જિનવર ગણધર એમ વદીજે. ઘણું૰ ॥૨॥

ખંભાતય બંદરે સુંદર ભાવિયા, શ્રાવક શ્રાવિકા પુણ્યવંતા;
વીશથાનકતણી ભક્તિ કરે ભાવથી, શાસન ઉન્નતિ અતિ કરંતા. ઘણું૰ ॥૩॥

તાસ તણે આગ્રહે સ્તવન પૂજા રચી, શુદ્ધ કરો શ્રુતધરા પુણ્ય જાણી;
વિજય આનંદગણિ વિજય સૌભાગ્યસૂરિ, **વિજય લક્ષ્મીસૂરિ** જૈનવાણી.
ઘણું૰ ॥૪॥

॥ **કળશ** ॥

એમ વીશસ્થાનક, સ્તવન કુસુમે, પૂજિયો શંખેશ્વરો,
સંવત સમિતિ વેદ વસુ શશી, વિજયદશમી મન ધરો; (૧૮૪૫),
તપગચ્છ વિજયાનંદ પટધર, શ્રી વિજયસૌભાગ્યસૂરીશ્વરો,
શ્રી **વિજયલક્ષ્મીસૂરિ** પભણે, સકલ સંઘ મંગલ કરો ॥૧॥

**॥ ઇતિ વિ.સં. ૧૮૪૫, વિજયદશમી (આસો સુદ-૧૦) ખંભાત બંદરે શ્રી વિજય લક્ષ્મીસૂરિ વિરચિત વિંશતિસ્થાનક પૂજામાંથી ઉદ્ધૃત શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

● ● ●

## ૧૯

પંડિત શ્રી રૂપવિજયજી મહારાજ વિરચિત

શ્રી વીશસ્થાનક પૂજામાંથી ઉદ્ધૃત શ્રી અરિહંત પદ આદિ

# શ્રી નવપદ પૂજા

### ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

॥ દુહા ॥

સુરપતિ શ્રીપતિ નરપતિ, ગુણતતિ જસ નિત ગાય;
પુરિસાદાણી પાસજી, શંખેશ્વર પુર રાય ॥૧॥

સકલ સમીહિત પૂરવા, સુરતરુ સમ સોહાય;
પ્રણમી પદ યુગ તેહનાં, ભક્તિ ભાવ ચિત્ત લાય ॥૨॥

સમકિતધારી જીવને, જિન પદ પ્રાપ્તિ હેત;
વીશસ્થાનક પૂજા રચું, પામી શાસ્ત્ર સંકેત ॥૩॥

દાન શીલ તપના કહ્યા ત્રણ અઢાર ને બાર;
ભેદ સર્વ ભાવે મળ્યા, જિનપદ ફળ દાતાર ॥૪॥

વિવિધ જાતિ તપ જિને કહ્યાં, સુખ સંપત્તિનાં મૂળ;
વીશસ્થાનક સમ કો નહીં, જિનપદને અનુકૂળ ॥૫॥

દાન શીલ તપ પૂજના અણુવ્રત મહાવ્રત જોય;
દયા તીર્થની સેવના, સમકિતે સફળાં હોય ॥૬॥

ત્રણ કાળ ત્રિકરણે કરી, પૂજી વીર જિણંદ;
તીર્થંકરપદ પામશે, શ્રી શ્રેણિક રાજીંદ ॥૭॥

સુંદર સિંહાસન ઠવી, અરિહંત પડિમા સાર;
અડ નવ સત્તર અટ્ઠોતરી, પૂજા કરો મનોહાર ॥૮॥

પૂજક પૂજ્યની પૂજના, કરતો પૂજ્ય તે થાય;
પંચ પરમેષ્ઠિમાં પ્રથમ, તિણે પૂજો જિનરાય ॥૯॥

**॥ ઢાળ પહેલી ॥**

॥ પ્રથમ પૂરવ દિશે - એ દેશી ॥

**શ્રી અરિહંત ભગવંત પરમાતમા,** દેવનો દેવ ગુણરયણ ખાણી;
સાત શુદ્ધિ કરી મલિનતા પરિહરી, પૂજીએ ભવિજના પ્રેમ આણી ॥ **શ્રી૦** ॥૧॥

અરતિ રતિ મોહનિદ્રા ન હાંસી ભય, રાગ નહિ દ્વેષ નહિ જાસ અંગે;
કામ મિથ્યાત્વ અજ્ઞાન જસ ખય થયાં, ધ્યાઈએ તે પ્રભુ અધિક રંગે ॥ શ્રી૦ ॥૨॥

ધ્યાન પિંડસ્થ પદસ્થ રૂપસ્થથી, ધ્યેય ધ્યાતા લહે એક તાને;
દ્રવ્ય પર્યાય ગુણ તેહના ધ્યાઈએ, પાઈએ સિદ્ધિ બહુ તત્ત્વજ્ઞાને ॥ શ્રી૦ ॥૩॥

જનમના ચાર અગિયાર ઘાતી ખયે, દેવકૃત જાસ ઓગણીસ રાજે;
ચઉતીસ અતિશય અંગ ચોથે કહ્યા, પણતીસ વયણ ગુણ જાસ છાજે ॥ શ્રી૦ ॥૪॥

અડ અધિક સહસ લક્ષણ ધરે અંગમાં, ગુણ અનંતે ભર્યો નાથ સોહે;
જાસ કલ્યાણકે જગતનું તમ ટળે, ઈંદ્ર ઉપેંદ્રનાં ચિત્ત મોહે ॥ શ્રી૦ ॥૫॥

નામ ને થાપના દ્રવ્ય ભાવે કરી, જે નરા ચિત્તમેં નિત ધ્યાવે;
દેવપાલાદિ ભૂપાલ પરે તે નરા, તીર્થપતિ સંપદા હસ્ત પાવે ॥ શ્રી૦ ॥૬॥

જે મહાગોપ ખટકાય ગોકુળતણો, તિમ મહા માહણ જાસ કહીએ;
ભવોદધિ બૂડતાં ભવ્ય નિસ્તારણો, સાર્થપતિ મુગતિનો જેહ લહીએ ॥ શ્રી૦ ॥૭॥

દ્રવ્ય ભાવે કરી પૂજના જે કરે, સ્વર્ગ અપવર્ગ તે નિયત પામે;
ત્રણ પણ અષ્ટ નવ સત્તર એગવીસવિહ, પૂજના કરી વસે સિદ્ધિ ધામે ॥ શ્રી૦ ॥૮॥

પ્રથમ પદ પૂજતો રાય શ્રેણિક પ્રથમ, ભાવિ ચોવીશી જિનરાજ થાશે;
તાસ પદ પદ્મની સેવના સુર કરી, રૂપવિજયાદિ નિત સુજસ ગાશે ॥ શ્રી૦ ॥૯॥

**॥ શ્રી અરિહંતપદ કાવ્યં ॥** ઉપજાતિ ॥

પુષ્પપ્રદીપાક્ષતધૂપપૂગી - ફલૈર્જિનેન્દ્રપ્રતિમાં પ્રપૂજ્ય;
યે લક્ષશઃ શ્રીપરમેષ્ઠિમન્ત્રં, જપન્તિ તે તીર્થકૃતો ભવન્તિ ॥૧॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીઁ શ્રીઁ પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે અર્હતે જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

**॥ દુહા ॥**

સકલ વિભાવ અભાવથી, પ્રગટ્યો શુદ્ધ સ્વભાવ;
જ્ઞેયથી જ્ઞાન અનંત જસ, તે સિદ્ધ નમો ધરી ભાવ ॥૧॥

અનંત જ્ઞાન દરશન ધણી, રૂપ બળ જાસ અનંત;
સાદિ અનંતસુખ અનુભવે, નમો સિદ્ધ ભગવંત ॥૨॥

**॥ ઢાળ બીજી ॥**

॥ રાગ : આશાવરી. દીપ પૂજન ભવિ ભાવ ધરીને - એ દેશી ॥

**નમો સિદ્ધ મહા ઉપકારી,** અવિકારી અણાહારી રે;
દેહ અભાવે પણ ગુણ ધારી, જાઉં હું બલિહારી રે ॥ **નમો૦** ॥૧॥

પણ ગુણ વરણ વિરામથી પ્રગટ્યા, રસથી પણ તિમ હોયે રે;
ગંધ સબંધ રહિત દોય જાણો, ફરસ નામ અડ જોય રે ॥ નમો૦ ॥૨॥

વેદ ખેદ તજી ગુણ ત્રણ પાયા, અશરીરી સોહાયા રે;
અરૂહ અસંગી નિજ ગુણરંગી, એ એકત્રીસ ગુણ રાયા રે ॥નમો૦ ॥૩॥

અરિહંતને પણ માન્યપણે જે, અષ્ટ કરમથી ન્યારા રે;
રૂપાતીત દશા જે પાયા, રહે સંસારને પારા રે ॥નમો૦ ॥૪॥

જાતિ જરા રૂજ મરણ ન વેદન, અકલ અચળ અવિકારી રે;
પૂરણાનંદ પરમપદ ભોક્તા, અનંત ચતુષ્ટય ધારી રે ।।નમો૦ ।।પ।।

બંધ ઉદય ઉદીરણ સત્તા, કરમ ભરમ સવિ ટાળી રે;
સમય પએસંતર અણફરસી, વરીયા શિવવહુ સારી રે ।।નમો૦ ।।૬।।

પન્નરભેદે સિદ્ધ વિચારી, જાપ જપો હિતકારી રે;
શ્રી સિદ્ધાચળ પમુહા તીરથ, પૂજો સિદ્ધ સંભારી રે ।।નમો૦ ।।૭।।

સમેતશિખર અર્બુદ અષ્ટાપદ, વૈભાર ને ગિરનાર રે;
"નમો સિદ્ધાણં" જપીએ તીરથે, હોયે સિદ્ધ નિરધાર રે ।।નમો૦ ।।૮।।

હસ્તિપાલ નૃપ એ પદ સેવી, હુવો વિદેહે જિનેશ રે;
તસ પદ પદ્મવિજય પદ દાઈ, દીયે ચિદ્રૂપ વિશેષ રે ।।નમો૦ ।।૯।।

**।। શ્રી સિદ્ધપદ કાવ્યં ।।** વસન્તતિલકા ।।

યદ્દીર્ઘકાલસુનિકાચિતબન્ધબદ્ધ - મષ્ટાત્મકં વિષમચારમભેદ્યકર્મ;
તત્સંનિહત્ય પરમં પદમાપિ યૈસ્તે, સિદ્ધા દિશન્તુ મહતીમિહ કાર્યસિદ્ધિમ્ ।।૨।।

**।। મંત્ર ।।**

ૐ હ્રીઁ શ્રીઁ પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે સિદ્ધાય જલાદિકં યજામહે સ્વાહા ।।

## ।। તૃતીય (ચતુર્થ) શ્રી સૂરિપદ પૂજા ।।

**।। દુહા ।।**

સામાચારી દશ કરે, ધરે દશ ચિત્ત સમાધ;
ભાવાચારજ પરિહરે, સોલ કષાય વડ વ્યાધ ।।૧।।

દ્વાદશ અંગ ઉપાંગનાં, સૂત્ર અરથના જાણ;
દશધા રુચિ શિક્ષા દુવિહ, ધરે સૂરિ ગુણ ખાણ ।।૨।।

## ॥ ઢાળ ચોથી ॥

॥ નિલુડી રાયણ તરુ તળે - એ દેશી ॥

**પંચાચાર સુધા ધરે, સુણો સંતાજી; જીતી ઈંદ્રી પંચ; ગુણવંતાજી;**
**પંચસમિતિ સુમતા રહે ॥ સુ૦ ॥ ગુપ્તિ ત્રણ કરે સંચ ॥ ગુ૦ ॥૧॥**

પંચ મહાવ્રત પાળતા ॥ સુ૦ ॥ જીપે ચાર કષાય ॥ ગુ૦ ॥
નવવિધ બ્રહ્મ ગુપતિ ધરે ॥ સુ૦ ॥ આચારજ નિરમાય ॥ ગુ૦ ॥૨॥

અષ્ટાંગ જોગ સાધન કરે ॥ સુ૦ ॥ લહે અડકર્મ સ્વરૂપ ॥ ગુ૦ ॥
જાણે અડ લબ્ધિ ભલી ॥ સુ૦ ॥ તિમ અડદીઠી સરૂપ ॥ ગ૦ ॥૩॥

ચઉ અનુયોગ વખાણતા ॥ સુ૦ ॥ શાસનના શણગાર ॥ ગુ૦ ॥
બારસે છન્નું ગુણે ભર્યા ॥ સુ૦ ॥ ભાવાચારજ સાર ॥ ગુ૦ ॥૪॥

પંચ પ્રસ્થાન સાધન કરે ॥ સુ૦ ॥ મુનિ ગણી પંડિત ભાવ ॥ ગુ૦ ॥
વાચક આચારજપણું ॥ સુ૦ ॥ પામે ગુણને દાવ ॥ ગુ૦ ॥૫॥

ચઉદસેં બાવન ગણધરા ॥ સુ૦ ॥ લબ્ધિ તણા ભંડાર ॥ ગુ૦ ॥
તસ પદ પંકજ પૂજીએ ॥ સુ૦ ॥ દ્રવ્ય ભાવે નિરધાર ॥ ગુ૦ ॥૬॥

જુગ પ્રધાન વીર શાસને ॥ સુ૦ ॥ દોય હજાર ને ચાર ॥ ગુ૦ ॥
વર્તમાન શ્રુતના ધણી ॥ સુ૦ ॥ તે પૂજો ધરી પ્યાર ॥ ગુ૦ ॥૭॥

અશનાસન વસ્ત્રાદિકે ॥ સુ૦ ॥ પાનક ઔષધ પાત્ર ॥ ગુ૦ ॥
નમનાભિગમન વંદના ॥ સુ૦ ॥ કરે નિત નામી ગાત્ર ॥ ગુ૦ ॥૮॥

આચારજ પદ સેવતો ॥ સુ૦ ॥ શ્રી પુરુષોત્તમ ભૂપ ॥ ગુ૦ ॥
તીર્થંકરપદ બાંધિયું ॥ સુ૦ ॥ લહેશે ચિદ્‌ઘનરૂપ ॥ ગુ૦ ॥૯॥

**॥ શ્રી આચાર્યપદ કાવ્યં ॥** (ઇન્દ્રવજ્રા)

સૂરીન્ સદાચારવિચારસારા - નાચારયન્તઃ સ્વપરાન્ યથેષ્ટમ્;
ઉગ્રોપસર્ગૈકનિવારણાર્થ - મભ્યર્ચયામ્યક્ષતગન્ધધૂપૈઃ ॥૪॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે સૂરયે જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ચતુર્થ (ષષ્ઠ) શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

॥ દુહા ॥

સત્ય શૌચ સંતોષ યુત, ચિત્ત પ્રસન્ન દયાળ;
ખલત્યાગી ઈંદ્રી જયી, સાતે સુખે સુખાલ ॥૧॥

શ્રુતધર તત્ત્વ સુધારસી, ખસી વિભાવ વિરાધી;
વસી બુદ્ધિ જિન આગમે, તે ઉવજ્ઝાય આરાધી ॥૨॥

**॥ ઢાળ છઠ્ઠી ॥** ઝુંબખડાની દેશી ॥

બહુશ્રુત શ્રી ઉવજ્ઝાયની, સેવના કરી શુભ ચિત્ત ॥ **સલૂને** ॥
આતમા બદ્ધાબદ્ધ ભેદે કરી, આરાહિજે નિત ॥ સલૂને ॥૧॥

કાલિક ઉત્કાલિકપણે, છે શ્રુતના દોય ભેદ ॥ **સ૦** ॥
અંગાનંગ પ્રકારથી, અહવા કહે ગતખેદ ॥ સ૦ ॥૨॥

જોગાદિક કિરિયા કરી, સૂત્ર ભણાવણ કાજ ॥ સ૦ ॥
ઉદ્દેશાદિક અનુક્રમે, પામે શ્રુત સામ્રાજ્ય ॥ સ૦ ॥૩॥

ચઉદપૂરવી દશપૂરવી, અંગ ઉપાંગના જાણ ॥ સ૦ ॥
વર્ત્તમાન શ્રુતના ધણી, પાવયણી ગુણ ખાણ ॥ સ૦ ॥૪॥

શિષ્યવર્ગને શિખવે, સૂત્રારથ ધરી નેહ ॥ સ૦ ॥
પહાણને રયણ સમા કરે, પણવીસ ગુણના ગેહ ॥ સ૦ ॥૫॥

ભાવવાચક ત્રીજે ભવે, લહે શિવસુખ નિરધાર ॥ સ૦ ॥
ગણ ચિંતક નૃપ સુતપરે, લબ્ધિતણા ભંડાર ॥ સ૦ ॥૬॥

વાદિ મતંગજ કેસરી, પણવીસ ભાવના દ્વાર ॥ સ૦ ॥
ઉપમા સોલે શોભતા, વંદુ વારોવાર ॥ સ૦ ॥૭॥

બહુશ્રુતની સેવા કરે, ભક્તિ તથા બહુમાન ॥ સ૦ ॥
દ્વાદશધા વંદન કરે, અશનાદિક ચઉદાન ॥ સ૦ ॥૮॥

મહેંદ્રપાલ એ પદથકી, થાશે શ્રી જિનરાજ ॥ સ૦ ॥
તસ પદ પદ્મ સેવા થકી, રૂપના સરશે કાજ ॥ સલૂને ॥૯॥

**॥ શ્રી ઉપાધ્યાયપદ કાવ્યં ॥** ઉપજાતિ ॥

પાષાણતુલ્યોऽપિ નરો યદીય, પ્રસાદલેશાલ્લભતે સપર્યામ્;
જગદ્ધિતઃ પાઠકસંચયઃ સઃ, કલ્યાણમાલાં વિતનોતુ સંઘે ॥૬॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે ઉપાધ્યાયાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ પંચમ (સપ્તમ) શ્રી સાધુપદ પૂજા ॥

**॥ દુહા ॥**

આસન જયથી રૂજ હરે, પ્રાણાયામે પાવ;
મનવિકાર મુનિવર હરે, પ્રત્યાહાર પ્રભાવ ॥૧॥

બાહ્ય અભ્યંતર તપ તપે, "સોહં" પદ કરે જાપ;
તે મુનિવરને વંદતાં, પલકમાં જાએ પાપ ॥૨॥

**॥ ઢાળ સાતમી ॥**

॥ ત્રીજે ભવ વરથાનક તપ કરી - એ દેશી ॥

ષટ્ વ્રતધારી છકાયના રક્ષક, પંચ ઇંદ્રી વશ કરતા,
ભાવ વિશુદ્ધિ પડિલેહણ કરે, કરણ વિશુદ્ધિ ધરતા રે;
**ભવિકા એહવા મુનિવર વંદો;** જિમ લહો પરમાણંદો રે ॥ભ૦॥ એ આંકણી ॥૧॥

લોભ નિગ્રહ કરી ખંતિ શૂરા, સંજમના અધિકારી;
અકુશલ મન વચ કાય નિગેહે, સહે પરિસહ અતિ ભારી રે ॥ **ભ૦** ॥૨॥

દેવ તિરી નર આત્મ સમુદ્ભવ, ઉપસર્ગ સોળે સહતા;
સત્તાવીશ મુનિવર ગુણ ધારી, સમિતિ ગુપ્તિ નિરવહતા રે ॥ ભ૦ ॥૩॥

બાહ્ય અભ્યંતર તપ નિત તપતા, કઠિન કરમ ખયકારી;
દોષ સીયાલીશ રહિત અશન કરે, અતિક્રમ ચાર નિવારી રે ॥ ભ૦ ॥૪॥

દ્રવ્યાદિક અભિગ્રહ ચઉ કરતા, ષટ્ વિધ વિગયના ત્યાગી;
ચાર પ્રકારે સંલીનતાકારી, જ્ઞાન ધ્યાન મતિ જાગી રે ॥ ભ૦ ॥૫॥

નરના દોષ અઢાર નિવારી, દીક્ષા યોગ્યને આપે;
નવવિધ ભાવ લોચના કારક, કેશ લોચ ત્રિક થાપે રે ॥ ભ૦ ॥૬॥

ચઉદ અભ્યંતર ગ્રંથિ તજીને, જેહ થયા નિર્ગ્રંથ;
અશરણ શરણ તરણ તારણ મુનિ, ચલવે શિવપુર પંથ રે ॥ ભ૦ ॥૭॥

બહુશ્રુત તપસી લબ્ધિના ધોરી, વ્રત દૂષણ પરિહારી;
અપ્રમત્ત ગુણઠાણંગ ધારી, મુનિ નમો જોગ સમારી રે ॥ ભ૦ ॥૮॥

વીરભદ્ર એ મુનિપદ સેવી, હોશે વિદેહે જિણંદ;
તસ મુખ પદ્મ વચન રસ પામી, રૂપવિજય આણંદ રે ॥ ભવિકા૦ ॥

**॥ શ્રી સાધુપદ કાવ્યં ॥** (વસન્તતિલકા)

શ્રી તીર્થકૃત્પદવિધાયિતપસ્વિવર્ગ-વાત્સલ્યપુણ્ય-પદવીમધિગમ્ય સમ્યગ્;
શ્રી વીરભદ્રમુનિવદ્વિધિના વિધેયં, સ્થાનં હિ સપ્તમમિદં શિવસૌખ્યહેતુઃ ॥૭॥

**॥ મંત્ર ॥**

**ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે સાધવે જલાદિકં યજામહે સ્વાહા ॥**

## ॥ ષષ્ઠ (નવમ) શ્રી દર્શનપદ પૂજા ॥

### ॥ દુહા ॥

શુદ્ધ દેવ ગુરુ ધર્મની, સરધા મન વચ કાય;
તે સમકિતપદ સેવીએ, જિમ સુર શિવ સુખ થાય ॥૧॥

દુવિહ ધરમનું મૂળ જે, દરશણ પરમ નિધાન;
તીર્થંકર પદ પ્રાપ્તિનું, એહી જ પરમ નિદાન ॥૨॥

### ॥ ઢાળ નવમી ॥

॥ જિન વચને વૈરાગિયો હો ધન્ના - એ દેશી ॥

દરશણ પદ નિરમળ કરો હો મિત્તા, ત્રિકરણ જોગ સમારિ;
ગુણ અનંતની ભૂમિકા હો મિત્તા, સમકિત શુદ્ધ વિચાર રે ॥ હું વારી મિત્તા ॥૧॥
સમકિત ધરીએ બે

સમકિત ધરીએ સોહામણું હો મિત્તા, છંડી દૂષણ પંચ રે ॥ **હું વારી મિત્તા** ॥
**સમકિત ધરીએ બે** ॥ એ ટેક ॥

એગવિહ દુવિહ તિહાંપણે હો મિત્તા, ચઉ પણ દશવિહ જોય;
શુદ્ધ રીતે તે સેવતાં હો મિત્તા, ગુણનિધિ આતમ હોય રે ॥હું૦॥સ૦॥૨॥

કાલ કરાલે રંકને હો મિત્તા, દોહીલો અશન સંજોગ;
પંચામૃત ભોજન મિલે હો મિત્તા, તે તો ભાગ્યને જોગ રે ॥હું૦॥સ૦॥૩॥

તિમ પરમાદી જીવને હો મિત્તા, દુષમકાળ મોઝાર;
અમૃત સમ સમકિત લહી હો મિત્તા, મત પરમાદે હાર રે ॥હું૦॥સ૦॥૪॥

તરુમાં જિમ સુરતરુ વડો હો મિત્તા, સુરમણિ રયણ મોઝાર;
તિમ સઘળા ગુણમાં વડો હો મિત્તા, સમકિત ગુણ નિરધાર રે ॥હું૦॥સ૦॥૫॥

નિશ્ચય ને વ્યવહારથી હો મિત્તા, એ સવિ ષટ્વિધ હોય;
ખય ઉપશમ ખયઉપશમે હો મિત્તા, તિવિહા સમકિત જોય રે ॥હું૦॥સ૦॥૬॥

જિનભગતિ ગુરુ સેવના હો મિત્તા, કરુણા જીવની સાર;
સંઘ ભગતિ તીર્થ જાતરા હો મિત્તા, સમકિત નિરમળકાર રે ॥હું૦॥સ૦॥૭॥

જંગમ થાવર તીર્થની હો મિત્તા, સેવના શિવસુખ મૂળ;
હરિવિક્રમ પરે જે કરે હો મિત્તા, તસ જિનપદ અનુકૂળ રે ॥હું૦॥સ૦॥૮॥

જિન ઉત્તમ પદ પદ્મની હો મિત્તા, જે કરે ત્રિવિધે સેવ;
રૂપવિજય પદ સંપદા હો મિત્તા, લહી હોય દેવાધિદેવ રે ॥હું૦॥સ૦॥૯॥

**॥ શ્રી સમ્યગ્દર્શનપદ કાવ્યં ॥** (દ્રુતવિલંબિત વૃત્તં)

સકલમંગલકેલિનિકેતનં, કુમતધ્વાન્તવિઘાતનભાસ્કરમ્;
શુચિતરં નિજબોધસમુદ્ભવં, ભવવિઘાતકૃતે યજ દર્શનમ્ ॥૯॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે સમ્યગ્દર્શનાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ સપ્તમ (અષ્ટમ) શ્રી જ્ઞાનપદ પૂજા ॥

**॥ દુહા ॥**

અક્ષય સુખ આધાર જે, ધ્યાન કલ્પતરુ મૂલ;
તરણ હેતુ શ્રુતજ્ઞાન છે, શિવ સુખને અનુકૂળ ॥૧॥

મઈ સુઅ ઓહિ મણપજ્જવા, પંચમ કેવળ નાણ;
ભેદ એકાવન તેહના, જપીએ થિર કરી ઝાણ ॥૨॥

**॥ ઢાળ આઠમી ॥**

॥ તુંગીયાગિરિ શિખર સોહે - એ દેશી ॥

**નાણ પદ આરાધી અપ્પા,** નાણથી નિરવાણ રે;
નાણથી અન્નાણ નાસે, નાણ અખય નિહાણ રે ॥ **નાણ૦** ॥૧॥

શુદ્ધ જ્ઞાનાનંદી ચેતન, કર્મ કરે ચકચૂર રે;
મિથ્યાત્વ ઘોર અંધાર ટાલણ, જ્ઞાન અભિનવ સૂર રે ॥ નાણ૦ ॥૨॥

જ્ઞાનપૂર્વક જેહ કરણી, તે હરે સવિ દુઃખ રે;
જ્ઞાન અમૃત પાન કરતાં, પ્રગટ ભવિ લહે સુખ રે ॥ નાણ૦ ॥૩॥

જ્ઞાન પંચમે જેહ સદાગમ, સ્વપરભાષક તેહ રે;
ચઉદે ભેદે સેવીએ તે, જેમ ટળે અઘ રેહ રે ॥ નાણ૦ ॥૪॥

અગિયાર અંગ ઉપાંગ દ્વાદશ, દશ પયન્ના સાર રે;
ષટ્ છેદસૂત્ર વિચિત્ર રચના, મૂળ સૂત્ર જે ચાર રે ॥ નાણ૦ ॥૫॥

નંદિ અનુયોગ દ્વારં, સૂત્ર પણયાલીસ રે;
નિર્યુક્તિ ટીકા ભાષ્ય ચૂર્ણિ, પૂજી વિસવાવીસ રે ॥ નાણ૦ ॥૬॥

નાણે જાણે સ્વભાવ જગના, ભક્ષાભક્ષ વિચાર રે;
તત્ત્વાતત્ત્વ સ્વરૂપ જાણે, જ્ઞાન ને આચાર રે ॥ નાણ૦ ॥૭॥

દ્રવ્ય ગુણ પરજાય પરિણતિ, દ્રવ્ય ષટ્કે જેહ રે;
જ્ઞાની જ્ઞાને સર્વ જાણે, સ્વપર ભાવે અછેહ રે ॥ નાણ૦ ॥૮॥

જ્ઞાનભક્તે તીર્થપતિપદ, જયંત નૃપ લહી સાર રે;
તસ વદન પદ્મની દેશના સુણી, રૂપ લહે ભવપાર રે ॥ નાણ૦ ॥૯॥

**॥ શ્રી જ્ઞાનપદ કાવ્યં ॥** (વસન્તતિલકા)

જ્ઞાનાદ્વિદન્તિ ખલુ કૃત્યમકૃત્યજાતં, જ્ઞાનાચ્ચરિત્રમમલં ચ સમાચરન્તિ;
જ્ઞાનાચ્ચ ભવ્યભવિનઃ શિવમાપ્નુવન્તિ, જ્ઞાનં નિદાનમખિલોત્તમશર્મ-લક્ષ્મ્યાઃ ॥૮॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે જ્ઞાનાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અષ્ટમ (એકાદશ) શ્રી ચારિત્રપદ પૂજા ॥

**॥ દુહા ॥**

રત્નત્રયી નિરમલ ધરે, કરે કરમ ચકચૂર;
જ્ઞાન ધ્યાન તપ હેતિએ, મુનિવર જગમેં સૂર ॥૧॥

કરમ ભરમ દૂરે હરી, તરી સંસાર અગાધ;
નિજ ગુણ પરચવમેં રમે, તે નમો મુનિ સુસમાધ ॥૨॥

## ॥ ઢાળ અગિયારમી ॥

॥ પંથડો નિહાળું રે બીજા જિનતણો રે - એ દેશી ॥

**ભવિ તુમે સેવો રે ચારિત્રપદ ભલું રે,** શુચિ કરી તન મન કાય;
દેશ સરવ ભેદે જિનવર કહે રે, ચારિત્ર હોય અમાય ॥**ભવિ૦** ॥૧॥

દેશ ચરણ ગૃહીને વ્રત બારનું રે, મુનિને મહાવ્રત પંચ;
દેશવિરતિ વૈમાનિક પદ લહે રે, મુનિ લહે શિવ સુખ સંચ ॥ભવિ૦ ॥૨॥

મુહૂર્ત્ત માત્ર ચારિત્ર સેવ્યાં થકી રે, વૈમાનિક સુર થાય;
ભાવ વિશુદ્ધે સાધે સિદ્ધિને રે, જિમ શ્રી મરૂદેવા માય ॥ભવિ૦ ॥૩॥

ત્રિકરણ શુદ્ધ ચરણ ફરશન કરે રે, બાર કષાય નિવારી;
બાર માસે અનુત્તર સુખ અતિક્રમી રે, શુક્લ શુક્લ નિરધાર ॥ભવિ૦ ॥૪॥

ત્રિવિધ અવંચક જોગે જોડતા રે, ષટ્ આવશ્યક સાધ;
સાધ્યપદે રમતા સમતા ધરે રે, ટાળે વિભાવ ઉપાધ ॥ભવિ૦ ॥૫॥

શબ્દ રૂપ રસ ફરશ વિષય સુખે રે, જસ મન નહીં લપટાય;
તારણ તરણ જહાજ તે મુનિવરા રે, બીજાં નામ કહાય ॥ભવિ૦ ॥૬॥

શ્રીદેવી ઉપસરગે થિર રહ્યા રે, અરુણદેવ ષટ્ માસ;
થિર ચારિત્રી સંજમ સાધીને રે, જિનપદ બાંધ્યું ઉલ્લાસ ॥ભવિ૦ ॥૭॥

બારમે સરગે સુર સુખ અનુભવી રે, થાશે વિદેહે જિણંદ;
તસ પદ પદ્મની સેવન કરી ભલી રે, લહે ચિદ્રૂપ અમંદ ॥ભવિ૦ ॥૮॥

**॥ શ્રી ચારિત્રપદ કાવ્યં ॥** (દ્રુતવિલંબિત વૃત્તં)

કઠિનકર્મઘનાઘનભેદકં, શમદમાદિગુણાવલિમંડનમ્;
જિનગણાધિપસાધુસુસેવિતં, ચરણપંચવિધં યજયામ્યહમ્ ॥૧૧॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે ચારિત્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ નવમ (ચતુર્દશ) શ્રી તપપદ પૂજા ॥

### ॥ દુહા ॥

કર્મ તપે તપ જોગથી, તપથી જાય વિકાર;
ભાવમંગળ તપ જિન કહે, શિવસુખનો દાતાર ॥૧॥
બાહ્ય અભ્યંતર તપ તપે, જપે સદા જિન જાપ;
લબ્ધિવંત મહિમા નિલો, ટાળે સંચિત પાપ ॥૨॥

### ॥ ઢાળ ચૌદમી ॥

॥ ના કરીએજી નેડો ના કરીએ નિગુણાશું રે નેડો ના કરીએ - એ દેશી ॥

તપ કરીએજી નિત તપ કરીએ, સમતાસું રે ઘટમાં તપ કરીએ;
ભવસાયર જિમ ઝટ તરીએજી, **સમતાસું રે ઘટમાં તપ કરીએ** ॥૧॥ એ ટેક ॥
તપથી વિઘન પરંપરા જાએ, સુરનર આણા શિર ધરીએજી ॥**સ૦**॥
કામ શમન ને ઇંદ્રિ દમનતા, નિત મંગલમાળા વરીએજી ॥સ૦॥
રિદ્ધિ સિદ્ધિ નવનિધિ ઘર આવે, સાતે સુખ નિત અનુસરીએજી ॥સ૦ ॥૨॥
સુર સુખ શિવ સુખ સુલહું તેહને, મંગલમાળા નિત વરીએજી ॥સ૦॥
સંચિત પાપ કરમ ક્ષય જાયે, નિરમળ ચેતનને કરીએજી ॥સ૦ ॥૩॥
રત્ન કનક મુક્તાવળિ રૂડો, સિંહનિક્રીડિત મન ધરીએજી ॥સ૦॥
વર્ધમાન તપ પૂરવ ભવ કરી, પાંડવ જયકમળા વરીએજી ॥સ૦ ॥૪॥
નંદન મુનિ એક લાખ વરસ લગે, માસખમણ પારણું કરીએજી ॥સ૦॥
નારકી કોડિ વરસે અઘટાળે, તેટલું અઠ્ઠમ તપ કરીએજી ॥સ૦ ॥૫॥
દુષ્ટ કરમ તરુ ભંજન ગજ સમ, દુવિહા તપ વિધિ આચરીએજી ॥સ૦॥
ઈહ પરલોક આશંસા છાંડી, હેલે ભવસાયર તરીએજી ॥સ૦ ॥૬॥
વિષ્ણુકુમારાદિક મહા તપસી, ખંધક સમતા અનુસરીએજી ॥સ૦॥
ચઉદ સહસ્સ અણગારમાં ધોરી, ધન ધન્નો મુનિ ઉચરીએજી ॥સ૦ ॥૭॥
સનતકુમાર બાહુબળી ગૌતમ, વિશલ્યા તપ દુઃખ હરીએજી ॥સ૦॥
સાઠ હજાર વરસ આંબિલ તપ, સુંદરી શિવસુખડાં વરીએજી ॥સ૦ ॥૮॥
તપપદ સેવી કનકકેતુ મુનિ, તીર્થંકર પદ અનુસરીએજી ॥સ૦॥
તસ પદ પદ્મની સેવના કરીને, રૂપવિજય શિવસુખ વરીએજી ॥સ૦ ॥૯॥

॥ શ્રી તપપદ કાવ્યં ॥ (દ્રુતવિલંબિત વૃત્તં)

ઈતિ ચતુર્દશમાર્હતભક્તિતઃ, પદમનન્તસુખોદયદાયકમ્;
કનકકેતુનરેન્દ્ર ઈવાનિશં, સૃજતિ યઃ સ ભવેત્રિજગત્પતિઃ ॥૧૪॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતે તપસે જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ ઢાળ એકવીશમી ॥

॥ ઘણું જીવ તું જિનરાજ જીવો ઘણું - એ દેશી ॥

સકલ મંગલતણી વેલી વિસ્તારિણી, વીશસ્થાનકતણી સરસ પૂજા;
ભક્તિ શક્તિ કરી પૂર્ણ આદર ધરી, જે કરે તેહનાં પાપ ધ્રૂજ્યાં ॥સ૦ ॥૧॥

પ્રથમ ને ચરમ જિનરાજે પૂરાં કર્યાં, અવર જિને દોય ત્રણ ઠાણ કીધાં;
તીર્થપતિપદ લહી, સકલ પાતિક દહી, શાશ્વતાનંદ પદે તેહ સિદ્ધા ॥સ૦ ॥૨॥

સાધુ ને સાધવી શ્રાવક શ્રાવિકા, ભવિકા જેહ એ તપ આરાધે;
ઊજવી ઉદ્યમે રીઝવી આતમા, સકલ સુખ સિદ્ધિનાં તેહ સાધે ॥સ૦ ॥૩॥

શ્રીવિજયસિંહસૂરીશ તપગણપતિ, શિષ્ય તસ સત્યવિજયાભિહાણો;
કપૂર ખિમાદિ જિન ઉત્તમ શબ્દથી, વિજયપદે શિષ્ય સંતાન જાણો ॥સ૦ ॥૪॥

તત્ત્વ ગજ દિગ્ગજ ચંદ્ર (૧૮૮૩) વરસે ભલી, શુક્લ એકાદશી ભાદ્રમાસે;
સકલ સુખસદ્મ ગુરુ પદ્મવિજયાંતિષત, રૂપવિજયાભિધો વાણી ભાષે ॥સ૦ ॥૫॥

॥ કળશ ॥

એમ સકલ મંગલ શ્રેણી દાતા, પાર્શ્વ શ્રી શંખેશ્વરો,
વર ભક્તિ દાવે શુદ્ધ ભાવે, સંથુણ્યો અલવેસરો;
સંવેગમાર્ગી તત્ત્વરાગી, પદ્મવિજય મુણીસરો;
તસ શિષ્ય ભાખે શાસ્ત્ર સાખે, રૂપવિજય સુહંકરો ॥૧॥

**॥ ઇતિ વિ.સં. ૧૮૮૩, ભાદરવા સુદ-૧૧, પંડિત શ્રી રૂપવિજયજી વિરચિત શ્રી વિંશતિસ્થાનક પૂજામાંથી ઉદ્ધૃત શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

• • •

## ૨૦

અચલગચ્છીય આચાર્ય શ્રી ગુણસાગરસૂરિજી વિરચિત

# શ્રી નવપદ પૂજા

॥ દુહા ॥

પ્રણમી શ્રી જિનદેવને, ઉપકારી ગુરુરાય;
જિનવાણી પ્રણમી સ્તવું, નવપદ ગુણ સમુદાય ॥૧॥

પ્રથમ પદે અરિહંત દેવ, બાર ગુણે મનોહાર;
પદ બીજે નમું સિદ્ધને, આઠ ગુણે સુખકાર ॥૨॥

આચારજ ત્રીજે પદે, નમું છત્રીશ ગુણરાય;
ઉપાધ્યાય ચોથે પદે, ગુણ પચ્ચીશ ગવાય ॥૩॥

સાધુ નમું પદ પાંચમે, ગુણ સત્યાવીશ સાર;
સદા પંચ પરમેષ્ઠીને, પ્રણમું હર્ષ અપાર ॥૪॥

છઠ્ઠે સુદર્શન પદ નમું, સડસઠ ગુણ શ્રીકાર;
જ્ઞાન નમું પદ સાતમે, ગુણ એકાવન સાર ॥૫॥

ચારિત્રપદ નમું આઠમે, સિત્તેર ગુણ દુઃખહાર;
નવમે પદ વર તપ નમું, પચ્ચાશ ગુણ શિવકાર ॥૬॥

એ નવ પદ સિદ્ધચક્રનાં, સર્વ દુઃખ હરનાર;
દેવ અસુર નરનાથ સહ, પૂજે ભાવ અપાર ॥૭॥

સકલ સિદ્ધિ સમૃદ્ધિ પ્રદ સિદ્ધચક્ર સુખદાય;
ભવિજન સેવો ભાવથી, ભવ દુઃખ દૂર પલાય ॥૮॥

ભવોભવ મુજ મન મંદિરે, વસજો શ્રી સિદ્ધચક્ર;
ગૌતમ નીતિ ગુણ કહે, નષ્ટ હો મુજ ભવચક્ર ॥૯॥

## ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

### ॥ દુહો ॥

અરિહંત દુઃખહર શિવંકરા, જિનવર અતિશય ધાર;
જ્ઞાની પરમેષ્ઠિ વરા, પ્રણમું હર્ષ અપાર ॥૧॥

### ॥ ચૈત્યવંદન (દુહા) ॥

અરિહંત સકલ જગપતિ, જિનપતિ જગ ગુરુરાય;
ઈન્દ્ર ચક્રી સુરનર વરા, જેહના પ્રણમે પાય ॥૧॥

સિદ્ધચક્રમાં પ્રથમ પદ, શ્વેત વર્ણ સુખકાર;
વીતરાગ તારક પ્રભુ, દુઃખહર જગદાધાર ॥૨॥

અનંત ગુણ નિધિ દેવ એ, જિનવર શિવ દાતાર;
ગૌતમ નીતિ ગુણ કહે, સેવો જિન હિતકાર ॥૩॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : જાવો જાવો અય મેરે સાધુ ॥

**અરિહંત પદના સેવ્યાથી,** ભવિજન અરિહંત રૂપે થાય.
વીશ સ્થાનક તપ ત્રીજે ભવ કરી, જે જિનનામ કમાય;
ઈંદ્ર ચક્રી નૃપ પૂજિત ચરણા, પ્રણમું શ્રી જિનરાય. અરિહંત૦ ॥૧॥

અરિહંત કલ્યાણક દિવસોમાં, પ્રકાશ નરકે થાય;
અતીવ પુણ્ય પ્રભાવે જિનના, જગમાં શાતા થાય. અરિહંત૦ ॥૨॥

ત્રણ જ્ઞાન યુત જન્મે જ્યારે, ભોગ કર્મ ક્ષીણ થાય;
દાન સંવત્સર દઈ દીક્ષા લઈ, શમદમ લીન જ થાય. અરિહંત૦ ॥૩॥

ઘાતિકર્મ હણી વીતરાગી, કેવલજ્ઞાની થાય;
કરામલકવત્ જગતને જોતાં, જિનથી તીર્થ સ્થપાય. અરિહંત૦ ॥૪॥

ચોત્રીશ અતિશયી તીર્થપતિના, સુરનર સેવે પાય;
પાંત્રીશ ગુણ યુત વાણી સુણતાં, હૈડે હરખ ન માય. અરિહંત૦ ॥૫॥

વર્તમાન ભૂત ભાવી જીવના, ભાખે શ્રી જિનરાય;
કર્મ વિપાક સ્વરૂપ જણાતાં, બહુ ભવિ પ્રતિબોધાય. અરિહંત૦ ॥૬॥

જગમાં બહુ ઉપકાર કરીને, જિનપતિ મોક્ષે જાય;
ગૌતમ નીતિ ગુણ કહે સવિ સુખ, જિન સેવ્યાથી થાય. અરિહંત૦ ॥૭॥

॥ ગાથા ॥

સકલ જીવ હિતકર સદા, સર્વ સિદ્ધિ કરનાર;
નરકાદિ ચઉગતિ તણાં, સર્વ દુઃખ હરનાર ॥૧॥

અરિહંત પદ સિદ્ધચક્રમાં, અક્ષયપદ દાતાર;
જલ ચંદન પુષ્પાદિથી, પૂજો ભાવ અપાર ॥૨॥

॥ કાવ્યં ॥

ત્રિભુવને વિદિતં ભુવનૈર્નતં, વિજિત મોહરિપું સુગુણામ્બુધિમ્;
દલિત દુઃખ ચતુર્ગતિ સંભવં, નવપદં પ્રણમામિ શિવપ્રદમ્ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રી પરમપદપ્રાપકાય સકલદુઃખદુર્ગતિ છેદકાય સકલમંગલકરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે શ્રી સિદ્ધચક્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

(૧. જલ, ૨. ચંદન, ૩. પુષ્પ, ૪. વાસચૂર્ણ, ૫. ધૂપ, ૬. અક્ષત, ૭. અષ્ટમંગલ, ૮. ધ્વજા)

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

॥ દુહો ॥

અનંત સુખ ગુણમાં રમે, અનંત સિદ્ધ ભદંત;
અષ્ટ કર્મ જેણે હણ્યા, સિદ્ધ નમું તે ખંત ॥૧॥

## ॥ ચૈત્યવંદન (દુહા) ॥

સિદ્ધ અનંત ચતુષ્ટય, મોક્ષપુરે વસનાર;
સિદ્ધચક્ર બીજે પદે, રક્ત વર્ણ મનોહાર ॥૧॥

જન્મ મરણ જેહનાં ગયા, જરા શોક સંતાપ;
નિર્મળ નિરંજન પ્રભુ, નિરાબાધ ગત તાપ ॥૨॥

દુઃખ મુક્ત મુક્તિપ્રદા, આત્મભાવ રમનાર;
ગૌતમ નીતિ ગુણ કહે, સિદ્ધ નમો હિતકાર ॥૩॥

## ॥ ઢાળ ॥

॥ રાગ : આવો આવો દેવ મારા ॥

સકળ કર્મ દુઃખહાર, નિર્મળ અક્ષય સુખ દાતાર;
**નિર્મળ સિદ્ધ નમો સુખકાર.**

ગતિ સ્વભાવે બંધન છેદે, પૂર્વ પ્રયોગે સાર;
ઊર્ધ્વગતિ કરી એક સમયમાં, સિદ્ધપુરે જાનાર. નિર્મળ૦ ॥૧॥

સિદ્ધશિલાથી જોજન ઉપર, સિદ્ધ બિરાજે સાર;
સાદિ અનંતકાલ સુખ રમતા, ભવમાં નહિ ભમનાર. નિર્મળ૦ ॥૨॥

ક્રોધ માન માયા લોભાદિ, સ્પર્શે નહિ લગાર;
દેહ ઈંદ્રિય મન આયુ નહિ જ્યાં, આહાર નહિ અંધકાર. નિર્મળ૦ ॥૩॥

અવ્યાબાધ નિરૂપ અગોચર, મુક્ત સદાનંદ ધાર;
જ્યોતિ સ્વરૂપ રહે જ્યોતિમાં, સ્પર્શે નહિ અંધકાર. નિર્મળ૦ ॥૪॥

જ્ઞાન દર્શન ચારિત્ર અનંતા, વીર્ય અનંત ધરનાર;
સિદ્ધ પ્રભુ નિર્મળ ગુણ દીપે, આત્મગુણે રમનાર. નિર્મળ૦ ॥૫॥

ઊચ્ચ પદે પરમેષ્ઠિમાં રહે, સકલ વિશ્વ જોનાર;
આત્માનંદ રમાપતિ ધ્યાવો, સિદ્ધ પ્રભુ સુખકાર. નિર્મળ૦ ॥૬॥

નગર સમૃદ્ધિ ભિલ્લ જાણે તો યે, કહી ન શકે વનમાંય;
ઉપમા વિણ નાણી સિદ્ધ સુખ તિમ, કહી ન શકે જનમાંય. નિર્મળ૦ ॥૭॥

સિદ્ધચક્ર બીજે પદ સેવો, અજરામર પદ ધાર;
ગૌતમ નીતિ ગુણ કહે શિવપ્રદ, નમો સિદ્ધ જયકાર. નિર્મળ૦ ॥૮॥

**॥ ગાથા ॥**

સકલ જીવ હિતકર સદા, સર્વ સિદ્ધિ કરનાર;
નરકાદિ ચઉગતિ તણાં, સર્વ દુઃખ હરનાર ॥૧॥

શ્રી સિદ્ધપદ સિદ્ધચક્રમાં, અક્ષયપદ દાતાર;
જલ ચંદન પુષ્પાદિથી, પૂજો ભાવ અપાર ॥૨॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

**॥ દુહો ॥**

આચારજ જિનધર્મના, સારક વારક જેહ;
છત્રીશ ગુણ યુત નિર્મમા, પ્રણમું સૂરિ તેહ ॥૧॥

**॥ ચૈત્યવંદન (દુહા) ॥**

સિદ્ધચક્ર ત્રીજે પદે, આચારજ ગણધાર;
જિનવર વિરહે સ્તંભ જે, શાસનના શણગાર ॥૧॥

પાલક પંચાચારના, તેમ પલાવણહાર;
અપ્રમત્ત દીયે દેશના, જગ જન તારણહાર ॥૨॥

કુમત કદાગ્રહને હરે, ઉપકારી અકષાય;
ગૌતમ નીતિ ગુણ કહે, હું પ્રણમું સૂરિરાય ॥૩॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : આ તો લાખેણી લજ્જા કહેવાય ॥

ગણધારી સૂરિ મહારાય, **દીપક આ જગતના,**
પાપ ધૂમ રહિત ગુરુરાય, દીપક આ જગના;

શ્રી સિદ્ધચક્ર ત્રીજે પદે, સૂરીશ દીપે જિનવર વદે
એને સેવ્યાથી પાપ ધોવાય. દીપક૦ ॥૧॥

સુજ્ઞાન દર્શન ચારિત્રના, તપ વીર્ય આચાર જે આત્મનાં;
સૂરિ પાળે પળાવે રાય. દીપક૦ ॥૨॥

ગુરુ છત્રીશ ગુણથી શોભતા, નિજ આતમ રમણે થોભતા;
રોધે આશ્રવ કર્મ ખપાય. દીપક૦ ॥૩॥

દીયે સારણ વારણ ચોયણા, પડિચોયણ જગ જન બોહણા;
સદા અપ્રમત્ત અકષાય. દીપક૦ ॥૪॥

શુભ પડિમા વહે વળી તપ કરે, ઈન્દ્રિય અશ્વોને વશ કરે;
નવવિધ બ્રહ્મ ગુપ્તિ સોહાય. દીપક૦ ॥૫॥

શ્રી જિનશાસન ઉન્નતિ કરા, શુદ્ધ પ્રરૂપણે જિન સમ સૂરિવરા;
જેના ગુણો સુરાસુર ગાય. દીપક૦ ॥૬॥

જિન જિનેશ ચંદ સૂરજ ગયે, જિનમત પ્રકાશ દીપક ભયે;
સેવો સૂરીશ સદા સુખદાય. દીપક૦ ॥૭॥

ગુરુ નિર્મળ વ્રતધારી શમી, દુઃખ નાશ કરો સૂરિને નમી;
ગૌતમ નીતિ ગુણ ગાય. દીપક૦ ॥૮॥

॥ ગાથા ॥

સકલ જીવ હિતકર સદા, સર્વ સિદ્ધિ કરનાર;
નરકાદિ ચઉગતિ તણાં, સર્વ દુઃખ હરનાર ॥૧॥

આચાર્યપદ સિદ્ધચક્રમાં, અક્ષયપદ દાતાર;
જલ ચંદન પુષ્પાદિથી, પૂજો ભાવ અપાર ॥૨॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

### ॥ દુહો ॥

ઉપાધ્યાય પદ દીપકા, દ્વાદશાંગના જાણ;
અર્થ સૂત્ર પાઠકવરા, પાઠક નમું સુજાણ ॥૧॥

### ॥ ચૈત્યવંદન (દુહા) ॥

દ્વાદશાંગ સિદ્ધાંત ધર, અપ્રમાદી ઉવજ્ઝાય;
વાચક પાઠક સૂત્રના, વિસ્તારક નિર્માય ॥૧॥

ગણ તપ્તિ કર વર્ય ગુણ, સૂરિવર પદ યોગ;
વાદિગજ મૃગપતિ સમા, ટાળે કુમતિ રોગ ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : વાસુપૂજ્ય વિલાસી ॥

**શ્રી શાસ્ત્ર સુભાષી અર્થ પ્રકાશી,** પ્રણમું પાઠક રાય;
સંસાર ઉદાસી, હત દુઃખ રાશિ, અજ્ઞાન તિમિર હઠાય

### ॥ સાખી ॥

દ્વાદશાંગ શ્રી સૂત્રને જાણે, નિત્ય કરે સ્વાધ્યાય;
રસ રાખે સૂત્ર અર્થ વિસ્તારે, અપ્રમત્ત ઉવજ્ઝાય રે. શ્રી૦ ॥૧॥

પઠન અધ્યાપન કરતાં પ્રીતે, પાળતા જિનવર આણ;
તત્ત્વ રમણતા ધારે પ્રબોધક, વરસે શીતલ વાણ રે. શ્રી૦ ॥૨॥

મહાવ્રત ભાવના પચ્ચીશ ભાવે, પરિષહના સહનાર;
સંવેગ રંગ નિમગ્ન જ રહેતા, સમતા ગુણ ભંડાર રે. શ્રી૦ ॥૩॥

અજ્ઞાની શિષ્યોને જ્ઞાની બનાવે. સકલ સંઘ આધાર;
સર્વ સમય જે રહે સાવધાન, અજ્ઞાન તમ હરનાર રે. શ્રી૦ ॥૪॥

સ્યાદ્વાદ સમજાવે જગમાં, ટાળે એકાંત મિથ્યાત;
બહુજનને જિનધર્મ પમાડે, ભવ ત્રીજે ભવઘાત રે. શ્રી૦ ॥૫॥

દેદીપ્યમાન કરે જિનશાસન, યુવરાજ ઉવજ્ઝાય;
ગણ શુભ વર્તન ચિંતન તત્પર, સેવતા પાપ પલાય રે. શ્રી૦ ॥૬॥

સિદ્ધચક્ર પદ ચોથે ધ્યાવું, ઉપકારી ઉપાધ્યાય;
ગૌતમ નીતિ ગુણ કહે નમતાં, ભવ ભ્રમણાં દુઃખ જાય રે. શ્રી૦ ॥૭॥

॥ ગાથા ॥

સકલ જીવ હિતકર સદા, સર્વ સિદ્ધિ કરનાર;
નરકાદિ ચઉગતિ તણાં, સર્વ દુઃખ હરનાર ॥૧॥

ઉવજ્ઝાય પદ સિદ્ધચક્રમાં, અક્ષયપદ દાતાર;
જલ ચંદન પુષ્પાદિથી, પૂજો ભાવ અપાર ॥૨॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

### ॥ દુહો ॥

પંચ મહાવ્રત પાલકા, છકાય રક્ષણહાર;
પંચેન્દ્રિય નિગ્રહ પરા, નમું સાધુ ગુણ સાર ॥૧॥

### ॥ ચૈત્યવંદન (દુહા) ॥

ક્ષમા મૃદુતા સરલતા, અલોભતા ગુણધાર;
ક્રોધ માન માયાદિને, તજે ભજે શમસાર ॥૧॥

દયા સત્ય અચૌર્ય બ્રહ્મ, અપરિગ્રહ વ્રતધાર;
પંચ સમિતિ ત્રિગુપ્તિને, પાલે મુનિ હિતકાર ॥૨॥

સિદ્ધચક્ર પંચમ પદે, સંયમધાર મુનિરાય;
ગૌતમ નીતિ ગુણ કહે, પ્રણમો સાધુ પાય ॥૩॥

॥ ઢાળ ॥

॥ રાગ : સાહેબો મારો ગુલાબનો છોડ ॥

**મુનિવર તપસી શમભંડાર,** પ્રણમું ભાવ વધારી,
નિર્મળ સમતા ગુણ આધાર, સેવું મહાવ્રતધારી

ઈરિયાસમિતિને જે નિત પાળે, ભાષાના દોષોને નિત નિત ટાળે;
આહાર બેતાલીશ દોષ દે વાર, રહે અતિચાર નિવારી. મુનિવર૦ ॥૧॥

આદાન નિક્ષેપ જયણાથી કરતા, નિર્જીવ ભૂમિમાં વસ્તુ પરઠવતા;
મન વચ કાયા ત્રિગુપ્તિધાર, નિત્ય ત્રણ દંડને વારી. મુનિવર૦ ॥૨॥

સંયમ સત્તર પ્રભેદે આરાધે, દશવિધ યતિ ધર્મે શિવ સાધે;
નવવિધ બ્રહ્મ ગુપ્તિ આધાર, જગ જયી કામને વારી. મુનિવર૦ ॥૩॥

ઋદ્ધિ રસ શાતાગારવ વારતા, માયા નિયાણાદિ શલ્યોને ટાળતા;
સ્ત્રી ભક્ત દેશ રાજકથા નિવારે, પ્રણમું જગ ઉપકારી. મુનિવર૦ ॥૪॥

સુદેવ ગુરુની આજ્ઞામાં રહેતા, નિરંતર શાસ્ત્રાધ્યયન કરતા;
આત્મ રમણતામાં રહેનાર, પુદ્‌ગલ ભાવ નિવારી. મુનિવર૦ ॥૫॥

અણસણાદિ તપ બાહ્ય આચારતા, પ્રાયશ્ચિત્તાદિ અંતર તપ કરતા;
અષ્ટ કરમના ચૂરણહાર, સહે ઉપસર્ગ અવિકારી. મુનિવર૦ ॥૬॥

સિદ્ધચક્ર પંચમપદ ભૂષિત, નિષ્કષાયી જીવન અદૂષિત;
કહે ગૌતમ નીતિ ગુણધાર, વંદુ એ પાવનકારી. મુનિવર૦ ॥૭॥

॥ ગાથા ॥

સકલ જીવ હિતકર સદા, સર્વ સિદ્ધિ કરનાર;
નરકાદિ ચઉગતિ તણાં, સર્વ દુઃખ હરનાર ॥૧॥

સાધુપદ સિદ્ધચક્રમાં, અક્ષયપદ દાતાર;
જલ ચંદન પુષ્પાદિથી, પૂજો ભાવ અપાર ॥૨॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ ષષ્ઠ શ્રી દર્શનપદ પૂજા ॥

### ॥ દુહો ॥

ક્ષાયિકાદિક ભેદધર, ભવોચ્છેદ કરનાર;
સમ્યગ્દર્શન તે નમું, મુક્તિ સુખ દાતાર ॥૧॥

### ॥ ચૈત્યવંદન (દુહા) ॥

શમ સંવેગ નિર્વેદકર, અનકંપા કરનાર;
જિન વચને આસ્તિક્યતા, ઉપાદે ભવહાર ॥૧॥

પરપરિણતિ ત્યાજક પ્રભુ, સ્થાપે આત્મ સ્વરૂપ;
સમ્યગ્દર્શન જીવને, નાખે નહિ ભવ કૂપ ॥૨॥

સિદ્ધચક્ર છઠ્ઠે પદે, જ્ઞાન ચરણનું મૂળ;
ગૌતમ નીતિ ગુણ કહે, પ્રણમું ચઉગતિ શૂળ ॥૩॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : રાખનાં રમકડાં... વૈષ્ણવજન તો તેને... ॥

**સમ્યગ્દર્શન પ્રણમો ભવિયાં,** સવિ દુઃખ વેગે જાય રે;
પાપ પંક પ્રક્ષાલન સાથે, આતમ શુદ્ધિ થાય રે. સમ્યગ્૦ ॥૧॥

જે ક્રોધાદિ સકલ દુઃખનાં, મૂળ નિમિત્ત કહાય;
તે અનંતાનુબંધીનો પણ, સમકિતથી ક્ષય થાય રે. સમ્યગ્૦ ॥૨॥

અહિંસા સત્ય અચૌર્ય અમૈથુન, અપરિગ્રહ ક્ષમા સાથે;
માર્દવ ૠજુતાદિ શિવદાયક, ગુણને સમક્તિ નાથે રે. સમ્યગ્૦ ॥૩॥

જ્ઞાન અજ્ઞાન કહાયે જે વિણ, ચારિત્ર નવિ શિવ સાધે;
ભટકે જીવ અસહ્ય દુઃખ યુત, ભવ સમુદ્ર અગાધે રે. સમ્યગ્૦ ॥૪॥

ઉપશમ ક્ષયોપશમ ને ક્ષાયિક, ભવનાં દુઃખને કાપે;
અક્ષય અવ્યાબાધ અનંતા, મુક્તિના સુખ આપે રે. સમ્યગ્૦ ॥૫॥

અર્ધા પુદ્ગલ માંહે મુક્તિ, અંતર મુહૂર્ત ફરશે;
કૃષ્ણ શ્રેણિક જેહના અનુભાવે, તીર્થંકર થઈ તરશે રે. સમ્યગ્૦ ॥૬॥

સિદ્ધચક્ર છટ્ઠે પદ સેવો, સમકિત સડસઠ્ઠ ભેદે;
ગૌતમ નીતિ ગુણ કહે સેવન, ભવ ભવનાં દુઃખ છેદે રે. સમ્યગ્૦ ॥૭॥

॥ ગાથા ॥

સકલ જીવ હિતકર સદા, સર્વ સિદ્ધિ કરનાર;
નરકાદિ ચઉગતિ તણાં, સર્વ દુઃખ હરનાર ॥૧॥

દર્શનપદ સિદ્ધચક્રમાં, અક્ષયપદ દાતાર;
જલ ચંદન પુષ્પાદિથી, પૂજો ભાવ અપાર ॥૨॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

॥ દુહો ॥

લોકાલોક પ્રકાશકર, પંચ એકાવન ભેદ;
નિર્મળ જ્ઞાન નમું સદા, કરે કર્મનો છેદ ॥૧॥

॥ ચૈત્યવંદન (દુહા) ॥

અટ્ઠાવીશ મતિ ચઉદ શ્રુત, ષટ્ અવધિ તમ છેદ;
દો મનઃપર્યય કેવલ, જ્ઞાન છે એક અભેદ ॥૧॥

અજ્ઞાન છેદક બોધપ્રદ, સકલ જગત આધાર;
બોધક ભક્ષ્યાભક્ષ્ય તિમ, પેયાપેય વિચાર ॥૨॥

સિદ્ધચક્ર સપ્તમ પદે, સેવો ભવિ સુખકાર;
ગોતમ નીતિ ગુણ કહે, નમો જ્ઞાન દુઃખહાર ॥૩॥

॥ ઢાળ ॥

॥ રાગ : રાખનાં રમકડાં ॥

**જ્ઞાન સાધો આળસ ત્યાગો,** શિવપદ લેવા જાગો રે;
જ્ઞાન આરાધન દુષ્કર એમ કહી, બીકણ થઈ નવિ ભાગો રે. જ્ઞાન૦

સુખકર હિતકર જ્ઞાનારાધન, વિરાધન દે દુઃખડાં;
અંતરદષ્ટિએ જોઈ વિચારી, લ્યો આરાધન સુખડાં રે. જ્ઞાન૦ ॥૧॥

ભક્ષ્યા-ભક્ષ્ય પેયા-પેય કૃત્યા-કૃત્ય અજ્ઞાની ન જાણે;
અભક્ષ્ય-અપેય-અકૃત્યકારક તો, રડશે દુઃખને ટાણે રે. જ્ઞાન૦ ॥૨॥

અજ્ઞાને ભટકે ભવગહને, દુઃખદાયક સંસારે;
જ્ઞાન વિના અજ્ઞાન જ દુઃખપ્રદ, એહવું ન જાણે લગારે રે. જ્ઞાન૦ ॥૩॥

જે વિણ ચારિત્ર નિષ્ફળ થઈને, શિવસુખને નવિ આપે;
તે સમ્યગ્દર્શનનું કારણ, જ્ઞાન સકલ દુઃખ કાપે રે. જ્ઞાન૦ ॥૪॥

પૂર્વ ક્રોડ વર્ષ અજ્ઞાની, જે દુષ્કર્મો ટાળે;
જ્ઞાની શ્વાસોશ્વાસે તેટલાં, દુષ્કર્મોને બાળે રે. જ્ઞાન૦ ॥૫॥

મતિ શ્રુત અવધિ ને મનઃપર્યય, કેવલ જ્ઞાનાવરણી;
એ કર્મોના મૂળને બાળે, જ્ઞાનારાધન કરણી રે. જ્ઞાન૦ ॥૬॥

ગુણ અનંત આતમના ભાખ્યા, તેહમાં જ્ઞાન જ મોટું;
સર્વે ગુણોને લાવે જ્ઞાન તો, આરાધન શું ખોટું રે. જ્ઞાન૦ ॥૭॥

જ્ઞાનારાધન કરો કરાવો, અનુમોદો એકતાન;
ગૌતમ નીતિ ગુણ કહે જગમાં, નહિ કોઈ જ્ઞાન સમાન. જ્ઞાન૦ ॥૮॥

॥ ગાથા ॥

સકલ જીવ હિતકર સદા, સર્વ સિદ્ધિ કરનાર;
નરકાદિ ચઉગતિ તણાં, સર્વ દુઃખ હરનાર ॥૧॥

શ્રી જ્ઞાનપદ સિદ્ધચક્રમાં, અક્ષયપદ દાતાર;
જલ ચંદન પુષ્પાદિથી, પૂજો ભાવ અપાર ॥૨॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

### ॥ દુહો ॥

વ્રત સંયમ યતિધર્મ તિમ, વૈયાવચ્ચ સ્વરૂપ;
બ્રહ્મ ગુપ્તિ જ્ઞાનાદિમય, ચરણ નમું સુખરૂપ ॥૧॥

### ॥ ચૈત્યવંદન (દુહા) ॥

ભૂપ ચક્રી પણ આદરે, છોડી સકલ જંજાલ;
સકલ શાસ્ત્રનો સાર જે, ચરણ દીયે શિવમાલ ॥૧॥

રંક આદરી જેહને, પૂજાયે ત્રણ લોક;
નિર્મલ ચરણ એ સેવતાં, નાશે ભવદુઃખ શોક ॥૨॥

સિદ્ધચક્ર અષ્ટમ પદે, આશ્રવ રોધક જેહ;
ગૌતમ નીતિ ગુણ કહે, ચારિત્ર પ્રણમું તેહ ॥૩॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : માઢ. વાસુપૂજ્ય વિલાસી... ॥

**શ્રી ચારિત્ર સેવો, ચારિત્ર ધ્યાવો,** ભવજલનિધિ અઘહાર;
કર્મરોધક સંસાર વિચ્છેદક, ભેદે ભજો શિવકાર રે. શ્રી૦ ॥૧॥

ક્રૂર દુષ્ટ હિંસક ચૌરાદિ, જેહથી તર્યા સંસાર;
તે વિરતિ વિણ રડશે જીવો, નવિ પામે દુઃખ પાર રે. શ્રી૦ ॥૨॥

પ્રાજ્ય રાજ્ય છોડી ચરણને વરિયા, રાજ રાજેશ્વર રાય;
નૃપ ઈંદ્રો પણ ચારિત્રધારી, રંકના પ્રણમે પાય રે. શ્રી૦ ॥૩॥

જિનવર ભાષિત સર્વ શાસ્ત્રોનાં, વચનોનો જે સાર;
તે સમ્યક્ ચારિત્રને સેવો, અન્ય અખિલ અસાર રે. શ્રી૦ ॥૪॥

એક દિવસનાં શુદ્ધ ચારિત્રે, જો કદી સિદ્ધ ન થાય;
તો પણ વૈમાનિક નિશ્ચયથી, એમ ભાખે જિનરાય રે. શ્રી૦ ॥૫॥

દેશવિરતિના આઠ વિરોધક, સર્વ વિરતિના બાર;
ચારિત્ર મોહ કષાય વિનાશો, અતિશય દુઃખ દેનાર. શ્રી૦ ॥૬॥

પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધો, ઉપશમ જીવન આણ;
ગૌતમ નીતિ ગુણ કહે ચારિત્ર, આરાધના ગુણખાણ રે. શ્રી૦ ॥૭॥

॥ ગાથા ॥

સકલ જીવ હિતકર સદા, સર્વ સિદ્ધિ કરનાર;
નરકાદિ ચઉગતિ તણાં, સર્વ દુઃખ હરનાર ॥૧॥

ચારિત્રપદ સિદ્ધચક્રમાં, અક્ષયપદ દાતાર;
જલ ચંદન પુષ્પાદિથી, પૂજો ભાવ અપાર ॥૨॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

॥ દુહો ॥

બાહ્યાભ્યંતર ભેદ જે, તપના કહ્યા જિનરાજ;
પ્રણુમું તે તપ ભાવથી, કર્મ ખપાવણ કાજ ॥૧॥

॥ ચૈત્યવંદન (દુહા) ॥

કર્મ નિર્જરા ભેદ જે, બાર કહ્યા તપ તેહ;
અણસણાદિ ભેદે કરી, કરે કર્મનો છેહ ॥૧॥

કષ્ટ વિઘ્ન દુઃખ શોક ભય, તપથી પામે નાશ;
હેતુ સિદ્ધિ સમૃદ્ધિનો, તપ પુરે મન આશ ॥૨॥

તપથી તીર્થંકર થયા, તેમ અનંતા સિદ્ધ;
ઈંદ્ર ચક્રી તપથી થયા, વાત એ શાસ્ત્ર પ્રસિદ્ધ ॥૩॥

સિદ્ધચક્ર નવમે પદે, પ્રણમું તપ સુખખાણ;
ગૌતમ નીતિ ગુણ કહે, તપથી કેવલનાણ ॥૪॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : જાવો જાવો અય મેરે સાધુ ॥

**તપ એ તપજો બહુ ભાવ ઉલ્લાસે,** તપથી સિદ્ધિ થાય.
નિકાચિત કર્મો પણ નાશે, ઉપશમ યુક્ત જો થાય;
અન્ય કર્મોનો નાશ ન દુષ્કર, તપથી તપ સુખદાય. તપ૦ ॥૧॥

ત્રણ જ્ઞાન યુત જિનવર જાણે, મુક્તિ આ ભવ થાય;
તો પણ તપ કરે કર્મ જલાવા, ધ્યાન મગ્ન જિનરાય. તપ૦ ॥૨॥

નવનિધિ અષ્ટ મહાસિદ્ધિનો, મૂળ જેહ કહેવાય;
અઠ્યાવીશ લબ્ધિ લક્ષ્મી પણ, તપ કરતાં ઉભરાય. તપ૦ ॥૩॥

દુઃખકર દુસ્તર ભવ સમુદ્ર આ, તપથી શીઘ્ર તરાય;
ત્રિભુવન વિજયી કામદેવ એ, તપ સાધનથી મરાય. તપ૦ ॥૪॥

દુર્લભ વસ્તુ થાય સુલભ તિમ, મનવાંછિત મિલ જાય;
દુરિત કષ્ટ સંકટ સવિ નાશે, તપથી અરિ વશ થાય. તપ૦ ॥૫॥

અનશન ઉનોદરિકા વૃત્તિ-સંક્ષેપ રસનો ત્યાગ;
કાયક્લેશ સંલીનતા તપના, બાહ્ય ભેદે ધરો રાગ. તપ૦ ॥૬॥

પ્રાયશ્ચિત વિનય વૈયાવચ્ચ, સ્વાધ્યાય ધ્યાનોત્સર્ગ;
કર્મ જલાવા અભ્યંતર તપ, કરો સહી ઉપસર્ગ. તપ૦ ॥૭॥

બાહ્યાભ્યંતર બાર ભેદ તપ, નિસ્પૃહતાએ કરાય;
ગૌતમ નીતિ ગુણ કહે તપથી, તીર્થંકર પણ થાય. તપ૦ ॥૮॥

**॥ ગાથા ॥**

સકલ જીવ હિતકર સદા, સર્વ સિદ્ધિ કરનાર;
નરકાદિ ચઉગતિ તણાં, સર્વ દુઃખ હરનાર ॥૧॥

શ્રી તપપદ સિદ્ધચક્રમાં, અક્ષયપદ દાતાર;
જલ ચંદન પુષ્પાદિથી, પૂજો ભાવ અપાર ॥૨॥

**(કાવ્ય અને મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે)**

॥ **કળશ** ॥ રાગ : ધન્યાશ્રી ॥

**શ્રી સિદ્ધચક્ર ગુણ ગાયા નવપદ,** સિદ્ધચક્ર ગુણ ગાયા.
સકલ મનોરથ પૂરક નવપદ, સિદ્ધચક્રમાં સોહે;
આરાધક સુરાસુર નરપતિ ભક્તિ કરંતા મોહે રે. શ્રી સિદ્ધચક્ર૦ ॥૧॥
સકલ સમૃદ્ધિ ઋદ્ધિદાયક, નવપદ સેવો ભાવે;
જન્મ જરા મરણાદિક જેહના, આરાધનથી જાવે રે. શ્રી૦ ॥૨॥
નવપદ એક એક પદ આરાધન, અરિહંતપદના દાતા;
એક એક પદમાં આવે નવપદ, આરાધન શિવદાતા રે. શ્રી૦ ॥૩॥
અચલગચ્છ ઉપનામ ધરાવે, વિધિપક્ષગચ્છ વિખ્યાત;
ગચ્છપતિ આર્યરક્ષિતસૂરીશ્વર, યુગપ્રધાન પ્રખ્યાત રે. શ્રી૦ ॥૪॥
તત્પટ્ટધર જયસિંહસૂરીશ્વર, ગચ્છપતિ ગુરુરાયા;
લાખો ક્ષત્રિયના પ્રતિબોધક, જગમાંહે વખણાયા રે. શ્રી૦ ॥૫॥
પટ્ટધર તેહના ધર્મઘોષસૂરિ, ગચ્છપતિ સૂરિરાયા;
તત્પટ્ટધર મહેન્દ્રસૂરિ, સિંહપ્રભસૂરિ આયા રે. શ્રી૦ ॥૬॥
અજિતસિંહસૂરિ તત્પટ્ટે, દેવેન્દ્રસિંહસૂરિ રાયા;
ધર્મપ્રભસૂરિ સિંહતિલકસૂરિ, મહેન્દ્રપ્રભસૂરિ આયા રે. શ્રી૦ ॥૭॥
મેરુતુંગસૂરિ જયકીર્તિસૂરિ, જયકેસરીસૂરિ રાયા;
ક્રમથી સિદ્ધાંતસાગરસૂરિ, ભાવસાગરસૂરિ આયા રે. શ્રી૦ ॥૮॥
ગુણનિધાનસૂરિ ધર્મમૂર્તિસૂરિ, સર્વ પ્રભાવક રાયા;
યુગપ્રધાન કલ્યાણસાગરસૂરિ, શાસન ઉન્નતિ કરાયા રે. શ્રી૦ ॥૯॥
પટ્ટાનુપટ્ટે ગૌતમસાગર-સૂરીશ્વર ગચ્છરાયા;
શિષ્ય નીતિસાગર ગણિવર તસ, શિષ્ય અચલગચ્છ રાયા રે. શ્રી૦ ॥૧૦॥
ગુણસાગરસૂરીશ્વર ભાવે, સિદ્ધચક્ર ગુણગાયા;
બે હજાર ને બારની સાલે, નવપદ પૂજા બનાયા રે. શ્રી૦ ॥૧૧॥
ઋદ્ધિ વૃદ્ધિ તુષ્ટિ પુષ્ટિ, નવપદ ધ્યાને થાય;
ઘર ઘર મંગળ લક્ષ્મી પ્રગટે, જય જયકાર વર્તાય રે. શ્રી૦ ॥૧૨॥

**॥ ઇતિ વિ.સં. ૨૦૧૨ વર્ષે અચલગચ્છાચાર્ય શ્રી ગુણસાગરસૂરિજી વિરચિત શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

● ● ●

૨૧

પં. જ્ઞાનસારવિજયજી વિરચિત

# શ્રી નવપદ પૂજા

## ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

### ॥ દુહો ॥

ચાર ઘાતિયા ક્ષય કરી, જેહ થયા ભગવંત;
સમવસરણ ઋદ્ધે સહિત, વંદુ તે અરિહંત ॥૧॥

### ॥ ઢાળ ॥

॥ દેશી - સૂરતી મહીંના ની ॥

અનંત ભવે અવિસેસ, તિ ભવ થાંનક તપ સેવ,
બાંધ્યો જિણ જિન નામ, એગ ભવ અંતર એવ;
રાય કુલે અવતરિયા, ચવદે સ્વપ્ન સમક્ષ,
શુભ લક્ષણ સૂચિત શુભ, ગુણ શુભ માતા પક્ષ ॥૧॥

જનમ મહોત્સવ કરવા, દિશિકુમરી સુર ઈંદ,
આવે એક એક થી આગલ હરખ અમંદ;
પગ પગ નાટક નાચે, સુર કુમરીનાં વૃંદ,
મેરુ શિખર નવરાવે, લાવે જિણ જિણચંદ ॥૨॥

લોક અછેરક દેહે અતિશય હોવે ચાર,
તીન જ્ઞાનથી ભોગ ખીણનો કર નિરધાર;
તજ આગારી ઉગ્ર વિહારી હુય અણગાર,
સંત દંત અમમત્વ અમાયી જે બ્રહ્મચાર ॥૩॥

શુક્લ ધ્યાનને ધ્યાવે, આતમ શક્તિ અખીહ,
ખવગસેણથી હય પડિહય જિણ કીનો મોહ;
કેવલ દંસણ નાણી શુદ્ધ સરૂપી ખ્યાત,
ચોતીસે અઈસય યુત અરિહંત દેવ વિખ્યાત ॥૪॥

પ્રાતિહારિજ શોભિત સેવિત સુર વિહરંત,
ભૂપીઠે વાણી ગુણથી ભવ બોહ કુણંત;
જગજીવન જગવલ્લભ જગચક્ષુ જગસામ,
વાર વાર ત્રિકરણ શુદ્ધ માહરો પરણામ ॥૫॥

॥ ઈતિ અરિહંત સ્તવના ॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

### ॥ દુહો ॥

અષ્ટ કરમ દલ નિરદલી, અડ ગુણ ઋદ્ધ સમૃદ્ધ;
જન્મ મરણ ભય નિર્ભયી, નમું અનંતા સિદ્ધ ॥૧॥

### ॥ ઢાળ ॥

॥ દેશી - સૂરતી મહીંના ની ॥

અરિહંત વા સામન્ન કેવલિ કૃત સમુઘાય,
અકૃત સમુદ્દ્ઘાતી શૈલેશી કરણે પાય;
મણ વય તણુને રોધે જોગ નિરોધી હોય,
જોગ નિરોધી કેવલ નાણી કહિયે સોય ॥૬॥

આયુ ક્ષયથી દો ઈગ ચરમ સમે રહી શેષ,
બહુત્તર તેરે પ્રકૃત ખપાવે હિવ નહીં શેષ;

ચરમ અંગ અવગાહણ તીજે ભાગે ઊણ,
પહુંતા એગ સમય લોગંતે સિદ્ધ અજૂંણ ॥૭॥

પુવ્વપઓગ અસંગે સહિજે બંધણ છેદ,
ધૂમ સુભાવે ઊર્ધ્વગતિ જેહનો અવિચ્છેદ;
ઈસીપભારા પુહવી પર જોઈણ લોગંત,
એહની થિતનો થાંનક તેહનો આદ ન અન્ત ॥૮॥

જેય અણંતા અપુણુબ્ભવ અશરીર અબાહ,
દંસણ નાણ વઉતા ગુણ ગતિ અનંત અગાહ;
સમય વછિન્ન સરવ દવ્વ ગુણ પર્યાય સુભાવ,
[1]ચટન વિચટનાદિક જે જાણે પાસે ભાવ ॥૯॥

ગુણ ઈવાસીસ અટ્ઠગુણ સિદ્ધ અનંતા ચાર,
જેય અનંત અણુત્તર ઉપમાનો ન પ્રચાર;
સાસય ચિદઘન આનંદ સિદ્ધ સુખે સંપત્ત,
એહવા સિદ્ધને હોજ્યો મમ પ્રણિપત્ત સુનિત્ત ॥૧૦॥

॥ ઈતિ સિદ્ધ સ્તવના ॥

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

### ॥ દુહો ॥

તે ભાવારજ નિત નમું પાલે પંચાચાર;
ગુણ પૈંતીસે ઉપદિશે ભવ્ય ભણી હિતકાર ॥૧॥

**॥ ઢાળ ॥** દેશી - તેહિજ ॥

આચારતા જ્ઞાનાદિક પંચવિધા આચાર,
પ્રગટ કરે સહુ જનને કારણ એક ઉપગાર;
જે આચારિજ દેશાદિક બહુ ગુણ સંપત્ત,
તેહથી જંગમ જુગપરધાની ઓપમ યુત્ત ॥૧૧॥

૧. ચઢન

અપમત્તા ઉવઉત્તા વિકથા જેહ વિરત્ત,
કોહાઈ પર ચત્ત ધમ્મ ઉવએસે સત્ત;
સારે જે નિજ ગચ્છે જિણવયણે આસત્ત,
સાઈણ વાઈણ ચોઈણ પડિચોયણાયે નિત્ત ॥૧૨॥

પંચાંગીથી જાણ્યા સૂત્ર અરથના સાર,
પર ઉપગારે દિવ્ય ધુગિ વાંચે વિસ્તાર;
અત્થમિયે જિન સૂર કેવલ અત્થમિયે તેમ,
પ્રગટે સર્વ પદાર્થ આચારિજ દીપક જેમ ॥૧૩॥

પાપ ભારે અતિશય ભારી પડતા ભવ કૂપ,
પડતાં ને નિસ્તારે જે આધાર સરૂપ;
માતાદિક હિત રાખી સારે હિતનો કામ,
તેહથી અધિકો હિત કારજ સારે નિક્કામ ॥૧૪॥

જે બહુ લદ્ધ સમિદ્ધા સાતિસયા સાણંદ,
રાય સમા શાસન વન હરિત કરણ ભૂ ઈંદ;
જિનશાસન કુલમંડન ખંડન વાદિવૃન્દ,
જ્ઞાનસાર નિત પ્રણમે અભિનવ શારદ ચન્દ ॥૧૫॥

॥ ઈતિ આચાર્ય સ્તવના ॥

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

॥ દુહો ॥

દ્વાદશાંગ સુત્તત્થને પઢે પઢાવે શીશ;
મૂરખને પંડિત કરે, નમું નમાવી શીશ ॥૧॥

॥ ઢાળ ॥ દેશી - તેહિજ ॥

બારસંગ સુત્તત્થના ધારગ પારગ જેહ,
ઉભય વિત્થાર રુઈ ઉવજ્ઝાયે લક્ષણ એહ;
જે પાહાણા સમાણ શીશ ને સૂત્રની ધાર,
ઘાટ ઘડી જે પૂલક કરદ લોક મઝાર ॥૧૬॥

મોર સર્પ્પ ડસવે નાઠો આતમ જ્ઞાન,
તેહ અચેતન ચેતનને કરે ચેતનવાન;
વ્યાધ અનાણે પીડિત જે પ્રાણીના પ્રાણ,
શ્રુત અક્ષીરે જે કરે આત્મ સ્વરૂપ નો જાણ ॥૧૭॥

ગુણવણ ભંજણ મણગય દમણંકુશ જે નાણ,
દેવે સદા ભવિયાંને જીવદયા મન આણ;
સેસ દાન દિન માસ [1]જીવિતનો જાણી અંત,
સુય નાણે જે અંત ન જાણી સહુને દિંત ॥૧૮॥

અજ્ઞાનંધ લોકને સસમય મુખ જે શસ્ત્ર,
તેણે જાલ ઉતાર નિરોગી કરદે નેત્ર;
પાપ તાપથી લોક તપ્યા જે આતમ તાપ,
શીત કરે બાવન્ન ચંદન સમ શીતલ આપ ॥૧૯॥

જુવરાજાને તુલ્ય સૂરિ પદવીને યોગ્ય,
ગણની તાતેં[2] તત્પર વાયણ દે શિષ્ય વર્ગ;
પારદથી કંચન કરે તેહનો અચિરિજ થાય,
એ પાહણથી રત્ન કરે પ્રણમું તસ પાય ॥૨૦॥

॥ ઈતિ ઉપાધ્યાય સ્તવના ॥

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

### ॥ દુહો ॥

દોનું વિધ નિપરિગ્રહી, મૈલે મૈલો ગાત્ર;
પીહર જે છક્કાયના, શુદ્ધ ચરણનાં પાત્ર ॥૧॥

૧. જીવિન, ૨. તાને

॥ ઢાળ ॥ દેશી - તેહિજ ॥

નાણ દંસણ ચરિત્ત રૂપ રયણત્તય એક,
સાધે જે મુખ મગ્ગે સાધક કહિયે એક;
દુષ્ટ ધ્યાન જે આર્ત રૌદ્રે વિગત કરંત,
ધર્મ શુક્લ ને ધ્યાવે દુવિહ શિક્ષા સીખંત ॥૨૧॥

તીને ગુપ્તે ગુપ્તા ગારવ તીનું ગાલ,
પાલે જે ત્રિપદીને વરજી તીનું સાલ;
ચૌવિહ(વિરહ) વિગહ વિરત્તા ચાર કષાયનો ત્યાગ,
ચાર પ્રકારે ધર્મ પ્રરૂપે રસ વૈરાગ ॥૨૨॥

નિજ્જિય પંચેન્દી ને ઉજ્ઝિય પંચ પ્રમાદ,
પાલે પાંચ સુમતિ ને આઠ પહુર અપ્રમાદ;
છએ કાયના પીહર હાસાઈ ખડ મુક્ક,
પાણાયવાય વિરમણાદિક પાલે વય છક્ક ॥૨૩॥

જે જિય સત્ત ભયા ગયા અટ્ઠ મયા અમમત્ત,
બ્રહ્મવયને પાલે, નવ ગુત્તીયે ગુત્ત;
ખંત્યાદિક દશવિધ જઈ ધમ્મ શુદ્ધ પાલંત,
બારસવિહ પડિમાને ઉક્તવિધે કુવ્વંત ॥૨૪॥

મૂર્તવન્ત સંયમ પામીજે જેહને અંગ,
ઉત્કર્ષે ધાર્યા અઠાર સહસ શીલંગ;
પનર કર્મભૂમેં વિચરંતા સૂધા સાધ,
તે સહુ સાધે વાંદું મન વચ તન આરાધ ॥૨૫॥

॥ ઈતિ સાધુ સ્તવના ॥

## ॥ षष्ठ श्री दर्शनपद पूजा ॥

॥ दुहो ॥

કહ્યો અનંતે કેવલી, તીન તત્ત્વ મય ધર્મ;
શુદ્ધ મને તે સદ્દહે, સમ્યગ્દર્શન મર્મ ॥૧॥

॥ ઢાળ ॥ દેશી - તેહિજ ॥

જે શુદ્ધ દેવ ધરમ ગુરુ નવતત્તની સંપત્તિ,
સદ્દહણા રૂપે સેમયે વરણે સમ્મત્ત;
કોડા કોડિગ સાગર કમ્મઠિએ નહીં શેષ,
તાવન આતમ પાવે એહવી શક્તિ વિશેષ ॥૨૬॥

અધ પુગ્ગલ પરિયટ્ટ ભવ્ય ભવ શેષ નિવાસ,
તે વિણ મિથ્યા ગંઠિનો નહીં હોવે નાશ;
તે સમ્યજ્ઞાનના તીન ભિધાન સમય પરિસિદ્ધ,
ઉવસમ ક્ષય ઉવસમ ક્ષાયક પરિણામની વૃદ્ધિ ॥૨૭॥

પણવારા ઉવસમ ખય ઉવસમ હોય અસંખ,
ક્ષાયક એક વારથી અધિક ન સમયે સંખ;
ધર્મવૃક્ષનો મૂલ ધરમ પુર માંહિ પ્રવેશ,
ધર્મભવનનો પીઠ ધરમ આધેય વિશેષ ॥૨૮॥

ઉપશમ રસનો ભાજન જે ગુણ રયણ નિધાન,
શુદ્ધ સરૂપ ધરમ જગતે આધાર સમાન;
જે વિણ નિષ્ફલ ચરણ નાણ જે વિણ અપ્રમાણ,
જે વિણ મોક્ષ ન લાભે એ સિદ્ધન્ત પ્રમાણ ॥૨૯॥

જે સદ્દહણા લક્ષણ ભૂષણ પમુહા ભેદ,
વરણીજે સિદ્ધન્તે ચાર પાંચ પણ છેદા;
એહ મોક્ષ ભાતો જિણ ગાંઠે બાંધ્યો હોય,
તે નિશ્ચેથી સિદ્ધ ભજે તિણ વાંદું સોય ॥૩૦॥

॥ ઈતિ દર્શન સ્તવના ॥

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

### ॥ દુહો ॥

સર્વજ્ઞે પ્રણીતાગમે, જે જીવાદિ પદાર્થ;
ભિન્ન ભિન્ન ઈક, એકને જાણે શુદ્ધ પરમાર્થ ॥૧॥

### ॥ ઢાળ ॥ દેશી - તેહિજ ॥

સર્વજ્ઞે પ્રણીતાગમ તત્ત્વ યથાર્થ પ્રમાણ,
તે શુદ્ધે અવબોધ નાણ માહરે પરમાણ;
જેણે ભક્ષ્યાભક્ષ્ય જાણીજે પેય અપેય,
ગમ્ય અગમ્ય વસ્તુ કૃત અકૃત એહથી નેય ॥૩૧॥

સર્વ ક્રિયાનો મૂલ શ્રદ્ધા ભાખી જિનરાજ,
શ્રદ્ધા મૂલે નાણ સદા ઉપગારી આજ;
જે મય ઓહી મણપજ્જવ નાણી સુવિશુદ્ધ,
કેવલ નાણે પંચવિહા સમયે સુપ્રસિદ્ધ ॥૩૨॥

કેવલ મણ ઓહી ના વયણ કરે ઉવયાર,
તેહ પરૂવ્યા મય સુય નો માહરે આધાર;
નિશ્ચય આજ પિણ પામે એહથી શુદ્ધ સ્વરૂપ,
લોક આજ પિણ પામે એહથી શુદ્ધ સ્વરૂપ ॥૩૩॥

તેહથી પઢે પઢાવે દે નિસુણે કૃતપુણ્ય,
પૂય લિહાય સહાય કરે તે ધન્ય થી ધન્ય;
અજ્જવિ જાણે જસ્સ બલે તિય લોય વિચાર,
કરગત આંવલ ની પર પ્રગટપણે નિરધાર ॥૩૪॥

હોવે જેહ પ્રસાદે પૂજનીક એહ લોય,
એહ પ્રસાદે સર્વ જનાનો વંદિક હોય;
તેહથી એ અપ્રમાણ કરે તે અતિ મતિમંદ,
જ્ઞાન નમ મન વંછિત પૂરક સુરતરુ કંદ ॥૩૫॥

॥ ઈતિ જ્ઞાન સ્તવના ॥

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

॥ દુહો ॥

દેશ સરવ વિરતિ પણે, ગિહી જઈ ને હોય;
તે ચારિત્ર સદા જયો, શિવપદ પ્રાપક સોય ॥૧॥

॥ ઢાળ ॥ દેશી - તેહિજ ॥

દેશવિરતિ રૂપે જે સર્વેવિરતિ સરૂપ,
હોય ગહીણ જઈ ને તે ચારિત્ર અનૂપ;
નાણ દર્શન પણ સંપૂર્ણ ફલ દાતા વૃદ્ધ,
એહથી [૧]હૈ પરિકર એહનો સહુ સમય પ્રસિદ્ધ ॥૩૬॥

જં ચ જઈણ જહુત્તર અધિક અધિક ફલ દિંત,
સામાયકાદિ ભેદુ ચારિત્રે ને પંચ ભવતિ;
જિણવર પિણ આદર પાલ્યો સૂધો ચારિત્ર,
સમ્યક જેણ પરૂવ્યો, અન્યે દીધ વિચિત્ર ॥૩૭॥

છઃખંડાણ મખંડ રાજ છોડી ચક્રવર્ત્ત,
દુર્ધર તેહવે સુખિએ વ્રત પાલ્યો વ્રત રક્ત;
મુઝ સરિખા પણ રાંક ચરણ પાલંતા જોય,
ઉચ્ચ થાનકે થાપી વાંદે પૂજે લોય ॥૩૮॥

ચારિત્ત પાલંતા ચારિત્રીને સાણંદ,
પાય નમે રોમંચિત તનુ નર વર સુર ઈંદ;
જે ચારિત્ર અનંત ગુણી પિણ સતરે ભેદ,
વરણીજે સિદ્ધન્તે તિમ એહના દશ ચ્છેદ ॥૩૯॥

સુમતિ ગુપતિ જઈ ધમ્મમેં આદિ ભાવનાચાર,
સાધે જેહની શુદ્ધે તે શુદ્ધ ચરણાચાર;
દુર્ધર દીવ અઢીમેં જે ચારિત્ર ચરંતિ,
તે સહુને મુઝ મન ભાવે પ્રણપત્તિ કરંતિ ॥૪૦॥

॥ ઈતિ ચારિત્ર સ્તવના ॥

---

૧. તે.

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

### ॥ દુહો ॥

દુષ્ટ આઠ કર્મ કાઠ ને, જેહ અગનિ દૃષ્ટાંત;
યથાશક્તિ તપ પડવજે, અમમાઈ મતિમંત ॥૧॥

॥ **ઢાળ** ॥ દેશી - સૂરતી મહીંના ની ॥

બાહ્ય અભ્યંતર બારે સસમય ભેદ ભણંત,
તે ઈગ ઈગથી જહ ઉત્તર ગુણ વૃદ્ધિ કરંત;
[૧]જે ભવ સિદ્ધ જાણંતે ઋષભાદિક જિનરાજ,
તીર્થંકર તપ કીનો કર્મ નિર્જરા કાજ ॥૪૧॥

અગન તપે કંચનથી માટી જિમ ફીટંત,
જીવ સ્વર્ણથી કર્મ મેલ તપ દૂર કરંત;
કેવલ લબ્ધિ અભાવે અન્યા લબ્ધિ વિશેષ,
તેહનો મૂલ કારણ એ, એહથી હોય અશેષ ॥૪૨॥

જે સુરતરુ સમ એહના ફૂલ દેવ સુર ઋદ્ધ,
આત્મ સ્વરૂપ અંતર્વૃત્તિયે શિવફલ સિદ્ધ;
જે અત્યંત અસાધ્ય લોકમેં સરવે કામ,
સીઝે તુરત સહિજથી તપ અતિ રતિ પરણામ ॥૪૩॥

દધિ દુર્વાગુણ મંગલ કારણ લોક પ્રસિદ્ધ,
તે સહુમેં પહિલા મુખ્ય મંગલ સુવિશુદ્ધ;
કનકાવલિ રતનાવલિ લહુ ગુરુ સિંહનિક્રીડ,
તપ કારક ઈત્યાદિ નમું, ભાજે ભવ ભીડ ॥૪૪॥

સંવત નિશ્ચય [૭]નય [૮]મય તિમ વલિ [૨]પ્રવચનમાય,
[૧]પરમ-સિદ્ધે પદ વામ ગતે એ અંક ગિણાય;
ભાદ્રવ વદિ તેરસે તે રસ સું નવપદ લીન,
બીકાનેરે જ્ઞાનસાર મુનિ તવના કીન ॥૪૫॥

॥ ઈતિ ચારિત્ર સ્તવના ॥

---

૧. તે

પં. જ્ઞાનસારવિજયજી વિરચિત

## ॥ નવપદજીની આરતિ ॥

**જય જય આરતિ** કીજે, સકલ મંગલ કલ્યાણ લહીજે;
પહલી આરતિ અરિહંત સિદ્ધા, અરિહંત સિદ્ધ અભેદ પ્રસિદ્ધા. જય૦ ॥૧॥

બીજી આચારિજ ગુણધારી, સંઘ સકલનો જે આધારી;
તીજી ઉવઝાયા સાધુની, સમય સીખવે સીખે તેહની. જય૦ ॥૨॥


તીન તત્ત્વ સદ્દહણા રૂપે, ચૌથી ઉદ્ધારે ભવકૂપે;
પાંચમી સર્વજ્ઞે પ્રણીતાગમ, તત્ત્વ રહ્યો તેહનો તિમ અધિગમ. જય૦ ॥૩॥

છટ્ઠી દેશ સર્વ ચારિત્રી, કરતા હુય કાયા સુપવિત્રી;
બાહિર અભ્યંતર તપ બારે, સાતમી આરતિ વારે વારે. જય૦ ॥૪॥

જે ભવિ સાત આરતિ ઉતારે, શુદ્ધ મન દુર્ગતિ દૂર નિવારે;
જ્ઞાનસાર નવપદ આરાધી, શ્રીપાલાદિક શિવપદ સાધી. જય૦ ॥૫॥

**॥ ઇતિ વિ.સં. ૧૮૮૭, ભાદરવા વદિ-૧૩, બીકાનેર નગરે**
**(પ્રાયઃ ખરતરગચ્છીય) પં. જ્ઞાનસારવિજયજી વિરચિત**
**શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

• • •



## ૨૨

ત્રિસ્તુતિક આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરિજી મહારાજ વિરચિત

# શ્રી નવપદ પૂજા

### ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

॥ દુહા ॥

સિદ્ધચક્ર સિદ્ધાંતમેં, યંત્ર સકલ શિરતાજ;
પૂજો ભવિજન પ્રેમસું, જિમ લહો સિદ્ધિ સામ્રાજ ॥૧॥

અરિહંત દેવ ધુરે અછે, ઉપકારી તસુ હેત;
અષ્ટદ્રવ્ય કરી પૂજતાં, શિવસંપત્તિ ભવિ લેત ॥૨॥

(ભુજંગપ્રયાત વૃત્તમ્)

તિત્થયરં નામ પસિદ્ધિજાયં, નરામરેહિં પણયં હિ પાયં;
સંપુણ્ણનાણં પયડં વિશુદ્ધં, નમામિ સોઽહં અરિહંત બુદ્ધં ॥૧॥

ભવ્વાણ બોહે ઉવએસ જસ્સ, વિવાગ સો અત્થિ સુકમ્મગસ્સ;
રાગો ન દોસો ન વિકાર તસ્સ, નમો નમો હો ઉસહાઈયસ્સ ॥૨॥

॥ ઢાળ ॥

॥ રાગ : તીરથપતિ અરિહા નમો... ॥

તીર્થંકર પદને ધરા, અરિહંતા જગ ઈશાજી;
ભવિપંકજ બોધન પરા, પ્રણમો તેહ દમીશાજી ॥૧॥

(હરિગીત છંદ)

ચઉઘાતિ કરમ વિકાર હણીને, પ્રાતિહારજ ધારકા,
ચઉતીસ અતિશય વાણી ગુણ, પણતીસ ત્રિભુવન તારકા;
જસ નામ જપતાં સર્વસંપતિ, પામીએ જગ જસ સહી,
તેહ અરિહંત ભવિક પ્રણમો, દોષ જેહમેં કો નહીં ॥૧॥

**॥ ઢાળ પહેલી ॥**

॥ રાગ : અવધૂ સો યોગી ગુરુ મેરા... ॥

**ભવિયાં અર્હન્ પદકું જપ લો,** એહી આતમ અંદર રખ લો ॥ભ૦॥ટેર॥

ગગનમંડલ કે મધ્ય રહત હૈ, જગતભાસક અવિનાશી;
સર્વ ભવિકું બોધ કરત હૈ, અંતર સર્વ પ્રકાશી ॥ભ૦॥૧॥

સમય એક એક કે અંતર, કિરિયા વિગમ રહે જાકે;
આવરણ મોહ બિના સંયોગી, દોષ નહીં કોઈ વાંકે ॥ભ૦॥૨॥

પ્રાતિહાર્યાદિક બાહ્ય વિભૂતિ, તીર્થંકર પદ પાકે;
કેવલ દોનું કા અનંત ઉજાલા, તિનકું કોઉ નહીં ઢાંકે ॥ભ૦॥૩॥

**॥ ઢાળ બીજી ॥**

॥ રાગ : સાહિબા શાંતિ જિનેશ્વર દેવ કે... ॥

**ભવિકા અરિહંત પદ અવિકાર કે,** પૂજો હિત ધારી રે લો,
ભવિકા અનંતગુણી વીતરાગ કે, પરતિખ કેવલી રે લો;
ભવિકા કનક પંકજ પર પાંવ કે, ઠવતા સંયતી રે લો,
ભવિકા ધર્મચક્ર જિનરાજ કે, દુંદુભિ ગાજતી રે લો. ભવિકા૦ ॥૧॥

ભવિકા ઈન્દ્ર ચૌંસઠ કરે સેવ કે, ઈન્દ્રાણી નચે રે લો,
ભવિકા મહિમા કહી નવિ જાય કે, ત્રિગડો સુર રચે રે લો;
ભવિકા પરિષદ્ બાર મઝાર કે, રાજા જગપતિ રે લો,
ભવિકા ચઉમુખ ભાષે ચાર કે, ધર્મની સંપત્તિ રે લો. ભવિકા૦ ॥૨॥

ભાવિકા વીશસ્થાનક તપ પુણ્ય કે, પરગટ જસ થયો રે લો,
ભવિકા અનુકંપા લહી અંગ કે, દાન તિણે દિયો રે લો;
ભવિકા કેઈ ભવિ પડિબોહ કે, તારક જે થયો રે લો,
ભવિકા પદ એ પ્રથમને પૂજ કે તીર્થપ નૃપ થયો રે લો. ભવિકા૦ ॥૩॥

॥ **કાવ્ય** ॥ દ્રુતવિલંબિત ॥

નવપદં પ્રણમામિ સુસાદરં, પ્રવરયંત્રમિદં હિ ગુણાકરમ્;
શિવસુખં ત્વનઘં ભવિ સો લભેદ્, ભવિકઃ યો વિધિના બહુપૂજયેત્ ॥૧॥

॥ **મંત્ર** ॥

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાય મહામહિમાય નવપદયુતાય પ્રથમપદે
શ્રી અર્હદ્ભ્યોઽષ્ટદ્રવ્યૈઃ પૂજયામિ સ્વાહા ॥

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

॥ **દુહો** ॥

કર્મ આઠ જિણ ક્ષય કર્યા, સિધ્યાં જસ સહુ કાજ;
તે સિદ્ધ પૂજા દૂસરી, વરો જ્યું શિવપુર રાજ ॥૧॥

॥ ભુજંગપ્રયાત વૃત્તમ્ ॥

કમ્મટ્ઠચિચ્ચા સમએણમેગં વગાહ આગાસપએસવેગં;
ભાગં તિગં દેહસમગ્ગહિચ્ચા, ભજો ભવિ સિદ્ધ સયા સુણિચ્ચા ॥૧॥

કો જસ્સ સુક્ખં ભણણેહિ સૂરો, ભવોદહિ ણત્થિ સણાણપૂરો;
આલંબણં મુક્ખપહસ્સ સુદ્ધં, ણમામિ સિદ્ધં સરણં પસિદ્ધં ॥૨॥

॥ **ઢાળ** ॥

॥ રાગ : તીરથપતિ અરિહા નમો... ॥

કરમ આઠને જે હણી, અખય અનંત અરૂપજી;
અવ્યાબાધ સુખના ધણી, ભવિ ણમો સિદ્ધ સરૂપીજી ॥૧॥

(હરિગીત છંદ)

અડ કરમ સંતતિ નાશ કરીને, સકલ લોક ઉપર રહે,
ભવ બીજ બાલી કાર્ય ટાલી, સમય એક શિવ સંગહે;
શૈલેશીકરણ સર્વ સંવર, ધારીને તુંબક પરે,
ભવબંધ છેદી જગત વેદી, સિદ્ધ થયા તે સુખ કરે ॥૨॥

॥ ઢાળ ત્રીજી ॥

॥ રાગ : કુબજા ને જાદૂ ડારા... ॥

**સિદ્ધજીકું પૂજ પ્યારા,** એ તો શિવસંપતિ કરનારા રે. સિદ્ધજી૦ ॥૧॥

લોક ઊરધ કે અંત બિરાજે, આતમ ઋદ્ધિ અપારા;
અફૂ સમાન ગતિ સમય એકકી, કરમ આઠ પરજારા રે. સિદ્ધજી૦ ॥૨॥

દો ઉપયોગ ભાવ દો ધારી, અજરામર અવિકારા;
પંચદશ ભેદ હૈં સબહી સરિસા, અનાકાર અજુઆરા રે. સિદ્ધજી૦ ॥૩॥

સુખ અનંત કોઉ કહિય ન સકે, લૌકિક સુખ સે ન્યારા;
જો ઈસ પદકું આતમ સમઝે, સો સિદ્ધ સદશ ધારા રે. સિદ્ધજી૦ ॥૪॥

॥ ઢાળ ચોથી ॥

॥ રાગ : મોહન મેરો મુગતિસું જાય મિલ્યો... ॥

**આતમ મેરો સિદ્ધસું રંગ કલ્યો,** સુમતા સંગ ભલ્યો રે. આતમ૦
સમય આઠકે અંતર સહેજે, શૈલીશીકરણ ધર્યો રે. આતમ૦ ॥૧॥

ભવોપગ્રાહી કરમ ખપાવા, ઉદ્યમ એહ કર્યો રે. આતમ૦
બાદર કાયયોગ કરી બાદર, મનોયોગ ચાર હર્યો રે. આતમ૦ ॥૨॥

ઈમ અનુકરમેં યોગ ને રૂંધી, સિદ્ધિવધૂને વર્યો રે. આતમ૦
આઠ ગુણે કરી સાદિ અનંત હૈ, ભવ સંગતિ સે ટર્યો રે. આતમ૦ ॥૩॥

॥ કાવ્યં ॥

નવપદં પ્રણમામિ સુસાદરં, પ્રવરયંત્રમિદં હિ ગુણાકરમ્;
શિવસુખં ત્વનઘં ભવિ સો લભેદ્, ભવિકઃ યો વિધિના બહુપૂજયેત્ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાય મહામહિમાય નવપદયુતાય દ્વિતીયપદે
શ્રી સિદ્ધેભ્યોઽષ્ટદ્રવ્યૈઃ પૂજયામિ સ્વાહા ॥

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

### ॥ દુહો ॥

જે આચરે નિત રમે, ભાવાચારજ તેહ;
પૂજો ભવિ પદ તીસરે, ભજો જ્ઞાન ગુણગેહ ॥૧॥

॥ ભુજંગપ્રયાત વૃત્તમ્ ॥

જિણાણ આણમ્મિ મણં હિ જસ્સ, ણમો ણમો સૂરિ દિવાયરસ્સ;
છત્તીસવગ્ગેણ ગુણાયરસ્સ, આયારમગ્ગં સુપયાસયસ્સ ॥૧॥

સુરિવરા તિત્થયરા સરીસા, જિણંદ-મગ્ગં મિણંયતિ સિસ્સા;
સુત્તત્થભાવાણ સમં પયાસી, મમં મણંસિ વસિઓ ણિરાસી ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : તીરથપતિ અરિહા નમો... ॥

આચારજ મુણિવઈ ગુણી, જિનશાસનમેં રાયાજી;
શુભ આચારને ભાષતા, સુરનર નમે જસુ પાયાજી ॥૧॥

(હરિગીત છંદ)

વર ચરણ ધારી વિષય વારી, જૈનશાસન શોભતા,
પરવાદિ ભંજન કુમતિખંડન, શુદ્ધ મારગ રોપતા;
નહીં કોઈ મમતા વરજી વિકથા, સૂરિશાસન સેહરો,
આચાર્ય તેહિજ ભજો ભવિકા, જેમ શિવસુખ સંવરો ॥૧॥

## ॥ ઢાળ પાંચમી ॥

॥ રાગ : જિનરાજ નામ તેરા ॥

**ગણધાર સૂરિ રાજે,** પરમાર્થ કાર્ય કાજે.
સમ સૂત્ર અર્થ સાજે, **હો સાજે રે સોહમગણ રંગમેં,**
રંગમેં રંગમેં, હો સાજે રે સોહમગણ રંગમેં ॥૧॥

આચાર પંચ પાલે, વાદી કુલિંગ ટાલે,
જિનયોગ યુક્તિ ઝાલે, હો ઝાલે રે સુમતા રસ અંગમેં.
અંગમેં અંગમેં અંગમેં હો ઝાલે રે. સુમતા રસ અંગમેં ॥૨॥

શિષ્યોને માર્ગ આણે, પંચ પીઠ મંત્ર જાણે,
કષાય ચિત્ત નાણે, હો નાણે રે કુમત મત ઘટમેં.
ઘટમેં ઘટમેં દિલમેં, હો નાણે રે, કુમત મત ઘટમેં ॥૩॥

જિન આણ અંગધારી વિકથા કુસંગ વારી,
સરધાસુ શુદ્ધકારી, હો શુદ્ધકારી જિનેશ્વર મતમેં.
મતમેં મતમેં મતમેં, હો શુદ્ધકારી જિનેશ્વર મતમેં ॥૪॥

## ॥ ઢાળ છટ્ઠી ॥

॥ રાગ : મનડો મોહ્યો રે મનમોહનજી ॥

આચારિજ પદ પૂજિયે **મન મોહનજી,**
શાસનનો શિણગાર **મનડે વસિયા રે મન મોહનજી;**

સારણ વારણ ચોયણા મન મોહનજી,
પડિચોયણ ઉપકાર મનડે વસિયા રે મન મોહનજી ॥૧॥

મેઢીભૂત ગણમેં કહ્યા મન મોહનજી,
ષડ્દ્રવ્ય વાણી રસાલ, મનડે વસિયા રે મન મોહનજી;

હેઉ ઉયારણ દાખવી મન મોહનજી,
કાઢે અનાદિ કુચાલ, મનડે વસિયા રે મન મોહનજી ॥૨॥

જિનશાસન ઉજવાલતા મન મોહનજી,
તીર્થંકર સમ જેહ, મનડે વસિયા રે મન મોહનજી;

મહાનિશીથે મુનીશ્વરા મન મોહનજી,
છેદ જ્ઞાયક ગુણગેહ, મનડે વસિયા રે મન મોહનજી ॥૩॥

॥ કાવ્યં ॥

નવપદં પ્રણમામિ સુસાદરં, પ્રવરયંત્રમિદં હિ ગુણાકરમ્;
શિવસુખં ત્વનઘં ભવિ સો લભેદ્, ભવિકઃ યો વિધિના બહુપૂજયેત્ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાય મહામહિમાય નવપદયુતાય તૃતીયપદે
શ્રી આચાર્યેભ્યોઽષ્ટદ્રવ્યૈઃ પૂજયામિ સ્વાહા ॥

## ॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

॥ દુહો ॥

સર્વ ઉપાધિ જે હરે, સ્વાધ્યાયે લયલીન;
ઉપાધ્યાય પદ પૂજિયે, તત્ત્વ પ્રકાશે તીન ॥૧॥

॥ ભુજંગપ્રયાત વૃત્તમ્ ॥

સુત્તાણ પાઢં સુપરંપરાઓ, જહાગયં તં ભવિણં ચિરાઓ;
જે સહગા તે ઉવઝાય રાયા, નમો નમો તસ્સ પદસ્સ પાયા ॥૧॥

ગીયત્થતા જસ્સ અવસ્સ અત્થિ, વિહાર જેસિં સુય વજ્જણત્થિ;
ઉસ્સગ્ગિયરેણ સમગ્ગભાસી, દિંતુ સુહં વાયગણાણ રાસી ॥૨॥

॥ ઢાળ ॥

॥ રાગ : તીરથપતિ અરિહા નમો... ॥

વાયગપદ ભવિ પૂજિયે, જિનભાષિત શ્રુત જાણેજી;
ભણે ભણાવે શ્રમણને, મનમેં ખેદ ન આણેજી. વાયગ૦ ॥૧॥

(હરિગીત છંદ)

ઉપધાન તપને જેહ જાણે, જોગ વિધિ જે જિન કહી,
વિકથા નિવારે સૂત્ર ધારે, ઉવજ્ઝાય તારક તે સહી;
ગચ્છમાંહિ રમતા છાંડિ મમતા, સાધુજન મનરંજતા,
વર બોધ કરતા ભવિક ચિત્ત ભ્રમ, સમય ન્યાયે ભંજતા ॥૧॥

॥ ઢાળ સાતમી ॥

॥ રાગ : સહસફના મોરે સાહિબા... ॥

**પાઠક પદકો પૂજ લે,**
એ તો દ્વાદશ અંગના ધારી રે પા૦ ॥ ટેર ॥

જાકે સંગસે જ્ઞાન ભજે ભવિ, ઉપાધિ દૂર નિવારી રે;
પાઠન પઠનાદિક ગુણ જાણે, પંચ મહાવ્રતધારી રે. પા૦ ॥૧॥

સૂરિ પદકે યોગ્ય યે જાનો, ગીતારથ ઉપકારી રે;
નીલવરણ નિત જ્ઞાન લહી રમે, ગુણ પચવીસ વિચારી રે. પા૦ ॥૨॥

શિષ્યોકો આચરકી શિક્ષા, દેવે ભવ નિસ્તારી રે;
જૈનાગમકું પાટ પરંપર, રાખે પ્રમાદ વિડારી રે. પા૦ ॥૩॥

॥ ઢાળ આઠમી ॥

॥ રાગ : પનિહારી ॥

**ઉપાધ્યાય પદ વંદિયે,** ભવિ પ્રાણી રે લો;
જિનમતમેં જયકાર જ્ઞાની રે લો,
યોગ વહી સૂત્ર આદરે, તપ ધારી લો,
વરજે વિષય પ્રચાર, ધ્યાની રે લો. ઉપા૦ ॥૧॥

અંગે ન શ્રુતમદ આદરે અકષાયી રે લો,
અસમાધિ દૂર નિવાર, સુજ્ઞાની રે લો;
અસ્ખલિતાદિક ગુણે કરી, જસ વાણી રે લો;
અમૃત જિમ અવિકાર, સાંચી રે લો. ઉપા૦ ॥૨॥

ચોથે પદ ચિત્તમેં ધરી, જે પ્રાણી રે લો,
આરાધે ઉવજ્ઝાય, સુજ્ઞાની રે લો;
તો તે વાચક પદ વરે, સુખકારી રે લો,
પાપ તે દૂર પલાય, યું જાણી રે લો. ઉપા૦ ॥૩॥

॥ કાવ્યં ॥

નવપદં પ્રણમામિ સુસાદરં, પ્રવરયંત્રમિદં હિ ગુણાકરમ્;
શિવસુખં ત્વનઘં ભવિ સો લભેદ્, ભવિકઃ યો વિધિના બહુપૂજયેત્ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાય મહામહિમાય નવપદયુતાય ચતુર્થપદે
શ્રી ઉપાધ્યાયેભ્યોઽષ્ટદ્રવ્યૈઃ પૂજયામિ સ્વાહા ॥

## ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

॥ દુહો ॥

મુક્તિ મારગને સાધતા, વારતા વિષય કષાય;
તે સાધુ મુઝ મન વસ્યા, ઈન્દ્ર નમે જસુ પાય ॥૧॥

॥ ભુજંગપ્રયાત વૃત્તમ્ ॥

સંસાર છંડી દઢ મુક્તિ મંડી, કુપક્ષ મોડી ભવપાશ તોડી;
નિગ્ગંથ ભાવે જસુ ચિત્ત અત્થિ, ણમો ભવિ તે સાહુ જણત્થિ ॥૧॥
જે સાહગા મુક્ખપહે દમીણં, ણમો ણમો હો ભવિ તે મુણીણં;
મોહે નહીં જેહ પંડતિ ધીરા, મુણીણ મજ્ઝે ગુણવંત વીરા ॥૨॥

॥ ઢાળ ॥

॥ રાગ : તીરથપતિ અરિહા નમો... ॥

જ્ઞાન સહિત કિરિયા કરે, સંયમમેં જે રત્તાજી;
જિન આણા શિર ધારતા, જસુ મન સમ રિપુ મિત્તાજી ॥૧॥

(હરિગીત છંદ)

શુભધ્યાન ધ્યાવે તન તપાવે, પાપ કિરિયા પરિહરે,
ગુણવંત સંત અનંત જ્ઞાની, તાસ સંગતિ નિત કરે;
ગણધાર આણા આપ અંગે, ચિત્ત ચંગે જે ધરે,
તેહ મુનિપદ પૂજતાં ભવિ, સિદ્ધિસુખને સંવરે ॥૧॥

**॥ ઢાળ નવમી ॥**

॥ રાગ : શાસનપતિ વીર જિણંદા રે... ॥

સાધુપદ પૂજો પ્રાણી રે, મન સરધા સાંચી આણી રે,
એ તો સાધક મોક્ષના જાણી **સોભાગી ! મુનિવર ચરણને વંદો રે;**
એ તો અનુભવ રસનો કંદો સોભાગી મુનિ૦ ॥૧॥

જે પંચ મહાવ્રત પાલે રે, વલિ દોષ બયાલિસ ટાલે રે,
એ તો સુમતિ ગુપતિમેં ચાલે સોભાગી મુનિ૦ ॥૨॥

મુનિ પરિષહ ફોજમેં શૂરા રે, દોય પક્ષમેં વરતે પૂરા રે,
અતિચાર થકી રહે દૂરા સોભાગી મુનિ૦ ॥૩॥

મુધાદાઈને મુધાગ્રાહી રે, જ્યાંરે લાલચ લોભ ન કાંઈ રે,
ધર્મધ્યાન લયને લગાઈ સોભાગી મુનિ૦ ॥૪॥

**॥ ઢાળ દશમી ॥**

॥ રાગ : આજ હમારે રતનચિંતામણિ ॥

**પુણ્યદશા જો જાગે હમારી,**
તો ઐસે મુનિજન આન મિલે રે ॥ટેર॥

રમતા સમતા નારીકે સંગમેં, આણ જિણંદકી અંગ ધરે રી;
ષટ્કાયક રિછપાલ કૃપાલા, નિરખ નિરખ કે પાંય ઠવે રી. પુણ્ય૦ ॥૧॥

ચરણ કરણ સિત્તરકી ચરચા, નિત્ય પ્રતે સૂત્રકું યાદ કરે રી;
પાસત્થાદિક સંગકું વરજી, સૂરિ આણા સિર આપ ધરે રી. પુણ્ય૦ ॥૨॥

સાધક મોક્ષમારગકે પૂરા, કૂડા કથન તો નાહીં કહે રી;
જ્ઞાન ક્રિયા વ્યવહાર ન છંડે, સો જિનશાસન સાધુ ખરે રી. પુણ્ય૦ ॥૩॥

॥ કાવ્યં ॥

નવપદં પ્રણમામિ સુસાદરં, પ્રવરયંત્રમિદં હિ ગુણાકરમ્;
શિવસુખં ત્વનઘં ભવિ સો લભેદ્, ભવિકઃ યો વિધિના બહુપૂજયેત્ ॥૧॥

॥ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રી સિદ્ધચક્રાય મહામહિમાય નવપદયુતાય પંચમપદે
શ્રી સાધુભ્યોઽષ્ટદ્રવ્યૈઃ પૂજયામિ સ્વાહા ॥

## ॥ ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા ॥

॥ દુહો ॥

છટ્ઠો પદ દર્શન તણો, પૂજો ભવિ હિતકાર;
જેહને સમકિત મન વસ્યો, પામે તે ભવપાર ॥૧॥

॥ ભુજંગપ્રયાત વૃત્તમ્ ॥

તત્તાણ સદ્ધા શુભચિત્ત ભાસે, ભવાભિલાષા સબલી વિણાસે;
અપ્પા અને પુગ્ગલ ભેય કત્તા, વદે તેહ સમ્મત જે શુદ્ધ વત્તા ॥૧॥

નિવ્વાણ લાહો નહિ જસ્સ હોઈ, વિના હી સમ્મત્ત જો જીવ કોઈ;
અહો ભવિ સેવિયે સત્ય ભાવે, કુરોગ સોગા સવિ દૂર જાવે ॥૨॥

॥ ઢાળ ॥

॥ રાગ : તીરથપતિ અરિહા નમો... ॥

દરસણ પદ નિત પૂજિયે, લીજિયે શિવપદ લીલાજી;
ભવભય તાપ બઢે નહીં, કરમ તણી ટલે પીડાજી ॥દરસણ૦॥૧॥

(હરિગીત છંદ)

બહુ કરમ કોડી ભવિક તોડી, કરણ તીન જે અનુભવે,
તસ એહ પદનો ભાવ પ્રકટે, દ્રવ્યતો વલી સંભવે;
નિસર્ગ અભિગમ દોય ભેદે, દશ રુચિ દરસણ કરે,
સો લહે પ્રાણી મુગતિપુરને, શાશ્વતાં સુખ સંવરે ॥૧॥

**॥ ઢાળ અગ્યારમી ॥**

॥ રાગ : સિદ્ધચક્ર પદ વંદો રે ભવિકા... ॥

**નવતત્ત્વ ષડ્દ્રવ્ય સાંચો જાણે, શંકા કંખા ન આણે;**
**તે દરસણ પદ પૂજો ભવિકા, વરતે ચોથે ઠાણે રે.**

**ભવિયાં ! સમકિત સાંચો ધારો ॥૧॥ એ આતમ આધારો રે. ભ૦સ૦** ॥ટેર॥

એહ વિના જ્ઞાન ચરણ છે જૂઠા, પૂઠા ભવમેં પાડે;
એ વિણ કિરિયાવાદી ન હોવે, કૃષ્ણપક્ષ એ તાડે રે. ભવિયાં૦સ૦॥૨॥

કોઈ કહે જ્ઞાન કિમ છે જૂઠો, તેહને એવહો કહિયે;
સમકિત વિણ અજ્ઞાન પ્રરૂપ્યો, નંદિસૂત્રે લહિયે રે. ભવિયાં૦સ૦॥૩॥

અંતર આતમ એહિજ જાણો, મોહ છાગ ગઈ નાસી;
અનંત ભવોની ફાંસી તૂટી, અપ્પા બોધ પ્રકાશી રે. ભવિયાં૦સ૦॥૪॥

**॥ ઢાળ બારમી ॥** વણઝારાની દેશી ॥

સમકિત સખા વિણ સાંઈ, **જીવ ભમે ગતિ ચઉમાંઈ ॥ટેર॥**
સુગુરુ સુદેવ ન જાને, કુગુરુ કુદેવને માને રે,
એ આણ દયા વિણ ભાઈ. જીવ૦ ॥૧॥

જો સરધા સાંચી આવે, ભવ ત્રીજે મોક્ષ સિધાવે રે,
સરધા રહિત નહિ કાંઈ. જીવ૦સ૦ ॥૨॥

નિજ આતમ રંગે રાચો, મન પક્ષ માંહિ મત માંચો રે,
એ પદ પૂજો સુખદાઈ. જીવ૦સ૦ ॥૩॥

**॥ કાવ્યં ॥**

નવપદં પ્રણમામિ સુસાદરં, પ્રવરયંત્રમિદં હિ ગુણાકરમ્;
શિવસુખં ત્વનઘં ભવિ સો લભેદ્, ભવિકઃ યો વિધિના બહુપૂજયેત્ ॥૧॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાય મહામહિમાય નવપદયુતાય ષષ્ઠપદે
શ્રી દર્શનેભ્યોઽષ્ટદ્રવ્યૈઃ પૂજયામિ સ્વાહા ॥

## ॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

### ॥ દુહો ॥

પૂજા કરો ભવિ જ્ઞાનની, સપ્તમ પદ શ્રીકાર;
એહ બિના નવિ મોક્ષ છે, ભાખે જિન જયકાર ॥૧॥

॥ ભુજંગપ્રયાત વૃત્તમ્ ॥

લોયં અલોયં પયડંકરસ્સ, ણમો ણમો નાણ તમોહરસ્સ;
સ્યાદ્વાદવાદેન સુલંછિયસ્સ, કુવાયપક્ખં હિ વિખંડણસ્સ ॥૧॥

ભક્ખં અભક્ખં અસુહં સુહં વા, અકજ્જ કજ્જં પિયમપ્પિયં વા;
નો જાણઈ જેણ વિણા વિભાવા, ભજો જણા ણાણને ચિત્સ્વભાવા ॥૨॥

### ॥ ઢાળ ॥

॥ રાગ : તીરથપતિ અરિહા નમો... ॥

ભવિ પૂજો જિણ નાણને, સકલ પ્રકાશે સૂરોજી;
સત્ત નયે જે શોભતા, સમતા રસ ભરપૂરોજી ॥ભવિ૦॥૧॥

(હરિગીત છંદ)

વર તત્ત્વ ભાસે કુમત નાશે, જસ વિકાશે જગતમેં,
શિવપંથ એ વિણ સાધી ન શકે, તત્ત્વ સંપતિ નવિ ગમે;
ન લહે હેય ને જ્ઞેય આતમ, ઉપાદેય કિરિયા વલી,
પચ્ચક્ખાણ તેહનાં અશુદ્ધ જાણો, એમ ભાષે કેવલી ॥૧॥

### ॥ ઢાળ તેરમી ॥

॥ રાગ : પીલૂ ॥

**ભજ લો પ્રકાશ્યો જ્ઞાન સહિ યો જિણંદરાય,**
ભવ્ય ભવોદધિ પાર પરનકું, ભજ૦ ॥ટેર॥

ઔર કોઉ કારણ નહીં હૈ તારણ, ધારો તો યોહી હૈ મોક્ષ કારણકું. ભજ૦ ॥૧॥
ભક્ષાભક્ષ વિજ્ઞાણ ન હોવે, શ્રદ્ધા સુજાણ કો દઢતા રખણકું. ભજ૦ ॥૨॥
સ્યાદ્વાદ લંછિત પાપા દુગંછિત, નિક્ષેપા નય ભંગ ધરણકું. ભજ૦ ॥૩॥

## ॥ ઢાળ ચૌદમી ॥

॥ રાગ : કૈસે પ્રભુ પારસ દરસણ પાવે ॥

**પૂજો ભવિ સપ્તમ પદ સુખકારી, એ તો જ્ઞાન ભલો જયકારી. પૂજો૦ ॥ટેર॥**

દ્રવ્યથકી અભવિ પણ પામે, ગ્રીવેયક સુખ ભારી;
ભવિ ને ભાવે હોય અતિ સુંદર, તાતેં લહે શિવનારી. પૂજો૦ ॥૧॥

પાંચ ભેદ એ અનુયોગદ્વારે, નંદિસૂત્ર લો ધારી;
એ વિણ મોક્ષ લહે નહીં આતમ, અંગ પંચમ અધિકારી. પૂજો૦ ॥૨॥

જ્ઞાન વિના કિરિયા સબ જૂઠી, આવશ્યક અનુસારી;
એક પક્ષ એ કબહુ ન ધારે, સંશય સર્વ વિડારી. પૂજો૦ ॥૩॥

કષાય રહે નહીં જાકે ઉદયે, કિરણોત્તમ હરનારી;
સબહીમેં શ્રુતજ્ઞાન હૈ તીખો, આતમ પર ઉપકારી. પૂજો૦ ॥૪॥

### ॥ કાવ્યં ॥

નવપદં પ્રણમામિ સુસાદરં, પ્રવરયંત્રમિદં હિ ગુણાકરમ્;
શિવસુખં ત્વનઘં ભવિ સો લભેદ્, ભવિકઃ યો વિધિના બહુપૂજયેત્ ॥૧॥

### ॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાય મહામહિમાય નવપદયુતાય સપ્તમપદે
શ્રી જ્ઞાનપદેભ્યોઽષ્ટદ્રવ્યૈઃ પૂજયામિ સ્વાહા ॥

## ॥ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ॥

### ॥ દુહો ॥

અષ્ટમ પદ ચારિત્રનો, જીવ તણો આધાર;
શુભ પરિણામે પૂજતાં, ઉતારે ભવપાર ॥૧॥

॥ ભુજંગપ્રયાત વૃત્તમ્ ॥

ણાણસ્સ સારં જિણરાય ભાસે, ભવાણ ભીતિ સહુ દૂર નાસે;
અપ્પા અખોભે અણવજ્જ ભાવે, ભજો ભવિ સંવર દુક્ખ નાવે ॥૧॥

ચારિત્ર ભાવે રહે જેહ અપ્પા, વિભાવ ભાવે નહીં અત્થ થપ્પા;
ધ્યાવે સદા સુક્કઝાણં સુયોગે, રહે ભવિ સિદ્ધિ નારી સુભોગે ॥૨॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : તીરથપતિ અરિહા નમો... ॥

ખંતિ અજ્જવ મદ્દવા, તવ સંજમ યુત મુત્તાજી;
સત્યં શૌચ્ય અકિંચના, બંભ રહે જે જુત્તાજી. ખંતિ૦ ॥૧॥

(હરિગીત છંદ)

જે રમે નિજગુણ લહે ન પરગુણ, શુદ્ધ પરિણતિમેં સદા;
ન કષાયકલુષિત નિત્યવિકસિત ન મોહસંગે તે કદા;
ભવ અબ્ધિ-તારણ કરમ-વારણ, જહાજ સમ એ જાણિયે,
ચરણસત્તરિ કરણસત્તરિ, ભેદ સહુ ઈહાં આણિયે ॥૧॥

**॥ ઢાળ પંદરમી ॥**

॥ રાગ : ઐસી વિધ તૂને પાઈ રે ॥

**ચારિત્રપદકું પૂજો રે ભવિ,** ભાવ ધરીને. ચારિત્ર૦ ॥ટેર॥

દો ચારિત્ર હી પંચમ આરે, નિર્ગ્રંથ દોય વખાણો રે,
પંચમ અંગ લહીને. ચારિત્ર૦ ॥૧॥

નિર્ગ્રંથ ચારિત્ર પંચ પ્રકારે, સત્તર ભેદ પ્રમાણો રે,
થિર ચેતન કરીને. ચારિત્ર૦ ॥૨॥

ચારિત્ર મોહ ક્ષયે કર ક્ષાયક, ક્ષય ઉપશમ ત્રય માનો રે,
ઉપશમ એક ધરીને. ચારિત્ર૦ ॥૩॥

પંચમ છટ્ઠે દેશ સર્વેથી, જાવ અજોગી ગુણઠાણો રે,
ચેતન ભાવ વરીને. ચારિત્ર૦ ॥૪॥

રંક સરિખા એ પદ ધારી, વંદિત સુરનર રાણો રે,
ભવદવ તાપ હરીને. ચારિત્ર૦ ॥૫॥

## ॥ ઢાળ સોળમી ॥

॥ રાગ : મોરા સામી બોલો ને વ્હાલા ॥

**મેરે મન ચારિત્ર પદ જચિયો,**
હું તો શિવરમણીનો થયો રસિયો. મેરે૦ ॥ટેર॥

ચેતન થિર ભાવે આવે, આશા આતમની પાવે,
પરગુણ મમતા તે જાવે. મેરે૦ ॥૧॥

વ્યવહાર નિશ્ચે રહે વાલા, પરપરણતિના તજે ચાલા,
તેહિ જ શિવવધૂ કે લાલા. મેરે૦ ॥૨॥

વે મુનિ કર્મથકી ખસિયા, જ્ઞાનનંદમેં તે વસિયા,
નહીં વિષયાદિકના તે રસિયા. મેરે૦ ॥૩॥

### ॥ કાવ્યં ॥

નવપદં પ્રણમામિ સુસાદરં, પ્રવરયંત્રમિદં હિ ગુણાકરમ્;
શિવસુખં ત્વનઘં ભવિ સો લભેદ્, ભવિકઃ યો વિધિના બહુપૂજયેત્ ॥૧॥

### ॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાય મહામહિમાય નવપદયુતાય અષ્ટમપદે
શ્રી ચારિત્રપદેભ્યોઽષ્ટદ્રવ્યૈઃ પૂજયામિ સ્વાહા ॥

## ॥ નવમ શ્રી તપપદ પૂજા ॥

### ॥ દુહો ॥

કર્મ દહન અગનિ સમો, ધ્યાન અનિલ અતિ પૂર;
નવમો તપપદ પૂજિયે, દુઃખ હરે સવિ દૂર ॥૧॥

॥ ભુજંગપ્રયાત વૃત્તમ્ ॥

ઈચ્છા તજે ચિત્ત વિરત્ત ભાવે, નિદાન છંડી નિરવદ્ય ધ્યાવે;
ભાષે જિનેન્દ્રા તપ એ સમાધિ, પૂજો જના સર્વ છોડી ઉપાધિ ॥૧॥

સયલગુણવિસુદ્ધં સિદ્ધચક્કં પસિદ્ધં,
નવપયપરમિટ્ઠં લદ્ધિસિદ્ધિવિસિટ્ઠં;
જિણસમયસુસારં કમ્મપીડાવયારં,
તિજયવિજયકારં ભાવઓઽહં નમામિ ॥૨॥

નિકાચિતા કર્મ કર્યાં પ્રજાલે, સિનાતકી હોય સિદ્ધ નિહાલે;
વરે ભવિ સિદ્ધિસીમંતનીને, નમો તે તપઃ શુદ્ધ ભાવે કરીને ॥૩॥

ઈતિ નવપદયન્ત્રં ભક્તિતો યે સ્તુવન્તિ,
શિવવધૂસુખસારં શીઘ્રતસ્તે લભન્તિ;
ત્રિભુવનજનસેવ્યાં સૂરિરાજેન્દ્ર લક્ષ્મીં,
ઈહ જગતિ ચ ભુક્ત્વા સેવ્યમાનાં દમીન્દ્રૈઃ ॥૪॥

**॥ ઢાળ ॥**

॥ રાગ : તીરથપતિ અરિહા નમો... ॥

સર્વ લબ્ધિ સંપદ વરે, તપ જે સાધે નિરાશીજી;
કર્મનિકંદન તે કરી, ભવિ હોય શિવપુર વાસીજી. સર્વ૦ ॥૧॥

(હરિગીત છંદ)

કરી ભાવ નિર્મલ જગતિ જિમ જલ, કરમ કષમલ ટાલવા,
તપ તેજ કરતો ગર્વ હરતો, કામ મદને ગાલવા;
સંવર સુરાજે જ્ઞાન કાજે, જે કરે તપને ભવિ,
તે લહે સૂરિરાજેન્દ્ર સંપત્તિ, સકલ સુરનર સંથવી ॥૧॥

**॥ ઢાળ સતરમી ॥**

॥ રાગ : પીલૂ. કેસરિયાને જહાજ કો. ॥

**સાજન મોરે જીવ બલી જગ રાચો ॥ટેર॥**
મોટી મોટી મોહની સેના હટાઈ, અતિ તપ તોર દિખાયો,
ઈચ્છારોધની તોપ બનાઈ, કરમ કોટકું ઉડાયો. સા૦ ॥૧॥

તીખે તીખે બારહ બાણ ચલાઈ, કષાય સુભટ હરાયો;
માર માર કરતો રાગ સિપાહી, શમરસ ખડગે ડરાયો. સા૦ ॥૨॥

સાંચ સાંચો સંવર મંત્રી સખાઈ, તસ પણ તેજ સવાયો;
ધૌં ધૌં ધ્યાન નગારા બજાવી, મુગતિ નગરે સિધાયો. સા૦ ॥૩॥

**॥ ઢાળ અઢારમી ॥**

॥ રાગ : શ્યામ પ્રભુજીને જોગ લિયા... ॥

**તારણ તપપદ જાન લિયા,** તુમ પૂજો એ પદ ભાવ લિયા;
કર્મ પ્રજાલી કષ્ટ મિટાયે, જિનવર નામકું ધાર લિયા. તા૦ ॥૧॥

ષટ્ અભ્યંતર ભેદ બતાયે, ષટ્ બાહિર પરમાણ કિયા;
ઈસ પદ સેવક ધન્ના પ્રમુખકે, જિનપતિ વીર વખાણ કિયા. તા૦ ॥૨॥

ભરતાદિક સબ તપ પરભાવે, ષટ્ખંડ સુર નર સાધ લિયા;
સૂરિરાજેન્દ્ર પણ એ તપ ભાવે, આણ સહિત જિન ધાર લિયા. તા૦ ॥૩॥

**॥ કાવ્યં ॥**

નવપદં પ્રણમામિ સુસાદરં, પ્રવરયંત્રમિદં હિ ગુણાકરમ્;
શિવસુખં ત્વનઘં ભવિ સો લભેદ્, ભવિકઃ યો વિધિના બહુપૂજયેત્ ॥૧॥

**॥ મંત્ર ॥**

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાય મહામહિમાય નવપદયુતાય નવમપદે
શ્રીતપપદેભ્યોઽષ્ટદ્રવ્યૈઃ પૂજયામિ સ્વાહા ॥

**॥ કલશ ॥** રાગ : ધન્યાશ્રી ॥

પૂજો પૂજો રે ભવિ નવપદ મંડલ પૂજો ॥ટેર॥

સકલ યંત્ર શિરતાજ શિરોમણિ, નવપદ મંત્ર સુહાયો;
ચૌદ પૂરવનો સાર વખાણ્યો મહાનિશીથે ગણરાયો રે. પૂજો૦ ॥૧॥

મન ઈચ્છા પૂરણ સુરતરુ સમ, ચિંતામણિ સમુદાયો;
કામ કુંભાદિક સબહી વિણાસી, એ અવિનાશી કહાયો રે. પૂજો૦ ॥૨॥

શ્રી શ્રીપાલ ને મયણા પ્રમુખ ભવિ, ધ્યેય ધ્યાને જસુ ધ્યાયો;
નરભવ સુરસુખ ઉત્તમ અનુભવી, પરમાતમ પદ પાયો રે. પૂજો૦ ॥૩॥

સોહમ તપ ગણ પરંપરા મુનિ, ધ્યાને કોટિ ગણ થાયો;
તાસ પરંપર રત્ન રયણસમ, સૂરિવર તેજ સવાયો રે. પૂજો૦ ॥૪॥

પૂરણ બાણ નિધિ શશિ વર્ષે, પ્રમોદ-પ્રતાપ વધાયો;
સૂરિ રાજેન્દ્ર નવપદ ગુણ ગાઈ, જગ જસ પડહ બજાયો રે. પૂજો૦ ॥૫॥

**॥ વિ.સં. ૧૯૫૦ વર્ષે ત્રિસ્તુતિક આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરિજી વિરચિત શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥**

● ● ●

વર્ધમાન તપોનિધિ પૂ.આચાર્યદેવ
શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા રચિત

## ॥ શ્રી નવપદ સ્તુતિ ॥

॥ રાગ : બોધાગાધં... ॥

શ્રી અરિહંતો સકલહિતદા ઉચ્ચ પુણ્યોપકારા;
સિદ્ધો સર્વે મુગતિપુરીના ગામીને ધ્રુવ તારા ॥૧॥

આચાર્યો છે જિન ધરમના દક્ષ વ્યપારી શૂરા;
ઉપાધ્યાયો ગણધર તણા સૂત્રદાને ચકોરા ॥૨॥

સાધુ આંતર અરિસમૂહને વિક્રમી થઈ ય દંડે;
દર્શન જ્ઞાનં હૃદયમલને મોહ અંધાર ખંડે ॥૩॥

ચારિત્ર છે અઘરહિત હો જીંદગી જીવ ઠારે;
નવપદ માંહે અનુપમ તપ છે જે સમાધિ પ્રસારે ॥૪॥

વંદુ ભાવે નવપદ સદા પામવા આત્મશુદ્ધિ;
આલંબન હો મુજ હૃદયમાં દ્યો સદા સ્વચ્છ બુદ્ધિ ॥૫॥

● ● ●

## ॥ શ્રી નવપદજી ॥

### ચૈત્યવંદન

સકલ મંગલ પરમ કમલા, કેલિ મંજુલ મંદિરં;
ભવકોટિ સંચિત પાપ નાશન, **નમો નવપદ જયકરં** ॥૧॥

અરિહંત સિદ્ધ સૂરીશ વાચક, સાધુ દર્શન સુખકરં;
વર જ્ઞાન પદ ચારિત્ર તપ એ, નમો નવપદ જયકરં ॥૨॥

શ્રીપાળ રાજા શરીર સાજા, સેવતા નવપદ વરં;
જગમાંહી ગાજા કીર્તિભાજા, નમો નવપદ જયકરં ॥૩॥

શ્રી સિદ્ધચક્ર પસાય સંકટ, આપદા નાસે સવિ;
વળી વિસ્તરે સુખ મનોવાંછિત, નમો નવપદ જયકરં ॥૪॥

આંબિલ નવદિન દેવવંદન, ત્રણ ટંક નિરંતરં;
બે વાર પડિક્કમણાં પડિલેહણ, નમો નવપદ જયકરં ॥૫॥

ત્રિકાળ ભાવે પૂજીએ, ભવતારકં તીર્થંકરં;
તિમ ગણણું દોય હજાર ગણીએ, નમો નવપદ જયકરં ॥૬॥

વિધિ સહિત મન વચન કાયા, વશ કરી આરાધીએ;
તપ વર્ષ સાડા ચાર નવપદ, શુદ્ધ સાધન સાધીએ ॥૭॥

ગદ કષ્ટ ચૂરે શર્મ પૂરે, યક્ષ વિમલેશ્વર વરં;
શ્રી સિદ્ધચક્ર પ્રતાપ જાણી, વિજય વિલસે સુખભરં ॥૮॥

### ॥ સ્તવન-૧ ॥

**સિદ્ધચક્ર વર સેવા કીજે,** નરભવ લાહો લીજે જી;
વિધિપૂર્વક આરાધન કરતા, ભવ ભવ પાતક છીજે,
**ભવિજન ભજિયે જી,**
અવર અનાદિની ચાલ, નિત નિત તજિયે જી ॥૧॥

દેવના દેવ દયાકર ઠાકર, ચાકર સુરનર ઈંદાજી;
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદા. ભવિ૦ ॥૨॥

અજ અવિનાશી અકલ અજરામર, કેવલ દંસણ નાણીજી;
અવ્યાબાધ અનંતું વીરજ, સિદ્ધ પ્રણમો ગુણખાણી. ભવિ૦ ॥૩॥

વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્રરાજ યોગપીઠજી;
સુમેરુ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઈટ્ઠ. ભવિ૦ ॥૪॥

અંગ ઉપાંગ નંદિ અનુયોગ, છ છેદ ને મૂળ ચાર જી;
દસ પયન્ના એમ પણયાલીસ, પાઠક તેહના ધાર. ભવિ૦ ॥૫॥

વેદ ત્રણ ને હાસ્યાદિક ષટ, મિથ્યાત્વ ચાર કષાયજી;
ચૌદ અભ્યંતર નવવિધ બાહ્યની, ગ્રંથિ તજે મુનિરાય. ભવિ૦ ॥૬॥

ઉપશમ ક્ષય ઉપશમ ને ક્ષાયિક, દર્શન ત્રણ પ્રકારજી;
શ્રદ્ધા પરિણતિ આતમ કેરી, નમીએ વારંવાર. ભવિ૦ ॥૭॥

અટ્ઠાવીશ ચૌદ ને ષટ્ દુગ એક, મત્યાદિકના જાણજી;
એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વરનાણ. ભવિ૦ ॥૮॥

નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારજી;
નિજ ગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકાર. ભવિ૦ ॥૯॥

બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી;
તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાયરમાં સેતુ. ભવિ૦ ॥૧૦॥

એ નવપદમાં પણ છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી;
દેવ ગુરુ ને ધર્મ તે એહમાં, દો તીન ત્રણ ચાર પ્રકાર. ભવિ૦ ॥૧૧॥

માર્ગદેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતેજી;
સહાયપણું ધરતા સાધુજી, પ્રણમો એહી જ હેતે. ભવિ૦ ॥૧૨॥

વિમલેશ્વર સાંનિધ્ય કરે તેહની, ઉત્તમ જે આરાધેજી;
પદ્મવિજય કહે તે ભવિ પ્રાણી, નિજ આતમ હિત સાધે. ભવિ૦ ॥૧૩॥

## ॥ સ્તવન-૨ ॥

**સિદ્ધચક્રને ભજીયે રે,** કે ભવિયણ ભાવ ધરી,
મદ માનને તજીયે રે, કે કુમતિ દૂર કરી;
પહેલે પદે રાજે રે, કે અરિહંત શ્વેત તનુ,
બીજે પદે છાજે રે, કે સિદ્ધ પ્રગટ ભણું. સિદ્ધચક્ર૦ ॥૧॥

ત્રીજે પદે પીળા રે, કે આચારજ કહીએ;
ચોથે પદે પાઠક રે, કે નીલવર્ણ લહીયે. સિદ્ધચક્ર૦ ॥૨॥

પાંચમે પદે સાધુ રે, કે તપ સંયમ શૂરા;
શ્યામ વર્ણે સોહે રે, કે દર્શન ગુણ પૂરા.સિદ્ધચક્ર૦ ॥૩॥

દર્શન જ્ઞાન ચારિત્ર રે, કે તપ સંયમ શુદ્ધ વરો;
ભવિયણ ચિત્ત આણી રે, કે હૃદયમાં ધ્યાન ધરો. સિદ્ધચક્ર૦ ॥૪॥

સિદ્ધચક્રને ધ્યાને રે, કે સંકટ સર્વ ટળે;
કહે ગૌતમ વાણી રે, કે અમૃત પદ પાવે. સિદ્ધચક્ર૦ ॥૫॥

## ॥ સ્તુતિ ॥

અરિહંત નમો વલી સિદ્ધ નમો, આચારજ વાચક સાહુ નમો;
દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો ॥૧॥

અરિહંત અનંત થયા થાશે; વળી ભાવ નિક્ષેપે ગુણ ગાશે;
પડિક્કમણા દેવવંદન વિધિશું, આંબિલ તપ ગણણું ગણો વિધિશું ॥૨॥

છ'રી પાલી જે તપ કરશે, શ્રીપાલ તણી પરે ભવ તરશે;
સિદ્ધચક્રને કુણ આવે તોલે, એહવા જિન આગમ ગુણ બોલે ॥૩॥

સાડાચાર વરસે એ તપ પૂરો, એ કર્મ વિદારણ તપ શૂરો;
સિદ્ધચક્રને મન મંદિર થાપો, નય વિમલેશ્વર વર આપો ॥૪॥

• • •

# અંતરની આરજૂ

**હે અરિહંત પરમાત્મા !**
આપ અનંત કરુણાના સાગર છો.
માટે નવપદમાં
આપનું પ્રથમ સ્થાન છે.
હું અત્યંત કરુણાપાત્ર છું.
માટે આપનાં હૃદયમાં
મને પ્રથમ સ્થાન આપો
તેવી વિનંતિ...

**હે સિદ્ધ ભગવંત !**
મારે આપનાં સ્વરૂપને ઓળખવું છે.
પરંતુ મેં જાણ્યું છે કે,
સિદ્ધ બન્યા વિના
સિદ્ધનાં સ્વરૂપને ઓળખી ન શકાય
તો પ્રભુ ! મને સિદ્ધ બનાવી દો...

**હે આચાર્ય ભગવંત !**
મને એવું
આચાર-સૌંદર્ય બક્ષો
જેમાંથી પરિણતિની દિવ્ય સુગંધ
પ્રસર્યા કરે !

**હે ઉપાધ્યાય ભગવંત !**
આપના વિનયનો
એવો જાદુઈ સ્પર્શ
મને આપો કે,
મારો માન-કષાય
છૂ થઈ જાય !

**હે સાધુ ભગવંત !**
સાધનાનું
એવું બળ મને આપો કે,
મારી કાયરતા ઓગળી જાય !

**હે પ્રભુ !**
મને ભેટ ધરો સુદર્શન ચક્ર...
નામે ઝળહળતું સમ્યગ્દર્શન
જેના તેજમાત્રથી
મોહસેના હતપ્રહત થઈ જાય !

**હે પ્રભુ !**
મારે પાંચ પ્રકારના સ્વાધ્યાયનો
પાંચજન્ય શંખ
એવો ફૂંકવો છે કે જેથી
અજ્ઞાન, સંદેહ કે વિપર્યાસની
આખી ફોજ દૂર ભાગી જાય !

**હે પ્રભુ !**
મારા હાથમાં પકડાવોને
સુવિશુદ્ધ ચારિત્રની
એવી ભારેખમ કૌમુદિની ગદા કે
તેના બળથી કર્મ શત્રુના
ચૂરેચૂરા થઈ જાય !

**હે પ્રભુ !**
મને આપો તપ નામનું એવું
શાર્ઙ્ગ ધનુષ્ય...
જે ખેંચીને હું તાણું
અને, કર્મની છાતી
વીંધી નાંખું !

## ॥ શ્રી નવપદ પૂજાની વિધિ ॥

નવપદજીની પૂજામાં નવ સ્નાત્રિયા કરવા, દરેકે ઈન્દ્રની જેમ તૈયાર થવું. ત્રિગડામાં પ્રભુજી પધરાવવા. નવપદનું માંડલું પણ કરી શકાય. તેમાં વર્ણ મુજબ ધજા મૂકવી. મોટા કળશ પ્રમુખમાં પંચામૃત ભરીએ, સ્થાપનામાં શ્રીફળ તથા રોકડ નાણું ધરીએ, તેને ગુરુની પાસે મંત્રાવી કેસરથી તિલક કરે, કંકણદોરો હાથે બાંધે. ડાબા હાથમાં સ્વસ્તિક કરીને વિધિ સહિત સ્નાત્ર ભણાવે.

૧) પ્રથમ શ્રી અરિહંતપદ શ્વેતવર્ણે છે માટે ચોખા, ધૂપ, દીપ, નૈવેદ્ય પ્રમુખ અષ્ટ દ્રવ્ય, વાસક્ષેપ, નાગરવેલ પ્રમુખનાં પાન, થાળીમાં ધરીને તે થાળી હાથમાં રાખે. નવ કળશને મૌલીસૂત્ર બાંધી કુંકુમના સ્વસ્તિક કરી, પંચામૃતથી ભરીને તે કળશો હાથમાં લઈ, પ્રથમ શ્રી અરિહંતપદની પૂજા ભણે. તે સંપૂર્ણ ભણી રહ્યા પછી મોટી પરાતમાં (થાળમાં) પ્રતિમાજીને પધરાવે. પછી **"ૐ હ્રીઁ નમો અરિહંતાણં"** એ પ્રમાણે કહેતો થકો શ્રી અરિહંતપદની પૂજા કરે, અષ્ટદ્રવ્ય અનુક્રમે ચઢાવે.

૨) બીજું સિદ્ધપદ રક્ત વર્ણે છે. માટે ઘઉં થાળીમાં ધરી શ્રીફળ તથા અષ્ટ દ્રવ્ય લઈને નવ કળશ પંચામૃતથી ભરીને બીજી પૂજા ભણે. તે સંપૂર્ણ થયેથી **"ૐ હ્રીઁ નમો સિદ્ધાણં"** એમ કહી કળશથી અભિષેક કરે, અષ્ટ દ્રવ્ય ચઢાવે.

૩) ત્રીજું આચાર્યપદ પીળે વર્ણે છે માટે ચણાની દાળ, અષ્ટ દ્રવ્ય, શ્રીફળ પ્રમુખ લઈ નવ કળશ પંચામૃતથી ભરીને ત્રીજી પૂજાનો પાઠ ભણે. તે સંપૂર્ણ થયેથી **"ૐ હ્રીઁ નમો આયરિયાણં"** એમ કહી કળશ વડે અભિષેક કરે. અષ્ટ દ્રવ્ય ચઢાવે.

૪) ચોથું ઉપાધ્યાયપદ નીલવર્ણે છે માટે મગ પ્રમુખ તથા અષ્ટ દ્રવ્ય લઈને પૂર્વોક્ત વિધિએ પૂજા ભણી સંપૂર્ણ થયેથી **“ૐ હ્રીઁ નમો ઉવજ્ઝાયાણં”** એમ કહીને કળશ વડે અભિષેક કરે. અષ્ટ દ્રવ્ય ચઢાવે.

૫) પાંચમું શ્રી સાધુપદ શ્યામવર્ણે છે. માટે અડદ પ્રમુખ લઈ બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરી પૂજા ભણે, તે સંપૂર્ણ થયેથી **“ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં”** કહે.

૬) છઠ્ઠું દર્શનપદ શ્વેતવર્ણે છે માટે અક્ષત પ્રમુખ લઈ **“ૐ હ્રીઁ નમો દંસણસ્સ”** કહેવું. બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરવો.

૭) સાતમું જ્ઞાનપદ શ્વેતવર્ણે છે. માટે અક્ષત પ્રમુખ લઈ **“ૐ હ્રીઁ નમો નાણસ્સ”** કહેવું. બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરવો.

૮) આઠમું ચારિત્રપદ પણ શ્વેતવર્ણે છે. માટે અક્ષત પ્રમુખ લઈ **“ૐ હ્રીઁ નમો ચારિત્તસ્સ”** કહેવું. બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરવો.

૯) નવમું તપપદ શ્વેતવર્ણે છે, માટે અક્ષત પ્રમુખ લઈ પૂર્વોક્ત વિધિ કરીને **“ૐ હ્રીઁ નમો તવસ્સ”** કહી અભિષેક કરવો. પછી અષ્ટ પ્રકારી પૂજા કરે, આરતિ કરે.

॥ ઈતિ શ્રી નવપદ પૂજા વિધિ સમાપ્ત ॥

• • •

પંન્યાસપ્રવર શ્રી પ્રશાંતવલ્લભવિજયજી ગણિવર

# સંપાદિત પુસ્તકો

- કુલક સમુચ્ચય (મૂળ)
- કુલક સમુચ્ચય (મૂળ + ભાષાંતર)
- કુલક રત્નમાલા (ભાષાંતર સહિત) પ્રતાકાર
- પાપ પડલ પરિહરો
- આરાધના સંપુટ
- શ્રી કલ્પસૂત્રનાં ઢાળિયાં (શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત)
- પર્યુષણ સ્તવનાદિ સંપુટ
- દિવાળી સ્તવનાદિ સંપુટ
- જ્ઞાનપંચમી સ્તવનાદિ સંપુટ
- મૌન એકાદશી સ્તવનાદિ સંપુટ
- શ્રી ઋષિમંડલ સ્તોત્ર (લઘુ) પ્રતાકાર
- શ્રી નવપદ પૂજા (મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત)
  (વિસરાયેલી ૨૬ ગાથાઓના ઉમેરા સહિત)
- શ્રી નવપદ પૂજા (પંડિત શ્રી પદ્મવિજયજી કૃત)
- શ્રી વીશસ્થાનક પૂજા (શ્રી વિજય લક્ષ્મીસૂરિજી કૃત)
- શ્રી વીશસ્થાનક પૂજા (પંડિત શ્રી રૂપવિજયજી કૃત)
- શ્રી નવપદ પૂજા સંપુટ (૨૨ પૂજાઓનો સંગ્રહ)
- નવસ્મરણ સ્વાધ્યાય સંપુટ

: પ્રાપ્તિ સ્થાન :

**દિવ્યદર્શન ટ્રસ્ટ**, ૩૯, કલિકુંડ સોસાયટી, કલિકુંડ, ધોળકા–382 225

## તારક શાશ્વત શ્રી નવપદજી

- ❖ દ્વાદશાંગીનો સાર
- ❖ દ્વાદશાંગીનું ઉદ્ગમ સ્થાન
- ❖ ત્રણ લોકનું સર્વોત્કૃષ્ટ શુભ-શુદ્ધ આલંબન
- ❖ વિશ્વનાં સર્વ શુભતત્ત્વોનો એક જ સ્થાનમાં સમવતાર
- ❖ સીમાતીત કુશલાનુબંધી પુણ્યના સર્જક
- ❖ સર્વ દોષ અને પાપોના નિવારક
- ❖ સર્વ ગુણ સર્જક
- ❖ સર્વ ગુણ સંપન્ન... સર્વ દોષ રહિત...

પરમ તારક શ્રી નવપદજીનું અનન્ય ભાવે શરણ પામવા માટેનું શ્રેષ્ઠ આલંબન એટલે જ...

## શ્રી નવપદ પૂજા સંપુટ

ચાલો, નવપદની પૂજા ભક્તિ-બહુમાન-ગુણગાન દ્વારા નવપદમય બની શાશ્વત પદના ભોક્તા બનીએ...

પ્રિન્ટીંગઃ જય જિનેન્દ્ર અમદાવાદ મોઃ૯૮૨૫૦ ૨૪૨૦૪